

# पाइय विन्नाण कहा।

निर्माता

## पू.आ.श्री विजय कस्तूरसूरीश्वरः।

### ગુજરાતી અનુવાદ ભાગ-૧.

॥ શ્રી સૂર્યપુરમંડન પાર્શ્વનાથાય નમઃ ॥
પૂજ્યાચાર્યદેવ શ્રી વિજય-નેમિ-વિજ્ઞાનસૂરીશ્વર-
સદ્‌ગુરુભ્યો નમઃ ॥

# પ્રાકૃત વિજ્ઞાન કથાઓ

( ૧ થી ૫૫ કથા )

ભાગ ૧ લો

પૂજ્યાચાર્ય મ. શ્રી વિજય કસ્તૂરસૂરીશ્વરજી
મહારાજ રચિત पाइअ विन्नाण कहा भाग–१ લાનો
ગુજરાતી અનુવાદ

પ્રકાશક

શ્રી વિજય-નેમિ-વિજ્ઞાન-કસ્તુરસૂરિ જ્ઞાનમંદિર
સૂરત.

વીર સં. ૨૫૦૨ વિ. સં. ૨૦૩૨

[illegible] અમદાવાદ.

**મુદ્રક :**
બકુલભાઈ સી. શાહ, સંગમ પ્રિન્ટરી,
સિટી મિલ કંપાઉન્ડ, અમદાવાદ-૨૨.

**પ્રકાશક :**
શ્રી વિજયનેમિ – વિજ્ઞાન – કસ્તૂરસૂરી
જ્ઞાનમંદિર, સુરત

**બીજી આવૃત્તિ :**
મહા સુદ ૭, સંવત ૨૦૩૨
શ્રી સિદ્ધગીરી નુતન પ્રતિષ્ઠા શુભદિન

卐

**: પ્રાપ્તિસ્થાનો :**

૧ શ્રી વિજય નેમિ–વિજ્ઞાન–કસ્તૂરસૂરી જ્ઞાનમંદિર
ગોપીપુરા, સુરત

૨ જૈન પ્રકાશન મંદિર C/o જશવંતલાલ ગીરધરલાલ
૩૦૯/૪ દોશીવાડાની પોળ, અમદાવાદ–૧

૩ શ્રી સરસ્વતી પુસ્તક ભંડાર
ઠે. રતનપોળ, હાથીખાના, અમદાવાદ–૧

જગદ્ગુરુ શાસનસમ્રાટ સૂરિચક્રચક્રવર્તિ પ્રૌઢપ્રભાવશાલિ
ભટ્ટારક આચાર્ય દેવ



શાસનસમ્રાટ

**શ્રીમાન વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ**

સંવત જન્મ ૧૯૨૯ કારતક સુદ ૧ મહુવા — દીક્ષા સંવત ૧૯૪૫
આચાર્યપદ ૧૯૬૪—સ્વર્ગવાસ ૨૦૦૫ આસો વદ ૦)) મહુવા

# અંતરની એક ઊર્મિ

વિ સં. ૨૦૨૬માં પ.પૂ. શાસન સમ્રાટ તપાગચ્છાધિપતિ **આચાર્ય** મહારાજાધિરાજ શ્રીમાન વિજયનેમિસૂરીશ્વરજીના પટ્ટધર **પ. પૂ.** વાત્સલ્યવારિધિ પ્રશાંતમૂર્તિ આ. મ. શ્રી વિજયવિજ્ઞાન સુરીશ્વરજી **મ. ના** પટ્ટધર પ. પૂ. પ્રાકૃતવિશારદ ધર્મરાજા આ. મ. શ્રી વિજયકસ્તુર સૂરીશ્વરજી મહારાજાના પ. પૂ. ઉપાધ્યાય (હાલ આચાર્ય) મ. સા. ચંદ્રોદયવિજયજી મ. આદિ શિષ્ય પ્રશિષ્યાદિ પરિવાર સહિત સાબરમતી ચાતુર્માસ બિરાજતા હતા. તેઓ પૂજ્યશ્રીની નિશ્રામાં શાસન પ્રભાવનાના અનેકવિધ કાર્યો અણુચિંતવ્યા ઉમંગને ઉત્સાહથી થયા હતા. પૂજ્યશ્રીની પ્રેરણાથી સાબરમતીના પૂર્વ તેમ ઉત્તર વિભાગમાં બે નૂતન જિન મંદિર બનાવવાનો શુભ નિર્ણય થયો અને તે અંગેની પ્રવૃત્તિના પ્રારંભ થયો.

પૂજ્યપાદ ધર્મરાજા ગુરુદેવ શ્રીમાન ચાતુર્માસ બાદ વિહાર કરી સં. ૨૦૨૭નું ચાતુર્માસ ઉસ્માનપુરા અમદાવાદમાં કર્યું. જ્યારે સં. ૨૦૨૮નું ચાતુર્માસ સુરેન્દ્રનગર કર્યું. સુરેન્દ્રનગર શ્રી સંઘે પણ પૂજ્યશ્રીનું પ્રથમવાર ચાતુર્માસ હોવાથી શાસ્ત્રશુદ્ધ ચાલી આવતી **વિજયદેવસૂરતપગચ્છ** સમાચારીની ઉજ્જવલ પરંપરા અનુસાર જિનશાસનની પ્રભાવના કરવા–કરાવવા પૂર્વક ભવ્ય આરાધનાદિ સુકાર્યો કરી **મહા** લાભ લીધો. અને તેના શિખરરૂપે પ. પૂ. શાસનસમ્રાટ આચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજનો જન્મ શતાબ્દી મહોત્સવ તે મહાપુરુષના ગુણવૈભવને છાજે તે રીતે શ્રી સંઘે ઉજવ્યો. અને સુવર્ણમાં સુગંધની જેમ સં. ૨૦૨૯ના માગશર સુદ ૨ ના શુભ દિવસે **પ. પૂ.** ઊપાધ્યાય શ્રી પરમપ્રભવિજય ગણી તથા પ. પૂ. ઉપાધ્યાય શ્રી ચંદ્રોદયવિજયજી ગણીને અદમ્ય ઉત્સાહપૂર્વક સુરેન્દ્રનગરની ધરતી ઉપર

શ્રી સંઘે હજારો ભાવિકોની ઉપસ્થિતિમાં અતિ સુંદર રીતે જીનેન્દ્ર ભક્તિ મહોત્સવ કરવા સાથે **આચાર્યપદ** પ્રદાન કરવામાં આવ્યું.

## સુરેન્દ્રનગરથી અમદાવાદ (સાબરમતી) આગમન

અભિનવસૂરી શિષ્ય સાથે ધર્મરાજા આચાર્ય ભગવંત પુનઃ સાબરમતી પધાર્યા અને સંઘના પરમ ઉપકારી શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિન ચૈત્યના પ્રતિષ્ઠાકારક ગીતાર્થ પુરંધર આચાર્ય ભગવંત શ્રી વિજયોદયસૂરીશ્રીજી મહારાજાની ભક્તિ નિમિત્તે ધર્મરાજા ગુરુદેવના ઉપદેશથી શ્રી સંઘે તૈયાર કરાવેલ ગુરુમંદિરમાં પૂજ્યાચાર્ય મ. શ્રી વિજયોદયસૂરીશ્વરજી મહારાજાની દેહપ્રમાણ ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા વિ. સં. ૨૦૨૯ મહા સુદ ૧૩ના પૂજ્યશ્રીના વરદહસ્તે શ્રી સંઘે કરાવી અને પૂ. ગણીશ્રી વિજયચંદ્ર વિજયજી તથા પૂ. ગણીશ્રી અશોકચંદ્ર વિજયજી મહારાજને **પન્યાસપદ** પ્રદાન કરવામાં આવેલ.

પ્રતિષ્ઠા બાદ દક્ષિણ ગુજરાતમાં વિહાર કરવાની ભાવનાએ સાબરમતીથી વિહાર કરી અમદાવાદ પાંજરાપોળ ઉપાશ્રયે પધાર્યા. પૂ. આ. શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મ. ૨૫ વર્ષથી પાંજરાપોળના ઉપાશ્રયે ચાતુર્માસ કરેલ ન હોવાથી અતિ આગ્રહ થતાં ચાતુર્માસ માટે નક્કી કરેલ અને મહા વદ ૭ના મુનિશ્રી કૈલાસચંદ્રવિજયજીની કૃષ્ણનગર અમદાવાદ તથા વૈશાખ વદ ૧૦ના મુનિશ્રી રાજચંદ્રવિજયજીની વડોદરા દીક્ષા બાદ પાંજરાપોળે ૩૩ મુનિઓ સાથે ચાતુર્માસ સ્થિરતા કરી હતી.

અનેકવિધ આરાધનાઓ તેમ શાસન પ્રભાવનાની અનેક પ્રવૃત્તિ થઈ હતી. પૂજ્યશ્રીના શિષ્યોપ્રશિષ્યો પૈકી ૭ મુનિવરોને શ્રી ભગવતી સૂત્રના યોગોદ્વહન કરાવવામાં આવેલ. તેમ કારતક વદ ૬ના દિવસે યોગવાહી મુનિવરોને ૨૧ છોડનું ભવ્ય ઉજમણું શાંતિસ્નાત્ર સહિત અઠ્ઠાઈ મહોત્સવપૂર્વક ગણિ પદપ્રદાન કરવામાં આવેલ. તેમ પૂ. મુનિશ્રી કુશલ

ચંદ્રવિજયજીએ **૧૦૮મી** શ્રી વર્ધમાન તપની ઓળીની પૂર્ણાહુતિ કરી હતી.

લીંબડીના શ્રી શાંતિનાથજી ભગવંતના પ્રાચીન જિનમંદિરનો આમૂલમૂલ જીર્ણોદ્ધાર શ્રી સંઘે કરાવતાં સં. ૨૦૩૦ના માગશર સુદ ૫ ના શુભમુહૂર્તે શ્રી શાંતિનાથ ભગવંતાદિ જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવવાની હોવાથી પૂજ્યશ્રીને શ્રી સંઘનો અતિ આગ્રહ હોવાથી અમદાવાદથી ગણિપદ મહોત્સવ બાદ કારતક વદ ૬ના લીંબડી તરફ વિહાર કર્યો હતો. કારતક વદ ૧૪ના લીંબડી પ્રવેશ થતાં તુરત જ કુંભ સ્થાપનાદિ મંગળ વિધાન કરાવવામાં આવેલ. પ્રતિદિન નવકારશી જમણ પૂજા પ્રભાવના તેમ પ્રતિષ્ઠાના અંગભૂત મંગળ વિધાનો, હજારો લાખો રૂપિયાની દેવ દ્રવ્યની વૃદ્ધિ અભૂતપૂર્વક જળયાત્રાનો વરઘોડો જૈન અજૈન તમામ લીંબડીના નાગરિકોના ઘરેઘરમાં પ્રતિષ્ઠા નિમિતે લાડુની શેષ વહેંચવામાં આવેલ અને પ્રતિષ્ઠા મહોત્સવમાં હજારોની સંખ્યામાં પ્રત્યેક જૈન–અજૈનોએ ઉલટભેર લાભ લેતાં જિન શાસનની મહાન પ્રભાવના થઈ હતી.

## પુનઃ અમદાવાદ આગમન

પ્રતિષ્ઠા બાદ પૂજ્યશ્રી પુનઃ અમદાવાદ પધાર્યા હતા. ભાવનગર શ્રી સંઘના અગ્રણીઓ ભાવનગર સરદારનગરના શ્રી શાંતિનાથજી ભગવંતના નૂતન જિનાલયની જેઠ સુદ ૪ના પ્રતિષ્ઠા અંગે વિનંતી કરતાં પૂજ્ય શ્રી ચૈત્ર સુદ ૬ના **ભાવનગર** પધાર્યા હતા. ભાવનગરની સ્થિરતા દરમ્યાન સં. ૨૦૩૦ના જેઠ સુદ ૪ ના સરદારનગરના નૂતન શ્રી શાંતિનાથ ભગવંતના જિનાલયનો ભવ્ય **પ્રતિષ્ઠા મહોત્સવ** અભૂતપૂર્વ જિન શાસનની પ્રભાવનાપૂર્વક ઉજવાયો હતો. અને જેઠ સુદ ૧૦ના બાલકુમારિ ડોલરબેનનો **દીક્ષા મહોત્સવ** સુંદર રીતે ઉજવાયો હતો.

## આચારલક્ષી ૨૫૦૦મી વીરનિર્વાણ કલ્યાણક વર્ષની ઉજવણી

પૂજ્યશ્રીની ચાતુર્માસ સ્થિરતા દરમિયાન પ્રાયઃ પ્રત્યેક રવિવારે ૨૫૦૦ ની ઉજવણી પ્રસંગે આચારલક્ષી ભવ્ય આરાધનાઓનો સેંકડો હજારોની સંખ્યામાં ભાવિકોએ લાભ લીધો હતો. જ્યારે બીજા શ્રાવણ સુદ ૧ ના **ભવ્યાતિભવ્ય રથયાત્રા**નો વરઘોડો ભાવનગરના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત બને તે રીતે મહાવીરનગરની યોજના કરવા પૂર્વક ૫૦ થી ૭૫ કમાનો, દરવાજાઓ, પ્રાચીન મહાપુરુષોના નામાંકિત દ્વાર મૂકેલ. દસથી પંદર હજાર ભાઈઓ તથા બહેનોની હાજરીવાળા બે દિવસના સાંસ્કૃતિક કાર્યક્રમો સારાએ ભાવનગરના ભાઈબહેનોના અનેક મંડળો દ્વારા રજૂ થતાં જૈનત્વની વાસ્તવિકતાનો ખ્યાલ આપે તેવા થયા હતા.

પાંચ દિવસના આ ઉજવણી પ્રસંગે રોજ સવારે પૂજ્ય આચાર્ય ભગવંતની નિશ્રામાં પૂજ્ય આ. મ. શ્રી વિજય ચંદ્રોદય સૂરીજી મ. તથા પૂજ્ય આ. મ. શ્રી વિજય રુચકચંદ્ર સૂરીજી મ. આદિ તેમ અન્ય જિનશાસન રસિક વક્તાઓના પ્રભુવીરના જીવનને સ્પર્શતા તત્વચિંતનપૂર્વકના પ્રવચનો થતા. જેનો હજારો શ્રોતાઓ લાભ લેતા હતા.

## સાધર્મિક ભક્તિ અંગે લાખોનું ફંડ

પૂ. આ. મ. શ્રી ચંદ્રોદય સૂરીશ્વરજી મ. ની પ્રેરણાથી સાધર્મિક સેવા સમિતિના નામે અઢીથી ત્રણ લાખની રકમનું ફંડ થયું હતું. જેનો લાભ સારી રીતે લેવાયો હતો અને હજુ લેવાય છે.

## ૩૦૦ જિન પ્રતિમાઓની અંજના શલાકા

ધર્મરાજા પૂજ્ય આચાર્ય ભગવંતના વરદ હસ્તે તેઓ પૂજ્યશ્રી પ્રત્યે શ્રદ્ધા ભક્તિ ગુણાનુરાગ ધરાવતા ભાવિકોની ભાવના પોતે ભરાવેલ પ્રતિમાજીની અંજન શલાકા કરાવવાની વર્ષોથી હતી. પણ ભવિતવ્યતાયોગે તે લાભ ભાવનગર શ્રી સંઘને મળ્યો. પોષ સુદ ૧૪ થી પોષ વદ ૧૦

શાન્તમૂર્તિ વાત્સલ્યવારિધિ સમયજ્ઞ આચાર્ય દેવ



**શ્રીમાન વિજયવિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજ**

જન્મ સંવત ૧૯૪૭ પાટણ — દીક્ષા સંવત ૧૯૬૨

આચાર્યપદ ૧૯૯૧ — સ્વર્ગવાસ ૨૦૨૨ ચૈત્ર સુદ ૧૦ ખંભાત

સુધીનો **અંજન શલાકા મહોત્સવ** ભાવનગર શ્રી સંઘે તે રીતે ઉજવ્યો છે કે ભાવનગરના પ્રારંભકાળથી આજદિન સમય દરમિયાન એટલે લગભગ ૩૦૦ વર્ષમાં પ્રથમ વાર જ હોવાથી અભૂતપૂર્વ બન્યો. ૩૦૦ જિન બિંબોની અંજન શલાકા, તે અંગે ભવ્ય રચનાઓ, પાંચેકલ્યાણકની ભાવપૂર્વક ઉજવણી અને પ્રત્યેક ઉજવણી વખતે હજારો–લાખો માનવોની મેદની.

મહોત્સવ દિન દરમિયાન અનુકંપા, જીવદયા તથા સાધર્મિક ભક્તિના પવિત્ર કાર્યો તેમ ધર્મરાજા ગુરુદેવના **૭૫ મા જન્મદિવસની** ભવ્ય ઉજવણી, ગુરુ ગુણ સ્તવનાનો કાર્યક્રમ ૩ મુમુક્ષ બહેનોને **દીક્ષા.** તેમજ અંજન મહોત્સવ દિન સુધીમાં ૩૦૦૦ જૈનીઓના ઘરની વસ્તી ધરાવતાં શ્રીસંઘમાં કોઈના પણ ઘેર અમંગળ પ્રસંગ ( મરણ ) ન બનવો. લાખો રૂપિયાના દેવદ્રવ્યની ઉછામણી વગેરે કાર્યો થયા હતા. તેમ જૈન અજૈન સર્વ વેપારી બંધુઓએ આ મહોત્સવમાં લાભ લેવા સવારે ૧૨ વાગ્યા સુધી પોતાની દુકાનો બંધ રાખી અપૂર્વ ઉલ્લાસ દાખવ્યો હતો.

## વડવા તેમ મહાવીર વિદ્યાલયના જિન મંદિરની પ્રતિષ્ઠા

અંજન મહોત્સવ બાદ ભાવનગર શ્રી સંઘે વડવાના શ્રી જિન મંદિરમાં જે જે જિન પ્રતિમાજીઓ શિલ્પ શાસ્ત્રાનુસાર વ્યવસ્થા કરવાનું પૂજ્ય ગીતાર્થ આચાર્ય મહારાજની સૂચના હતી તે પ્રમાણે ૨૨ જિન પ્રતિમાઓનો મહા સુદ ૫ ના પુનઃ **પ્રતિષ્ઠા મહોત્સવ** કરાવ્યો હતો.

જ્યારે શ્રી મહાવીર વિદ્યાલયના **નૂતન જિન મંદિર**નો પ્રતિષ્ઠા મહોત્સવ પણ મહા સુદ ૧૦ ના વિદ્યાલય તરફથી અપૂર્વ ઉમંગ ઉત્સાહપૂર્વક કરાવવામાં આવ્યો હતો.

## નૂતન જિન મંદિરનું શિલાન્યાસ

મહા વદ ૩ ના શાસ્ત્રીનગરમાં ભાવનગર શ્રી સંઘ તરફથી થનાર નૂતન જિન મંદિરનું શિલારોપણ ભવ્ય રીતે થયું હતું.

## સર્વ પ્રસંગોએ સૂરિ ભગવંતોની ઉપસ્થિતિ

ભાવનગર શ્રી સંઘના પુણ્યોદયે ચાતુર્માસ બીરાજતા ત્રણ સૂરિ ભગવંતો ઉપરાંત પાલીતાણાથી પ. પૂ. આ. ભગવંત શ્રી વિજય ધર્મ-ધુરંધર સૂરીશ્વરજી મહારાજ, પ. પૂ. આ. મ. શ્રી વિજય નીતિ પ્રભ-સૂરીશ્વરજી મહારાજ આદિ મુનિ પુંગવો તથા પૂજ્ય સાધ્વી મહારાજોનો વિશાળ પરિવાર ઉપસ્થિત હતો. શ્રી સંઘે સંઘપૂજન તથા સાધુ—સાધ્વીજી મહારાજને યથાશક્તિ કામળ વગેરે વહોરાવી લાભ લીધો હતો.

## મહુવા તરફ વિહાર

મહા વદ ૩ ના ભાવનગરથી ધર્મરાજા ગુરુદેવ મહુવા તપસ્વિની સાધ્વીશ્રીને ૫૦૦ આયંબીલના પારણાં તેમ બાલકુમારીકાના દીક્ષા પ્રધાન અંગે વિહાર કર્યો હતો. પૂજ્ય શ્રી મહુવા ૨૬ વર્ષે પધારતા હોવાથી પૂ. બન્ને આચાર્ય ભગવંત તેમ પૂ. આ. મ. શ્રી ધર્મધુરં-ધરસૂરીશ્વરજી તથા પૂ. આચાર્ય શ્રી વિજય નિતિ પ્રભ સૂરીશ્વરજી મહા-રાજ આદિ ચાર પૂ. આચાર્ય ભગવંતનો નગર પ્રવેશ સમસ્ત મહુવાના નાગરિકો તરફથી અપૂર્વ રીતે કરાવ્યો હતો.

## મહાતપના પારણા તેમ દીક્ષા

તપસ્વિની પૂ. સાધ્વીજી મ. ના ૫૦૦ આંબેલના પારણા અંગે શ્રી શાંતિસ્નાત્ર સહિત મહોત્સવ તેમ બાલકુમારિકાનો દીક્ષા પ્રદાન મહોત્સવ શ્રી સિધ્ધચક્ર મહાપૂજન, સ્વામિવાત્સલ્યાદિ થવા સાથે ભવ્ય રીતે ઉજવાયો હતો.

## છરી પાળતા શ્રી સંઘનું પ્રયાણ

ચારે પૂજ્ય સૂરિ ભગવંતોની નિશ્રા મળતાં પૂજ્યશ્રીની પ્રેરણાથી છરી પાળતા શ્રી સંઘનો નિર્ણય થતાં મહુવા શ્રી સંઘના ઉપક્રમે

શેઠશ્રી કેશવલાલ ગીરધરભાઈ વિ. ૬ સંઘપતિઓ તેમ પાલીતાણા સુધીના ૧૩ દિવસના નવકારશી જમણ વિગેરેનો જુદા જુદા ભાવિકોને લાભ આપવાપૂર્વક ૪૦૦ થી ૫૦૦ ભાવિકો સાથેનો સંઘ શ્રી જિન શાસનની અપૂર્વ પ્રભાવના કરતાં પાલીતાણા ફા. વદ ૧ના **પાલીતાણા** શ્રી કેશરિયાજી નગર આવ્યો.

ફાગણ વદ ૨ ની મંગળ પ્રભાતે ૭ સંઘપતિઓને ચારે પૂજ્ય આચાર્ય ભગવંતની નિશ્રામાં દાદાના દરબારમાં ભારે ઉમંગ સાથે તિર્થમાળ પહેરાવવામાં આવી હતી જે દૃશ્ય જોનારને જિન શાસનની પ્રભાવિકતાનો ખ્યાલ આપે તે રીતનું હતું.

## શ્રી ૧૦૮ જૈન તીર્થ દર્શન મંદિરનું શિલારોપણ

ધર્મરાજા પૂ. આ. ભગવંતની નિશ્રામાં તેઓશ્રીની પ્રેરણાથી પાલીતાણામાં ૧૦૮ જૈન તિર્થદર્શન મંદિરનું ભવ્ય આયોજન થનાર હોવાથી પાલીતાણા બાબુના દેરાસરની સામેની જગ્યામાં ચૈત્ર વદ ૧ ના શિલારોપણ કરવામાં આવેલ જ્યારે શ્રી કેશરિયાનગરમાં શાશ્વતી ઓળીની સામૂહિક આરાધના અમદાવાદના બત્રીશી જ્ઞાતિના હાથીજણવાળા સોમચંદભાઈ તથા મૂળચંદભાઈ તરફથી કરાવવામાં આવેલ.

## સાબરમતી ચાતુર્માસ અંગે વિહાર

ધર્મરાજા પૂજ્ય ગુરુદેવ વૈશાખ સુદ ૫ના સાબરમતી શ્રી સંઘની ચાતુર્માસ તેમ શ્રીસંઘ તરફથી તૈયાર થઈ રહેલ બે નૂતન જિન મંદિરમાં પ્રભુ પ્રવેશ પ્રતિષ્ઠા તેમ અંજન શલાકા અંગેની વિનંતી સ્વીકારી પાલીતાણાથી સપરિવાર સાબરમતી તરફ વિહાર કર્યો.

લીંબડી શેઠ પોપટભાઈ જાંબુવાળાના સ્વર્ગવાસ નિમિત્તે અષ્ટોતરી સ્નાત્ર સહિત અઠ્ઠાઈ મહોત્સવ અંગે પધારી સુરેન્દ્રનગર નૂતન ઉપા-

શ્રયના ઉદ્ઘાટન પ્રસંગે પધારી પૂજ્ય શ્રી વીરમગામ થઈ જેઠ સુદ ૭ના સાણંદ પધાર્યા હતા.

જેઠ સુદ ૮ના સરખેજ પધારતા પોતાના પ્રશિષ્ય ગણી શ્રી. અભયચંદ્ર વિજયજી મ. કે જેઓશ્રીને હાર્ટની તકલીફ છેલ્લા બે વર્ષથી હતી તેઓશ્રી સામાન્ય તકલીફ થતાં એકાએક કાળધર્મ પામ્યા હતા. પૂજ્ય શ્રીને જેઠ સુદ ૧૦ના સાબરમતી બંને નૂતન જિનાલયમાં પ્રભુપ્રવેશ અંગે પધારવું અતિ જરૂરી હોવાથી પૂજ્ય શ્રી જેઠ સુદ ૧૦ના સાબરમતી પધાર્યા અને શુભ સમયે બંને નૂતન જિનમંદિરમાં પ્રગટ પ્રભાવી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી તથા શ્રી ગૌડીજી પાર્શ્વનાથ ભગવંતાદિ પ્રાચીન પાંચ પાંચ જિનપ્રતિમાજીઓને ભવ્ય રીતે પ્રવેશ કરાવ્યો. પ્રભુ પ્રવેશ બાદ પૂજ્ય આચાર્યશ્રી સપરિવાર પાંજરાપોળ પ. પૂ. શ્રી સંઘ કૌશલ્યાધાર આચાર્ય ભગવંત શ્રી વિજયનંદન સુરીશ્વરજી મહારાજા· દિની નિશ્રામાં પાંજરાપોળ જ્ઞાનશાળામાં પ. પૂ. ગુરુદેવશ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ તથા પ. પૂ. શાસન સમ્રાટ શ્રી વિજય નેમિસુરિશ્વરજી મહારાજની ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા જેઠ સુદ ૧૧ ની હોવાથી સાબરમતીથી અમદાવાદ પધાર્યા હતા.

## શ્રી સંભવજિન સ્નાત્ર મંડળનો રજતજયંતી મહોત્સવ

ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા બાદ માંડવીની પોળ નાગજી ભૂદરની પોળના શ્રી સંભવ જિન સ્નાત્ર મંડળને ૨૫ વર્ષ પૂરાં થતાં હોવાથી મંડળના સભ્યો તેમ શ્રી સંઘની વિનંતીથી પૂ. આ. ભગવંત પાંજરાપોળથી નાગજીભુદરની પોળના જૈન ઉપાશ્રયે તે દિવસે પધાર્યા હતા. કે જે દિવસે પોતાના શિષ્ય પં. શ્રી અશોકચંદ્રવિજયજી ગણિ આદિએ માંડવીની પોળે ચાતુર્માસ અંગે પ્રવેશ પણ કરેલ હતો. રજતજયંતી મહોત્સવ પણ ચિર સ્મરણીય રહે તે રીતે ઉજવાયો હતો. જેની કાયમી સ્મૃતિ નિમિત્તે નાગજીભુદર પોળના શ્રી સંઘે તથા શ્રી સંભવનાથ જૈન દેરાસરજીના ટ્રસ્ટના

ટ્રસ્ટીગણે સ્નાત્રમંડળની રજત જયંતીની સ્મૃતિ અંગે સરખેજના જિનમંદિરના ચાલતા જીર્ણોદ્ધાર અંગે ૨૫૦૦૦ ની રકમ ભેટ આપી હતી.

## સાબરમતી ચાતુર્માસ પ્રવેશ

અષાઢ સુદ ૪ શનિવારે પૂ. આ. ભગવંતનો ચાતુર્માસ હોવાથી પૂજ્ય શ્રીનો નગર પ્રવેશ શ્રી સંઘે સારી રીતે કરાવ્યો હતો. પ. પૂ. આ. મ. શ્રીની નિશ્રામાં તેઓશ્રીના પટ્ટધર પ. પૂ. આ. શ્રી. વિજય ચંદ્રોદય સૂરીશ્વરજી મહારાજના પ્રતિદિન તાત્વિક પ્રવચનો થતાં શ્રી સંઘમાં અપૂર્વ ઉમંગ વધવા લાગ્યો.

## વિવિધ આરાધનાઓ

પૂજ્યશ્રીની પ્રેરણાથી દર રવિવારે અનેકવિધ આરાધનાઓ સેંકડોની સંખ્યામાં થતી હતી. આરાધનાનો ઉદ્દેશ શું ? શા માટે ? વિધિની શુદ્ધિ, આદર વિગેરેનું માર્ગદર્શન પૂજ્ય આચાર્ય મહારાજ આપતા હોવાથી આરાધકોને સારો ઉલ્લાસ વધતો. ચતુર્વિધ શ્રી સંઘમાં માસખમણ, સિદ્ધિતપ, ૧૬–૧૦–૮ વિગેરેની આરાધનાઓ બાલયુવાન વૃદ્ધોએ સારી સંખ્યામાં કરી હતી. તે તે તપની પૂર્તિ અંગે નાનામોટા સંખ્યાબંધ મહોત્સવો વિવિધ પૂજનો વગેરેથી ઉજવવામાં આવતા હતા.

સંવત ૨૦૨૬ના પૂ. આ. મ. શ્રી. વિજય કસ્તૂર સૂરીશ્વર મહારાજની નિશ્રામાં શ્રીસંઘે કરેલ બે નૂતન જિન મંદિરના નિર્ણય અનુસાર થઈ રહેલ પૂર્વ તેમ ઉત્તર વિભાગના બંને જિન મંદિરમાં સં. ૨૦૩૧ના જેઠ સુદ ૧૦ના પ્રભુપ્રવેશ બાદ પ્રતિષ્ઠા કરાવવાનો પણ સં. ૨૦૩૨ના માગશર સુદ ૧૦ના નિર્ણય મુજબ તે અંગે શ્રી સંઘે પૂ. આ. મ. શ્રીના માર્ગદર્શન મુજબ પ્રવૃત્તિનો પ્રારંભ શરૂ કર્યો હતો.

પ્રતિષ્ઠા અંગે પ્રાચીન પ્રતિમાજી મેળવવા અથાગ પ્રયત્ન કરવા છતાં જેટલા જોઈએ તેટલા પ્રાચીન પ્રતિમાજી ન મળતાં શ્રી સંઘે નૂતન જિન બિંબો ભરાવી અંજન શલાકા કરાવવા નક્કી કરેલ અને જેથી **શ્રીકદંબ ગિરિતીર્થ** થી ૫૭ ઈંચના ૧. ૫૧ ઈંચના ૧ તેમ ૩૩ ઈંચના ૨ તથા ૩૧ ઈંચના ૨ એમ કુલ ૭ પ્રતિમાઓ શ્રાવણ સુદ પાંચમના લાવવામાં આવેલ હતા જે પૈકી ૫૭ ઈંચના શ્રી આદિ-શ્વર ભગવંતના ભવ્ય પ્રતિમાજીનો પ્રવેશ શ્રા. સુ. ૬ ના વહેલી સવારે હોવાથી તે અંજન વિનાના પ્રતિમાજીને ઉત્તર વિભાગના શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી ભગવંતના જિનમંદિરના ભોંયરામાં પ્રવેશ કરાવવામાં આવતાં ૩ કલાક સુધી અમી ઝરણાં થયા હતા જે શ્રી સંઘના મહોદયના એંધાણ રૂપ બન્યા હતા.

## મહા મહોત્સવ અંગે સમિતિની રચના

શ્રી સંઘ માટે અંજન શલાકા મહોત્સવનો નહિવત ખ્યાલ હોઈ તે સ્વભાવિક ગણાય પણ શ્રી સંઘનો અદમ્ય ઉત્સાહ પૂ. ધર્મરાજા ગુરુદેવની નિશ્રાના પરિણામે શ્રી સંઘના આબાલ વૃધ્ધો પૈકી શ્રી સંઘની કમિટી ઉપરાંત બીજી ૮૧ ભાઈઓની મહોત્સવ સમિતિ નીમવામાં આવી હતી અને તે મુજબ કમિટીની પેટા કમીટીઓ નીચે દરેકને જુદી જુદી પ્રવૃતિ કરવા કન્વીનરો નીમવામાં આવ્યા હતા. જેઓ પોતપોતાની ફરજ બજાવવામાં પૂરેપૂરા સજાગ હતા કે જેના ફળ તરીકે શ્રી સંઘ કલ્પનાતીત ઉત્સાહથી મહા મહોત્સવ ઉજવી શકયો. ભારતભરમાંથી આવેલા ૩૦૦ જિન પ્રતિમાજી શ્રી સંઘના શ્રી કદબગિરિ તીર્થથી લાવેલા ૬ જિનપ્રતિમાજી સિવાય જયપુરથી ૮ નવા જિન બિંબો તેમ શ્રી ચક્રેશ્વરી તથા શ્રી પદ્માવતિજીની મૂર્તિ લાવવામાં આવ્યા હતા.

જ્યારે ભારતના પ્રાય્યઃ તમામ પ્રદેશોમાંથી ૩૦૦ શ્રી જિનપ્રતિમાજીઓનો અંજનશલાકા અંગે સાબરમતી લાવવામાં આવ્યા. જે નૂતન જિનબિંબોના પ્રથમ દર્શને જ સર્વ કોઈનો ઉમંગ અપૂર્વ વધતો.

## નવા જિનબિંબો ભરાવવાની ઉછામણી

શ્રી સંઘના બન્ને જિનમંદિરોમાં પ્રતિષ્ઠિત કરવાના જિનબિંબો તેમ ત્રણે જિન મંદિરોમાં જોઈતા પ્રમાણમાં સર્વ ધાતુના જિનબિંબાદિ ભરાવવાની ઉછામણી કરાવવામાં આવતાં લાખોની ઉછામણી થવાપૂર્વક જુદા જુદા સાબરમતી શ્રી સંઘના જ ભાવિકોએ નવા જિનબિંબો ભરાવવાનો આદેશ લીધો હતો.

## વારાણસી નગરીનું આયોજન

આ મહા મહોત્સવ અંગે આંબેલ ભુવનનો વિશાળ મંડપ નક્કી કરવામાં આવતાં દશ હજાર ભાવિકો સારી રીતે દેવાધિદેવની થતી ભક્તિને નિહાળી શકે તે રીતે ઓડિટોરીયમની જેમ મંડપ બનાવી વારાણસી નગરીનું આયોજન કરવામાં આવ્યું હતું. મંડપના મધ્ય ભાગમાં ૩૦૦ જિન પ્રતિમાજીને પધરાવવા તે રીતની અંજન વેદિકા બનાવવામાં આવી હતી કે જેનું ભવ્ય દર્શન અષ્ટાપદ તિર્થની ગવાહી પૂરે તે રીતની હતી.

## મહોત્સવનો પ્રારંભ

કારતક વદ ૧૦ થી મહામહોત્સવનો પ્રારંભ જળયાત્રાના વરઘોડાથી શરૂ થયો હતો. સંગીતકાર ગજાનન દેવીદાસ ઠાકુરની પ્રભુ ભક્તિ અંગેની જમાવટે સારો રંગ રાખ્યો હતો, જ્યારે ક્રિયાકાર ભાઈલાલભાઈ વિગેરેના પવિત્ર અનુષ્ઠાનો સાથે પૂ. આ. ભગવંતો તેમ તેઓશ્રીના

ધર્મપરિવારના વિધિજ્ઞ મુનિવરોની અનુષ્ઠાનો અંગેની રસમય પ્રવૃત્તિ મહોત્સવના ઉમંગમાં દ્વિગુણ ઉત્સાહિત કરતા હતા.

## ઘરઘર દીવડા પ્રગટાવો

સારાયે મહોત્સવના પ્રાણવાન પ્રેરણાદાતા પ. પૂ. આ. મ. શ્રી ચંદ્રોદય સૂરીશ્વરજી મહારાજે આ મંગલ મહોત્સવના નાનામાં નાના પ્રસંગની મહત્તા ભવ્યતાનો પરિચય કરાવતી અંજન શલાકા મહોત્સવની રૂપરેખા નામની નાનીશી બુક શ્રી સંઘના ઘરેઘરમાં એક માસ પહેલાં પહોંચતી કરવામાં આવી હતી. જેથી સહુ કોઈને આ અપૂર્વ મહોત્સવમાં લાભ લેવા પ્રેરણા મળી શકે. સારાયે સાબરમતીના જૈનોના લત્તામાં, સોસાયટીઓમાં વ્યકિતગત તેમ સામૂહિક રીતે મહોત્સવના પ્રતિક તરીકે ધજાપતાકા વિમાન, હેલીકોપ્ટર એંજિન જેવી રચના કરી પ્રભુ રથ ઉપર પુષ્પવૃષ્ટિ કરવા બનાવવામાં આવ્યા હતા. તેમ ઘરેઘર હજારો લાખોની સંખ્યામાં રંગબેરંગી ઈલેકટ્રીક લાઈટો ગોઠવી એક દિવસની દિવાળી નહીં પણ સોળસોળ દિવસની દિવાળી જેવું સુંદર વાતાવરણ ખડું કર્યું હતું. જૈન કે અજૈનોનો ઉત્સાહ પ્રતિદિન વધતો જતો હતો.

## પૂજ્ય આચાર્ય ભગવંતોનું આગમન

આ મહોત્સવ પ્રસંગે ચાતુર્માસ બિરાજતા બંને પૂજ્યસૂરિ ભગવંતો ઉપરાંત શ્રી સંઘના પરમ ઉપકારી અને આ મહોત્સવ જેઓશ્રીની નિશ્રામાં ઉજવાયો તેઓ પ. પૂ. આ. મ. શ્રી વિજયનંદન સૂરીશ્વરજી તથા પ. પૂ. આ. શ્રી વિજય યશોભદ્રસૂરીશ્વરજી તથા પ. પૂ. આ. શ્રી વિ. પ્રિયંકર સૂરીશ્વરજી મ. તથા પ. પૂ. આ. શ્રી મહિમાપ્રભ સૂરીશ્વરજી તથા પ. પૂ. આ. શ્રી વિજયસૂર્યોદય સૂરીશ્વરજીમ. આદિ તથા પ. પૂ. આ શ્રી વિજયોદયરત્ન સૂરીશ્વરજી મહારાજ આદિ તથા પ.

પૂ. આ. મ. વિક્રમ સૂરીશ્વરજી મ. આદિ તથા પ. પૂ. આ. શ્રી. દુર્લભસાગર સૂરીશ્વરજી મા. સા. આદિ મુનિભગવંતો તેમ સાધ્વીજી મહારાજો આદિ તથા ચાતુર્માસસ્થિત પૂ. સા. શ્રી. પુષ્પાશ્રીજી મહારાજ પૂ. સા. શ્રી સુશીલાશ્રીજી મહારાજ પૂ. સા. શ્રી. ચારિત્રાશ્રીજી મહારાજ આદિ સાધ્વીજી મહારાજો આદિ આ મહોત્સવ પ્રસંગે પધારેલ ૪૫૦ સાધુ–સાધ્વીજી મહારાજનો પરિવાર ઉપસ્થિત હતો. આરાધ્યપાદ સર્વ પૂજ્ય સાધુ–સાધ્વીજી મહારાજને યથાશકિત કામળ વગેરે વહોરાવી ભકિતનો લાભ શ્રી સંઘને પ્રાપ્ત થયો હતો.

## સ્વામિવાત્સલ્ય

માગ. સુદ ૩ ના અંજન શલાકાના પરમ પવિત્ર દિવસથી માગશર સુદ ૧૦ ના પ્રતિષ્ઠાના શુભ દિવસ સુધી નવ દિવસ સુધી શ્રી સંઘ તેમજ સામૂહિક તથા જુદા જુદા ભાવિકો તરફથી સ્વામિવાત્સલ્ય કરવામાં આવ્યા હતા. નવ દિવસોમાં સ્વામિવાત્સલ્યનો હજારોની સંખ્યામાં ભાવિકોએ લાભ લીધો હતો. શ્રી સંઘે સ્વામિવાત્સલ્યના જમણ અંગે શ્રી સંઘની વ્યવસ્થિત ભકિત કરવા સાથે જમણનો પણ ખ્યાલ રાખી ખુલ્લા ખેતરમાં વિશાળ મંડપ બનાવડાવી એક સાથે ૩ થી ૪ હજાર સાધર્મિકો જમી શકે તે રીતે ખુરશી–ટેબલની વ્યવસ્થા કરી હતી.

## ભવ્ય વરઘોડાનું આયોજન

પાંચે કલ્યાણકના વરઘોડાની યોજનાથી કલ્યાણકોની ભવ્ય ઉજવણી અંગેની વ્યવસ્થા તેમ અનુષ્ઠાનો–ભાવના પ્રસંગની તેમ સ્વામિવાત્સલ્ય પ્રસંગની સ્વયંસેવકની વ્યવસ્થા માન્યામાં પણ ન આવે તે રીતે શ્રી સંઘના બાળકો, યુવકોએ તે રીતે કરી હતી કે આજે તે વાતો યાદ કરતાં એક સ્વપ્ન બની ગયું કે શું ?

## બન્ને જિન મંદિરમાં પ્રભુ પ્રતિષ્ઠા

માગશર સુદ ૨ના બન્ને નૂતન જિન મંદિરમાં પ્રભુ પ્રતિષ્ઠા તેમ કાયમી ધજા વગેરેની ઉછામણી થતા લાખોની રકમની ઉછામણીઓ થઈ હતી. જે અમદાવાદ રાજનગરના ઇતિહાસમાં પણ પ્રાયઃ **પ્રથમ વારની** અંકિત બનશે. માગશર સુદ ૩ના અંજન શલાકા થયા બાદ બંને જિન મંદિરોમાં પ્રતિષ્ઠા કરવા માટેના નૂતન જિનબિંબોનો માગશર સુદ ૬ના પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. અને માગશર સુદ ૧૦ના શુભ મુહૂર્તે સર્વ જિનબિંબોની ધ્વજ દંડ કલશ વગેરેની પ્રતિષ્ઠા કરાવવામાં આવી હતી.

## અમીઝરણાં

શ્રી ગોડીજી પાર્શ્વનાથજીના પ્રાચીન પ્રતિમાજીમાંથી પ્રતિષ્ઠા બાદ વાસક્ષેપ કરતાં અમી ઝર્યાં હતાં જેના દર્શન માટે હજારો ભાવિકોની ભીડ જામી હતી. પ્રતિષ્ઠા સમયે મુંબઈથી ખાસ વિમાન મંગાવીને પુષ્પ વૃષ્ટિ કરવામાં આવી હતી. સાથે જગતના જીવોની "શિવમસ્તુ સર્વ જગત" સર્વ જગતના જીવોની શુભ ભાવનાની હજારો પત્રિકાની પણ વૃષ્ટિ કરવામાં આવી હતી.

## દ્વારોદ્ઘાટન

માગશર સુદ ૧૧ના વહેલી સવારે ગજરાજ ઉપર બેસી વર્ષીદાન દેતા હજારોની સંખ્યામાં ભાવિકો સહિત. નૂતન જિનમંદિરનું દ્વાર ઉદ્ઘાટન કરાવવામાં આવ્યું હતું. આમ અણચિંત્યા ઉમંગ ઉત્સાહ-પૂર્વક અંજન પ્રતિષ્ઠા મહોત્સવ શ્રી જિન શાસનની પ્રભાવના કરતો ગુજરાતની ધરતી ઉપર સુવર્ણાક્ષરે અંકિત બને તેવો નિર્વિઘ્ને પૂર્ણ થયો હતો.

## ઐતિહાસિક શિલાલેખની સ્થાપના

બન્ને શ્રી જિનમંદિરના રંગ મંડપમાં સાબરમતી શ્રી સંઘના પરમ ગૌરવને અપાવતો તેમ શ્રીસંઘનો વાસ્તવિક પરિચય અપાવતો મુખ્ય શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનમંદિર પૂજ્ય આ. મ. શ્રી. વિજય ઉદય સૂરીશ્વરજી મ. ના. ગુરુ મંદિરનો તથા તે મુખ્ય જિન મંદિરના પ્રતિષ્ઠાકારક પૂજ્ય સૂરીદેવોનો ખ્યાલ આપતો તેમ શ્રી સંઘના કોઈ અગણિત પુણ્યોદયે ૩૦૦ શ્રી જિન બિંબોનો અંજન શલાકા મહા મહોત્સવ ઉજવવાનું થતાં તે મહા મહોત્સવની પરમ ગૌરવ ગાથાની ગવાહી પૂરતા ઐતિહાસિક શિલાલેખનું સ્થાપન કરવામાં આવ્યું છે. જે શિલાલેખ ભાવિમાં ઈતિહાસવિદ્ માટે તેમ શ્રી સંઘના ઉત્તરોત્તર વારસદારો માટે પ્રતીક સમો બની રહે તે રીતે તૈયાર કરાવવામાં આવ્યો છે.

## ધર્મરાજા ગુરુનો વિહાર

માગશર વદ ૩ ના પૂજ્ય ગુરુદેવાદિ સપરિવાર પેટલાદ, સૂરત, સાતમ—વાંકલ તથા કોસંબા. વગેરે દક્ષિણ ગુજરાતના તે તે ગામોના જિનાલયોની પ્રતિષ્ઠા અંગે સાબરમતીથી વિહાર કરી પધાર્યા હતા. ઉપકારી ધર્મરાજા ગુરુદેવની પૂર્ણ કૃપા અમો સર્વના અભ્યુદયમાં સદાય થાઓ.

એજ લિ.

પ્રકાશક

# બીજી આવૃત્તિ અંગે
# પ્રકાશકીય

પ્રસ્તુત પ્રકાશન અંગે જૈન–અજૈન હજારો વાંચકોની જીજ્ઞાસા નિમિત્ત બની છે. પ્રથમ આવૃત્તિ દુષ્પ્રાપ્ય બનતા પુનઃ પ્રકાશન કરતાં અમો આનંદ અને ગૌરવ અનુભવી રહ્યા છીએ

આ આવૃત્તિમાં પ્રથમ આવૃત્તિનું પુનઃ સંસ્કરણ છે. પ્રકાશન અંગે સાબરમતી રામનગર જૈન શ્વે. મૂ. પૂ. શ્રી સંઘે જ્ઞાન દ્રવ્યમાંથી રૂા. ૩૦૦૦] જેવી રકમ આપવાથી અમોને વિશેષ ઉત્સાહી કર્યા છે. જ્યારે અલ્પ સમયમાં સુઘડ અને સ્વચ્છ મુદ્રણ અંગે સંગમ પ્રિન્ટરી-વાળા બકુલ સી. શાહનો શ્રમ પ્રશંસાપાત્ર છે.

પણ તે કરતાંયે મુદ્રણ કાર્યની સમગ્ર બાહ્ય તથા અભ્યંતર પ્રવૃત્તિમાં એમ. એન. બ્રધર્સ–અમદાવાદવાળા રજનીકાંતભાઈને આ પ્રસંગે યાદ કરવા એ પણ અતિ જરૂરી માન્યું છે.

અંતમાં પ્રાકૃત વિજ્ઞાન કથાના વાંચકો કથાને વાંચીને અંતરમાં ઉતારી પોતાના જીવનને આદર્શ અને ઉજ્જવળ બનાવે તેજ મનીષા.

વિ. સં. ૨૦૩૨ મહા સુદ–૭
તા. ૭–૨–૭૫ શનિવાર
શ્રી સિદ્ધગીરી ઉપર નૂતન જિનાલય
સહિત ૫૫૦ જિન બિંબ પ્રતિષ્ઠા
શુભદિન

લિ.
પ્રકાશક :
શ્રી નેમિવિજ્ઞાન કસ્તુરસૂરિ
જ્ઞાન મંદિર સૂરતના
ટ્રસ્ટીગણ

卐 卐




શાસન સમ્રાટ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ
સિધ્ધાન્ત મહોદધિ શ્રી વિજય ઉદયસૂરીશ્વરજી મહારાજ
ન્યાય શિલ્પ વિશારદ શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજ

# પ્રાસંગિક બે - બોલ

માનવ ધારે શું ? અને કુદરત કરે છે પણ શું ?

અપૂર્ણ દૃષ્ટિ સદા સીમિત અને પરીમિત હોય છે. જ્યારે પૂર્ણ પુરુષની દૃષ્ટિ સિમાતીત હોય છે.

આ સનાતન સત્યનો અનુભવ પ્રસ્તુત પુસ્તકના પ્રકાશન અંગે થયો. છેલ્લા ફારમનું કામ ચાલુ હતું. સંકલ્પ હતો કે પુનઃ મુદ્રણનું કામ પૂર્ણ થયે પૂજ્યપાદ ધર્મરાજા ગુરુદેવ શ્રીમાન વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજા જ્યારે સુરત ગોપીપુરાના શ્રી વાસુપૂજ્ય જિનમંદિરની સં. ૨૦૩૨ મહા સુદ ૭ શનિવારના શુભ દિવસે પ્રતિષ્ઠા અંગે પધારવાના છે તેવો નિર્ણય થતાં તે પ્રતિષ્ઠાના પૂણ્ય દિવસે પ્રસ્તુત પ્રકાશનનો સમારોહ કરી પ્રકાશિત કરવું.

માગશર વદ ૩ ના સુરત તરફ સાબરમતીથી વિહાર પણ કર્યો, માગશર વદ ૧૪ ના ગુજરાત રાજ્ય હાઈકોર્ટના સુશ્રાવક સાંકળચંદ હિંમતલાલ શાહના એલિસબ્રીજના નિવાસસ્થાને અમદાવાદથી વિહાર કરીને જવાનું થયું, એકાએક સાંજે ૬ વાગે એક દુઃખદ અને ઓચિંતા સમાચાર મળ્યા કે ધંધુકા પાસે તગડી ગામે શ્રી સંઘ કૌશલ્યાધાર શ્રી જિન શાસન નાયક પરમગીતાર્થ પ. પૂ. આ. ભગવંત શ્રી વિજયનંદન સૂરીશ્વરજી મહારાજા સાંજે ૫-૧૫ મીનિટે કાળધર્મ પામ્યા. માનવામાં પણ ન આવે તેવા સમાચારથી અકથ્ય દુઃખ અને વેદના થયા પણ ભાવિ આગળ અન્ય ઉપાય શો ?

પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી અમદાવાદથી ૭૮ વર્ષની બુઝર્ગ વયે શેઠશ્રી આણંદજી કલ્યાણજી પેઢી દ્વારા શ્રી સિદ્ધ ગિરીરાજ ઉપરના મુખ્ય ટુંકના જિર્ણોદ્ધારનું કાર્ય ચાલતું હતું. તેમાં મુખ્ય જિનાલયના

જિર્ણોદ્ધારના કાર્યારંભે તે જિનાલયની ભીંતની ફરતી દોરીઓથી તે જિનાલયનું શિલ્પ દબાઈ જવાથી સર્વાંગ શુદ્ધ શિલ્પને છતું કરી જિર્ણોદ્ધાર કરાવવા વિચાર થતાં શાસન સમ્રાટ અનેક તીર્થોદ્ધારક તપાગચ્છાધિપતિ આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર પરમપૂજ્ય ન્યાય, વ્યાકરણ, જ્યોતિષ, શિલ્પાદિ શાસ્ત્ર વિશારદ ગીતાર્થ પુરંદર પૂજ્યપાદાચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયઉદય સૂરીશ્વરજી મહારાજા તથા તેઓ શ્રીમાનના પટ્ટધર સિદ્ધાંતમાર્તંડ શિલ્પશાસ્ત્ર વિશારદ આચાર્ય ભગવંત શ્રી વિજયનંદન સૂરીશ્વરજી મહારાજાદિનું માર્ગદર્શન મળતાં શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈની જિર્ણોદ્ધાર અંગેની સુક્ષ્મદૃષ્ટિથી જિર્ણોદ્ધારના કાર્યનો આરંભ થયો અને તે તે જિનપ્રતિમાજીઓનું ઉત્થાપન કરી નૂતન જિનાલય બનાવરાવી તેમાં પુનઃ પ્રતિષ્ઠા કરવાની ભાવનાનુસાર બાવન જીનાલયનું નૂતન જિનમંદિર તૈયાર થતાં તે શ્રી જિન મંદિરમાં તેમ અન્ય જિન મંદિરોમાં લગભગ ૫૫૦ જિન પ્રતિમાજીઓની પુનઃ પ્રતિષ્ઠા સં. ૨૦૩૨ મહા સુદ ૭ તા. ૭–૨–૭૬ ના શુભ દિવસે કરાવવાનું નક્કી થતાં પૂજ્ય આ. ભગવંત અમદાવાદ પાંજરાપોળથી પાલીતાણા તરફ માગશર વદ ૭ ના વિહાર કરી પધારી રહ્યા હતા. પોષ સુદ ૮ ના પાલીતાણા પહોંચી દયાળુ દાદાની યાત્રા કરવાના કેટલાયે મનોરથો અને ભાવનાઓ પૂજ્યશ્રીના હૈયે તેમ સહવર્તિ પૂ. આ. મ. શ્રી વિજયપ્રિયંકરસૂરીજી મ. તથા પૂ. આ. મ. શ્રી વિજય સૂર્યોદય સૂરિજી, પૂ. આ. શ્રી દુર્લભસાગરસૂરિજી આદિ વિશાળ પરિવારની પ્રબળ ભાવના પણ હિલોળે ચડી હતી. પણ જ્ઞાનીએ દીઠા ભાવ મુજબ પૂજ્યશ્રી માગશર વદ ૧૪ના એકાએક કાળધર્મ પામ્યા.

શ્રી જિન શાસન શિરતાજ પૂજ્યશ્રીના એકાએક સ્વર્ગવાસ થતાં સમગ્ર ભારતના શ્રી સંઘોને અકથ્ય દુઃખ અને આઘાત લાગ્યો. આથી જ્યારે પૂજ્યશ્રીતો ગિરિરાજ ઉપરની નૂતન જિનાલયની પ્રતિષ્ઠાના મંગલ કાર્ય કરવા કરાવવાના કેટલાયે શુભ વિકલ્પોથી દેવાધિદેવ શ્રી



શ્રી સિદ્ધગિરિ



જિનેશ્વર ભગવંતના તારક તીર્થની ભક્તિ સેવા કરવાની જીવનમાં પ્રાપ્ત થયેલ પુણ્ય ક્ષણને સફળ બનાવવા શુભ વ્યવસાયથી જીવનભરની રત્નત્રયીની ઉપાસનાના પરીબળથી પ્રાપ્ત થયેલ ગીતાર્થ ભાવની પરિપકવતાથી સમગ્ર ભારતના શ્રી સંઘોની યોગક્ષેમની શુદ્ધ ભાવનાથી પોતાના જન્મ જીવન અને મરણને ઉજ્વલ બનાવી સમાધિ મૃત્યુને ભેટયા પણ—

તેઓના આદર્યા અધુરા રહેલા પ્રતિષ્ઠાના મહાકાર્યને પુરૂ શે કરવું ? તેની વિમાસણ હતી.

પણ ભવભીરૂ ગીતાર્થ તે સ્વ. સૂરિ ભગવંતની કોઈ અગમ્ય પ્રેરણાથી શેઠશ્રી આણંદજી કલ્યાણજી પેઢીના પ્રતિનિધિઓએ પેઢીની પદ્ધતિ અનુસાર પોષ સુદ ૧ ના અમદાવાદ પાંજરાપોળ ઉપાશ્રયે બિરાજતાં પૂજ્યપાદ ગુરૂદેવ શ્રીમાન વિજયકસ્તૂરસૂરિશ્વરજી મહારાજાને પ્રતિષ્ઠાનું કાર્ય કરવા વિનંતી કરતાં પૂજ્ય ગુરૂદેવ શ્રીમાનને તો દક્ષિણ ગુજરાતના પાંચ ગામોના જિનાલયોની પ્રતિષ્ઠા તેમ ૩ મુમુક્ષુ બ્હેનોને ભાગવતી દીક્ષા પ્રદાન કરવાના ફાગણ સુદ ૭ સુધીના થયેલા નિર્ણય હોવા છતાં તે તે ગામેના શ્રા સંઘોના અગ્રણીઓને અમદાવાદ બોલાવી સર્વ પરીસ્થિતિનો ખ્યાલ આપી પોતે વચનબદ્ધ થયેલ હોવાથી તે તે સંઘોની પ્રસન્નતાપૂર્વક પાલીતાણા શ્રી પ્રસિદ્ધ ગિરીરાજ ઉપરના નૂતન જિનાલયની પ્રતિષ્ઠા કરવા જવા સમ્મતિ મેળવી પૂજ્યશ્રીએ શેઠ શ્રી આણંદજી કલ્યાણજી પેઢીના પ્રતિરિધિઓની વિનંતિ સ્વીકારી.

સ્વપૂજ્ય આ. ભગવંતના સ્વર્ગવાસ બાદ તેઓ પૂજ્યશ્રીના સહવર્તિ પૂ. આચાર્ય મહારાજાદિ તગડીથી બોટાદ થઈ પાલીતાણા પોષ સુદ ૧૩ ના પહોંચી ગયા હતા જ્યારે

અમદાવાદ પાંજરાપોળથી પ. પૂ. આરાદ્યપાદ ગુરૂદેવ શ્રીમાનનું પોષ સુદ ૧૩ ના વિહાર કરવાનું નક્કી થતાં પ. પૂ. આગમોદ્ધારક

આચાર્ય ભગવંત શ્રીમત્સાગરાનંદ સૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર પ. પૂ. આચાર્ય મહારાજ શ્રી ચંદ્રસાગર સૂરીશ્વરજી મ. ના પટ્ટાલંકાર પ. પૂ. આચાર્ય મ. શ્રી દેવેન્દ્રસાગર સૂરીશ્વરજી મહારાજશ્રીને પણ આ પવિત્ર પ્રસંગે પધારવા વિનંતી થતાં મોડાસાથી ઉગ્ર વિહાર કરી પોષ સુદ ૧૩ ના અમદાવાદ પાંજરાપોળે પધારી ગયા હતા. અને બપોરના અગણિત આહવસસૂહની સદ્ભાવના અને પ્રતિષ્ઠાના મંગલ વિધાનની નીર્વિઘ્ન સફળતાની મનોકામનાવાળા સમૂહ સાથે વિહાર કરી મહા સુદ ૨ના ગિરીરાજની પાવન ધરતી ઉપર સમૂહ પ્રવેશ કર્યો.

ભારતભરના શ્રી સંઘોના આ એક મહાન અને પવિત્ર શાશ્વતા તીર્થ ઉપર કર્માશાહના છેલ્લા ૧૬મા ઉદ્ધાર બાદ આટલી વિશાળ સંખ્યામાં દાદાની ટુંકમાં જિનપ્રતિમાજીઓનો પ્રતિષ્ઠા કરવાનો મહાન પ્રસંગ હોવાથી પ્રસંગને અનુરૂપ પ્રતિષ્ઠા મહોત્સવનો પ્રારંભ પોષ વદ ૧૪ થી શરૂ થયો.

કર્માશાહના છેલ્લા ઉદ્ધાર પ્રસંગે દાદાની પ્રતિષ્ઠા પ્રસંગે ભારત ભરના સર્વ પ્રદેશોમાંથી અનેક સંઘો આવ્યા હતા અને વિપુલ સંખ્યામાં ભાવિકોએ આવી પ્રભુપ્રતિષ્ઠાના મહામૂલા પ્રસંગનો લાભ લીધો હતો.

તે સમયે અનેક ગચ્છોના પૂજ્ય આચાર્ય મહારાજાદિ શ્રમણ પરીવારની ઉપસ્થિતિ હતી અને તે સર્વમાં અગ્રગણ્ય પૂજ્યપાદ સૂરી સાર્વભૌમ આચાર્ય ભગવંત શ્રી વિદ્યામંડનસૂરીશ્વરજી મહારાજાનું નેતૃત્વ પ્રતિષ્ઠાના મંગલ વિધાનની સફળતાનું કારણ બન્યું હતું.

લગભગ ૪૫૦ વર્ષ પવિત્ર તીર્થધામ ગિરીરાજ ઉપર દાદાની ટુંકમાં નૂતન જિનાલયની પ્રતિષ્ઠા કરવાનો મહામુલો પ્રસંગ પ્રાપ્ત થવાથી ભારત–ભરના દૂર સુદૂર અતિદુર પ્રદેશોમાં વસતાં પુણ્યવંત આત્માઓને પ્રતિમાજી મહારાજની પ્રતિષ્ઠા કરવાનો આદેશ મળતાં

પરમપૂજ્ય પ્રાકૃતવિશારદ સિદ્ધાન્તમહોદધિ આચાર્ય દેવ

## શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજ



જન્મ વિ. સં. ૧૯૫૭ પોષ વદ ૧ અમદાવાદ

દીક્ષા વિ. સં. ૧૯૭૬ – ફાગણ વદ ૩ મેવાડ

આચાર્યપદ વિ. સં. ૨૦૦૧ ફાગણ સુદ ૪ બુરાનપુર

હજારોની સંખ્યામાં ભાવિકો આ મંગલ પ્રસંગે પ્રતિષ્ઠા કરાવી અનુમોદી પોતાના સમ્યગ્ દર્શનની દઢતા, નિર્મળતા કરવા એકત્રિત થયો.

જ્યાં જ્યાં નજર નાખો ત્યાં તરણ તારણ શ્રી જિન શાસનના જુદા જુદા પ્રદેશોમાં વસતા સાધર્મિકોના દર્શન પણ જિન શાસનની બલીહારી બતાવે તેવા હતા.

સાથોસાથ પ્રતિષ્ઠાના મંગળ પ્રસંગે પૂજ્ય ગુરુદેવ ધર્મરાજા આચાર્ય ભગવંત તથા પાલીતાણામાં બિરાજતા તથા આ પૂણ્ય પ્રસંગે પધારેલા પ. પૂ. આગમોદ્ધારક શ્રીમાનના પરીવારના પ. પૂ. આચાર્ય મહારાજ શ્રી હેમસાગરસૂરીશ્વરજી મ. પ. પૂ. આચાર્ય મ. શ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી આદિ તથા પ. પૂ આચાર્ય મહારાજ શ્રી વિજયનીતિસૂરીશ્વર મ. ના પરીવારના પ. પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજય મંગલપ્રભસૂરીશ્વરજી મ. આદિ તથા પ. પૂ. આચાર્ય મહારાજ શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજના પરીવારના પ. પૂ. આચાર્ય મહારાજ દુર્લભસાગરસૂરીશ્વરજી મ. શ્રી તથા પ. પૂ. પરમપ્રભાવક ગણીધર શ્રી મુળચંદજી મ. ના પરીવારના પ. પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજયપ્રભવચંદ્રસૂરીશ્વરજી મ. આદિ તથા શ્રી ખરતર ગચ્છીય પ. પૂ. મુનિપ્રવર શ્રી કાંતિસાગરજી મ. આદિ તથા શ્રી પાર્શ્વચંદ્ર ગચ્છીય પ. પૂ. મુરિપ્રવર શ્રી વિદ્યાચંદ્રજી મ. આદિ મુનિ ભગવંતો તેમ સર્વ ગચ્છીય પૂ. સાધ્વીજી મહારાજની બહુસંખ્યક ઉપસ્થિતિ જિન શાસનના ગૌરવને છતું કરતી હતી.

જ્યારે ૪૫૦ વર્ષે પ્રાપ્ત થયેલા આ પ્રસંગને વિશેષ દીપાવવા આઠ આઠ દિવસ સુધી સ્વામિવાત્સલ્ય નવકારશી જળયાત્રાનો ભવ્ય વરઘોડો શ્રી શાંતિસ્નાત્રાદિ મંગળ વિધાનો સમગ્ર પાલીતાણા શહેરના ઘરેઘરમાં જિનશાસનની પ્રભાવના કરતી પ્રભાવના, અનુકંપા, અભયદાન, ઉચિતદાન વિગેરે કાર્યો શેઠશ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના સ્થાનિક

તેમ પ્રાદેશિક પ્રતિનીધીઓએ શ્રી સંઘ તરફથી તે રીતે કર્યા કે તે સર્વની અનુમોદનાને પાત્ર બન્યા.

કર્માશાહે કરાવેલા તીર્થોદ્ધારના પરમકલ્યાણકર પ્રસંગે આપણી ઉપસ્થિતિનું સ્મરણ થવું શકય નથી, વળી છેલ્લો ઉદ્ધાર કરનાર વિમલવાહનનો પ્રસંગ તો ભાવિનો અને છેલ્લો બનશે પણ કર્માશાહ અને વિમલવાહનના તીર્થોદ્ધારના પ્રસંગ વચ્ચે આપણા જ કોઈ પૂણ્યોદયે તરણ–તારણ શ્રી સિદ્ધગિરીરાજ ઉપર નૂતન જિનાલયનો પ્રતિષ્ઠા મહોત્સવ અને તે પણ લગભગ ૫૫૦ જિનપ્રતિમાજીઓનો જોવા નિહાળવા મળ્યો અને પ્રતિષ્ઠાનું નિમિત્ત પામી રત્નત્રયીની વિશુધ્ધિ કરવાનો અમૂલ્ય અવસર મળ્યો અને તે અતિ ઉજ્વળ પ્રસંગને 'પ્રાસંગિક' શીર્ષક તરીકે અંકીત કરવાનો લાભ મળ્યો તે પણ એક મારા ભાગ્યોદયના જ એંધાણ ગણાય.

આ રીતે જે પુસ્તકનું પ્રકાશન પ્રતિષ્ઠા પ્રસંગે સુરત મુકામે યોજાયેલું તે ભવિતવ્યતાને યોગે શ્રી સિદ્ધગીરી ઉપર પ્રતિષ્ઠા પ્રસંગે તેજ દિવસે પાલીતાણા મુકામે શ્રી સિદ્ધાચળને ચરણે કરવાનું થયું.

વિ. સં. ૨૦૩૨ મહા સુદ ૭
તા. ૭–૨–૭૬, શનિવાર
પાલીતાણા.

એજ લિ.
ધર્મરાજા ગુરુદેવના ચરણસેવક
**વિજયચંદ્રોદયસૂરી.**

## પ્રસ્તુત પ્રકાશન અંગે
## દ્રવ્ય સહાયકોની શુભ નામાવલી

૩૦૦૦-૦૦ શ્રી સાબરમતી રામનગર જૈન શ્વે. મૂ. પૂ. શ્રી સંઘ અમદાવાદ

૧૦૦૦-૦૦ શાહપુર મંગળપારેખ ખાંચાની પોળ, જૈન શ્રી સંઘના ભાઈઓ તરફથી ,,

મુનિ શ્રી પુષ્પ ચંદ્ર વિજયજી મ. ના તથા મુનિ શ્રી શાંતિચંદ્ર વિજયજી મ. ના ઉપદેશથી.

૭૫૦-૦૦ શાહપુર ખાનપુર જૈન શ્રી સંઘના ભાઈઓ તરફથી ,,

ગણિ શ્રી અજીતચંદ્ર વિજય મ. ના તથા મુનિ શ્રી વિનીતચંદ્ર વિજય મ. ના ઉપદેશથી

૪૦૦-૦૦ લાલાભાઈની પોળ જૈન શ્રી સંઘના ભાઈઓ તરફથી. ,,

મુનિ શ્રી હ્રીંકારચંદ્ર વિજયજી મ. તથા મુનિ શ્રી સોમચંદ્ર વિજયજી મ. ના ઉપદેશથી

૫૦૦-૦૦ શેઠ મુળચંદભાઈ સોમચંદ પોપટલાલ તરફથી ખંભાત

# અનુક્રમણિકા


| કથાનું નામ | કથા | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ ફુલસાલની | ,, | ૩ |
| ૨ મૂર્ખની | ,, | ૫ |
| ૩ વૃદ્ધ મંત્રિની | ,, | ૬ |
| ૪ વૃદ્ધાની | ,, | ૮ |
| ૫ જિનદાસની | ,, | ૧૦ |
| ૬ રાજાની | ,, | ૩૨ |
| ૭ શીલવતીની | ,, | ૩૪ |
| ૮ ડોસા ડોસીની | ,, | ૩૮ |
| ૯ યુધિષ્ઠિર અને ભીમની | ,, | ૪૦ |
| ૧૦ ડોસીની | ,, | ૪૨ |
| ૧૧ ચોરની | ,, | ૪૪ |
| ૧૨ નાગદત્ત શેઠની | ,, | ૪૬ |
| ૧૩ સોનીની | ,, | ૫૨ |
| ૧૪ ગરીબ વાણીયાની | ,, | ૫૬ |
| ૧૫ ચાર જમાઈની | ,, | ૫૯ |
| ૧૬ પુત્રો વડે પરાભવ પામેલ પિતાની | ,, | ૬૪ |
| ૧૭ નિર્ભાગીની | ,, | ૬૮ |
| ૧૮ અમાંગલિક પુરુષની | ,, | ૭૦ |
| ૧૭ બુદ્ધિના મૂલ્યાંકનની | ,, | ૭૨ |
| ૨૦ મ્લેચ્છની | ,, | ૭૩ |
| ૨૧ આર્ય બાલકની | ,, | ૭૫ |
| ૨૨ દાન આપનાર શેઠની | ,, | ૭૭ |

| કથાનું નામ | કથા | પૃષ્ઠ |
|---|---|---|
| ૨૩ કૃપણ શેઠની | ,, | ૭૯ |
| ૨૪ શિલ્પિ પુત્રની | ,, | ૮૧ |
| ૨૫ ધનિક પુત્રની | ,, | ૮૩ |
| ૨૬ મદનીયાના મૃત્યુકાણની | ,, | ૮૪ |
| ૨૭ ત્રણ પુતળીની | ,, | ૮૬ |
| ૨૮ કુમાર મંત્રિની | ,, | ૮૯ |
| ૨૯ શેઠ અને નાવિકની | ,, | ૯૧ |
| ૩૦ કાલસૌરિકની | ,, | ૯૩ |
| ૩૧ શાલિભદ્રના પૂર્વભવની | ,, | ૯૫ |
| ૩૨ રાજા આદિ પુત્રોની | ,, | ૯૮ |
| ૩૩ વૃદ્ધ અને જુવાન મંત્રિઓની | ,, | ૧૦૨ |
| ૩૪ રાગાન્ધ ધનિકની | ,, | ૧૦૪ |
| ૩૫ જશ અને સુજશની | ,, | ૧૦૬ |
| ૩૬ મંત્રિ પુત્રીની | ,, | ૧૧૦ |
| ૩૭ અસંતોષવાન ભિક્ષુકની | ,, | ૧૧૫ |
| ૩૮ સુંદરીની | ,, | ૧૧૭ |
| ૩૯ બે શ્રેષ્ઠ વિદ્વાનોની | ,, | ૧૨૦ |
| ૪૦ મહાત્મા અને પોપટની | ,, | ૧૨૪ |
| ૪૧ જ્ઞાનગર્ભ મંત્રિની | ,, | ૧૨૭ |
| ૪૨ પુન્યસાર અને વિક્રમસારની | ,, | ૧૩૩ |
| ૪૩ હજામની | ,, | ૧૩૬ |
| ૪૪ બ્રાહ્મણની | ,, | ૧૩૮ |
| ૪૫ શુભાશીષ ઉપર શેઠની | ,, | ૧૪૧ |
| ૪૬ સત્યવતીની | ,, | ૧૪૪ |

| કથાનું નામ | કથા | પૃષ્ઠ |
|---|---|---|
| ૪૭ ઈલાચી પુત્રની | ,, | ૧૭૪ |
| ૪૮ બે વિદ્વાનોની | ,, | ૧૭૮ |
| ૪૯ સિકંદરની | ,, | ૧૮૧ |
| ૫૦ ખેડૂતની | ,, | ૧૮૭ |
| ૫૧ મમ્મણ શેઠની | ,, | ૧૯૦ |
| ૫૨ જિનદત્તની | ,, | ૧૯૨ |
| ૫૩ ભાવભક્તિ ઉપર ભીલની | ,, | ૧૯૭ |
| ૫૪ દુર્ગતાનારીની | ,, | ૨૦૧ |
| ૫૫ નંદ નાવિકની | ,, | ૨૦૫ |




## તરણુ તારણુ તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર નૂતન જિનાલયાદિ જિનમંદિરોમાં ૫૦૪ શ્રી જિનબિમ્બોની પ્રતિષ્ઠા પ્રસંગે બીરાજમાન પૂજ્ય શ્રમણુ ભગવંતાદિને

## કોટિ કોટિ વંદના

શ્રી વિજય દેવસૂર તપાગચ્છીય–

પરમ પૂજ્ય શાસન સમ્રાટ તપોગચ્છાધિપતિ આચાર્ય મહારાજ શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મહારાજશ્રીના શિષ્ય પ્રશિષ્યો—

પ. પૂ. આચાર્ય મ. શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મ. સા.
પ. પૂ. આચાર્ય મ. શ્રી વિજયમોતિપ્રભસૂરીશ્વરજી મ. સા.
પ. પૂ. આચાર્ય મ. શ્રી વિજયપ્રિયંકરસૂરીશ્વરજી મ. સા.
પ. પૂ. આચાર્ય મ. શ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મ. સા.
પ. પૂ. આચાર્ય મ. શ્રી વિજયનીતિપ્રભસૂરીશ્વરજી મ. સા.
પ. પૂ. આચાર્ય મ. શ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મ. સા.
પ. પૂ. શ્રી વિજયચંદ્રવિજયજી ગણિ. પૂ. પં. શ્રી અશોકચંદ્રવિજયજી ગણિ. પૂ. પં. શ્રી નયવિજયજી ગણિ. પૂ. ગણિ. અજીતચંદ્રવિજયજી મ. પૂ. ગણિ. શ્રી દેવચંદ્રવિજયજી મ. આદિ.

(૨)

પરમપૂજ્ય આગમોદ્ધારક આચાર્ય શ્રીમત્ સાગરાનંદ સૂરીશ્વરજી મહારાજશ્રીના શિષ્ય–પ્રશિષ્યો, પ. પૂ. આચાર્ય મ. શ્રી. હેમસાગરસૂરીશ્વરજી મ. સા. પ. પૂ. આચાર્ય મ. શ્રી દેવેન્દ્રસાગર સૂરીશ્વરજી મ. સા. પૂ. પં. શ્રી સૂર્યોદયસાગરજી ગણિ. પૂ. પં. શ્રી નરેન્દ્રસાગરજી ગણિ. પૂ. પં. શ્રી વિમલસાગરજી ગણિ. પૂ. પં. શ્રી સુશીલસાગરજી ગણિ. પૂ. પં. શ્રી દોલતસાગરજી ગણિ. પૂ. પં. નંદીવર્ધનસાગરજી ગણિ પૂ. પ્રવર્તક શ્રી મુનિન્દ્રસાગરજી આદિ.

(૩)

પ. પૂ. આચાર્ય શ્રી વિજય કેશરસૂરીશ્વરજી મ. ના સમુદાયના પ. પૂ. આચાર્ય શ્રી વિજય પ્રભવચંદ્ર સૂરીશ્વરજી મ. સપરિવાર.

(૪)

પરમપૂજ્ય તીર્થોદ્ધારક આચાર્ય મહારાજ શ્રી વિજયનીતિ સૂરીશ્વરજી મહારાજના શિષ્ય–પ્રશિષ્યો.

પ પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજયમંગલપ્રભ સૂરીશ્વરજી મ. સા., પ. પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજયરામરત્ન સૂરીશ્વરજી મ. સા. પ. પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજયઅરિહંત સિધ્ધસૂરીશ્વરજી મ. સા. પૂ. પં. શ્રી હેમપ્રભ વિજયજી ગણિ. આદિ.

( ૫ )

પરમપૂજ્ય પંન્યાસજી શ્રી હિંમતવિમળજી ગણિવરના શિષ્ય પ. પૂ. આચાર્ય મહારાજ શ્રી શાંતિવિમલસૂરીશ્વરજી મ. સા.

( ૬ )

પરમપૂજ્ય ગણીશ્વર શ્રી મૂળચંદજી મહારાજના પરિવારના પ. પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજય પ્રભવચંદ્રસૂરીશ્વરજી મ. સા. પૂ. પં. શ્રી હેમપ્રભવિજયજી ગણિ આદિ.

( ૭ )

પરમ પૂજ્ય યોગનિષ્ઠ આચાર્ય મહારાજ શ્રી બુધ્ધિ-સાગર સૂરીશ્વરજી મહારાજના પરિવારના.

પ. પૂ. આચાર્ય મ. શ્રી દુર્લભ સાગર સૂરીશ્વરજી મ. સા. આદિ—

( ૮ )

પરમ પૂજ્ય પંજાબ કેશરી આચાર્ય મહારાજ શ્રી વિજય વલ્લભસૂરીશ્વરજી મ. સા.ના પરિવારના
પૂ. પં. શ્રી બળવંતવિજયજી ગણિ. આદિ

( ૯ )

શ્રી ખરતરગચ્છીય પરમ પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી જિન હરિસાગર સૂરીશ્વરજી મ. સા.ના શિષ્ય પૂ. અનુયોગાચાર્ય પં. શ્રી કાંતિસાગરજી મ. સા. આદિ

(૧૦)

શ્રી પાર્શ્વચંદ્રગચ્છીય પૂજ્ય મુનિરાજ શ્રી વિદ્યાચંદ્રજી મ. સા. આદિ

સેંકડોની સંખ્યામાં પૂજ્ય મુનિ ભગવંતો તેમજ શ્રી તપગચ્છ, શ્રી ખરતરગચ્છ, શ્રી અચળગચ્છ, શ્રી પાયચંદગચ્છ તેમજ શ્રી ત્રિસ્તુતિક આદિ સર્વ ગચ્છોના સેંકડોની સંખ્યામાં પૂજ્ય સાધ્વીજી મહારાજો આદિ ૮૦૦ની સંખ્યાની તેમજ ભારતભરમાંથી આવેલ હજારો શ્રાવક શ્રાવિકાઓ વિગેરે. ચતુર્વિધ શ્રી સંઘની તારક નિશ્રામાં.

શેઠ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી દ્વારા ભારત-ભરના શ્રી સંઘે તીર્થસંરક્ષક શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈની વ્યવસ્થાનુસાર

શાસ્ત્રીયતા અને ગીતાર્થોની સુવિશુદ્ધ પ્રણાલીકા મુજબ શ્રી તીર્થાધિરાજ શ્રી સિદ્ધ ગિરિરાજ ઉપર નૂતનનિર્મિત બાવન જિનાલયમાં ૫૦૪ જિન પ્રતિમાજીનો પ્રતિષ્ઠા મહોત્સવ વિ. સં. ૨૦૩૨ વીર સં. ૨૫૦૨ નેમિ સં. ૨૭ વર્ષના મહા સુદ ૭ તા. ૭-૨-૭૬ શનિવારના શુભલગ્ને શુભ નવમાંશે ઉજવવામાં આવતાં ૪૫૦ વર્ષે પ્રાપ્ત થયેલ દેવાધિ દેવની ભક્તિ કરવાના પુણ્ય પ્રસંગે ચતુર્વિધ શ્રી સંઘને કોટિ કોટિ વંદના.

એમ. એન. બ્રધર્સ
૪૯, કાગદી બજાર,
અમદાવાદ.

લિ. સંઘચરણોપાસક
રજનીકાંત શાંતિલાલ શાહના
કોટિ કોટિ વંદના

卐

# પ્રાકૃતવિજ્ઞાન કથાઓ

( पाइयविन्नाणकहानो ગુજરાતી અનુવાદ )

## मंगल सिलोगा

जयउ सो महावीरो, केवलन्नाणरस्सिणा ।
मोहतमं विणासित्ता, मोक्खमग्गपयंसगो ॥ १ ॥

दिंतु गोयम-सोहम्म-प्पमुहा गणिणो वरा ।
सुयलद्धिधरा धीरा, भव्वाणं सययं सुयं ॥ २ ॥

अण्णे जिणंतु गच्छेसा, सासणे अपुव्वदीवगा ।
जाण सरणमेत्तेण, होइ नाणं पयासियं ॥ ३ ॥

देसणा य जिणिंदाणं, सव्वभासाविवट्टिणी ।
विराएज्ज मणे निच्चं, भत्ताणं इट्ठदाइणी ॥ ४ ॥

जएज्ज नेमिसूरिंदा, आबालब्बंभयारिणो ।
कयंबाइ-सुतित्थाणमुद्धारज्जिअ—सज्जसा ॥ ५ ॥

पसीएज्ज सया मज्झ, विन्नाणो सूरिवो गुरू ।
पबोहदाणओ जेणुद्धरिओ हं भवद्धिओ ॥ ६ ॥

नीइ-सत्थप्पबोहट्ठं, रएज्जा पाइए सुहं ।
विन्नाणकहमेयं हं, कित्ति-असोग-पत्थिओ ॥ ७ ॥

## મંગલ શ્લોકોનો અનુવાદ

કેવલજ્ઞાનરૂપી કિરણોથી અજ્ઞાનરૂપી અંધકારને નાશ કરીને મોક્ષ માર્ગ દેખાડનાર તે મહાવીરસ્વામી જય પામો. ૧

શ્રુતલબ્ધિધર ધીર ગૌતમસ્વામી સુધર્માસ્વામી વગેરે શ્રેષ્ઠ ગણધરો ભવ્યોને હંમેશાં શ્રુતજ્ઞાન આપો. ૨

શાસનમાં અપૂર્વદીપક સમાન બીજા પણ ગણધરો જય પામો, જેઓના શરણ માત્રથી જ્ઞાન પ્રકાશિત થાય છે. ૩

સર્વભાષામાં સમજાનારી અને ભક્તાને ઇષ્ટ આપનારી જિનેન્દ્ર-ભગવંતોની દેશના હંમેશાં મનમાં શોભો. ૪

કદંબગિરિ વગેરે સુતીર્થોનો ઉદ્ધાર કરીને ઉપાર્જિત કરેલ સુયશવાળા આબાલબ્રહ્મચારી નેમિસૂરીશ્વરજી જય પામો. ૫

વિજ્ઞાનસૂરીશ્વરજી ગુરુ ભગવંત મારા ઉપર હંમેશાં કૃપા કરો, જેમણે સમ્યગ્જ્ઞાન આપીને મારો ભવસમુદ્રમાંથી ઉદ્ધાર કર્યો. ૬

કીર્તિચન્દ્રવિજય અને અશોકચન્દ્રવિજય વડે વિનંતી કરાયેલ હું નીતિ અને શાસ્ત્રના સારા બોધ માટે પ્રાકૃતમાં આ શુભ વિજ્ઞાન કથા રચું છું. ૭



# ૧ ફલશાલની કથા

**ગુણોમાં વિનય હંમેશાં શ્રેષ્ઠ છે. કારણ કે આનાથી (વિનયથી) ફલશાલે ઉત્તમ ચારિત્ર મેળવ્યું.**

મગધ દેશમાં **શાલિગ્રામ** નામે ગામ હતું. ત્યાં **પુષ્પશાલ** ગૃહસ્થનો પુત્ર **ફલશાલ** નામે હતો. તે સ્વભાવે સરળ, સ્વભાવે વિનીત અને પરલોકભીરૂ હતો. એક વાર તેણે ધર્મશાસ્ત્ર કહેનારા પાસેથી સાંભળ્યું—'જે ઉત્તમ પુરુષોમાં વિનય આચરે છે તે જન્માંતરે ઉત્તમોત્તમ થાય છે.'

તેથી તે 'આ મારા પિતા ઉત્તમ છે' એમ સર્વ આદરથી પિતાના વિનયમાં પ્રવૃત્ત થયો. કોઈ વાર તેના વડે ગામના સ્વામીનો વિનય કરતા પિતા જોવાયા. તેથી 'પિતાથી પણ આ ઉત્તમ છે' એમ જાણી પિતાને પૂછી ગામના સ્વામીની સેવા કરવા લાગ્યો. કોઈ વાર તેની સાથે **રાજગૃહી** ગયો. ત્યાં મહંતક (રાજપુરુષ)ને પ્રણામાદિ કરતા ઠાકોરને દેખીને, 'આનાથી પણ આ ઉત્તમ છે' એમ મહંતક-(રાજપુરુષ)ને સેવવાને પ્રવૃત્ત થયો તેને પણ **શ્રેણિક** રાજાના વિનયમાં તત્પર દેખીને **શ્રેણિકને** સેવવા લાગ્યો.

કોઈ વાર ત્યાં ભગવાન **વર્ધમાનસ્વામી** સમોસર્યા. **શ્રેણિક** સેનાપરિવાર સહિત વાંદવા નીકળ્યા. ત્યારે ફલશાલ ભગવંતને સમો-

સરણલક્ષ્મીથી શોભતા જોઈને ઘણો આશ્ચર્યચકિત થયો. નક્કી આ સર્વોત્તમ છે, જે આ પ્રમાણે રાજાઓના સમૂહ તથા દેવેન્દ્રો અને દાનવેન્દ્રો વડે વંદાય છે. તો બીજાઓથી સર્યું. આનો જ વિનય કરું. પછી અવસર પામીને તલવાર તથા ઢાલ સહિત હાથવાળો ચરણોમાં પડીને વિનવવા લાગ્યો—'ભગવંત! આજ્ઞા આપોઃ હું આપને સેવું.' ભગવંતે કહ્યું—'ભદ્ર! તલવાર અને ઢાલ સહિત હાથ વડે હું સેવાતો નથી, પરંતુ રજોહરણ અને મુહપત્તિવાળા હાથ વડે સેવાઉં છું, જેમ આ બીજાઓ સેવે છે.' તેણે કહ્યું—'જેમ આપ આજ્ઞા આપો, તેમ જ સેવીશ.' ત્યારે યોગ્ય છે એમ જાણીને ભગવંતે દીક્ષા આપી અને તે સારી ગતિ પામ્યો.

**ઉપદેશ—આ પ્રમાણે વિનયની અપૂર્વ ફલપરંપરા જાણી લોકોએ ફલશાલની જેમ તે (વિનય) પ્રયત્નપૂર્વક કરવો જોઈએ.**

(વિનય ઉપર ફલશાલની પહેલી કથા સમાપ્ત.)



**જીભ કાબુમાં ન રહેવાથી પરિણામ દુ:ખદાયક થાય છે. જેમ વાચાળ મુસાફર ભૂખ્યો રહ્યો.**

એક મૂર્ખ મુસાફર ડોસીને ઘેર ગયો. તેણીને કહે છે-'મને ખીચડી રાંધી આપ.' તેણીએ કૃપાથી રાંધવા માંડી. તેણીને ઘેર રુષ્ટપુષ્ટ ભેંસ જોઈ પૂછે છે-"હે વૃદ્ધા! જો આ મરી જાય તો નાના બારણામાંથી તે કેવી રીતે કઢાય?' તેણી કહે છે-'અપમંગલ ન બોલવું.' તે મૌન રહ્યો. ફરી પણ પુછે છે—'મા! તારે પુત્ર છે કે નહિ?' તેણી કહે છે-'વેપાર માટે દેશાંતર ગયો છે' તે પુછે છે—'જો ત્યાં તે મરી જાય, તો તારો કેવી રીતે નિર્વાહ થાય?' તે વખતે રૂઠેલી તેણીએ અર્ધી રંધાયેલી ખીચડી તેના કપડાના પાથરણામાં નાંખી ઘરમાંથી કાઢી મૂકયો. ચાલ્યા જતા તે મુસાફરને કોઈક પૂછે છે—'શું ઝરે છે?' તે કહે છે—'જીભનો રસ'

એ પ્રમાણે જીભમાં અમૃત અને વિષ રહે છે. વિષમય જીભથી સર્વત્ર અપમાનિત થવાય છે.

**ઉપદેશ—ભગવાનનું નામ સુલભ છે. અને જીભ સ્વાધીન છે તો પણ તે (જીભ) કાબુમાં ન રાખવાથી માણસો દુ:ખ પામે છે.**

(જીભ કાબુમાં ન રાખવા પર મૂર્ખ મુસાફરની કથા સમાપ્ત.)

## ૩ વૃદ્ધ મંત્રિની કથા

**સાચો ન્યાય આપનાર મંત્રીઓ થોડા જ હોય છે.**
**જેમ અદ્ભુત ન્યાયમાં વૃદ્ધમંત્રિનું દૃષ્ટાંત.**

એક શ્રેષ્ઠિવર્યને ક્ષત્રિયપુત્ર લેખવાહક છે. તે દુર્બળ પણ અત્યંત નિર્ભય છે. એક વખત શેઠનો લેખ લઈને ગ્રામાંતર ગયો. જંગલમાં એક સિંહ મળ્યો. તેની સાથે યુદ્ધ કરીને તલવારથી હણીને (મારી નાંખીને) આગળ ગયો. ત્યાં કોઈ રાજસુભટ આવી પહોંચ્યો મરેલા સિંહને જોઈ ને, 'મારાથી આ હણાયો છે' એમ બોલતો રાજા આગળ ગયો. રાજા સિંહના વધથી સંતુષ્ટ થયો. તેને પારિતોષિક આપ્યું. બધા લોકોથી તે વખણાયો.

તે ક્ષત્રિયપુત્ર કાર્ય કરીને પાછો પોતાને ગામ આવ્યો સિંહના વધનો વૃત્તાંત શેઠને કહ્યો. શેઠ કહે છે—'તું જૂઠું બોલે છે. દુર્બળ એવા તારાથી કેવી રીતે સિંહ હણાય ? તેણે કહ્યું—'મારાથી જ હણાયો છે.' એમ સાચું કહ્યું ત્યારે શેઠે રાજાને તે જણાવ્યું-'આ ક્ષત્રિયપુત્રથી સિંહ હણાયો છે, તમારા સુભટથી નહિ.' રાજા વડે સુભટ બોલાવાયો અને પૂછાયો તે કહે છે- 'મારાથી હણાયો છે. રાજા વડે નિર્ણય માટે તે બંને પુરૂષો વૃદ્ધ મંત્રીને સોપાયા. તે મંત્રીએ નિર્ણય માટે જુદા જુદા ઓરડામાં બંનેને રાખ્યા.

તે મંત્રી પોતાની દાઢીમાં લાંબુ તણખલું ધારણ કરીને પુસ્તક વાંચતા હતા. તે સમયે પહેલાં રાજસુભટ બોલાવાયો, તે આવ્યો. મંત્રિને વાંચતા જોઈને અને દાઢીમાં તણખલું જોઈને તણખલું દૂર કરવા માટે હાથ ઉપાડે છે. તે વખતે મંત્રી વડે 'હું હું' બોલીને તે ભય પમાડાયો. ભયાકૂળ તે ભાગ્યો. પછી તે ક્ષત્રિયપુત્ર બોલાવાયો. તેના વડે પણ દાઢીમાં રહેલ તણખલું દૂર કરવા માટે હાથ ઉપાડાયો. ત્યારે તે મંત્રી 'હું'કાર કરે છે. તે નિર્ભય બનેલો દાઢીને મુઠીથી પકડે છે, મૂકતો નથી. તેથી મંત્રિથી જણાયું કે આ ક્ષત્રિયપુત્ર સિંહનો વધ કરનાર છે.

તેને રાજા આગળ લઈ જઈને કહ્યું—'આ જ સિંહનો વધ કરનાર જાણવો.' 'કેમ?' તેના વડે સર્વ વાત કહેવાઈ—'આ દુર્બળ પણ નિર્ભય છે. સુભટ સ્થૂલ પણ બીકણ છે, ભયાકૂળ આ કેવી રીતે સિંહને હણે?'

રાજા વડે સુભટ ધિક્કારાયો અને કાઢી મુકાયો. ક્ષત્રિયપુત્ર સન્માનાયો અને ઈનામ તેને અપાયું.

**ઉપદેશ—સાચો ન્યાય આપવામાં વૃદ્ધમંત્રિવાળું સુંદર કથાનક સાંભળી તે પ્રમાણે નિર્ણયમાં યત્ન કરવો જોઈએ.**

(સાચો ન્યાય આપવામાં વૃદ્ધમંત્રિની કથા સમાપ્ત.)



# ૪ વૃદ્ધાની કથા

**પરિણામ પારખીને તે પ્રમાણે સન્માન કરનારા લોકો જગતમાં અલ્પ હોય છે. અહીં વૃદ્ધાનું દૃષ્ટાંત.**

એક વખત ઘી અને ચામડાંના વેપારીઓ ઘી અને ચામડાં લેવાને પોતાના ગામથી નીકળ્યા. કોઈક ગામમાં એક ડોસીને ઘેર ભોજન માટે ગયા. તે ડોસી ભાવથી બોલાવે છે. ભોજન અવસરે ઘીના વેપારીને ઘરની અંદરના ભાગમાં, ચામડાંના વેપારીને ઘરની બહાર ભોજન કરાવે છે. ભોજન કરીને ગ્રામાંતર ગયા.

જ્યારે પાછા ઘી–ચામડાં ખરીદીને બંને ડોસીને ઘેર આવ્યા ત્યારે ભોજન અવસરે ચામડાંના વેપારીને ઘરની અંદરના ભાગમાં અને ઘીના વેપારીને ઘરની બહાર ભોજન કરાવે છે. ભોજન પછી તેઓ વડે ક્રમભેદનું કારણ વૃદ્ધાને પૂછાયું. તેણી કહે છે—'અગાઉ તમે જ્યારે આવેલા તે વખતે ઘીના વેપારીનું ચિત્ત વિશુદ્ધ હતું, કે હમણાં જો પશુધન બહુ હોય તો સારું, ઘી સુલભ અને અલ્પ કિંમતે ઘણું મળે. એ પ્રમાણે ભાવવિશુદ્ધિથી ઘરની અંદરના ભાગમાં તે ભોજન કરાવાયો, તે વખતે ચામડાંના વેપારીનું અશુદ્ધ ચિત્ત હતું. કારણ કે તે આ પ્રમાણે ચિંતવે છે—જો પશુધનનો સંહાર થાય તો ચામડાં સુલભ, થોડી કિંમતે મળે. એ પ્રમાણે ભાવની અવિશુદ્ધિથી બહાર ભોજન કરાવાયો. પાછા ફરી આવ્યા, ત્યારે પશુધનવિનાશની વિચારણાને લીધે તે ઘીનો વેપારી બહાર બેસાડાયો, પશુધનવૃદ્ધિની વિચારણાને લીધે તે ચામડાંનો વેપારી ઘરની અંદરના ભાગમાં બેસાડાયો.

એ પ્રમાણે ભાવની વિશુદ્ધિથી કે અવિશુદ્ધિથી સન્માન અને અસન્માન જાણવું.

**ઉપદેશ–ઘી અને ચામડાં ખરીદનારાઓનું સન્માન અને અપમાન જાણીને ભાવશુદ્ધિમાં હંમેશાં યત્ન કરવો જોઈએ.**

(પરિણામને અનુલક્ષીને સન્માન અને અપમાન ઉપર વૃદ્ધાની કથા સમાપ્ત.)

# ૫ જિનદાસની કથા

**સંપદાઓ સારી રીતે રક્ષણ કરાયેલ છતાં પણ પાપના ઉદયથી નાશ પામે છે અને પુણ્યના ઉદયથી ઉત્પન્ન થાય છે. જિનદાસનું ઉદાહરણ.**

જુદાં જુદાં પ્રકારનાં અનેક શ્રેષ્ઠ જિનમંદિરોથી શોભતી **ધર્મપુરી** નામે નગરી છે. ત્યાં **જિનદાસ** દાનશીલ શ્રેષ્ઠિવર્ય હતો. તેને શીલરૂપી અલંકારથી વિભૂષિત **જિનમતી** ધર્મપત્ની હતી. તેમને બે પુત્રો હતા. એક **જિનદત્ત** અને બીજો **જિનરક્ષિત.**

અધિક દાનગુણથી ખુશ થયેલ રાજાએ નગરશેઠપદ આપ્યું તેથી લોકોમાં માનનીય તે થયો. પૂર્વે ઉપાર્જેલ પુણ્ય ક્ષીણ થવાથી એક વખત દાનગુણ વડે ખુશ થયેલી લક્ષ્મીદેવી મધરાતે તેના રસોડામાં આવી રુદન કરે છે. રુદન સાંભળી શેઠ વિચારે છે-'મધરાતે કોઈ દુઃખી રડે છે.' પોતાની સ્ત્રીને ઉઠાડી દીવો લઈ ત્યાં આવે છે અને રુદનનું કારણ પૂછે છે. તેણી કહે છે—'તમારા દાનગુણથી ખુશ થયેલી આજ સુધી તમારે ઘેર ગુણાનુરાગથી બંધાયેલી સુખેથી રહી. હવે તમારું પુણ્ય ક્ષીણ થયું, તેથી તમારા ઘેરથી જઈશ. એમ પ્રેમથી બંધાયેલી પૂછવા આવી છું.' શેઠે કહ્યું—'એક સરખી અવસ્થા કોને હોય છે? એમાં શું આશ્ચર્ય? સુખેથી જાઓ તમે?' લક્ષ્મીદેવી તેના સ્નેહપાશથી બંધાયેલી કહે છે—'આજથી આઠમે દિવસે જઈશ,

ત્યાં સુધી તમે મારી કૃપાથી જેમ ઇચ્છા હોય તેમ મોજ કરો' એમ કહીને દેવલોકમાં ગઈ.

પ્રભાતે શેઠ વિચારે છે—'જો લક્ષ્મી પોતાની ઈચ્છાથી જાય છે ત્યારે કાઢવી સારી' એમ ચિંતવીને ઘરની સારી વસ્તુઓ ઘરની બહાર કાઢીને દીન, અનાથ, દુઃખીજનોને દાન આપવા લાગ્યો. એમ સાત દિવસ સુધી. અને આઠમે દિવસે નિર્ધન થયેલો તે ત્યાં રહેવા અશક્ત સંધ્યાએ નગરની બહાર નદી કિનારે આવેલા પોતાના મહેલમાં સપરિવાર ગયો. ત્યાં રાતે મુશલધાર મેઘ વરસ્યો. પાણીના પૂરથી નદી વધી ગઈ. મહેલની અંદર પાણી પેસવાથી જીર્ણ થયેલ પ્રાસાદ પડી ગયો. બધી વસ્તુઓ પાણીમાં તણાઈ ગઈ. શેઠ જીવ બચાવવા સ્ત્રી અને બે પુત્રો સહિત ઝાડ પર ચડી ગયા. વધતી નદીને જુએ છે, ત્યાં પોતાના મહેલમાંથી નીકળી ગયેલ સોનાની થાળીના કોથળાને નદીમાં તરતો દેખે છે. દેખીને નિર્વાહ માટે કોથળામાં રહેલ એક થાળી ખેંચે છે. નસીબ પ્રતિકૂળ હોવાથી થાળીના કાંઠાનો ટુકડો હાથમાં આવ્યો. કોથળો પાણીમાં તણાઈ ગયો. તે ટુકડો પોતાની માથાની પાઘડીમાં બાંધી દીધો. નદીપ્રવાહ ઓછો થયે ઝાડ ઉપરથી ઉતરીને તે બધા ગામથી નીકળ્યા. અને જ્યારે પુત્રો થાકયા ત્યારે એક પુત્રને શેઠ ખભે બેસાડે છે અને બીજાને શેઠાણી. માર્ગમાં ભૂખથી પીલાયેલા પુત્રોને આમ્રફળો ખવડાવતાં શેઠશેઠાણી આગળ ચાલ્યા. એ પ્રમાણે આંતરે આંતરે ગામમાં રહીને પોતાના દેશથી બહુ દૂર નીકળી ગયા. ભૂખના દુઃખથી પીડાયેલા ભ્રમણ કરતાં **વિમલપુરીની** બહાર આવી પહોંચ્યા.

તે શ્રેષ્ઠ નગરીમાં એક **ધર્મદાસ** સાર્થવાહ રહે છે. તે કરિયાણાં લઈને સમુદ્ર માર્ગે વેપાર કરવા માટે ગયેલો. રત્નદ્વીપ–બર્બર કુલ વગેરેમાં ફરતો ઘણું ધન ઉપાર્જન કરતો પાછો પોતાના દેશ તરફ

આવી પહોંચનાર છે તે વખતે. આ **જિનદાસ** શ્રેષ્ઠિવરનું જે ધન નદી પ્રવાહથી તણાઈ ગયેલું, અને સમુદ્રની અંદર આવી પહોંચેલું તે બધુ ધન–ગુપ્ત રત્ન ભરેલ પટ્ટકસહિત તેમજ તે સોનાની થાળીઓનો કોથળો–તે સાર્થવાહને મળી ગયું.

તે સમૃદ્ધિથી મહાઋદ્ધિવંત પોતાના નગરમાં આવી પહોંચ્યો. જે દિવસે તે **જિનદાસ** સહકુટુંબ નગરની બહાર આવેલો છે તે દિવસે જ તે સાર્થવાહે આખા ગામને જમાડવાને શરૂ કરેલું.

ભોજન અવસરે તે **જિનદાસ** બે પુત્રોને કોઈક જગ્યાએથી ચણા મેળવીને ભોજન માટે આપે છે. તે વખતે ગામમાં રહેનારી પાણી માટે જતી સ્ત્રીઓ તે જોઈને કહે છે—'અરે લોકો ! શા માટે ચણા ખાઓ છો ? આજે નગરમાં સાર્થવાહ સર્વ ગામને ભોજન કરાવે છે. તમે પણ ત્યાં ચાલો, અને સ્વાદિષ્ટ ભોજન ખાઓ.' **જિનદાસે** કહ્યું—'અમારા જેવાના નસીબમાં તે નથી, તે કારણથી આજ શ્રેષ્ઠ છે. તેઓ (તે સ્ત્રીઓ) ગામમાં જઈને સાર્થવાહને કહે છે–'તમે સર્વ ગામને જમાડો છો, પરંતુ ગામ બહાર કોઈ પરદેશીઓ આવેલા છે. તે ભોજન કરવા આવતા નથી, ભૂખ્યા જ રહે છે. તે સારું નથી.' તે સાંભળી સાર્થવાહ તેમને બોલાવવા માટે માણસ મોકલે છે. તેમના ઘણા જ આગ્રહવશથી **જિનદાસ** સહકુટુંબ ત્યાં ગયો. સાર્થવાહ પણ આવેલા તે **જિનદાસને** સન્માનીને પોતાની સાથે જમાડે છે.

એટલામાં શું થયું તે કહે છે—તે સાર્થવાહ પોતાના કુટુંબ પરિવારને તથા પરદેશી **જિનદાસને** પોતાનો ઋદ્ધિ વિસ્તાર બતાવવાને તે સોનાની થાળીઓ ભોજન માટે કઢાવે છે. ભવિતવ્યતાયોગે તે જ ખંડિત થાળી ભોજન માટે શેઠને આવી પહોંચી. તે જોઈને ચિંતવ્યું—'આ થાળી મારી કે નહિ' એમ જાણવા માટે માથાની પાઘડીમાંથી તે થાળીનો ટુકડો કાઢયો અને થાળીના ખંડિત

ભાગમાં લગાડ્યો ત્યારે ભોજનની અત્યંત ઉષ્ણતાથી લાખનો રસ પીગળી ગયે છતે તે ટુકડો ત્યાં જોડાઈ ગયો. તેણે વિચાર્યું—'આ સર્વ ઋદ્ધિ મારી, તે પણ જો ગઈ ત્યારે ટુકડાથી શું? તે પણ જાય.' તેથી તેના વડે તે ન લેવાયો. ભોજન બાદ બધા ઉઠ્યા. તે **જિનદાસ** પણ જમીને ચાલ્યો.

પછી **ધર્મદાસ** શેઠે પોતાના નોકરને કહ્યું—'બધી થાળીઓ ગણ' તેણે ગણનામાં તે ખંડિત થાળી દીઠી નહીં. શેઠને કહ્યું—'તે ખંડિત થાળી દેખાતી નથી, તેણે કહ્યું—'કોને ભોજન માટે આપેલી? નોકરે કહ્યું—'તે આજે આવી પહોંચેલ નિર્ધન પરોણાને આપેલી.' શેઠે ચિંતવ્યું—'જરૂર તેણે લીધેલી સંભવે છે.' તેથી નોકરોને મોકલીને સકુટુંબ **જિનદાસ** બોલાવાયો. આવેલા **જિનદાસ**ને કહે છે—'નિર્ધન ભોળો જાણી મારાથી ભોજન માટે નિમંત્રાયો, પરંતુ તું દુષ્ટ કપટી છે. કારણ કે ભોજનબાદ સોનાની થાળી પણ તેં લઈ લીધી, મારી થાળી આપ.' તેણે કહ્યું—'મેં નથી લીધી.' શેઠે કહ્યું—'તું ધૂર્ત છે. માર વગર સાચું નહીં બોલે.' ગળું પકડીને લાતોથી મારે છે. **જિનદાસ** ચિંતવે છે—નસીબ પરાઙ્મુખ હોવાથી મેં આનું સ્વાદિષ્ટ ભોજન ખાધું તેથી મને માર પડ્યો. જો સાચું કહું તો પણ અસંભવિતને કોણ વળી માને? તેથી સહન કરવું જ સારું.' આથી તે મૌન જ રહે છે. ઘણા મારથી આંખોમાંથી આંસુઓ ટપકે છે. તેને રડતો જોઈ શેઠ કહે છે—'શું રડવાનું કારણ?' તે નિર્ધન શેઠ કહે છે—'કહેવાથી ન કહેવું જ સારું.' તે સાંભળી એકદમ ચમકેલો ઘણા જ આગ્રહથી પૂછે છે—'સાચું કહો આનું કારણ.' ત્યારે તેણે કહ્યું—'થાળી મેં નથી લીધી પહેલાં થાળીઓ ગણો, પછી મને પૂછો.' નોકરને બોલાવીને પૂછ્યું—'કેમ થાળીઓ ગણેલી કે નહિ?' તેણે કહ્યું—મેં ગણી નથી, પરંતુ ખંડિત થાળી દેખાતી નથી તેથી મેં કહેલું.—'એક થાળી નથી.' તે

વખતે નોકર વડે બધી ગણાઈ. તે બત્રીસ પૂરેપૂરી થઈ ગઈ. શેઠે ચિંતવ્યું—'નકામો આને માર્યો.' **જિનદાસને** કહે છે 'મારા અપરાધને ક્ષમા કરો મારા વડે વિચાર કર્યા વિના એકદમ કામ કરાયું છે.' **જિનદાસે** કહ્યું—'તમારો દોષ નથી, મારો જ દોષ છે. કારણકે પુણ્ય વગર તમારે ઘેર ભોજન માટે આવી પહોંચ્યો. જો નસીબમાં મિષ્ટાન્ન ન હોય તો તેના ભોજનમાં વિપરીત જ થાય '

ત્યાર પછી તે શેઠ વડે ખંડિત કાંઠાવાળી થાળી બાબત પ્રશ્ન પૂછાયો. તેણે કહ્યું—' ખંડિત થાળી ભોજન માટે મને આવી પહોંચેલી. તે જોઈને ' શું આ મારી છે કે નહિ ?' એ જાણવા માટે મારી પાસે રહેલ થાળીના કાંઠાનો ટુકડો ત્યાં લગાડ્યો. નિર્ભાગ્યતાથી ત્યાં જ સ્થિર થઈ ગયો છે, મેં લીધો નથી.' એમ સર્વવૃત્તાંત કહેવાપૂર્વક કહે છે—' આ ઋદ્ધિવિસ્તાર મારો જ છે. જો તમને શંકા હોય તો સચ્ચાઈ (સાબીતી) માટે કહું છું—જ્યાં થાળીએ મળી ત્યાં તમને તે સાથે બીજું કંઈ પણ મળ્યું કે નહિ ?' તે શેઠે કહ્યું—' ઘણી વસ્તુઓ તે સાથે મળી, બીજું પણ—ભારવટીના પલંગ વગેરે ઘણી લાકડાંની વસ્તુઓ.' **જિનદાસે** કહ્યું—' જ્યાં તે છે, ત્યાં મને લઈ જાઓ.'

તે શેઠ ત્યાં તેને લઈ જાય છે. ત્યાં જઈને એક સ્થૂલ પાટડાને ફાડે છે. તેમાં ઘણાં રત્નો લાખોની કિંમતવાળા દેખાયાં. ત્યારે **ધર્મદાસે** જાણ્યું—' આ બધી ઋદ્ધિઓ આની જ.' તેને કહે છે—' જો તારી આ છે, તો લઈ લે ' **જિનદાસે** કહ્યું—' ક્ષીણ પુણ્યવાળા મારી બધી નાશ પામેલી ઋદ્ધિ તમારી પાસે આવી પહોંચી જો પુણ્ય ન હોય તો લેવાથી શું ? તેનું મારે પ્રયોજન (કામ) નથી.' એમ કહીને આગળ ચાલે છે. જતાં તેને કહે છે–'કેટલાંક રત્નો લો !' તે લેતો નથી. ત્યારે ઉપકાર કરવા માટે બે બાળકોને ભોજન માટે એક એક રત્ન મૂકેલ શ્રેષ્ઠ ચાર લાડુ આપે છે. **જિનદાસ** નિષેધ કરે છે.

કારણ કે ભોજન ખાતે છતે માર પડચો. તો લાડુ લેવાથી શું ન થાય? આથી નહિ લેવું જ સારૂં. તે **જિનદાસ** લેતો નથી. તે કહે છે,—'હું તમને નથી આપતો, પરંતુ બાળકોને ભોજન માટે આપું છું'. એમ દબાણથી લાડુઓ આપે છે. ન ઇચ્છતો પણ **જિનદાસ** આગ્રહવશથી લઈને ગામની બહાર નીકળે છે.

સ્ત્રી અને બે પુત્ર સહિત **જિનદાસ** ગ્રામાંતર જાય છે. બીજે દિવસે આગળ જતો મધ્યાહ્ન સમયે એક જંગલમાં પહોંચ્યો. ત્યાં શું થયું તે સાંભળો.

**વિમલપુરી**માંથી કેટલાક કઠિયારા કાષ્ઠ માટે જંગલમાં ગયેલા. ત્યાં વરસાદ પડચે છતે લાકડા ન મળતાં તે કઠિયારાઓ ચિંતવે છે—'આજે શું ખાઈશું, કુટુંબને પણ કેવી રીતે પોષશું?' એમ વિચારી, 'આજે લૂંટ કામથી જીવન નિર્વાહ કરીશું' એમ ચિંતવતાં તેમને માર્ગમાં **જિનદાસ** મળ્યો. અને પૂછાયો—'રે! તમારી પાસે શું છે? સાચું બોલો? નહીંતર તમને મારીશું' તેણે ચિંતવ્યું—'નિર્ભાગ્ય એવા મારે લાડુ લેવાનો પ્રભાવ કેવો? તેથી આપી દેવું જ સારું તેથી તેણે કઠિયારાઓને સાચું કહ્યું—'મારી પાસે ચાર લાડુ છે, બીજું કાંઈ પણ નહીં.' તેમણે બધા લાડુઓ લઈ લીધા.

**જિનદાસ** આગળ જાય છે. માર્ગમાં ફળોથી નિર્વાહ કરતો કોઈક ઠાકોરના ગામમાં આવે છે. ત્યાં પોતાને રહેવા યોગ્ય સ્થાન જોઈને ગામના ઠાકોરની રજા મેળવી રહેઠાણ કરે છે, અને એક દુકાન માંડીને ઘી, તેલ, લોટ વગેરે વેચવાનો તે વેપાર કરે છે. જ્યારે નજીકના ગામોમાં વેચવા માટે જાય છે ત્યારે દુકાન સ્ત્રી ચલાવે છે. તે બંને બાળકો ત્યાં ગામમાં પાઠશાલામાં ભણવા માટે જાય છે. એમ તેઓના કેટલાક દિવસો નિર્વિઘ્ને પસાર થાય છે.

વળી તે કઠિયારાઓ શેઠની પાસેથી ચાર લાડુ લઈને નગરમાં ગયા. નિર્ભાગ્યતાથી વિચાર્યું-'આ લાડુઓથી કેવી રીતે નિર્વાહ થશે.

જો વેચીએ તો સારું. કારણ કે ઘણું દ્રવ્ય થશે. તેથી પાંચ છ દિવસ સુધી કુટુંબ નિર્વાહ થશે.' એમ વિચારી કંદોઈની દુકાને વેચવા ગયા. કંદોઈએ સરસ સુગંધયુક્ત લાડુઓ જોઈને બે રૂપિયા આપી લાડુઓ લઈ લીધા. બીજે દિવસે **ધર્મદાસશેઠને** ઘેર પ્રભાતે બાળકો ભૂખ્યા થયા. ભોજન માટે સરસ ભોજન બીજું ન હતું. તેથી શેઠ નોકરને કંદોઈની દુકાને પકવાન માટે મોકલે છે. તે પણ તેની જ દુકાને જઈ સરસ પકવાન્ન માંગે છે. તે કંદોઈ બે રૂપિયે બે લાડવા આપે છે. તે નોકર લઈને શેઠને આપે છે. પોતાના લાડુઓ જોઈને એક ભાંગ્યો મધ્યમાં એક રત્ન દેખાયું. બીજો પણ ભાંગ્યો તેમાં પણ એક રત્ન મળ્યું. બે રત્ન જોઈને શેઠે વિચાર્યું-તે જ લાડુઓ છે કે, જે રત્ન યુક્ત ચાર લાડુઓ જિનદાસને આપેલાં; કેવી રીતે કંદોઈ પાસે આવી પહોંચ્યા ?, કેમ બે ?, અથવા તો શેઠે વેચ્યા ?, તેથી નિર્ણય માટે ફરી પણ નોકરને કહે છે—' જેટલા લાડુઓ કંદોઈની દુકાને હોય, તેટલા લાડુઓ લઈને આવી પહોંચવું.' નોકર ત્યાં જઈ કંદોઈની પાસે માંગે છે—'જેટલા લાડુઓ હોય તે બધા આપી દે, કારણ કે શેઠને ગમ્યા.' કંદોઈ કહે છે—' બે જ મારી પાસે છે.' તેણે લઈને શેઠને આપ્યા. તેની મધ્યમાંથી પણ બે રત્નો નીકળ્યાં. શેઠે ચિંતવ્યું —' કંદોઈની પાસે કેવી રીતે આ આવી પહોંચ્યા.' તે નિર્ણય માટે કંદોઈ બોલાવાયો અને પૂછાયો. તેણે કહ્યું—' મેં બનાવેલા.' ક્રોધસહિત પૂછાયો—'સાચું કહી દે. નહીંતર દંડીશ.' ત્યારે સાચું કહ્યું— 'કઠિયારાઓ પાસેથી લીધેલા.' તેથી શેઠે મોટા નોકરને મોકલીને તે કઠિયારાઓ બોલાવાયા. કાંઈક ભય દેખાડીને પૂછ્યું. તેમણે સાચું કહ્યું—' કોઈ વાણીઆને લૂંટીને લીધેલા' શેઠે ચિંતવ્યું—' તે **જિનદાસે** લાડુ લેવાનો નિષેધ કર્યો છતાં પણ મેં પરાણે આપેલા, તેથી તે મહાત્માને દુઃખ આપવામાં નિમિત્ત હું થયો.' શું કરું ? તેના ઉપર વિધાતા રૂઠેલો છે, તેથી નસીબ વિપરીત હોવાથી અનુકૂળ

પણ વિપરીત થાય છે. ચિંતાથી સર્યું, જે થનાર તે જરૂર થશે, એમ ચિંતન કરતો નિશ્ચિંત થયો.

ડાકોરના ગામમાં રહેતો શેઠ **જિનદાસ** એક વખત ચોમાસામાં ગ્રામાંતર ગયો. સંધ્યાએ પાછા વળતા તેને માર્ગમાં નદી આવે છે. પાણીના પૂરથી ભરેલી નદી ઉતરવાને અસમર્થ રાતે નદીકિનારે રહેલ ઝાડ ઉપર ચઢી ગયો. ત્યાં ભારંડ પક્ષીઓ રહે છે. તે કેવા?—

એક પેટવાળા જુદી જુદી ડોકવાળા, ત્રણ પગવાળા અને મનુષ્યની ભાષાવાળા, ભારંડ પક્ષીઓ. તેમનું મોત જુદા જુદા ફળની ઇચ્છામાં છે. ત્યાં એક બાળભારંડ પોતાના પિતાને પૂછે છે—'હે પિતા ! આજે કાંઈપણ અપૂર્વ કથા કહેશો ? વૃદ્ધ ભારંડે કહ્યું—'હે પુત્ર ! બહુ વર્ષો પૂર્વે અહીં કેટલાક મુનિઓ આવી પહોંચેલા. આ ઝાડની હેઠળ રાતે રહેલા તેમની જુદી જુદી જાતની વાતો થયેલી.' એક મુનિએ કહ્યું—'જગતમાં રત્નમણિ, મંત્ર અને ઔષધિનો પ્રભાવ બતાવવા કહ્યું—'આ ઝાડની હેઠળ જે બે લતાઓ નીકળેલી છે, તેમનો અચિંત્ય પ્રભાવ છે. એક લતાના પાંદડા ખાવાથી આંખમાંથી જ્યારે આંસુઓ ટપકે છે ત્યારે તે મોતી બની જાય છે. બીજી લતાનાં પાંદડાં ખાવાથી સાત દિવસની અંદર તેને રાજ્ય સંભવે છે એમ આ લતાઓ પ્રભાવસહિત છે.' ઇત્યાદી કથા કરતા ભારંડપક્ષીના મુખથી જિનદાસ વડે પણ આ વાત સંભળાઈ. તેથી પ્રભાત થયે છતે ઝાડ પરથી ઉતરીને; તે લતાના પાંદડા લઈને, ઓછું થઈ ગયેલ પાણીવાળી નદી ઉતરી જઈને ઘેર આવી પહોંચ્યો. એક વખત **જિનદાસે** ચિંતવ્યું—'પૂર્વે બાંધેલા કર્મોને લીધે સર્વઋદ્ધિ મારી નાશ થઈ. અહીં ગામમાં જિનેન્દ્રમંદિર પણ નથી. ગુરુનો સમાગમ પણ નથી, તો કેવી રીતે

સારી રીતે ધર્મારાધન થાય ? આ ગામ તુચ્છ છે, સંતપુરુષોનો સંગમ પણ થતો નથી.' ઈત્યાદિ ચિંતવતો શેઠ યથાશક્તિ દીન વગેરે જનોનો ઉદ્ધાર કરતો, હૃદયમાં પંચપરમેષ્ઠિમંત્રનું ધ્યાન કરતો, પોતાના કુટુંબને પણ ધર્મ ઉપદેશતો કાળ પસાર કરે છે.

એક વખત શેઠ ચિંતવે છે—'પ્રભાવવાળી તે લતાનાં પાંદડાનું શું કરાય ? શું પુત્રોને આપું ? અથવા પુણ્યવિહીન અમને તેમનાથી શું ? પરના ઉપકાર માટે કોઈને પણ અપાય તો સારું. હમણાં મારા ઉપર ગામના ઠાકોરનો મોટો ઉપકાર છે. તેણે રહેવા માટે ઘર પણ આપ્યું. તેની કૃપાથી દુકાન માંડીને લે-વેચ કરતાં મેં ધન પણ કાંઈક મેળવ્યું. તે કારણથી ગામના ઠાકોરને આપું' એમ વિચારીને સ્ત્રીને કહે છે—'આજે બે લાડવા સુગંધયુક્ત બનાવ. તે લાડવાઓમાં આ બે લતાનાં પાંદડાનું ચૂર્ણ જુદું જુદું નાંખજે, જેથી ઠાકોરના બે પુત્રોને અપાય.' એમ કહીને લતાનાં પાંદડાનાં બે ચૂર્ણ આપીને કાર્ય માટે નીકળી ગયો.

જિનમતીએ ચિંતવ્યું—'મારા પુત્રો વડે ક્યારે પણ લાડવા ખવાયા નથી, તેથી પુત્રોને ખાવા માટે અધિક કરું.' એમ ચિંતવીને ચાર લાડુઓ બનાવાયા. બે ઔષધિયુક્ત, અને બે ઔષધિવિહીન કરાયા. ઔષધિયુક્ત લાડવા નિસરણીની ઉપર મૂક્યા, ઔષધિ વગરના નીસરણીની હેઠળ રાખ્યા. મધ્યાહ્નકાળે બે પુત્રો જ્યારે પાઠશાલાથી આવી પહોંચ્યા, ત્યારે તેમની માતા દુકાને લે-વેચ કરતી બેઠેલી છે. ભૂખ્યા થયેલા તે પુત્રો નીસરણીની ઉપર ગયા. તેઓ વડે તે લાડુઓ દેખાયા; તેઓ પુણ્યપ્રભાવે ઔષધિસહિત એક એક લાડવો ખાઈને પાઠશાલે ગયા.

ત્યાર પછી શેઠ પણ ઘેર આવી પહોંચ્યા, થોડોક સમય રહીને નીસરણીની નીચે મૂકેલા બે લાડવા લઈને ઠાકોરને આપવા માટે

ગયા ઠાકોરની સમીપે જઈને કહે છે—'શ્રીમાનને આપવા માટે બે લાડુ લઈને આવી પહોંચ્યો છું. આ લાડુઓ પ્રભાવ સહિત છે. નહિ કે સામાન્ય. એકને ખાવાથી સાત દિવસની અંદર રાજ્ય થાય, બીજાને ખાવાથી જ્યારે એ રડે ત્યારે તેની આંખમાંથી મોતી ઝરે, કારણકે ઔષધિમિશ્રિત લાડવા આવા પ્રભાવ સહિત હોય છે; મારું વચન અન્યથા ન થાય.

ત્યારે ઠાકોરે તે લાડવા પુત્રોને ખાવા માટે આપ્યા ખાધા પછી બંને પુત્રોને માર માર્યો, કોઈની પણ આંખમાં મોતી નીકળ્યા નહિ રૂઠેલા ઠાકોર **જિનદાસને** કહે છે —'તારા વડે મારા પુત્રોને માર મારવા માટે આ પ્રમાણે કરાયું. તારા બંને પુત્રોને મારી નાંખીશ. આમ કહીને તેના વડે પાઠશાલાથી **જિનદાસ**ના બંને પુત્રોને બોલાવીને વધ માટે ચંડાલને સોંપાયા. અને કહેવાયું–'હે ચંડાલ ! આમને મારી નાંખજે, નહિતર તને પણ મારી નાંખીશ'

ચંડાલ **જિનદાસ**ના બંને પુત્રોને લઈને વધ માટે ગયો. **જિનદાસ** પણ ચિંતવે છે —'કેમ ઋષિઓનું વચન ખોટું થયું ? અથવા નિર્ભાગ્યતાથી મન એમ થયું ? શું કરું ? મારે નિમિત્તે પુત્રોનો વધ થયો, કોને શરણે જાઉં ? દુઃખી થયેલ મને ધર્મ જ શરણ છે. જો શરણરહિત મારા પુત્રોનું પુણ્ય હશે તો સારું થશે.' ઇત્યાદિ વિચારથી પોતાને સ્થિર કરતો પંચપરમેષ્ઠિમંત્રનું ધ્યાન કરતો ઘેર ગયો, સ્ત્રીને પણ બધું કહ્યું. તેણી પુત્રવિયોગથી મૂર્ચ્છિત થઈ. ફરી પાછી ચેતના પામી. શેઠથી ધર્મોપદેશ આપવા વડે આશ્વાસન પમાડાઈ. અને કહ્યું—'જે કારણથી થનાર ભાવો અન્યથા થતા નથી, તે કારણથી શોકથી સર્યું, ધર્મરક્તોને હંમેશાં સારું થાય છે.' એમ કહીને બંને ધર્મારાધનમાં તલ્લીન થયા. તે ચંડાલ **જિનદાસના**

બંને પુત્રોને લઈને વધસ્થાને આવી પહોંચ્યો. પુત્રો વડે જે લાડવાઓ ખવાયેલા; તેમાં ભવિતવ્યતાયોગે રાજ્ય ફળ આપનાર લાડવો મોટા **જિનદત્ત** વડે ખવાયેલો, બીજો લાડવો નાના **જિનરક્ષિત** વડે ખવાયેલો માર્ગમાં જતા તેઓ વિચારે છે—'કેમ વગર અપરાધે અમે ઠાકોર વડે વધ કરવા માટે ચંડાલને સોંપાયા ? રડતા બન્ને જાય છે. ત્યારે નાના **જિનરક્ષિત**ની આંખમાંથી મોતી પડે છે. મોતી પડતાં જોઈ આશ્ચર્યયુક્ત તે પોતાના વસ્ત્રમાં ગ્રહણ કરે છે. તે વળી ચંડાલ તે પુત્રોને કહે છે—'તમારા વધ માટે ઠાકોર વડે હું આદેશ કરાયો છું, તમે પોતાના ઈષ્ટ દેવનું સ્મરણ કરો.' મોટો કહે—'નિરપરાધીઓને મારવાથી ઠાકોરને શું પ્રયોજન ? તેનો કોઈ પણ અપરાધ અમારાથી નથી કરાયો.' રડતા નિરપરાધી તેમને જોઈને ચંડાલના હૃદયમાં પણ દયા થઈ. તે આ પ્રમાણે ચિંતવે છે—હું પરાધીન આદેશ કરાયેલ કામ કરનારો શું કરૂં? બાલકોના વધના પાપથી હું દુર્ગતિએ જઈશ, જો હું વધ ન કરીશ તો ઠાકોર મને પણ મારી નાંખશે.' જ્યારે મારી નાંખવા તૈયાર થયેલા તેની તલવાર બાળકોના પુણ્ય પ્રભાવથી ચાલતી નથી, ત્યારે તે ઉત્પન્ન થયેલ દયાપરિણામવાળો તેમને કહે છે—'તમે જો મારું વચન અંગીકાર કરો તો તમને મારી નાંખીશ નહીં.' તેઓએ કહ્યું તે કયું વચન છે ?' ચંડાલ કહે છે—'અહીંથી જલ્દી જો જાઓ, કોઇપણ વખત આ ગામમાં ન આવો; તો તમને મારી નાંખીશ નહિ.' તેનું વચન અંગીકાર કરીને ઉપકાર માટે કેટલાંક મોતી આપીને તેઓ **જિનદત્ત, જિનરક્ષિત** ત્યાંથી જલ્દી નીકળ્યા અને અટવીમાં પહોંચ્યા.

ત્યારે **જિનદત્ત** સોળ વર્ષનો, અને **જિનરક્ષિત** તેર વર્ષનો હતો. જંગલમાં જતા તે બંને તે ગામથી બહુ દૂર સુધી નીકળી ગયા. ત્યાં સંધ્યાએ શિકારી પશુઓના સમૂહથી ભયંકર જંગલમાં કોઈક મોટા ઝાડની નીચે રહેલા વિચારે છે.—'આ જંગલમાં રાત કેમ ગાળશું ?'

નજીકમાં કોઈ ગામ દેખાતું નથી. તેથી અહીં ઝાડની નીચે રહેવું સારું. **જિનદત્તે** **જિનરક્ષિતને** કહ્યું—'આપણું સાથે સુવું વ્યાજબી નથી, કારણકે અનેક ક્રુર પ્રાણીસમૂહ વડે ભયંકર આ અટવી છે તેથી હું જાગીશ, તૂ ઘણો જ થાકેલો છે, તેથી પહેલાં સુઈ જા, પછી હું સુઈ જઈશ.' **જિનરક્ષિત** કહે છે—'હું તમારો નાનો ભાઈ છું. તમે મારા મોટા ભાઈ છો, મોટાભાઈ પિતાતુલ્ય દૃષ્ટિથી જોવા યોગ્ય છે, તેથી પહેલા તમે સુઈ જાઓ, અને મધરાતે તમને ઉઠાડીને હું સુઈ જઈશ.' તેના ઘણા જ આગ્રહથી મોટો સૂતો. નાનોભાઈ જાગતો મોટાભાઈનું રક્ષણ કરવા બેસે છે. એક પ્રહર ગયે ઝાડના દરમાંથી એક ભયંકર સર્પ નીકળ્યો. ત્યાં સૂતેલા **જિનદત્તને** ડંખીને દરમાં પેસી ગયો. મધરાતે **જિનરક્ષિત** **જિનદત્તને** જગાડે છે. તે ઉઠતો નથી. તેણે ચિંતવ્યું—'આ ગાઢ નિંદ્રામાં સૂતો છે, તેથી પછી જગાડીશ.' એમ ત્રીજો પ્રહર ગયે ફરીથી ઉઠાડે છે, તે ઉઠતો નથી. તેટલામાં પ્રભાત પણ થયું. પ્રભાત થયે છતે પોતાના ભાઈને નિશ્ચેષ્ટ વિષમય દેહવાળો જોઈને—'શું મારા ભાઈને થયું ?' અથવા સર્પથી ડંખાયેલો જણાય છે. પ્રાણરહિત ભાઈને જોઈને બહુ રડે છે, બોલે છે—'નસીબે અગાઉ માતાપિતા સાથે વિયોગ કરાવ્યો, હવે ભાઈ સાથે પણ વિયોગ કરાવ્યો, હા ! હા ! શું કરું ? ક્યાં જાઉં ? કોને શરણે જાઉં ?' એમ તે રડતો કેટલોક સમય ત્યાં રહ્યો. તે વખતે આશ્વાસન આપનાર કોઈ પણ તેને નથી. આત્માને સ્થિર કરીને ચિંતવે છે— 'મારા ભાઈની મરણક્રિયા કરૂં, પછી અગ્નિદાહ કરીશ.' નજીકમાં કોઈ ગામ છે કે નહિ એ જાણવા માટે ઝાડ ઉપર ચઢીને ચારે દિશામાં જુએ છે. દક્ષિણ દિશામાં નજીક રહેલ ગામ જુએ છે. પોતાના ભાઈના દેહને ઝાડની ડાળી સાથે વસ્ત્રથી બાંધીને તે દક્ષિણ દિશામાં ચાલ્યો.

એક યોજન ગયે છતે એક મોટું શહેર આવ્યું. તેમાં તે પેઠો.

ફરતો ફરતો તે એક ધનવાન કૃપણના ઘરને આંગણે પહોંચ્યો. શેઠ **જિનરક્ષિતને** જોઈને પૂછે છે—'તુ અહીંયા કયાંથી શા માટે આવ્યો છે?' તે રડતો રડતો બોલે છે—'મારા મોટાભાઈ જંગલમાં સર્પથી ડંખાયેલા મરણ પામ્યો છે. તેમની મરણક્રિયા કરવા માટે સામગ્રી લેવા આવ્યો છું. હે દયાળુ ! મારા ઉપર કૃપા કરીને મરણક્રિયાનો સામાન મને આપો.' એમ રડતો રડતો કહે છે. ત્યારે તેની આંખમાંથી રડતો મોતી પડતાં જોઈને મોતીના લોભ રૂપી રાક્ષશને વશ થયેલ તે તેને (જિનરક્ષિતને) શીઘ્ર ઘરની અંદર લઈ જાય છે. પોતાના નોકરને હાથના ઈશારાથી કહે છે—'આને ઉપલે માળે લઈ જા? તે નોકર તેને ઉપર લઈ જાય છે. કૃપણ શેઠ પછી ઉપર જઈ તે **જિનરક્ષિતને** જોરથી સાતમે માળે લઈ જઈ એક પેટીમાં નાંખે છે,

તે ત્યાં રહેલો ચિંતવે છે—'હવે શું કરવું ? ક્રૂર શેઠ દેખાય છે. મોતીના લોભે હું અહીં નંખાયો. અહીંથી નીકળવું કેવી રીતે સંભવે ? મારા ભાઈની મરણક્રિયા કેવી રીતે કરીશ ? એમ રડતો પેટીમાં રહ્યો છે. કૃપણ શેઠ પણ રોજ પ્રભાતે તેને બહાર કાઢીને ચાબુકના પ્રહારથી મારીને આંખોમાંથી પડતાં મોતી લે છે. પછી સ્વાદિષ્ટ ભોજન ખવડાવીને ફરી પણ પેટીમાં પૂરે છે, એમ તેના દિવસો દુઃખે જાય છે.

અહીં **જિનદત્તનું** શું થયું તે કહેવાય છે. તે જંગલમાં મધ્યાહ્નકાળે ગારુડી વિદ્યા જાણનારા કેટલાક ગારૂડીઓ ત્યાં આવી પહોંચ્યા. રસ્તાનો થાક દૂર કરવા માટે તે ઝાડ નીચે રહ્યા. પરસ્પર વાતચીત કરતા તે ગારુડિકોથી ઝાડની ડાળીએ બંધાયેલો **જિનદત્ત** દેખાયો. ત્યારે ઉપર ચઢીને તે **જિનદત્તને** નીચે ઉતારીને તેને નિશ્ચેષ્ટ જુએ છે. લીલા રંગ વડે વ્યાપ્ત શરીરવાળા તેને જોઈને

નિર્ણય કરાયો —'સર્પથી ડંખાયેલો આ છે.' 'સર્પથી ડંખાયેલ માણસ ૭ માસ સુધી જીવે છે. તેથી આ ગારૂડીક મંત્રથી જીવન આપવું યોગ્ય છે, પરોપકારથી અમારું જીવન પણ સફળ થાય' એમ વિચારી ગારુડિકમંત્રથી તે નિર્વિષ કરાયો. ક્ષણવારમાં ઉંઘમાંથી ઉઠતો હોય તેમ જાગતો હોય તેમ જાગતો છતો સમીપ રહેલ ગારુડિકોને જુએ છે. અને પોતાના ભાઈને જોતો નથી. તેઓ પૂછાયા —'મારો ભાઈ ક્યાં ગયો ?' તેમણે કહ્યું—'અમે હમણાં અહીંયા આવી પહોંચ્યા ઝાડે બંધાયેલા સર્પથી ડંખાયેલ તમને જોઈને ગારૂડીક મંત્રથી અમારા વડે તું નિર્વિષ કરાયો. અહીં તારો ભાઈ અમે દીઠો નથી.' તે સાંભળીને જિનદત્તે ચિંતવ્યું —'નક્કી મારો ભાઈ મને સર્પથી ડંખાયેલો જોઈને ઝાડની ડાળીએ બાંધીને ક્યાંય ગયો હશે. ક્યાં તેને શોધું ?' વિચારમગ્ન તેને ગારૂડિકો પૂછે છે–'શું વિચાર કરો છો ? તેણે સર્વ વૃત્તાંત કહ્યો. તમારો પ્રત્યુપકાર કરવા હું અસમર્થ છું. શું કરું ? તેમણે કહ્યું અમારી કોઈ ઈચ્છા નથી. તમારા પર કરેલ ઉપકાર ભવાંતરે કલ્યાણ માટે થાઓ' એમ કહીને તે ગારુડિકો પોતાને રસ્તે ચાલી ગયા.

તે જિનદત્ત નાના ભાઈની શોધ માટે આગળ ચાલ્યો. ક્યાંય પણ પત્તો ન મેળવતા સાતમે દિવસે જે નગરમાં તે જિનરક્ષિત કૃપણને ઘેર રહેલો છે તે નગરની બહાર આવ્યો. ત્યારે તે નગરનો અપુત્રિયો રાજા અકાળે મરણ પામેલો. તેથી પ્રધાનોએ રાજ્ય યોગ્ય પુરૂષ શોધવા માટે છત્ર, ચામર વગેરે આભૂષણયુક્ત હાથી શણગાર્યો. તે ગજેન્દ્ર નગરમાં ભમતો ક્રમે કરીને નગરની બહાર જ્યાં જિનદત્ત ઝાડની હેઠળ સૂતો છે ત્યાં આવી પહોંચ્યો. તે ગજેન્દ્ર તે જિનદત્તને અભિષેક કરે છે. પોતાની જાતે જ છત્ર ધારણ કરાય છે, ચામરો પોતાની જાતે જ વિંઝાય છે. ગજેન્દ્ર સૂંઢથી તેને લઈને કુંભસ્થળ

પર મુકે છે. મંત્રી વગેરે પૌરજનો નવા રાજાને હર્ષથી નમે છે. મહોત્સવ સહિત નગરમાં પ્રવેશ કરાવે છે. રાજસભામાં રાજ્યઅભિષેકથી અભિષેક કરે છે. એમ રાજ્ય આપનાર ઔષધિના પ્રભાવથી તે (જિનદત્ત) તે નગરમાં મહારાજા થયો.

પોતાના ભાઈની શોધ માટે સર્વત્ર જાસુસો મોકલ્યા. કયાંયથી પણ તેનો પત્તો ન મળ્યો. આથી હંમેશાં ભાઈના દુઃખથી દુઃખી થયેલો દુઃખેથી દિવસો પસાર કરે છે.

આ બાજુ બીજો (જિનરક્ષિત) કૃપણ શેઠને ઘેર વિવિધ માર સહન કરતો છેક ઉપરને માળે રહેલો કેમે કરીને દુઃખે દિવસો વીતાવે છે. તે શેઠને એક કોઢિયો પુત્ર છે. તે જન્મથી રોગી છે. તેથી તે કૃપણ શેઠ તેને ભોંયરામાં રાખે છે. લોકોને કહે છે—'મારો પુત્ર ઘણો જ રૂપાળો છે. તેના ઉપર કોઈની પણ નજર ન લાગે તેથી ભોંયરામાં રાખ્યો છે.' તેનું રૂપવર્ણ સાંભળી પૌરજનો બધા પ્રશંસા કરે છે. એ પ્રમાણે તે શેઠના પુત્રની રૂપની વાત સાંભળીને નજીકના નગરના રહેવાસી રત્નશેઠ પોતાની કન્યા શીલવતી આપવાને તે કૃપણ શેઠને વિનંતી કરે છે. તે ઘણાં આગ્રહને લીધે અંગીકાર કરે છે. વૈશાખ સુદ ત્રીજનો લગ્ન દિવસ નકકી કર્યો. તે કૃપણ શેઠ વિચારે છે—'હવે શું કરું ? કોઢિયા પુત્રનું મોઢું કેવી રીતે માણસોને બતાવું ? ચિંતાથી સર્યું, આ મોતીઝરો બાળક છે. આ જ મારા પુત્રના બદલે લગ્ન કરે પછી બધું સારું થશે' એમ ચિંતવીને પેટીમાં રહેલ તે મોતીઝરાને કહે છે—'તુ' મારા પુત્ર માટે શીલવતી કન્યાને પરણીને અર્પણ કરશે તો હું તને છૂટો કરીશ ? તેણે કહ્યું—'તે કન્યાનું જીવન હું કદાપી મલીન ન કરીશ. આવું અકાર્ય કરવા વડે મારી છૂટવાની ઇચ્છા પણ નથી.' ત્યારે કૃપણ શેઠ કહે છે—'જો એમ ન કરશે તો અહીંથી છૂટવાની આશા તારે ન

કરવી. નિરર્થક આર્ત્તધ્યાનથી શા માટે મરે છે ? મરણપર્યંત અહિં પેટીમાં રાખીશ અને અધિકાધિક વેદના કરીશ.' એમ સાંભળીને મરણના ભયથી તે **મોતીઝરે** ચિંતવ્યું—'શું કરું ? જે થનાર તે અન્યથા નથી થતું. તે કન્યાની આવી ભવિતવ્યતા, તેથી આવો પ્રસંગ ઉપસ્થિત થયો. આથી હમણાં આના વચનનો અંગીકાર જ શ્રેષ્ઠ છે. પછી યથોચિત કરીશ..' એમ વિચારીને કૃપણ શેઠને કહ્યું—'હું પરણીને તમારા પુત્રને કન્યા આપીશ, તમારે પણ પોતાનું વચન સારી રીતે પાળવું.' એમ સાંભળીને કૃપણ શેઠ ખુશખુશ થયો. ઘરમાં લગ્ન મહોત્સવ પણ શરૂ કરાયો. રાજા આગળ જઈને પોતાના પુત્રના લગ્ન કરવા માટે નજરાણું ધરીને અલંકાર યુક્ત હાથી–ઘોડા–રથ વગેરે બધી લગ્ન અંગેની સામગ્રી લઈને ઘેર આવી પહોંચ્યો. નીકળવાને દિવસે હસ્તિરત્ન ઉપર તે **મોતીઝરાને** બેસાડી અને પોતાના કોઢિયા પુત્રને વસ્ત્ર ઢાંકેલ રથમાં ચડાવીને નગર વચ્ચેથી નીકળ્યો. નગરજનો મોતીઝરાનું મુખ જોઈ પ્રશંસા કરવા લાગ્યા—'ધન્ય આ શેઠ, જેને આવો રૂપાળો પુત્ર છે, એમ **મોતીઝરાના** રૂપ વખાણ સાંભળતો શેઠ ક્રમે કરીને કન્યાના નગરમાં પહોંચ્યો.

તે **રત્નશેઠ** પણ હસ્તિરત્ન ઉપર રહેલ મોતીઝરાનું રૂપ જોઈ ઘણો જ ખુશ થયો. **મોતીઝરા** અને **શીલવતી** કન્યાના લગ્ન પણ મહોત્સવ સહિત થયા. કરમોચન સમયે જમાઈને ખૂબ દ્રવ્ય અપાયું એમ લગ્નમહોત્સવ સમાપ્ત થયે ત્યાંથી તે બધા નિકળ્યા. તે **શીલવતી** માતાપિતાને પગે લાગી અને શીખામણ ગ્રહણ કરીને **મોતીઝરા** સાથે શ્રેષ્ઠ રથમાં બેઠેલી નીકળે છે. પોતાના પતિનું અદ્‌ભૂતરૂપ જોઈ પોતાનો જન્મ સફળ માને છે, પાસે રહેલી દાશી આગળ વખાણ કરતી —'મારા પ્રિય રાજકુમાર જેવા દેખાય છે. સ્ત્રીઓમાં ખરેખર હું પુણ્યવતી, કારણ કે પુણ્યોદયે મને આવા પતિ

મલ્યા.' તો પણ **મોતીઝરા** કંઈપણ બોલતો નથી, અસ્થિર મનવાળો આમતેમ જોયા કરે છે. તે **શીલવતી** ચંચળ ચિત્તવાળા પોતાના પતિને જોઈ પૂછે છે—'હે પ્રિય ! હમણાં વિનોદ વખતે કેમ આમ અસ્થિર મનવાળા જણાવ છો ?' **મોતીઝરા** કહે છે—'હે બાળા ! હું તારો પતિ નથી, ભાડેથી મારા વડે તુ પરણાઈ છે. કારણ કે આ કૃપણ શેઠ મોતીના લોભે પોતાને ઘરને સાતમે માળે પેટીમાં મને પૂરીને રાખે છે. રોજ રોજ મારના પ્રયોગથી મારી આંખોમાંથી પડતાં મોતી ગ્રહણ કરે છે. હવે તો ભાડેથી તને પરણી તેના કોઢિયા પુત્રને સોંપીશ એટલે તે કૃપણ શેઠ મને છૂટો કરશે. વળી સમીપ રહેલો આ કૃપણ શેઠ રથમાંથી ઉતરીને જવાને ઈશારત કરે છે. આથી હું જાઉં છું'. એમ કહીને મોતીઝરા રથમાંથી ઉતરીને બીજા રથમાં રથમાં બેઠો એટલે શેઠનો તે કોઢિયો પુત્ર રથમાં બેસવા આવી પહોંચ્યો. **શીલવતી** દાસીના હાથથી રથ ઉપર ચઢતા તેને પાડે છે. ફરી પણ ચઢવા આવે છે, એમ ફરી પણ દાસી ધક્કાથી તેને પાડે છે. તે રડતો ત્યાં ઊભો રહ્યો. કૃપણ શેઠ ત્યાં આવ્યા. બીજા માણસો આવ્યા, **શીલવતીને** કહે છે—'કેમ એમ કરે છે ?' તેણી કહે છે—'મારો પતિ આ કોઢિયો નથી. મારાથી પરણાયેલ પતિ ઘણા જ રૂપાળા છે. તેથી જો આ આવશે તો હું કાઢી મૂકીશ,' એ પ્રમાણે તેઓને ત્યાં આગળ બોલાચાલી થઈ. મધ્યસ્થ પુરૂષોએ કહ્યું—'અહીંયા બોલાચાલીથી સર્યું ? જે કરવાનું તે ઘેર કરવાનું' એમ કહેવાથી રસ્તામાં બધું શાંત થઈ ગયું. ક્રમે કરીને પોતાના ગામમાં બધા આવી પહોંચ્યા. **શીલવતીને** રહેવાં માટે એક રહેઠાણ આપ્યું, ત્યાં દાસીયુક્ત **શીલવતી** રહે છે. બીજે દિવસે પિતાથી પ્રેરિત તે કોઢિયો પુત્ર **શીલવતી** પાસે આવતો દાસીથી અપમાન કરાયેલો ધક્કા વડે નીસરણીથી નીચે ફેંકાયો, તેનાં અંગો પણ ખોખરાં થઈ ગયાં. એ પ્રમાણે જ્યારે જ્યારે તે આવે છે ત્યારે ત્યારે દાસી તેને હેઠે નાંખે છે. ત્યાર પછી એમ તેણે નિર્ણય

કર્યો ક્યારે પણ અહીંયા આવીશ નહિ. એ પ્રમાણે દિવસો જાય છે. તે શીલવતી કોઈનું પણ વચન માનતી નથી.

એક વખતે કૃપણ શેઠ ચિંતવે છે—જો આપણા રાજા આને સમજાવે તો અવશ્ય તેણી માનશે.' એમ ચિંતવીને ભેટણા સહિત રાજા આગળ જઈને ભેટણુ આપીને પોતાનો સર્વ વૃત્તાંત કહી એ પુત્રવધૂને સમજાવવા માટે વિનંતી કરી. રાજાનો માનનીય હોવાને લીધે રાજાએ આવવા માટે સ્વીકાર કર્યો અને કહ્યું 'આવતી કાલે હું આવીશ' કૃપણ શેઠે ઘેર આવી પોતાના કુટુંબીજનો આગળ રાજાના આવવાની વાત કહી. બીજે દિવસે પ્રધાન વગેરે પરિવારયુક્ત રાજા કૃપણ શેઠને ઘેર આવી પહોંચ્યા. શેઠે તે રાજાનું સારી રીતે સ્વાગત કર્યું અંદર પ્રવેશ કરીને મહેલના મધ્ય ભાગમાં રાખેલ સિંહાસન ઉપર બેઠેલા રાજા 'પરસ્ત્રીઓનું મુખ ન જોવું' એ વિચારથી પડદાની અંદરના ભાગમાં શેઠની પુત્રવધૂને બોલાવીને બેસાડે છે. બેસાડીને તેને કહે છે—'હે પુત્રી કુળવધૂઓને એક જ સ્વામી આજન્મ (જિંદગી સુધી) હોય છે, જેવો તેવો પણ પ્રિય માનનીય હોય છે. તેનું અપમાન કદાપી ન કરવું. તારે પણ તે પોતાનો પતિ દેવ પેઠે આરાધવા યોગ્ય છે.'

તે **શીલવતી** કહે છે—'હે નરેન્દ્ર! તમે મારા પિતા જેવા, તેથી તમારી આગળ અકથનીય કંઈપણ નથી. સાચું કહીશ. મને જવાબ યોગ્ય આપજો. પહેલાં તો પુછું છું—'સ્ત્રીઓને પરણીત પતિ હોય કે અપરિણીત કે ભાડે લીધેલ?' રાજા કહે છે—'બધા લોકોમાં પ્રસિદ્ધ આ છે—સ્ત્રીઓ સાથે જે પરણ્યો હોય તે જ પતિ હોય, બીજો નહીં'' ત્યારે **શીલવતી**ને કહે છે—'મારો પરિણીત પતિ કૃપણ શેઠનો પુત્ર નથી, કિંતુ જેની આંખોમાંથી મોતી ઝરે છે તે જ મારો પતિ.' રાજા તેણીને મોઢે **મોતીઝરા**ની વાત સાંભળી પોતાના ભાઈની શંકા

પૂછે છે—'તે હમણાં કયાં આગળ છે?' તે વખતે કૃપણ શેઠ બોલે છે–આ મારી પુત્રવધૂ અસ્થિર મનવાળી જેમ તેમ બોલે છે, તેણીના વચનમાં વિશ્વાસ ન કરવો' રાજા કડક શબ્દોથી કહે છે— 'હે શેઠ! તમારે કંઈ પણ ન બોલવું, હું બધુ જાણું છુ.' ફરીથી **શીલવતીને** પૂછે છે—'હે પુત્રી! તુ કહીશ, તે હમણાં કયાં આગળ છે.' તેણી કહે છે—'આ કૃપણ શેઠથી આ મહેલમાં ઉપર સાતમે માળે પેટીમાં તે **મોતીઝર** મોતીના લોભથી પૂરી રખાયેલ છે. એ પ્રમાણે સાંભળી રાજા સપરિવાર ઉપર જઈને પેટી ઉઘાડીને પોતાના ભાઈને જુએ છે. જોઈને બહાર કાઢી હર્ષથી ભેટે છે. ઘણે વર્ષે પોતાના ભાઈના મેળાપથી સપરિવાર રાજાને અપૂર્વ અને અતુલ્ય (આનંદ થઈ ગયો.) અને મોતીઝરાને પણ તેની જ રીતે ભાઈના મેળાપથી વિશેષ આનંદ થયો.

રાજાએ નાના ભાઈને સર્પદંશથી માંડીને પોતાનો સર્વ વૃત્તાંત કહીને તેનો વૃત્તાંત પૂછે છે. તેણે ત્યારથી માંડીને શીલવતીને પરણ્યા સુધીનો વૃત્તાંત કહ્યો. ત્યારે તે રાજા કૃપણ શેઠ ઉપર ઘણો જ ક્રોધાયમાન થયેલો સકુટુંબ શેઠના વધ માટે હુકમ કરે છે. ત્યારે જિનરક્ષિત દાક્ષિણ્યતાને લીધે તેને ઘેર ભોજન ખાધેલ હોવાથી ઉપકાર માટે રાજાને વિનંતી કરીને તેને બચાવે છે. ત્યારે રાજાએ તેની સર્વલક્ષ્મી અપહરણ કરીને પોતાના દેશમાંથી કાઢી મૂકયો.

રાજા પોતાના ભાઇ તથા **શીલવતી** યુક્ત હાથીના સ્કંધ પર બેસીને પોતાના મહેલમાં આવી પહોંચ્યો. ભાઈના મેળાપ થઈ જવાને લીધે જિનમંદિરમાં અષ્ટાહ્નિકા મહોત્સવ કરાવ્યો. એમ તેમના આનંદથી દિવસો જાય છે. એક જ તેમને દુઃખ જે દુઃખ માતાપિતાનો વિયોગ. ભાઈ સહિત રાજા માતાપિતાને મળવા માટે ઘણાં જ ઉત્કંઠિત થયા. મુખ્ય સેનાપતિને કહી હાથી, ઘોડા, રથ, પાયદળ

વગેરે પ્રબળ સેનાયુક્ત વિજયયાત્રાએ નિકળ્યા. માર્ગમાં શામ, દામ, ભેદ અને વિગ્રહ આદિ રાજનીતિથી રાજાઓને વશ કરતો ક્રમે કરીને ઠાકોરના ગામે આવ્યો. જે ગામમાં પોતાના માતાપિતા છે. તે ગામની બહાર છાવણી નાંખી. ઠાકોર પણ મહારાજાનું આગમન સાંભળીને ભયભીત થયેલો નગરમાંથી આવીને ભાઈ સહિત રાજાના ચરણે નમે છે ભેટણું આપીને તેની આજ્ઞા અંગીકાર કરે છે. આનંદ-ગોષ્ટિમાં **જિનદત્ત** રાજાએ પૂછ્યું—'તમારા નગરમાં કોઈ વણીક છે છે, કે નહિ?' તેણે કહ્યું—'મારા નગરમાં **જિનદાસ** નામે વણિક છે. તે કેટલાક વર્ષો અગાઉથી અહીં આવીને લે-વેચ કરે છે. રાજા પણ તે શેઠને બોલાવવા માટે માણુસ મોકલે છે. તે **જિનદાસ** આવીને બંધુસહિત રાજાને પ્રણામ કરે છે. રાજા પણ તેમને પૂછે છે—'હે શેઠ શું તમે અમને ઓળખો છો?' શેઠ કહે છે—'અનેક રાજા વડે નમસ્કાર કરાયેલ ચરણ કમલવાળા આપ મહારાજને કોણ ન જાણે,' રાજા કહે છે—'એમ નહિ, પરંતુ હું સંબંધથી પૂછું છું'' ત્યારે તે **જિનદાસ** સારી રીતે બંધુસહિત રાજાને પુત્ર તરીકે ઓળખાવે છે. પણ તમે મારા પુત્રો છો એમ શી રીતે કહેવાય?' તેથી શેઠ મૌન ઊભા રહ્યા, ત્યારે ભાઈ સહિત રાજા સિંહાસન ઉપરથી ઉઠીને પિતાના પગમાં પડી કહે છે—'હે પિતાજી અમે આટલો સમય પિતાના મુખના દર્શનથી રહીત અને નિર્ભાગી એવા અમે તમારા પગમાં પ્રણામ કરીએ છીએ. આજે અમારો દિવસ સફળ છે. કારણ કે આજે પિતાના ચરણોના દર્શન થયા, માતા પણ તે સમાચાર લોકોના મુખથી (સાંભળીને) જાણીને ત્યાં જલ્દી આવી. ઓચિંતી આવેલી માતાને જોઈને તે બન્ને ય માતાના પગમાં પડ્યા. માતા પણ (પ્રમોદ) હર્ષથી સ્તનમાંથી ટપકતાં દૂધવાળી, આંખોમાંથી અશ્રુ સારતી પોતાના પુત્રોને હર્ષસહિત ભેટે છે. **જિનદત્ત** રાજા પણ માતાપિતાને સિંહાસન ઉપર બેસાડીને કહે છે—'તમારા પુણ્ય

પ્રભાવથી મેં રાજ્ય મેળવ્યું છે. આ રાજ્ય તમારું છે. તેથી તમે સ્વીકારો. અમે પણ તમારા ચરણોની સેવા કરીશું.

માતાપિતા કહે છે—'હે પુત્રો! આ જીવન સારી રીતે આરાધેલ જૈન ધર્મનું આ ફલ છે. તેથી તમો પણ જિનેશ્વર દેવ, ગુરુ અને ધર્મની આરાધનામાં હંમેશાં તત્પર થાઓ. પુત્રો પણ ધર્મ સન્મુખ થયા. ઠાકોર પણ આ શેઠના જ પુત્રો છે, જે મેં વધ કરાવવા માટે મેં ચંડાલને સોંપ્યા હતા એમ જાણીને, ભય પામેલો પુત્ર સહિત જિનદાસના પગમાં નમે છે, પોતાની ભૂલને ખમાવે છે. રાજા પણ તેની બધી ભૂલને માફ કરે છે. ઠાકોરે પહેલા આશ્રય આપેલો હોવાથી પ્રત્યુકાર કરવાને ઠાકોરને પણ ગામો આપે છે. જિનદત્ત રાજા માતા, પિતા ભાઈથી યુક્ત પોતાના નગરમાં આવી પહોંચ્યો. જિનદત્ત રાજા, ભાઈ સહિત, પિતાના આગ્રહથી સિંહાસન ઉપર બેસીને ન્યાયથી રાજ પાળે છે. જિનમતી યુક્ત જિનદાસ પણ જિન પ્રતિમાઓને પૂજતો આચાર્યના મુખથી જિનેશ્વરે કહેલા ધર્મને સંભાળતો, વ્રતોને પાળતો સુખપૂર્વક કેટલાક વર્ષો પસાર કરે છે.

છેવટે **ધર્મઘોષશૂરી** પાસે ભાર્યા સહિત દિક્ષા લઈને સારી રીતે આરાધીને દેવલોક પામ્યો ક્રમે કરીને મોક્ષ પામશે.

તે જિનદત્ત રાજા જિનરક્ષિત સહિત નગરોને જિનેશ્વરોના દહેરાસરોથી શોભાયમાન કરતો સાધર્મિકભાઈઓનું વાત્સલ્ય કરતો, સારાં ધર્મ કાર્યોથી જિનશાસનની પ્રભાવના કરતો, શ્રાવક ધર્મને સારી રીતે પાળતો સુખપૂર્વક કાળ પસાર કરે છે. આયુષ્ય પૂર્ણ થયે છતે પુત્રને રાજ્ય સોંપીને, ભાઈ સહિત ગુરુની પાસે દીક્ષા

ગ્રહણ કરીને, સારી રીતે પાળીને, સ્વર્ગ સુખને પામ્યો; ક્રમે કરીને મોક્ષ પામશે.

**ઉપદેશ--જીનદાસનું ઉપકારથી યુક્ત દૃષ્ટાંત સાંભળીને હે હે ભવ્ય જીવો ! તમે દાન ધર્મમાં યત્ન કરો.**



# ૬ અવિચારી હુકમ કરવાને વિષે રાજાની કથા

**વિચાર કર્યા વિનાનો આદેશ પોતાના આત્મા ઉપર આવી પડે છે : જેમ રાજાએ પોતાના આદેશને અને કુંભારને છોડી દેવા પડયા**

કોઈ નગરમાં એક રાજાએ પોતાના નગરમાં આદેશ આપ્યો— 'ગામ વચ્ચે એક દેવાલય છે નગરમાં બ્રાહ્મણો વૈશ્યો ક્ષત્રિયો શુદ્રો અને નગરમાં રહેનારા જે લોકો છે, તેઓએ દેવાલયમાં પ્રવેશ કરીને દેવને વાંદીને જવું, નહિ તો તેનો વધ થશે.' એક કુંભાર તે હુકમને જાણ્યા વિના, ગધેડા ઉપર બેસીને હાથમાં લાકડી પકડીને મહારાજાની જેમ જાય છે. તેણે દેવાલયમાં તે દેવને નમસ્કાર કર્યા નહિ. તેથી રૂઠેલા સુભટો તેને પકડીને રાજા પાસે લઈ ગયાં. રાજાએ તેના વધનો આદેશ આપ્યો. વધસ્તંભ ઉપર તેને લઈ જવાયો. મરણ સમયે ત્યાં મરણ વિના ત્રણ વસ્તુની પ્રાર્થના કરાય છે. ત્રણ વસ્તુની માંગણીની પ્રાર્થના પૂરી કરીને ફાંસી કરાય છે. એવો નિયમ રાજાએ કર્યો છે.

ત્યારે તે કુંભારને પણ પૂછ્યું. ત્રણ ઇચ્છાઓમાં તારે શું માંગવું છે, તેણે કહ્યું. 'હું રાજાની પાસે માંગીશ.' તેને ત્યાં લઈ જવાયો. રાજાએ ત્રણ પ્રાર્થનામાં જે માંગવું હોય તે માગી લે એમ કહ્યું.' તે કહે છે.—'એક તો મારા ઘેર હમણાં કુટુંબના ભોજન માટે

પંદર લાખ રૂપિયા મોકલી આપો. બીજું વળી જે માણસો કેદ કર્યા છે તે બધાને છોડી દો. રાજાએ બધું કર્યું. ત્રીજી ઇચ્છા વખતે તેણે—'સભા મધ્યે રહેલા રાજા વગેરે સર્વે માણસોને આ લાકડીથી ત્રણ વખત પ્રહાર કરવાનો આદેશ માંગ્યો. રાજાએ વિચાર્યું.—'હું શું કરું ? આ જાડો છે, લાકડી પણ જાડી છે. એક પ્રહારથી હું મરી જઈશ. તેથી આ હુકમ અયોગ્ય છે એમ વિચારીને વંદન કરવાનો હુકમ કાઢી નાંખ્યો. ઉપરથી ઘણું દાન તેને આપીને તેની બુદ્ધિથી સંતોષ પામેલા રાજાએ માન સહિત ઘેર મોકલ્યો. એ પ્રમાણે અવિચારી હુકમ ક્યારેક પોતાના નાશ માટે થાય છે.

**ઉપદેશ—જો તમે સુખની ઇચ્છાવાળા હો તો અવિચારી કામનું અપ્રિય, (અહિતકારી) ફલ જોઈને કોઈ પણ દિવસ તેમ ન કરવું જોઈએ.**

# ૭ શીલવતીની કથા સાતમી



**જે સમય ધર્મમાં ગયો તે જ સફળ જાણવો. બાકીનો બધો નિષ્ફલ છે. અહિ પુત્રવધૂનું ઉદાહરણ છે.**

કોઈ નગરમાં લક્ષ્મીદાસ નામે શેઠ રહે છે. તે ઘણી ધન-સંપત્તિ હોવાથી ગર્વિષ્ઠ હતો. ભોગવિલાસોમાં જ આસક્તિવાળો કોઈ દિવસ પણ ધર્મ કરતો નથી. તેનો પુત્ર પણ એના જેવો જ છે. યૌવનમાં (જુવાનીમાં) પિતાએ ધર્મી એવા ધર્મદાસની યથાર્થ નામવાળી **શીલવતી** કન્યાની સાથે પુત્રનું લગ્ન કરાવ્યું હતું તે કન્યા જ્યારે આઠ વર્ષની થઈ ત્યારે તેણીએ પિતાની પ્રેરણાથી સાધ્વી પાસે જિનેશ્વરનો ધર્મ સાંભળવાથી સમ્યકત્વ અને અણુવ્રતો ગ્રહણ કર્યા હતા. જૈન ધર્મમાં ઘણી જ નિપુણ થઈ હતી. જ્યારે તે સાસરે આવી ત્યારે સસરા વિગેરેને ધર્મથી વિમુખ જોઈને તેણીને બહું દુઃખ થયું. મારા પોતાના વ્રતોનો નિર્વાહ કેવી રીતે થશે ? અથવા કેવી રીતે દેવ-ગુરુથી વિમુખ સસરા વિગેરેને ધર્મોપદેશ થાય ? એમ તેણી વિચારે છે. એકવાર સંસાર અસાર છે, લક્ષ્મી પણ અસાર છે, શરીર પણ નાશવંત છે. એક ધર્મ જ પરલોક જનાર જીવને આધાર છે." એમ ઉપદેશ આપવા વડે પોતાના પિતાને જિનેન્દ્ર ધર્મથી યુક્ત કર્યા. એમ સાસુને પણ વખત જતાં બોધ આપે છે. સસરાને પ્રતિબોધવાને તે તક શોધે છે

એકવાર તેણીને ઘેર સાધુના ગુણ સમૂહથી શોભતા મહાવ્રતી, જ્ઞાની એવા એક યુવાન સાધુ ભિક્ષાર્થે પધાર્યા. યુવાનીમાં પણ વ્રત ગ્રહણ કરેલ શાન્ત દાન્ત સાધુને ઘરમાં આવેલા જોઈને આહાર દેતે છતે પણ તેણીએ વિચાર્યું—"યુવાવસ્થામાં મહાવ્રત મહાદુર્લભ છે. કેવી રીતે આમના વડે આ યુવાનીમાં ગ્રહણ કરાયું ?" એમ (વિચારીને) પરીક્ષા માટે સમસ્યાથી પૂછ્યું—હમણાં સમય થયો નથી. કેમ વહેલા નીકળ્યા ?" તેણીના હૃદયમાં રહેલો ભાવ જાણીને સાધુએ કહ્યું. સમયજ્ઞાન–'ક્યારે મૃત્યુ થશે એમ' નથી (અર્થાત્ મારૂ મૃત્યું ક્યારે થશે એ સમયનું જ્ઞાન મને નથી.) તેથી સમય (થયા) વિના નીકળ્યો. તેણી ઉત્તર જાણીને ખુશ થઈ. મુનિએ પણ તેણીને પૂછ્યું—તમને કેટલા વરસ થયા ? મુનિનો પૂછવાનો ભાવ જાણીને વીશ વર્ષ થયે છતે પણ તેણીએ 'બાર વર્ષ' થયા એમ ઉત્તર આપ્યો. ફરી પણ તમારા પતિને કેટલા વર્ષ થયા' એમ પૂછ્યું ? તેણીએ પતિને ૨૫ વર્ષ થયે છતે પણ 'પાંચ વર્ષ' કહ્યા. એ પ્રમાણે સાસુના છ મહિના કહ્યા. સસરાની વાત પૂછતાં 'તે હજી જન્મ્યા નથી.' આમ પુત્ર વહુ અને સાધુ વચ્ચે થતી વાત ઓરડાની અંદર રહેલા સસરાએ સાંભળી, ભીક્ષા લઈ સાધુ ગયે છતે તે અત્યંત ક્રોધાકૂળ થઈ ગયો. કારણ કે પુત્ર વધૂ મને ઉદ્દેશીને હું ઉત્પન્ન નથી થયો એમ કહે છે. ગુસ્સે થયેલ તે પુત્રને કહેવા માટે દુકાને જાય છે. જતા સસરાને તેણી કહે છે 'હે સસરાજી તમે જમીને જાઓ સસરો કહે છે જો હું જનમ્યો નથી તો ભોજન કેવી રીતે ખાઉં. એમ કહીને દુકાને ગયો પુત્રને બધો વૃત્તાંત કહે છે— 'તારી પત્ની દુરાચારી, અસભ્ય વચનવાળી છે. આથી તેણીને ઘરમાંથી બહાર કાઢી મૂક. તે પોતાની સાથે ઘેર આવ્યો. પત્નીને પૂછે છે. માતા પિતાનું કેમ અપમાન કર્યું ? સાધુની સાથે વાર્તામાં કેમ ખોટો જવાબ આપ્યો. તેણીએ કહ્યું—' તમે મુનિને પૂછો. તે

બધું કહેશે ? સસરો ઊપાશ્રયે જઈને અપમાન સહિત મુનિને પૂછે છે. 'હે મુનિ, આજે મારે ઘેર ભિક્ષા માટે તમે શું આવ્યા હતા ? મુનિ કહે છે—'તમારું ઘર હું જાણતો નથી. તમે ક્યાં રહો છો ? શેઠ વિચારે છે—'મુનિ અસત્ય કહે છે.' ફરી પણ પૂછ્યું. કોઈને પણ ઘેર છોકરી સાથે વાત કરેલી કે ? મુનિ કહે છે–'તે બાળા જિન-મતમાં હોંશિયાર હતી. તેણીએ મારી પણ પરીક્ષા કરી.' તેણીએ મને કહ્યું—"સમય વિના કેમ વહેલા નીકળ્યા છો ?" મેં ઉત્તર દીધો. —સમયનું–'મરણ સમયનું જ્ઞાન નથી. તેથી પહેલી વયમાં નીકળ્યો છું. મેં પણ પરીક્ષા માટે સસરા વિગેરે બધાના વર્ષો પૂછ્યા. તેણીએ સારી રીતે કહ્યા. શેઠ પૂછે છે–સસરો ઉત્પન્ન થયો નથી એમ તેણીએ કેમ કહ્યું ? મુનિએ જવાબ આપ્યો.—તેણીને જ પૂછજો જેથી વિદુષી એવી તેણીનો યથાર્થ ભાવ જણાય. સસરો ઘેર જઈ પુત્રવધૂને પૂછે છે —'તેં મુનિની સમક્ષ આમ કેમ કહ્યું—મારો સસરો જન્મ્યો પણ નથી. તેણીએ કહ્યું—હે સસરાજી ધર્મ વિનાના મનુષ્યને માનવભાવ મળ્યો તે ન મળ્યા જેવો જ છે. કારણ કે સદ્-ધર્મના કાર્યો વડે ભવ સફળ ન કર્યો તો મનુષ્ય ભવ નિષ્ફલ જ છે. તેથી તમારું જીવન પણ ધર્મરહિત બધું નિષ્ફલ ગયું ? તેથી મેં કહ્યું "મારા સસરાની ઉત્પત્તિ જ થઈ નથી." એમ સત્ય અર્થ જાણ્યે છતે ખુશ થયેલો ધર્માભિમુખ થયો. ફરી પણ પૂછ્યું—'તમે સાસુને છ મહિના થયા છે એમ કેમ કહ્યું ? તેણીએ કહ્યું—"સાસુને પૂછો.' શેઠે તેણીને પૂછ્યું—'તેણીએ પણ કહ્યું –'પુત્રવધૂનું વચન સાચું છે. કારણ કે મને જૈન ધર્મ પામ્યાને છ મહિના જ થયા કારણ કે આજથી છ મહિના પહેલાં કોઈ જગાએ મરણ પ્રસંગે હું ગયેલી. ત્યાં સ્ત્રીના જુદા જુદા ગુણદોષની વાત થઈ. એક ઘરડ ડોશીએ કહેલું—'સ્ત્રીઓમાં આની પુત્રવધૂ શ્રેષ્ઠ છે યુવાન અવસ્થામાં પણ સાસુની ભક્તિમાં તત્પર છે. ધર્મ કાર્યમાં હંમેશાં અપ્રમાદી છે,

ઘર કાર્યમાં પણ કુશલ છે. એના જેવી બીજી કોઈ કુશલ નથી. આની સાસુ નિર્ભાગી છે. આવી ભક્તિભાવવાળી પુત્રવધૂથી ધર્મમાં પ્રેરણા કરાયા છતાં ધર્મ કરતી નથી. આવું સાંભળીને પુત્રવધૂના ગુણથી આનંદિત થયેલી મને તેણીના મુખથી ધર્મ પામ્યાને છ મહિના થયા. તેથી પુત્રવધૂએ છ મહિના કહ્યા તે વ્યાજબી છે.' પુત્રને પૂછ્યું.—તેણે પણ કહ્યું—'રાતે સતત ધર્મોપદેશ આપવામાં તત્પર પત્ની એ ' સંસારની અસારતા બતાવવા વડે અને ભોગવિલાસોનું પરિણામ દુઃખદાયી હોવાથી તથા ચોમાસામાં નદીના પુર સમાન યૌવન હોવાથી વળી દેહની ક્ષણભંગુરતાને લીધે જગતમાં ધર્મ એ જ સાર છે. એમ ઉપદેશ અપાયેલ. હું જૈન ધર્મનો આરાધક થયો, આજે (તેને) પાંચ વર્ષ થયા. તેથી વહુએ મને ઉદ્દેશીને પાંચ વર્ષ કહ્યા તે સત્ય છે.

આ પ્રમાણે કુટુંબની ધર્મ પ્રાપ્તિની વાત થયે છતે વિદુષી પુત્રવધૂનું યથાર્થ વચન સાંભળીને પ્રતિબોધ પામેલ **લક્ષ્મીદાસ** ઘડપણમાં પણ ધર્મ આરાધીને પરિવાર સહિત સારી ગતિ પામ્યો.

**ઉપદેશ—સસરા આદિને વિશેષ બોધ કરનાર શીલવતીનું દૃષ્ટાંત સાંભળીને આત્માને હંમેશાં ધર્મથી વાસિત કરો.**



## ૮

# દાન વિષે ડોસા-ડોસીની કથા આઠમી

**પોતાને હાથે આપવું જોઈએ. બીજો આપે કે ન આપે. વૃદ્ધ દંપતીનું વિખ્યાત ઉદાહરણ અહીં કહેવાય છે.**

એક નગરમાં નિર્ધન અને પુત્ર વિનાનો ઘરડો વાણીયો છે. તેને કપટમાં કુશલ એવી દુષ્ટ ઘરડી સ્ત્રી છે. તે વાણીઆએ નિર્ધન હોવાથી કોઈ વાર ક્યારે પણ દાન આપ્યું ન હતું. એકવાર તેણે વિચાર કર્યો—'દાન વિના પરલોકમાં સુખ થશે નહીં. તેથી ભવમાં કાંઈપણ દાન આપવું જોઈએ. એમ વિચાર કર્યો. મારા ઘેર એક જાત્ય ઘોડો છે. તેના વેચાણથી જે દ્રવ્ય થશે તે ધર્મ માટે મારે આપવું એમ વિચાર કરતા તેનો કેટલોક કાળ ગયો. જ્યારે તેનો મરણ સમય આવ્યો ત્યારે મહાજનને બોલાવીને કહ્યું—'મારા મરણ પાછળ મારી સ્ત્રી આ જાતિવંત ઘોડાને વેચીને જે ધન મેળવશે તે દ્રવ્ય પરલોકમાં સુખ થાય તે માટે તમને આપશે, તે દ્રવ્યને શુભ કાર્યમાં વાપરજો. એમ કહીને તે મરણ પામ્યો. તેની ઘરડી સ્ત્રી પોતાના ધણીની મરણક્રિયા કરીને વિચારે છે—'આ ઉત્તમ ઘોડાના વેચવાથી સો રૂપીઆ થશે. તે તો મહાજનને આપવાના થશે. મારી પાસે કંઈ રહેશે નહીં. તેથી એવું કરવું જોઈએ, જેથી બધું ધન મારી પાસે જ રહે.'

એમ વિચાર કરીને એક બિલાડો પાળ્યો. વેચાણ સમયે બિલાડાના રૂપિયા ૯૯) રાખ્યા ઘોડાનો એક રૂપીઓ રાખ્યો. જે કોઈ પણ ખરીદવા આવે તેને તે એમ કહે છે—'મારે ઘોડો બિલાડા સહિત જ વેચવાનો છે. એક એક જુદા જુદા કોઈને પણ આપવાના નથી. જેની ખરીદવાની ઇચ્છા હોય તેણે બિલાડાના ૯૯ રૂપીઆ આપવા અને ઘોડાનો એક જ રૂપીઓ આપવો. એક એક જુદા જુદા તો વેચીશ નહિ. લોકો ઘોડો લેવાની ઇચ્છાથી આવે છે. તે જુદા પહેલાં બિલાડાને લેવા માટે કહે છે, પછી ઘોડાને, બિલાડાને કોઈપણ લેતું નથી. એકવાર એક પૈસાદાર આવ્યો. તેણે તેવા પ્રકારનું વચન સાંભળીને બિલાડાના ૯૯ રૂપિયા આપ્યા અને ઘોડાનો રૂપીઓ એક આપ્યો. તેણી ૧૦૦) રૂપિયા લઈને ઘેર આવી. મહાજનને બોલાવીને જ્યારે એક રૂપિયો આપે છે ત્યારે મહાજન પૂછે છે કેમ આમ? તેણી કહે છે—"ઘોડાના વેચાણથી રૂપીઓ એક મળ્યો અને ૯૯) રૂપીયા તો બિલાડો વેચવાના મળ્યા છે. મારા ધણીએ પણ એમ કહ્યું હતું—'ઘોડો વેચવાથી જે દ્રવ્ય મળે તે આપવું. મેં પણ તે દ્રવ્ય તમને આપ્યું. એ પ્રમાણે વૃદ્ધાએ મહાજનને પણ છેતર્યા. તેણી બહુ લોભીપણાથી તેનો ઉપભોગ કર્યા સિવાય જ અનેક પ્રકારના દુ:ખ સહન કરતી મરણ વખતે પણ દ્રવ્યનું જ ધ્યાન ધરતી આર્તરૌદ્ર ધ્યાનમાં લીન થયેલી મરણ પામી. તેથી પોતાના હાથથી જે દાન અપાય છે તે પરલોકમાં સુખ કરનાર થાય છે.

**ઉપદેશ—ડોસા-ડોસીનું દૃષ્ટાંત સાંભળીને હંમેશાં સારા ભાવથી જે જેમ કહ્યું હોય તેમ આપવું જોઈએ. કપટ ન જ કરવું જોઈએ.**

卐

## ૯

# દાન વિલંબ ઉપર યુધિષ્ઠિર અને ભીમસેનનીકથા નવમી

**દાનધર્મ વેળાએ વિલંબ ન કરવો ? જેમ યુધિષ્ઠિરનું વચન—'કાલે દાન આપીશ' યુધિષ્ઠિરના વચનની જેમ દાન ધર્મના સમયમાં પ્રમાદ કરવો નહિ.**

**યુધિષ્ઠિર** મહારાજા મધ્યાહ્ન સુધી હંમેશ દાન આપે છે. એકવાર કોઈક નિર્ધન બ્રાહ્મણ બહુ દૂરથી આવીને યુધિષ્ઠિરની દાનશાળા બંધ થયે છતે મધ્યાહ્ન સમયે પેઠો. પાંચેય પાંડવો દાનશાળામાં છે. તે વખતે ધર્મપુત્રે (યુધિષ્ઠિરે) બ્રાહ્મણને કહ્યું—'કાલે આપીશ' એમ સાંભળીને નિરાશ થયેલો બ્રાહ્મણ પાછો ગયો. ત્યારે ભીમસેને વિચાર કર્યો—'દાનમાં વિલંબ કરવો યોગ્ય નથી. તેથી મહારાજાને હું સમજાવું એમ વિચારી જલ્દી ત્યાંથી ઉઠીને શસ્ત્ર શાળામાં ગયો ત્યાં એક વિજય નોબત છે. જ્યારે કોઈપણ દેશ જિતાય ત્યારે તે વગાડાય છે નોબત વગાડયે છતે નગરજનો જાણે આજે કોઈપણ દેશ પાંડવોએ જીત્યો છે.

**ભીમસેન** પણ પોતે નોબતને મોટા દંડા વડે વગાડવા લાગ્યો ત્યારે તે નોબતની મહાગર્જનાનો અવાજ નગરવાસીઓએ સાંભળ્યો. **યુધિષ્ઠિરે** પણ સાંભળ્યો. તે વિચાર કરે છે—'આજે આ નોબત

કોણ શા માટે વગાડે છે? એ પ્રમાણે યુધિષ્ઠિર પાસે રહેલા માણુસને પૂછે છે. તે માણુસ તપાસ કરીને આવ્યો હતો. રાજાને કહે છે—'હે મહારાજ, આજે ભીમસેનભાઈ વિજય નોબત વગાડે છે. ધર્મપુત્ર ભીમસેનને બોલાવીને પૂછે છે, હે ભાઈ, આજે કયો અપૂર્વ દેશ કોણે જીત્યો? જેથી જાતે તું વિજય નોબત વગાડે છે? ભીમસેને કહ્યું—'હે મહારાજ! તીર્થંકરોથી, કેવલીઓથી, મહાઋષિઓથી જે ક્યારે પણ જીતાયો નથી તે આજે જીતાયો છે. તેથી આ વિજય નોબત મારા વડે વગાડાય છે. ધર્મપુત્રે પૂછ્યું—'તારા વડે શું જીતાયું? ભીમસેન કહે છે—'જિતવાને નિર્બળ એવા મારી શક્તિ નથી.' ફરી પણ પૂછ્યું—'તો કોના વડે જિતાયું? ભીમસેન કહે છે—'હે મહારાજ તમારાથી તે જિતાયો છે.'

યુધિષ્ઠર પૂછે છે—'ક્યારે મારા વડે જિતાયો?' ભીમસેન કહે છે 'આજે, હમણાં જ.' જ્યારે તે બ્રાહ્મણ અહીં આવ્યો ત્યારે આપે તેને કહ્યું—'કાલે આપીશ.' તેથી જણાય છે કે એક દિવસ સુધી આપ સાહેબે કાળ ઉપર વિજય કર્યો. પહેલાં કોઈપણ મહાપુરૂષથી કાલ જિતાયો નથી તમારાથી વળી તે જિતાયો. તેથી આશ્ચર્ય પામેલ મેં નોબત વગાડી. નીતિશાસ્ત્રમાં પણ કહ્યું છે—'જે કાલે કરવાનું છે તે આજે કરવું. જે આજે સાંજે કરવાનું છે તે મધ્યાન્હે કરવું, જે મધ્યાન્હે કરવાનું છે તે હમણાં જ કરવું. કારણ કે મૃત્યુ રાહ જોતું નથી.—આનાથી પોતાનું કાર્ય કરાયું છે કે નથી કરાયું તેથી સારાં કામ કરવામાં વિલંબ ન કરવો?

તે સાંભળીને ધર્મપુત્ર મહારાજે પોતાનો પ્રમાદ જાણીને, તે બ્રાહ્મણને જલ્દી બોલાવીને ઘણું ધન આપ્યું. એ પ્રમાણે દાનમાં વિલંબ ન કરવો જોઈએ.

**ઉપદેશ—દાન આપવામાં યુક્તિ સહિત ભીમસેનનું વચન સાંભળીને હે ભવ્યાત્માઓ તેમાં (દાનમાં) પ્રમાદ છોડી દો.**

卐 卐 卐

# ૧૦ કૃત્રિમ સ્નેહ ઉપર ડોસીની કથા દશમી

**દુનિયામાં પોતાના પ્રાણો વહાલા છે. પુત્ર, ધન, બંધુઓ નહીં. જેમ ડોસીએ યમરાજાને રોગી પુત્ર બતાવી દીધો.**

કોઈક નગરમાં એક ડોસી રહે છે. તેણીને એક યુવાન પુત્ર છે. તે એકવાર રોગથી પીડાયેલો પથારીમાંથી પણ ઉઠવાને અશક્ત થયો તે ડોસી રોગથી પીડાયેલા પુત્રને જોઈને આ પ્રમાણે વિચાર કરે છે. —'પુત્ર રહિત મારો નિર્વાહ કેમ થશે ? એના કરતાં મોત સારું તેથી હંમેશાં આ પ્રમાણે પ્રાર્થના કરે છે.—'હે યમરાજા ! મને લઈ જજે. મારા પુત્રને ન લઈ જતો.' તેણીએ ભટની કથામાં આમ સાંભળ્યું હતું. 'જ્યારે મરણ કાલનો વખત થાય છે ત્યારે પાડા રૂપે યમરાજા આવે છે. મૃત્યુના મુખમાં પડેલ માણસને લઈ જાય છે.

એકવાર મધરાતે પુત્ર પથારીમાં રહેલો છે. ડોસી પુત્રના મુખને જોઈને પ્રાર્થના કરે છે—"હે યમરાજ, મને લઈ જજે મારા પુત્રને ન લઈ જતો." એમ ફરીફરી પ્રાર્થના કરતી ઉંઘી ગઈ. ત્યારે પાસેના ઘરમાં રહેલો પાડો છૂટયો હતો. ડોશીના ઉઘાડા બારણાવાળા ઘરમાં પેઠો. તે પાડો ગાઢ નિદ્રામાં સુતેલી ડોસીએ ઓઢેલ વસ્ત્રના છેડાને જાતિસ્વભાવથી ખેંચે છે. વૃદ્ધા જાગી છતી પાડાને જુએ છે, જોઈને

વિચારે છે.—'પુત્રને લેવા માટે આવેલા યમરાજા ભૂલથી મને ખેંચે છે.' ત્યારે તેણીએ કહ્યું—"હે યમરાજ ! હું તો નીરોગી છું. રોગથી પીડાયેલો મારો પુત્ર અહીં પથારીમાં રહેલો છે. એને તું લઈ જા. તું ભૂલથી અહીં કેમ આવ્યો છું ?" તેણીના તે વચનને પથારીમાં રહેલો પુત્ર પણ સાંભળે છે. વિચારે છે—'મારી માતાનો મારા ઉપર કેવો બનાવટી સ્નેહ છે. દરેક સંસારીઓ સ્વાર્થ સાધવામાં તૈયાર અને પારકાને માટે વિમુખ હોય છે. આથી હું પણ નીરોગી થઈશ ત્યારે જલ્દી આત્માનો સ્વાર્થ સાધીશ. એમ શુભ ભાવનાથી ક્રમે કરીને નીરોગી થયો. બધું છોડી દઈને પરલોકમાર્ગનો આરાધક થયો.

**ઉપદેશ—વૃદ્ધાનો પોતાના પુત્ર ઉપર પણ કૃત્રિમ પ્રેમને જોઈ ને (માણસે) પોતાના હિતમાં પ્રવૃત્તિ કરવી જોઈએ. કારણ કે સ્વાર્થનો (પોતાના આત્માના હિતનો) નાશ એ મૂર્ખાઈ છે. કૃત્રિમ પ્રેમ ઉપર ડોસીની દશમી વાર્તા પૂરી થઈ.**





## ૧૧ યોગ્યનો સંયોગ કરી આપવાને વિષે ચોરની કથા અગીયારમી

**વિરુદ્ધ દંપતિનો સંબંધ શોભતો નથી જ. આથી સરખે સરખાનો યોગ (કરવો જોઈએ) જેમ ચોરે કરાવ્યો.**

ધારા નગરીમાં, ભોજરાજાના રાજ્યમાં, એક ઘેર પુરૂષ કુરૂપ અને ગુણ વિનાનો છે અને તેની સ્ત્રી સુરૂપા અને સારા ગુણવાળી છે. તે સ્ત્રી ધર્મહીન પતિના યોગથી હંમેશાં દુઃખી છે.

બીજા ઘરમાં સ્ત્રી કુરૂપા અને નિર્ગુણી છે અને તેનો પતિ સુરૂપ અને સારા ગુણવાળો છે. નિર્ગુણી સ્ત્રી સાથે તે દુઃખી થયેલો ગમે તેમ કાળ પસાર કરે છે. એકવાર ચોરે તેઓના ઘેર ખાતર પાડતાં સમાન ગુણરહિત બન્ને દંપતિને જોઈને સુતેલી બન્ને સ્ત્રીઓનો ફેરફાર કર્યો. જેઓને સારો યોગ થયો તેઓ લાંબા સમયથી કંટાળેલા હતા. તેઓ તે વખતે પ્રસન્ન થઈ ગયા. બીજા નિર્ગુણે ભોજરાજાની સભામાં જઈને—"હે રાજા ! મારી સુરૂપા સ્ત્રી કોઈએ હરી લીધી છે. મને ન્યાય મળવો જોઈએ. એમ જણાવ્યું. રાજાએ નગરમાં પટહની ઉદ્‌ઘોષણા કરાવી. "આની સ્ત્રી કોઈથી પણ લેવાઈ હોય તેણે જરૂર અહીં આવવું. નહિં તો પછી

તેને સખ્ત શિક્ષા થશે. તે ચોર પટહની ઉદ્‌ઘોષણા સાંભળીને રાજાની સભામાં આવીને કહે છે. "મેં આની સ્ત્રીને હરણ કરીને બીજા યોગ્ય સારા રૂપવાળાને આપી છે. જેથી કહ્યું છે કે—હે રાજા ! રાત્રિને વિષે પારકા દ્રવ્યને ચોરવાવાળા મેં, નસીબે કરેલા માર્ગને લોપીને; આ પ્રમાણે યોગ્યનો યોગ્ય સાથે યોગ કરી આપ્યો છે. આ સાંભળીને રાજાએ હસીને તે પ્રમાણિત કર્યું.

**ઉપદેશ—નસીબે જે કામ કર્યું; તે ચોરે અન્યથા કર્યું. તે સાંભળીને બુદ્ધિશાળીએ હંમેશાં યથા-યોગ્ય જોડવું જોઈએ. (સંબંધ બાંધવો જોઈએ.)**

## ૧૨ સંસારની અસારતા ઉપર નાગદત્તશેઠની કથા બારમી

**અજ્ઞાનથી આવૃત થયેલા લોકો હિત અહિતને જોતા નથી. નાગદત્ત શેઠની જેમ તેઓ સાધુઓ વડે હસાય છે.**

શ્રી અવંતિ નગરીમાં નાગદત્ત નામે મહાઋદ્ધિવાળો શેઠ રહે છે. તેને યશોમતી નામની સ્ત્રી છે. તે ઇંદ્રિયના વિષય સુખમાં આસક્ત ભોગ વિલાસો વડે કાળ પસાર કરે છે. "પાપીઓની લક્ષ્મી પાપ-કર્મમાં વપરાય છે." એ ન્યાયથી તેણે ક્રોડ દ્રવ્યના ખર્ચે બાર વર્ષે સાતમાળનો મોટો મહેલ બંધાવ્યો. તે મહેલ કેવા પ્રકારનો થયો કે જે મહેલનો હજાર વર્ષ સુધી કાંકરો પણ ન ખરે. મહેલ બની ગયે છતે ચિતારાને બોલાવીને જુદા જુદા પ્રકારનાં સ્ત્રી પુરૂષ અને તિર્યંચ વગેરેનાં ચિત્ર કરવાને માટે ભીંતો સોંપી. તે ચિતારાઓ પણ માણસોની આંખોને આનંદકારક અનેક ચિત્રો વડે શોભતી ભીંતો કરે છે.

કોઈ એક વાર પ્રભાત સમયે તે શેઠ ચિત્રશાલામાં ચિતારાઓને ચિત્ર કરવાને માટે પ્રેરણા કરે છે તે વખતે ત્યાં કોઈક વિશિષ્ટ અવધિજ્ઞાનવાળા મહાવ્રતધારી સાધુ પધાર્યા. ઘડપણની શરૂઆતમાં પણ વિષયમાં આસક્ત છે. **નાગદત્તને** જોઈને કાંઈક હસીને આગળ ચાલ્યા. **નાગદત્ત** પણ વિચાર કરે છે—'ચિતારાઓને પ્રેરણા કરતા મને નીરખી હસીને મુનિ કેમ ગયા? મહાત્માઓ કદી નીરર્થક હસતા નથી.' મારામાં એવા પ્રકારનું શું

જોયું કે જેથી હસીને ગયા. પછીથી ઉપાશ્રયે જઈને આનું કારણ મુનિને પૂછીશ.' એમ વિચારી ક્ષણાંતરમાં તે ચિંતારહીત થયો. ફરી પણ મધ્યાહ્ન સમયે તે સાધુ ભિક્ષા માટે તેને ઘેર પધાર્યા, ત્યારે ભોજન કરતા નાગદત્ત શેઠના ખોળામાં તેમનો પુત્ર રમે છે. તેની સ્ત્રી **યશોમતીએ** ભાવથી મુનિનો સત્કાર કરીને નિર્દોષ ભિક્ષા આપી. ત્યારે પિતાના ખોળામાં રમતા પુત્રે મૂતરીને શેઠના ભોજનને અને વસ્ત્રને મૂત્રથી ભરી દીધું. મૂત્રને દૂર કરીને ભોજન કરતો **નાગદત્ત** બોલે છે.—'હે પ્રિયા આ પુત્રે મારું ભોજન અને વસ્ત્ર બગાડયા' એમ બોલતે છતે તે સાધુએ **નાગદત્ત**ના મુખને જોઈને કાંઈક હસીને નીકળ્યા. હસતા મુનિને જોઈને **નાગદત્ત** પ્રિયાને કહે છે—'હે સ્ત્રી, આ મુનિ મને જોઈને હસીને ગયા તેમાં શું કારણ છે? અથવા હસવાના સ્વભાવવાળા તે છે. સવારમાં પણ ચિતારાઓને વિવિધ ચિત્રો કરવા માટે પ્રેરણા આપતા મને જોઈને હસેલા. હમણાં પણ હસીને ગયા,

**યશોમતી** બોલે છે—'હે નાથ, કારણ વિના મુનિઓ કદાપિ હસતા નથી, જરૂર કાંઈ પણ એમાં પ્રયોજન હશે. **નાગદત્ત** કહે છે—'ત્યારે જરૂર, હું મુનિ પાસે જઈને હસવાનું કારણ પૂછીશ, એમ બોલીને ભોજન કરીને દુકાને ગયો.

નમતે પહોરે દુકાને બેઠેલો નાગદત્ત લે, વેચ કરતો હતો, ત્યારે રાજમાર્ગમાં એક બકરાને લઈને જતા ચંડાલના હાથમાંથી છૂટીને તે બકરો દુકાનમાં રહેલા તે નાગદત્તને જોઈને તેની દુકાનમાં ચઢી ગયો. પછી બકરાને લેવા માટે ચંડાલ પણ દુકાને આવીને નાગદત્તને કહે છે—'આ બકરો અમારો છે. તેથી મને આપો. જો તેની ઉપર દયા હોય તો તેનું યોગ્ય મૂલ્ય આપીને લઈ લો? ચંડાલને જોઈને ભય-

ભીત થયેલો તે બકરો બેં બેં કરતો દુકાનની અંદરના ભાગમાં પેઠો શેઠના નોકરોએ પણ અંદર પ્રવેશીને લાકડી વડે તેને મારીને બહાર કાઢવા છતાં પણ તે અંદર અંદર પેસે છે. ત્યારે નાગદત્ત પોતે ઉઠીને તે બકરાનો કાન પકડીને જોરથી દુકાન ઉપરથી ઉતારે છે. નિર્દય તે વિચારે છે.—'આમ કેટલા જીવને હું બચાવું ? આમ જીવોના રક્ષણમાં મારું ધન પણ ખલાસ થઈ જાય, ચંડાલ પણ હંમેશાં એમ કરે તેથી બહાર કાઢવો જ સારો.

એમ વિચાર કરીને બેં બેં કરતા તેને દુકાનમાંથી બહાર કાઢયો કાઢી મૂકાય છે એથી જ આંસુ સારતો, શેઠ સન્મુખ જોઈને —'હે દયાળુ ઉત્તમ શેઠ ! આ ચંડાલના હાથથી મને છોડાવો, એમ મનમાં પ્રાર્થના કરતા બકરાને લઈને ચંડાલ ગયો,'' જ્યારે શેઠ દુકાનમાંથી બકરાને બહાર કાઢતા હતા ત્યારે તે ઉત્તમ સાધુ સ્થંડિલ માટે જતા ફરી પણ શેઠ તરફ કંઈક હસીને ગયા. ત્યારે નાગદત્ત પણ આ ત્રીજીવાર હસીને જતા મુનિને જોઈ વિચાર કરે છે. આ મુનિવર આજે ત્રણ વાર મળ્યા. ત્રણેય વાર હસીને ગયા. એમાં જરૂર કાંઈ પણ કારણ હશે તેથી ઉપાશ્રયે જઈને હસવાનું કારણ પૂછીશ ?' એમ વિચારીને દુકાનેથી ઘેર જઈ ભોજન કરી. રાતે ઉપાશ્રયે ગયો, સાધુને પ્રણામ કરી પૂછ્યું.

હે મુનિરાજ ! આજે પ્રભાતકાળે ચિતારાઓને ચિત્ર કરવા માટે પ્રેરણા કરતા મને જોઈને શા માટે તમે હસેલા ? સર્વ સંસારી જીવો પોતાના ઘરના કામો શું નથી કરતાં ? તો તમે શા કારણથી હસ્યા ? એમ પૂછવાને હું આવ્યો છું. મુનિ કહે છે—'હે નાગદત્ત ! તું ભોગ-વિલાસમાં આસક્ત, પોતાના આયુષ્ય સમાપ્તિને નહિ જોતો, ચિતા-રાઓને જુદા જુદા ચિત્રો કરવા માટે કહે છે પરંતુ આ મહેલમાં

મારે કેટલો કાળ સુધી રહેવાનું છે તે તું વિચારતો નથી. એથી વિષયમાં આસક્ત જીવોની કેવા પ્રકારની સ્થિતિ છે, એમ જાણીને મારાથી હસાયેલું. નાગદત્ત પણ મુનિના વચનથી આયુષ્યને અલ્પ જોતો સાધુને પૂછે છે.—'હે ભગવંત! મારૂં આયુષ્ય કેટલું બાકી છે?' મુનિ કહે છે.—'સાત દિવસનું બાકી છે. આજથી માંડીને સાતમે દિવસે સંધ્યાકાળે તું મૃત્યુ પામીશ.' નાગદત્ત પૂછે છે—'હે ભગવંત હું સમાધિથી કે અસમાધિથી મરણ પામીશ? મુનિવર કહે છે—'હે નાગદત્ત! આજથી પાંચમે દિવસે તારા માથામાં શૂળની પીડા થશે તે અસહ્ય શૂળ પીડા ત્રણ દિવસ ભોગવીને મરણ પામીશ? નાગદત્ત તે સાંભળીને મહાત્માની આગળ પોતાની જાતને હાસ્યપાત્ર ગણતો, પોતાની અસભ્ય પ્રવૃત્તિઓને ધિક્કારતો, આંખોમાંથી આંસુ સારતો સાધુને કહે છે—'હે ભગવન્! ખરેખર સાચું હું હસવા યોગ્ય થયો. દુર્લભ માનવભવ પામીને પૌદ્ગલિક સુખમાં રાચી રહેલા મેં કાંઈ પણ પરલોકની આરાધના ન કરી, મનુષ્ય ભવ ફોગટ ગુમાવ્યો. હવે હું શું કરું?' એમ બોલીને રડતો મુનિના પગમાં પડયો. સાધુ પણ નાગદત્તને કહે છે—'હે શ્રાવક! જેમ જંગલમાં એક મોટું ઝાડ હોય છે, ત્યાં સંધ્યા સમયે દૂર દૂરથી આવીને પક્ષીઓ ડાળીઓ ઉપર રહે છે. ફરી પ્રભાત થયે છતે ઉડીને અન્યત્ર ચાલ્યા જાય છે. ફરી ભેગા મળે કે ન મળે એમ સંસારમાં એવા પ્રકારનો કુટુંબ મેળો જાણવો. પોતાની જ અર્થસાધનામાં તત્પર સર્વે સંસારી જીવો જાણવા. તું પણ આત્માના અર્થને સાધી લે.'

નાગદત્તે પહેલીવારના હાસ્યનું કારણ જાણી પોતાની જાતને અધન્ય માનતો બીજીવારના હાસ્યનું કારણ પૂછે છે. ત્યારે મુનિ કહે છે—"હે નાગદત્ત! સ્ત્રી પુત્રાદિકમાં મૂઢ આત્મા સંસાર સ્વરૂપ જાણતો નથી જેથી જેને તું પુત્ર માને છે, જે પુત્રથી આનંદિત થાય છે. જેના મૂત્રથી ભરેલું પણ ભોજન વહાલું ગણે છે તે તારો પુત્ર તેના

ગયા ભવમાં તારી સ્ત્રીનો જાર પુરૂષ હતો. સ્વરૂપ જાણ્યા પછી તારાથી આ મરાયો છતો મરીને તારી સ્ત્રીના પુત્રપણે ઉત્પન્ન થયો છે. તું શત્રુને પણ પ્રિય પુત્ર માને છે. તારો પુત્ર જ્યારે યુવાન થશે ત્યારે તે તારી ઘરવખરી સહિત ભવ્ય મહેલને વેચી દેશે તારી સ્ત્રીને ઝેર આપી મારી નાંખશે; તારો પુત્ર કુળમાં કુલાંગાર થશે." સંસારી જીવોની આવી સ્થિતિ છે. એમ વિચારીને મારાથી બીજીવાર પણ હસાયું

આ સાંભળીને નાગદત્ત કહે છે—'હે પૂજ્ય ભગવંત! વ્યભિચારી સ્ત્રીના પુત્રપણે ઉત્પન્ન થયેલા શત્રુનું સ્વરૂપ જાણીને ખરેખર ભોગોથી હું છેતરાયો છું.'

હવે મને તે કહો, જે મારાથી દુકાનમાંથી બહાર કાઢતા બકરાને જોઈને તમે હસેલા.'

મુનિવર કહે છે—'હે નાગદત્ત! આ બકરો પૂર્વભવે તારો પિતા હતો, જે કારણથી મોટા પરિગ્રહની તૃષ્ણાથી તે મૂઢ આત્મા અનીતિથી ઘણું દ્રવ્ય એકઠું કરીને મરણ કાળે તને બધું દ્રવ્ય આપીને પાપકર્મથી આ બકરો થયો. જે કારણથી એણે પૂર્વ ભવમાં આ ચંડાલનું બહુ દ્રવ્ય લઈ ને થોડો કપાસ આપેલો તેથી આ દેવું ચૂકવવા માટે આ ચંડાલના હાથમાં આવ્યો. આજે ચંડાલ આ બકરાને લઈ રાજ-માર્ગમાં જતો હતો, ત્યારે આ બકરો પોતાની દુકાન અને પુત્ર નીરખીને જાતિસ્મરણ પામીને તારે શરણે આવ્યો. ચંડાલે ખરીદવા માટે કહ્યું તો પણ લોભમાં અંધ થયેલ તારાથી તે ન લેવાયો.' તેથી મારા વડે હે નાગદત્ત! ત્રીજીવાર પણ હસાયું. એમ સાંભળીને' મારાથી પિતા પણ ન બચાવાયા એમ પોતાને ધિક્કારતા જેણે જલ્દી ઉઠીને ચંડાલને ઘેર જઈને કહ્યું—'હે ચંડાલ! તારી ઇચ્છા મુજબ ધન લઈને બકરો મને આપ" તેણે કહ્યું—'હે શેઠ! તે હમણાં જ

મારી નંખાયો કેવી રીતે આપું? એમ સાંભળીને પોતાની નિંદા કરતો **મુનિવરની** પાસે જઈને પૂછે છે—'મારા પિતા મરણ પામીને કઈ ગતિમાં ગયા. મુનિ કહે છે—'શરણે **આવેલા પિતાને** નહીં રક્ષણ કરતા તને ધિક્કારતો આર્ત્ત રૌદ્ર ધ્યાનથી તેં મરણ પામીને નરકમાં ગયો.' ત્યારે નાગદત્ત પિતાની દુર્ગતિ સાંભળીને નરકના દુઃખોથી ભય પામતો મુનિને કહે છે.—'હે ભગવંત! મને તારો, મને તારો. સાત દિવસમાં હું શું કરીશ? કેવી રીતે આત્માને તારીશ? હે દયાના ભંડાર! મને સન્માર્ગ બતાવો. મુનિવર કહે છે—'હે નાગદત્ત! એક **દિવસના સંયમપાલનથી** પણ ભવ્ય જીવ જરૂર **વૈમાનિક** થાય, તો શું **સાત દિવસથી** ન થાય?' **એમ સાંભળીને સંસારની અસારતા** ચિંતવતો, સાતક્ષેત્રમાં પોતાનું દ્રવ્ય આપીને, જિનમંદિરમાં અઠ્ઠાઈ મહોત્સવ કરીને, એણે મુનિવરની પાસે સંયમ લીધું. અનશન વડે સુખથી ચાર દિવસ ગયા. પાચમા દિવસે તેના મસ્તકમાં મોટી શૂલની અસહ્ય વેદના ઉત્પન્ન થઈ. ગુરુવરના વચનામૃતની વૃષ્ટિથી સમભાવે વેદના સહન કરતો સમાધિથી કાળ કરીને વૈમાનિક દેવલોકમાં સૌધર્મકલ્પમાં દેવપણે ઉત્પન્ન થયો. એમ આયુષ્યના સાત દિવસ બાકી રહે છતે પણ સંયમ પાળીને **નાગદત્ત** આરાધક થયો.

**ઉપદેશ—સંસારનું સ્વરૂપ દેખાડનારી નાગદત્તની કથા સાંભળીને કામ ભોગ વિગેરે છોડી દઈ શ્રેષ્ઠ સંયમ માર્ગમાં યત્ન કરો.**



# ૧૩ 'ઘરમાં શૂરો' સોનીની કથા તેરમી

**'ઘરમાં બહાદુર માણસો ઘરમાં પોતાનું બળ સામર્થ્યને દેખાડનારા હોય છે, બહાર કાયર હોય છે તે વિષે સોનીનું ઉદાહરણ છે.**

એક ગામમાં સોની રહે છે. રાજમાર્ગના મધ્ય ભાગમાં તેની નાની દુકાન છે. હંમેશાં મધરાતે સોનાની ભરેલી પેટી લઈને પોતાને ઘેર આવે છે. એકવાર તેની સ્ત્રીએ વિચાર કર્યો—આ મારો પતિ હંમેશાં પેટીને લઈને મધરાતે ઘરે આવે છે, તે સારું નથી, કારણ કે કયારેક માર્ગમાં ચોરો મળે ત્યારે શું થાય?' તેથી તેણીએ કહ્યું—'હે પ્રિય! મધરાતે તમારે ઘરે આવવું સારું નથી એમ મને લાગે છે, કયારેક કોઈપણ મળી જાય ત્યારે શું થાય?' તે કહે છે તું મારું બળ નથી જાણતી તેથી એમ બોલે છે. મારી સમક્ષ સો માણસો આવે, તો પણ તેઓ શું કરે? મારી આગળ તેઓ કંઈ પણ કરવાને સમર્થ નથી. તારે ભય ન રાખવો.'

એમ સાંભળી તેણીએ વિચાર કર્યો—'મારો પતિ 'ઘરમાં શૂરો' છે, અવસરે તેની પરીક્ષા કરીશ.' એકવાર તેણી પોતાના ઘરની બાજુમાં રહેતી ક્ષત્રિયાણીને ઘેર જઈને કહે છે—'હે વહાલી સખી તું તારા ધણીની બધી વેશભૂષા મને આપ મારે કાંઈક પ્રયોજન છે.' તે ક્ષત્રિયાણીએ પોતાના પતિનો તલવાર સહિત ફેંટો, ઢાલનો પટ્ટો

વગેરે સુભટનો બધો વેષ આપ્યો. તે લઈને તે ઘેર ગઈ. જ્યારે રાત્રીનો એક પ્રહર ગયો ત્યારે તેણી તે બધો સુભટનો વેષ પહેરીને તલવાર લઈને નિર્જન રાજમાર્ગમાં નિકળી. પતિની દુકાનેથી બહુ દૂર નહીં તેમ ઝાડની પાછળ પોતે છુપાઈને રહી થોડા વખત પછી તે સોની દુકાન બંધ કરીને અને પેટીને હાથમાં લઈને ભયભીત થયેલો તે આમ તેમ જોતો જલ્દી જતો જ્યાં તે ઝાડ સમીપ આવ્યો તેટલામાં પુરુષવેષધારણ કરેલ તેણી બહાર નીકળીને મૌન વડે તેને બીવડાવે છે. હું હું. બધું છોડી દે, નહીંતર મારી નાંખીશ, અકસ્માત અટકાવાયેલો, ભયથી થરથરતો 'મને ન મારશો. મને ન મારશો' એમ કહેતો પેટી આપી દે છે. ત્યાર બાદ તેણી બધા પહેરેલા વસ્ત્રો લેવા માટે તલવારની અણી છાતી પર રાખીને સંજ્ઞાથી વસ્ત્રો પણ કઢાવે છે. ત્યારબાદ તે ફક્ત કેડનું વસ્ત્ર પહેરેલ થયો. ત્યાર પછી તેણી કેડનું વસ્ત્ર પણ મરણભય બતાવીને કઢાવે છે, ત્યાર પછી તે હમણાં જન્મ્યો હોય તેવો નગ્ન થયો. તેણી એ બધું લઈને ઘરે ગઈ. ઘરનું બારણું બંધ કરીને અંદર ઊભી રહી.

તે સોની ભયથી ધ્રુજતો, માર્ગમાં આમ તેમ જોતો, બજારના રસ્તેથી જતો, ક્રમે કરી જ્યારે શાકના વેપારી (કાછીઆ)ની દુકાન પાસે આવ્યો ત્યારે કોઈક માણસે પાકું ચીભડું બહાર ફેંક્યું તે પણ સોનીની પીઠના ભાગમાં લાગ્યું. તેણે જાણ્યું કે કોઈનાથી પણ હું પ્રહાર કરાયો છું. પીઠના ભાગ ઉપર હાથ વડે સ્પર્શ કરે છે. તેમાંથી ચીભડાનો રસ અને બીયાંનો સ્પર્શ કરીને વિચાર્યું —'અરે હું ગાઢ રીતે હણાયેલો છું તેથી ઘા સાથે લોહી પણ નિકળ્યું. તેની અંદર કીડા પણ ઉત્પન્ન થયા, એમ અત્યંત ભયથી વ્યાકુલ થયેલો, જલ્દી જલ્દી જતો ઘરને બારણે આવી પહોંચ્યો ઘરનું બારણું બંધ જોઈને પોતાની સ્ત્રીને બોલાવવા

માટે મોટેથી કહે છે—'અરે મદનની મા. બારણું ઉઘાડ, બારણું ઉઘાડ ? તેણી અંદર રહેલી સાંભળે છે છતાં ન સાંભળતી હોય તેમ થોડો વખત બેસી રહી. બહુ જ બૂમ બરાડા પાડયે છતે તેણી આવીને, બારણું ઉઘાડીને એમ પૂછે છે—'કેમ બહુ બૂમ બરાડા મારો છો ? તે ભયભીત થયેલો ઘરમાં પેસીને સ્ત્રી કહે છે—'બારણું જલદી બંધ કર. તાળુ પણ માર તેણીએ બધું કરીને પૂછયું—'કેમ આમ નગ્ન થયા ?'

તેણે કહ્યું—'અંદરના ખંડમાં ચાલ પછી મને પૂછ. ઘરના અંદરના ખંડમાં જઈને નિશ્ચિત થયો. તેણીએ ફરી પણ પૂછયું—'કેમ આમ નગ્ન આવ્યા ? તેણે કહ્યું—'ચોરોથી લુંટાયો. બધું લૂંટી લઈને નગ્ન કર્યો. તેણી કહે છે—'પહેલાં મેં કહ્યું હતું—'હે સ્વામિ ! તમારે આમ મધરાતે પેટી લઈને ન આવવું. તમે માન્યું નહિ તેથી આમ થયું.' તે કહે છે—'હું મહા બળવાન પણ શું કરું ?' જો પાંચ છ ચોરો આવ્યા હોત તો તે સર્વેને જીતવા હું સમર્થ થાઉં. આ તો સેંકડો ચોરો આવ્યા તેથી હું તેમની સાથે લડતો હારી ગયો. બધું લુંટીને નાગો કર્યો. પીઠના ભાગ પર પણ તલવાર વડે હું પ્રહાર કરાયો છું. પીઠનો ભાગ જો ઘા સાથે જીવડા પણ ઉત્પન્ન થયા છે. તેણીએ તેનો પીઠ ભાગ જોઈને જાણ્યું. ચીભડાનો રસ અને બી લાગ્યા છે. ધણીને પણ કહ્યું—'સ્વામી ! ભયભીત એવા તમે એમ જાણ્યું.—'કોઈક વડે પ્રહાર કરાયો છું તેથી લોહી નીકળ્યું અને તેમાં કીડા પણ ઉત્પન્ન થયા તે સાચું નથી.' તમે ચીભડાથી પ્રહાર કરાયો છે. તેના રસ અને બીયાં પીઠના ભાગ ઉપર લાગેલા છે. ત્યારબાદ તેનું શરીર ધોવા માટે તે પાણી લઈને આવી. પોતાના પતિની દેહશુદ્ધિ કરીને પહેરવાના વસ્ત્ર પણ તેજ આપે છે. તે, તે વસ્ત્રો જોઈ ધિટ્ઠાઈથી કહે છે—'હા, હા, મારાથી ત્યારે જ તું જણાઈ હતી. મેં વિચાર કર્યો—મારી સ્ત્રી શું કરે છે.—તે હું

જોઉં છું? તેથી હું ભયભીતની જેમ ત્યાં ઉભો રહયો. બધા અપહરણની ઉપેક્ષા કરી. નહીં તો મારી આગળ સ્ત્રીની શું શક્તિ? તે કહે છે —'હે પતિ! તમારું બળ મેં ત્યારે જ જાણી લીધું 'ઘરમાં શૂરા' તમે છો તેથી આજથી તમારે મધરાતે પેટી લઈને કયારે પણ ન આવવું.' એમ સ્ત્રીનું વચન તે અંગીકાર કરે છે.

**ઉપદેશ—સોનીનું દૃષ્ટાંત જાણીને વિવેકી લોકોએ બળ પ્રમાણે બોલવું જોઈએ અને પોતાનાં કાર્યો સાધવાં જોઈએ.**

# ૧૪ ગરીબ વાણિયાની વાર્તા ચૌદમી



**'દ્રવ્ય અગીયારમો પ્રાણ છે.' તે સાચું જ જાણવું જે કારણુથી માણુસો સ્વપ્નામાં પણુ તે માટે દુઃખ સહન કરે છે.**

કોઈ સ્થળે એક વાણીયો ગરીબ હતો. તે દ્રવ્ય માટે સર્વ સ્થળે ભમતો નિર્ભાગી હોવાથી કોઈ પણ ઠેકાણે કાણી કોડી પણ મેળવતો નથી. 'પૈસો કયાં મળે' એમ તીવ્ર ધન પિપાસા હોવાથી એકવાર રાતે પથારીમાં સુતેલો ત્યારે મધરાતે પૈસાનું સ્વપ્ન આવ્યું.

તેમાં તે જંગલમાં સ્થંડિલ માટે (જાજરૂ જવા) ગયેલો ત્યાં એક ઝાડ નીચે બેઠેલો મલ ત્યાગ કરતો હાથથી ભુમિને ખોદે છે. ખોદતો ત્યાં સોનાની દીનારથી ભરેલો ચરુ દેખે છે. દેખીને (હર્ષોન્મત્ત) હરખઘેલો થયો. તેણે વિચાર કર્યો.—'અરે મારું પુણ્ય જાગે છે જેથી આટલું ધન મળ્યું કેવી રીતે ઘેર લઈ જઈશ ?' એમ વિચાર કરે છે. તે વખતે ત્યાં એક યોગી તે માર્ગે જતો તેને તેવી રીતે બેઠેલો, અને હાથથી ભૂમિ ખોદતો જોઈને પૂછે છે.—'શું કરે છે ?' તે કહે છે— 'તમે રસ્તે પડો. કહેવાથી શું ?' તે યોગી વિચાર કરે છે—કાંઈક કારણ હોવું જોઈએ તેથી આ પ્રમાણે આ વાણીઓ બોલે છે" તેથી તે ત્યાં જઈને પૂછે છે—'જમીનમાં શું છે ? તે કહે છે—'હું નથી

કહેતો ત્યારે તે યોગીએ ખાડા ઉપર રાખેલા તેના હાથને જોરથી ખસેડી નાંખ્યો તો ત્યાં સોનામહોરથી ભરેલો ચરૂ જોયો. અને કહ્યું —'હે ભાગ્યશાળી! તારું ભાગ્ય જાગ્યું. મને પણ એક ખોબો સોનામહોર આપ, તારું કલ્યાણ થશે." તે વાણીઓ કહે છે—"શું તારા બાપનું છે? હું એક પણ સોનામહોર આપીશ નહિ. તને જેમ ઠીક લાગે તેમ કર."

યોગી કહે છે—'તારા અને મારા બાપનું નથી. તને પુણ્ય ઉદયથી મળ્યું છે. મને થોડું આપીને તે બધું લઈ લે. લોભી વાણીઓ તેને આપવા માગતો નથી. ત્યારે તે કહે છે—'હું યોગી છું. લીધા વિના કદાપી હું જઈશ નહિ' એમ કહીને તેની સામો બેસી ગયો.

ત્યાર પછી ત્યાં એક રાજસુભટ તે માર્ગે જતો તે બન્નેને ત્યાં રહેલા જુએ છે. જોઈને કહે છે—,તમે અહીં શું કરો છો? ત્યારે તે યોગી કહે છે—'આ જમીનમાં દીનારથી ભરેલો ચરૂ છે. આને તે મળ્યો છે. મેં થોડુંક ધન માંગ્યું. આ નથી આપતો તેથી હું અહીં બેઠો છું. તે રાજસુભટ ત્યાં આવી વાણીઆને પૂછે છે.—'અહીં શું છે?' વાણીઓ કહે છે. 'અહીં કાંઈ પણ નથી. યોગી જૂઠું બોલે છે. તમે તમારે રસ્તે ચાલ્યા જાઓ. ત્યારે શંકાશીલ રાજસુભટ વાણીઆને કહે છે—'અહીંથી ખસી જા. તે ખસતો નથી. બે હાથ ઉપર રાખીને ત્યાં બેસી રહ્યા. તેણે કહ્યું—'જમીનમાં જે ધન હોય તે રાજાનું થાય, તારું નહિ, એમ કહેવા છતાં પણ જ્યારે તે ખસતો નથી. ત્યારે જોડાવાળો પગ પીઠના ભાગ પર માર્યો તે, 'અરે, અરે, હું મરાયો, એમ બોલતો નિદ્રામાંથી જાગ્યો છતો, સુભટના પગના પ્રહારથી સાક્ષાત ખરેખર પોતાની પથારીમાં મલ-મૂત્ર થઈ ગયેલા જુએ છે, યોગી પણ નથી. સુભટ પણ નથી.

જો સ્વપ્નમાં પણ આવેલી લક્ષ્મી અનર્થ કરે તો જાગતાને શું શું ન કરે ?

ઉપદેશ—તીવ્ર ધન પિપાસાનું કડવું ફળ જોઈને લોકોએ તે છોડી દેવી જોઈએ. સંતોષ એ જ પરમ સુખ છે.



# ૧૫ ચાર જમાઈની કથા પંદરમી

**પારકાનું ભોજન કરવાની અતિ આસક્તિ સુખ આપનારી નથી. અહિ સાસરે રહેલા જમાઈ-ઓનું દૃષ્ટાંત છે.**

કોઈક ગામમાં રાજાને રાજ્યમાં શાંતિ આદિ વિધાન કરનારો પુરોહિત હતો તેને એક પુત્ર અને પાંચ કન્યાઓ છે. તેણે ચાર કન્યાઓ વિદ્વાન બ્રાહ્મણ પુત્રોને પરણાવી હતી.

એક વખત પાંચમી કન્યાનો લગ્ન મહોત્સવ શરૂ થયો. લગ્નમાં ચારે જમાઈઓ આવી પહોંચ્યા. લગ્ન પૂર્ણ થયે છતે જમાઈઓ સિવાય સઘળા સંબંધીઓ પોતપોતાને ઘેર ગયા. ભોજનમાં લુબ્ધ જમાઈઓ ઘરે જવા ઇચ્છતા નથી. પુરોહિત વિચારે છે—'સાસુને જમાઈઓ ઘણા વ્હાલા હોય છે, તેથી આ બધા હમણાં પાંચ છ દિવસ રહે અને પછીથી જાય, તે જમાઈઓ ખાવાયોગ્ય રસમાં લુબ્ધ થયેલા ત્યાંથી જવાને ઇચ્છતા નથી. પરસ્પર તેઓ વિચારે છે—'માણસોને સાસરે રહેવું સ્વર્ગ તુલ્ય છે.' ખરેખર, આ કહેવત સાચી છે એમ વિચાર કરીને એક ભીંત ઉપર આ કહેવત લખી. એક વાર આ કહેવત વાંચીને સસરાએ વિચાર કર્યો "ખાવાના રસમાં

લુબ્ધ આ જમાઈઓ કદાપિ જવાના નથી. તેથી તેઓને સમજાવવા જોઈએ."

એમ વિચાર કરીને તે શ્લોકના પદની નીચે ત્રણ પદ લખ્યા.—'જો વિવેકી હોય તો તે પાંચ છ દિવસ રહે છે પણ દહીં, દુધ,ગોળમાં આસક્ત જો એક મહિનો રહે તો તે માણસ ગધેડાની જેમ માન વિનાનો થાય છે." તે જમાઈઓ ત્રણ પદો વાંચીને પણ ખાવાના રસની લોલુપતાથી ત્યાંથી જવાને ઇચ્છતા નથી. સસરો પણ વિચાર કરે છે. કેવી રીતે આમને સમજાવવા ? સ્વાદિષ્ટ ભોજનમાં આસક્ત આ ગધેડા જેવા માન વિનાના છે. તે યુક્તિથી કાઢી મૂકવા જોઈએ

પુરોહિત પોતાની સ્ત્રીને પૂછે છે—'આ જમાઈઓને ભોજન માટે શું આપે છે ? તેણી કહે છે. અતિવહાલા જમાઈઓને (સવાર-બપોર સાંજ) ત્રણે વખત દહીં, ઘી, ગોળ મિશ્રિત ભોજન અને પકવાન હંમેશાં આપું છું" પુરોહિત સ્ત્રીને કહે છે—'આજથી માંડીને તારે જમાઈઓને વજ્ર જેવો કઠણ જાડો રોટલો ઘી સહિત આપવો.'

પતિની આજ્ઞા ન ઓળંગી શકાય એમ વિચારીને તેણીએ ભોજન સમયે તેમને જાડો રોટલો ઘી સહિત આપે છે. તે જોઈને પહેલો મણીરામ જમાઈ મિત્રોને કહે છે.—'હવે અહીં રહેવું યોગ્ય નથી. પોતાને ઘેર આના કરતાં પણ સ્વાદિષ્ટ ભોજન છે. તેથી અહીંથી જવું જ શ્રેષ્ઠ છે. સવારે સસરાને કહીને હું જઈશ.' તેઓ કહે છે—'અરે મિત્ર, મફતનું ભોજન ક્યાં હોય ? આ વજ્ર જેવો કઠણ રોટલો સ્વાદિષ્ટ ગણીને ખાવો કારણ કે 'લોકમાં પારકું અન્ન દુર્લભ છે' એ કહેવત તેં શું નથી સાંભળી ? તારી ઇચ્છા હોય તો જા, અમે તો સસરા કહેશે ત્યારે જઈશું. એમ મિત્રોનું વચન સાંભળીને

પ્રભાતે સસરાની આગળ જઈને શીખ અને રજા માંગે છે. સસરો પણ તેને શીખ આપીને ફરી પણ આવજો એમ કહીને થોડેક સુધી મૂકવા જઈને રજા આપે છે. એ પ્રમાણે પહેલો જમાઈ મણીરામ વજ્રકુટ જેવો રોટલો આપીને કાઢી મૂકાયો.

ફરી પણ સ્ત્રીને કહે છે—'હવે આજથી માંડીને જમાઈઓને તલના તેલથી યુક્ત રોટલો આપવો તે ભોજનવેળાએ જમાઈઓને તેલયુક્ત રોટલો આપે છે. તે જોઈને માધવ નામે જમાઈ વિચાર કરે છે ઘરે પણ આ મળે છે તેથી અહીંથી જવું સારું છે મિત્રોને પણ કહે છે—'હું કાલે જઈશ. કારણ કે ભોજનમાં તેલ આવી ગયું ત્યારે તે મિત્રો કહે છે—'આપણી સાસુ વિદુષી છે. જે કારણથી શિયાળામાં તલનું તેલ જ જઠરાગ્નિ પ્રદીપ્ત કરવા માટે સારું છે, ઘી નહિ તેથી તેલ આપે છે. અમે તો અહીં રહીશું.' ત્યારે માધવ નામનો જમાઈ સસરા પાસે જઈને શીખ અને રજા માગે છે. ત્યારે સસરો "જા, જા એમ રજા આપે છે, શીખ આપતો નથી એમ તલના તેલથી માધવ નામે બીજો પણ જમાઈ ગયો.

ત્રીજા ચોથા જમાઈઓ જતા નથી. કેવી રીતે એમને કાઢી મૂકવા એમ વિચાર કરીને ઉપાય મેળવી સસરો સ્ત્રીને પૂછે છે—'આ જમાઈઓ રાતે સુવાને માટે કયારે આવે છે? ત્યારે સ્ત્રી કહે છે—"કયારેક પહોર રાત્રી ગયે આવે છે. કયારેક બે ત્રણ પહોર ગયે આવે છે. પુરોહિત કહે છે'—આજે રાતે બારણું ન ઉઘાડવું. હું જાગીશ.' તે બન્ને જમાઈઓ સંધ્યાએ ગામમાં મઝા કરવા ગયા. જુદી જુદી ક્રીડાઓ કરતા, અને નાટકો જોતાં મધરાતે ઘરને બારણે આવી પહોંચ્યા. બંધ બારણું જોઈને બારણું ઉઘાડવાને મોટેથી બૂમ પાડે છે.—'બારણું ઉઘાડો.' ત્યારે બારણા નજીક પથારીમાં રહેલો પુરોહિત જાગતો કહે છે—'મધરાત સુધી તમે

ક્યાં રહ્યા હતા? હમણાં હું ઉઘાડીશ નહિ. જ્યાં ઉઘાડું બારણું હોય ત્યાં જાઓ.' એમ કહીને મૌન રહ્યા.

ત્યારે તે બન્ને નજીકના ઘોડાના તબેલામાં ગયા ત્યાં પાથરવાના અભાવે અતિ ઠંડીથી પીડાયેલા તે બંને ઘોડાની પીઠ ઢાંકવાના વસ્ત્રને લઈને ભૂમી પર સુતા. ત્યારે વિજયરામ જમાઈએ વિચાર કર્યો—'અહીં અપમાન સહિત રહેવું ઉચિત નથી.' ત્યારે તે મિત્રને કહે છે. 'હે મિત્ર! ક્યાં આપણી સુખ શય્યા અને ક્યાં આ જમીન ઉપર આળોટવાનું? આથી અહીંથી જવું તે સારું છે' તે મિત્ર કહે છે—આવા પ્રકારના દુઃખમાં પણ પારકું અન્ન ક્યાંથી? હું તો અહીં રહીશ. જો તું જવાને ઈચ્છતો હો તો જા.'

ત્યારે તેણે પ્રભાતે પુરોહિત પાસે જઈને શીખ અને રજા માંગી ત્યારે પુરોહિતે 'સારુ" એમ કહ્યું. એમ જમીન ઉપર શય્યા મળવાથી તે ત્રીજો જમાઈ વિજયરામ પણ નીકળી ગયો.

હવે ફક્ત કેશવ જમાઈ ત્યાં રહ્યો. છતો જવાને ઈચ્છતો નથી. પુરોહિત પણ કેશવ જમાઈને કાઢવાને યુક્તિ વિચારીને પોતાના પુત્રના કાનમાં કંઈક કહીને 'જ્યારે કેશવ જમાઈ ભોજન માટે બેઠો અને પુરોહિતનો પુત્ર પાસે ઉભો છે ત્યારે તે આવ્યો છતો પુત્રને પૂછે છે—'પુત્ર! અહીં મેં રૂપીયો મૂક્યો હતો તે કોણે લીધો? તે કહે છે—'હું જાણતો નથી.' પુરોહિત કહે છે—'તેં જ લીધો છે, હે અસત્યવાદી જૂઠાબોલા પાપી નિર્લજ્જ તે મને આપી દે. નહીં તો તને મારીશ' એમ કહીને તે જોડો લઈને મારવા માટે દોડયો પુત્ર પણ મુઠી વાળીને પિતા સામે ગયો. તે બન્નેને લડતા જોઈને કેશવ તેમની વચ્ચે જઈને 'લડો નહિ; લડો, નહિ' એમ કહીને

ઉભો ત્યારે પુરોહિત—હે જમાઈ! ખસી જા ખસી જા એમ કહીને તેને જોડાથી પ્રહાર કરે છે. પુત્ર પણ કેશવ આઘો જા આઘો જા' એમ કહીને મુઠીથી તે કેશવને મારે છે એમ પિતા-પુત્ર કેશવને મારે છે ત્યારે તે તેઓથી ધક્કા મુક્કી વડે મારખાતો જલદી ભાગી ગયો. એ પ્રમાણે ધક્કા મુક્કીથી તે કેશવ, કહ્યા વગર ગયો.

તે દિવસે પુરોહિત રાજાની સભામાં મોડો ગયો. રાજા તેને પૂછે છે—'કેમ તું મોડો આવ્યો છે? તે કહે છે—'લગ્ન મહોત્સવમાં જમાઇઓ પધારેલા તેઓ તો ભોજનના રસમાં લોલુપતાવાળા થયેલા લાંબો વખત રહ્યા છતાં પણ જવાને ઇચ્છતા નથી. તેથી યુક્તિથી સર્વેને કાઢી મૂકયા તે આ પ્રમાણે—'મણીરામ કઠણ વજ્ર જેવા રોટલાથી, માધવ તલના તેલથી, વિજયરામ ભોંયપથારીથી અને ધક્કામુક્કીથી કેશવ' એમ બધી વાત રાજાની આગળ કહી. રાજા પણ તેની બુદ્ધિથી અત્યંત ખુશ થયો. એ પ્રમાણે જે ભવ્ય જીવો કામ ભોગના વિષયમાં લોલુપ બનેલાં પોતે જ વિષયવિકારોને છોડતા નથી, તે આ પ્રકારે દુઃખ ભોગવનારા થાય છે.

**ઉપદેશ—ચાર જમાઈનો પરાભવ સાંભળીને સસરાના ઘેર જ્યાં સુધી સન્માન જળવાય ત્યાં સુધી જ રહેવું જોઈએ.**





# ૧૬ પુત્રો વડે પરાભવ પામેલા પિતાની વાર્તા સોળમી

**જ્યાં સુધી દ્રવ્ય નથી વહેંચ્યું ત્યાં સુધી પુત્રો વશ રહેનારા હોય છે. અને લક્ષ્મી મળ્યે છતે સ્વચ્છંદી અને દુ:ખ આપનારા થાય છે.**

કોઈ નગરમાં એક વૃદ્ધને ચાર પુત્રો છે. તે ડોસાએ દરેક પુત્રોને પરણાવીને, પોતાના ધનના ચાર ભાગ કરીને, પુત્રોને ધન વહેંચી આપ્યું તે ધર્મારાધનમાં તત્પર નિશ્ચિતપણે કાળ પસાર કરે છે સમય જતાં તે પુત્રો સ્ત્રીઓના વૈમનસ્ય ભાવથી જુદા ઘરવાળા થયા. વૃદ્ધને હંમેશાં એક એક ઘેર ભોજનનો વારો બાંધી આપ્યો. પહેલા દિવસે મોટા પુત્રને ત્યાં ભોજન માટે ગયો, બીજે દિવસે બીજા પુત્રને ઘેર એમ ચોથા દિવસે સૌથી નાના પુત્રને ઘેર ગયો. એમ તેનો સુખેથી કાળ જાય છે.

સમય જતાં ડોસા પાસેથી ધન નહિ મેળવતી પુત્રવધૂઓથી તે ડોસો અપમાનિત થાય છે. પુત્રવધૂઓ કહે છે–'હે સસરાજી ? આખો દિવસ ઘરમાં શું રહો છો. શું અમારાં મોંઢાં જોવાને રહો છો ? સ્ત્રીઓ પાસે રહેવું પુરુષોને યોગ્ય નથી. તમને શરમ પણ નથી આવતી ? ઘરમાં

પુત્રોની દુકાને જાઓ.' એમ પુત્રવધૂઓથી અપમાનિત થયેલો તે પુત્રોની દુકાને જાય છે. ત્યારે પુત્રો પણ કહે છે.—'હે ડોસા ! અહીં કેમ આવ્યા. ઘડપણમાં ઘરે રહેવું જ સારું છે. તમારા દાંત પણ પડી ગયા, આંખનું તેજ પણ ગયું, શરીર પણ ધ્રુજે છે અહીં તમારું કાંઈ પ્રયોજન નથી. તેથી ઘરે જાઓ.' એમ પુત્રોથી તિરસ્કાર પામેલો તે ઘેર જાય છે. ત્યાં પુત્રવધૂઓ પણ તેને તિરસ્કારે છે. પુત્રના પુત્રો પણ તે ડોસાની કાછડી કાઢી નાંખે છે. કોઈ વાર મુંછ અને દાઢી પણ ખેંચે છે. એમ પ્રમાણે બધા વિવિધ પ્રકારે ડોસાને હસે છે. પુત્રવધૂઓ પણ ભોજનમાં લુખ્ખો અને કાચો રોટલો આપે છે. એમ પરાભવ પામેલો ડોસો વિચાર કરે છે. "શું કરું ? કેમ જીવન નીભાવીશ ? એમ દુઃખ અનુભવતો તે પોતાના મિત્ર સોની પાસે ગયો. પોતાના પરાભવનું દુઃખ તેને કહે છે. અને દુઃખ મીટાવવાનો ઉપાય પૂછે છે."

સોની બોલે છે—'હે મિત્ર ! પુત્રોનો વિશ્વાસ કરીને બધું ધન આપી દીધું તેથી દુઃખી થયો તેમાં શું આશ્ચર્ય ? પોતાને હાથે કર્મ કર્યું તે પોતે જ ભોગવવાનું હોય' તો પણ મિત્રપણાથી તે આ પ્રમાણે ઉપાય બતાવે છે—તમારે પુત્રોને આ પ્રમાણે કહેવું—'મારા મિત્ર સોનીને ઘેર રૂપીઆ દીનાર અને ઘરેણાથી ભરેલી એક પેટી મેં મૂકી છે. આજ સુધી તમોને કહેલું નહીં. હવે વૃદ્ધાવસ્થાથી હું અશક્ત થઈ ગયો છું. તેથી સારા ધર્મ કાર્યોથી સાતક્ષેત્રોમાં લક્ષ્મીનો સદુપયોગ કરીને પરલોકનું ભાતું એકઠું કરીશ.' એમ કહીને પુત્રો પાસે આ પેટી ઘરે મંગાવી લેવી. પેટીમાં હું સો રૂપીઆ મૂકીશ. તેને વળી મધરાતે (ખખડાવી ખખડાવીને) ફરી ફરી તમારે સો અને હજાર રણકારપૂર્વક ગણવા જેથી પુત્રો માનશે.—'હજુ પણ ઘણું દ્રવ્ય પિતા પાસે છે' ત્યારબાદ ધનની આશાથી તે પહેલાંની માફક જ ભક્તિ કરશે. પુત્રવધૂઓ પણ તેમજ સત્કાર કરશે. તમારે બધાને કહેવું—' આ પેટીમાં બહુ ધન છે. પુત્ર અને પુત્રવધૂઓના

નામ લખીને રાખેલું છે. તે તો મારા મરણ પછી તમારે પોતપોતાના નામ પ્રમાણે ગ્રહણ કરવું.' ધર્મ કરવા માટે પુત્રો પાસેથી ધન લઈને સારો ધર્મ કરવામાં વાપરવું. મારા સો રૂપીઆ પણ તમારે ભૂલવા નહિ, એ અવસરે આપવા. તે ડોસો મિત્રની બુદ્ધિથી તુષ્ટ થયો. ઘેર જઈને પુત્રો પાસે પેટી મંગાવી લઈને રાતે તે સો રૂપીઆને સો–હજાર–દશ હજાર વગેરે ગુણાકાર કરવાથી ફરી ફરી તેને જ ગણે છે. પુત્રો વિચારે છે—પિતાજી પાસે બહુ ધન છે. અને તેથી તેઓ સ્ત્રીઓને પણ કહે છે. તે બધા ડોસાને બહુ સત્કારે છે અને સન્માને છે. પુત્રવધૂઓ પણ તેને અતિ આગ્રહથી 'હું પહેલી' 'હું પહેલી' એમ બોલીને ભોજનને માટે લઈ જાય છે. સ્વાદિષ્ટ સરસ ભોજન આપે છે. તેના વસ્ત્રો પણ હંમેશાં ધૂવે છે. પહેરવા માટે ધોયેલાં વસ્ત્રો આપે છે. એમ વૃદ્ધનો સુખેથી કાળ જાય છે.

એક વાર મરણ સમય નજીક આવે છતે પુત્રોને કહે છે—'મારે ધર્મ કરવાની ઇચ્છા છે, તેથી સાત ક્ષેત્રોમાં કાંઈક પણ ધન આપવા ઇચ્છું છું.' પુત્રો પણ પેટીમાં રહેલા ધનની આશાએ આપે છે. તે વૃદ્ધ જીર્ણ મંદિરમાં ઉપાશ્રય અને સુપાત્ર વગેરેમાં યથાશક્તિ દ્રવ્ય આપે છે. પોતાના પ્રિય મિત્ર સોનીને પણ પોતાના હાથે સો રૂપીઆ પાછા આપે છે. એમ સારા ધર્મ કાર્યોમાં ધનનો વ્યય કરીને મરણ કાળે પુત્ર અને પુત્ર-વધૂઓને બોલાવીને કહ્યું—'આ પેટીમાં બધાના નામ લખીને મેં ધન મૂકયું છે તો તે મારા મરણ કાર્ય કરીને તમારે લેવું' એમ કહીને સમાધિથી તે ડોસો મરણ પામ્યો.

પુત્રો પણ તેની મરણ ક્રિયા કરીને, જ્ઞાતિજનને પણ જમાડીને ઘણા ધનની આશાથી જ્યારે બધા ભેગા મળીને પેટી ખોલે છે ત્યારે તેની અંદર પોતે પોતાના નામ યુક્ત કાગળોથી વીંટેલા પત્થરના ટુકડા અને તે સો રૂપિયા જોઈને અરે ડોસાએ આપણને છેતર્યા

છેતર્યા એમ બોલે છે. ખરેખર પિતાની ભક્તિથી પરાઙ્મુખ આપણને અવિનયનું ફલ મળ્યું છે. એમ તે બધા દુઃખી થયા.

**ઉપદેશ—લક્ષ્મી મેળવી લીધેલ પુત્રો વડે પિતાનો પરાભવ (અપમાન) સાંભળીને તેવી રીતે વર્તવું જોઈએ કે જેથી ઘડપણમાં સુખે રહેવાય.**

# ૧૭ નિર્ભાગી નિર્ધનની કથા સત્તરમી

**આગળ પણ પડેલું ધન ભાગ્યહીન પુરૂષો જોતા નથી. જેમ :—નેત્રવાળો હોવા છતાં આંધળાની જેમ અનુકરણ કરવાથી કુંડલ ગુમાવ્યું.**

કોઈક ગામમાં નિર્ધન નિર્ભાગી કોઈક માણસ હતો. તે કષ્ટથી જીવન ચલાવે છે. એક વાર તે વનમાં ગયો. ત્યાં એક વિદ્યાધર અને વિદ્યાધરી વિમાનમાં બેસીને જાય છે. તે નિર્ધન તે દંપતી વડે દેખાયો. વિદ્યાધરી તે નિર્ધનને જોઈને પોતાના પતિને કહે છે—'હે પ્રિય! આ નિર્ધન જો આપણા દૃષ્ટિ માર્ગમાં આવી ગયો છે, તો આ જરૂર સુખ પામવો જોઈએ.'

વિદ્યાધર કહે છે—'આ નિર્ધન ભાગ્ય વિનાનો છે. દ્રવ્ય આપ્યા છતાં પણ નિર્ભાગ્યપણાથી તે નિર્ધન થશે.' વિદ્યાધરી કહે છે—'હે પતિ તમે કંજૂસ છો તેથી એમ કહો છો.' વિદ્યાધર કહે છે—'હું સાચું કહું છું. હે પ્રિયા, તને વિશ્વાસ ન હોય તો આની પરીક્ષા કરીએ. જે રસ્તે આ જાય છે તેનાથી આગળ કંઈક દૂર રસ્તામાં કરોડ મૂલ્યવાળું આ કુંડલ હું મૂકીશ. જો તે તેને લેશે તો તેનું આ કુંડલ' એમ કહીને તે વિદ્યાધર તે નિર્ધનની નહિ બહુ દૂર નહિ બહુ નજીક એમ તે કુંડલ માર્ગમાં મૂકયું. જતા તેને તે કુંડલ જ્યારે નજીક આવ્યું ત્યારે તે ભાગ્યહીનતાથી આ પ્રમાણે વિચાર કરે છે 'આંધળો કેવી રીતે ચાલે' એમ વિચાર કરીને તે આંધળો થઈને (બન્ને આંખો મીંચીને) માર્ગમાં ત્યાં સુધી ચાલ્યો, જ્યાં સુધીમાં તે કુંડલ પાછળ રહ્યું. તે નિર્ધન સન્મુખ રહેલું પણ કુંડલ નિર્ભાગ્યતાથી ન પામ્યો. અને તે કુંડલ વિદ્યાધરે લઈ લીધું.

એમ ભાગ્યહીન પુરૂષો સન્મુખ રહેલા પણ દ્રવ્યને જોતા નથી.

**ઉપદેશ—નિર્ભાગીની આ કથા સાંભળીને (પોતાનું) હિતઇચ્છવાવાળા માણસોએ હંમેશાં સૌભાગ્યમાં કારણ રૂપ ધર્મમાં ઉદ્યમ કરવો.**



# ૧૮ અમાંગલિક પુરૂષની કથા અઢારમી

**આ પૃથ્વી પર અમંગલ મુખવાળો કોઈ પણ માણસ નથી. વધનો આદેશ પામેલા પુરુષથી રાજા અમંગલ મુખવાળો કરાયો.''**

એક નગરમાં એક અમાંગલિક મુગ્ધ પુરૂષ હતો. તે એવો છે, કે જો કોઈ પ્રભાતમાં તેનું મુખ જુએ તો તે ભોજન પણ મેળવે નહિ. નગરજનો પ્રભાતે કોઈ વાર પણ તેનું મુખ જોતાં નથી. રાજાએ પણ અમાંગલિક પુરૂષની વાત સાંભળી. પરીક્ષા માટે રાજાએ એક વાર પ્રભાતકાળે તેને બોલાવ્યો. તેનું મુખ જોયું.

જ્યારે રાજા ભોજન માટે બેસે છે અને કોળીઓ મુખમાં નાંખે છે ત્યારે આખા નગરમાં ઓચિંતો પર ચક્રના ભયથી કોલાહલ થયો. ત્યારે રાજા પણ ભોજન છોડીને એકદમ ઉઠીને સૈન્ય સહિત નગરમાંથી બહાર નીકળ્યો. ભયનું કારણ નહિ જોઈને ફરી પાછો આવ્યો છતાં રાજા વિચાર કરે છે—'આ અમાંગલિકનું સ્વરૂપ મેં પ્રત્યક્ષ જોયું. તેથી આ હણવા યોગ્ય છે.' એમ વિચાર કરીને અમાંગલિકને બોલાવીને વધ માટે ચંડાલને આપે છે. જ્યારે આ રડતો, પોતાના કર્મને નિંદતો ચંડાલ સાથે જાય છે ત્યારે એક દયાળુ બુદ્ધિમાન વધ માટે લઈ જવાતા તેને જોઈને કારણ જાણીને તેના રક્ષણ માટે કાનમાં કાંઈક કહીને ઉપાય બતાવે છે. હર્ષ પામતો તે જ્યારે વધ સ્તંભે ઊભો રખાયો ત્યારે ચંડાલ તેને પૂછે છે—જીવન વિના તારી કોઈપણ ઇચ્છા હોય તો માગ ? તે કહે છે 'મારે રાજાનું મુખ જોવાની ઇચ્છા છે ?' ત્યારે તે રાજાની પાસે લવાયો. ત્યારે રાજા તેને પૂછે છે—'શું અહીં આવવાનું પ્રયોજન ?'

તે કહે છે—'હે રાજા ! પ્રભાતમાં મારા મુખના દર્શનથી ભોજન મળતું નથી, પરંતું તમારું મુખ જોવાથી મારો વધ થશે, ત્યારે નગરજનો શું કહેશે ? મારા મુખ કરતાં (આપ) શ્રીમંતના મુખદર્શનથી કેવા પ્રકારનું ફલ ઉત્પન્ન થયું, નાગરિકો પણ પ્રભાતે તમારું મુખ કેવી રીતે જોશે.' એમ તેની વચન યુક્તિથી સંતુષ્ટ રાજાએ વધનો આદેશ નિષેધ કરીને અને ઈનામ આપીને તે અમાંગલિકને સંતોષ્યો.

**ઉપદેશ—આ પ્રમાણે બુદ્ધિમાન પુરૂષે અમાંગલિક મુખવાળાનું રક્ષણ કરેલું સાંભળીને તમે તે પ્રમાણે બુદ્ધિથી કાર્ય સાધનારા બનો.**

## ૧૯ બુદ્ધિનું મૂલ્યાંકન દર્શાવવા વિષે કથા ઓગણીસમી

**સર્વ કાર્યોમાં બુદ્ધિનું મૂલ્ય દશ હજારનું છે અને નોકરનું મૂલ્ય એક રૂપીઓ છે. યંત્રાલયનું દૃષ્ટાંત છે.**

એક યંત્રાલયમાં દશ હજાર માણસો કામ કરે છે. એક વાર તે યંત્રાલય એકાએક સંચા નહિ ચાલવાથી બંધ થઈ ગયું. કોઈ પણ રીતે ચાલતું નથી. ત્યારે યંત્રાલયનો સંચાલક યંત્રાલય ચલાવવામાં નિષ્ણાત શિલ્પીને જલ્દી બોલાવે છે. તે આવ્યો. યંત્રાલયને જુએ છે. જોઈને કહે છે—'દશ હજાર રૂપિયા લઈને આ યંત્રાલય ચાલુ કરી આપીશ.' અંગીકાર થયે છતે શિલ્પીએ બુદ્ધિથી જે સ્થળે, જે કારણથી અટકયું હતું તે કારણ જાણીને તે સ્થાનને હથોડાથી પ્રહાર કર્યો. ત્યારે તે યંત્રાલય ચાલવા લાગ્યું. તે શિલ્પીએ દશ હજાર રૂપિયા માગ્યા, ત્યારે તે યંત્રાલયનો માલિક કહે છે. હથોડાનો મારવાનો તો એક જ રૂપિયો હોય, દશ હજાર મને અયોગ્ય લાગે છે. પ્રહાર તો મારો નોકર પણ કરે.'

તે શિલ્પી કહે છે—'સાચું. મેં હથોડાના પ્રહારનો તો એક જ રૂપિયો લીધો છે પરંતુ દશ હજારમાં એક ઓછો તો (અર્થાત્ ૯૯૯૯) હથોડાનો પ્રહાર કયાં કઈ યુક્તિથી આપવો જોઈએ તે બુદ્ધિથી જાણીને લીધો છે. અન્યથા નહિ.'

**ઉપદેશ—આ પ્રમાણે મૂલ્યનું માન જણાવનારું બુદ્ધિ અને કિંકરના કાર્યનું કથાનક સાંભળીને બુદ્ધિથી વિભૂષિત થાઓ.**

卐 卐



# ૨૦ ધર્મ સાંભળવામાં મ્લેચ્છની કથા વીશમી

**સાવધાન માણસને ધર્મ શ્રવણથી આનંદ ઉત્પન્ન થાય છે. પ્રમાદી મ્લેચ્છને હરિકથાનો રસ ખારો લાગે છે.**

કોઈક નગરમાં એક બ્રાહ્મણી હંમેશાં ધર્મ સાંભળવાના સ્વભાવ-વાળી હતી. તે હંમેશાં ભટ્ટ પાસે જઈને પવિત્ર હરિકથાના રસવાળા ધર્મને સાંભળે છે. સાંભળીને માણસો આગળ વખાણ કરે છે—'અહો કેવો હરિ કથારસ, ખરેખર ઘણો જ સ્વાદિષ્ટ અને મનોહર છે' તેણીનું વચન ઘરની બાજુમાં રહેતા એક મોગળ એવા મ્લેચ્છે સાંભળ્યું. બીજે દિવસે તે પણ હરિકથાનો રસ સાંભળવા માટે ભટ્ટ પાસે ગયો. ત્યાં ઘણા માણસો ભટ્ટ પાસે હરિકથારસને સાંભળે છે. તે મ્લેચ્છ પણ એક ખુણામાં બેસી હરિકથારસ સાંભળે છે. ત્યારે તેને આનંદ ન થયો. પ્રમાદથી નિદ્રા પામ્યો. (ઊંઘી ગયો) તે વખતે ત્યાં એક કૂતરો આવી પહોંચ્યો તે, ઊંઘતા એવા તેના ઉઘડી ગયેલ મોઢામાં જાતિ સ્વભાવથી એક પગ ઊંચો કરીને મૂતરીને ભાગ્યો. તે જાગતો છતો વિચાર કરે છે—'તે બ્રાહ્મણીએ કહ્યું હતું—'હરિરસ મધુર અને સ્વાદિષ્ટ છે, આ વળી ખારો કેમ?' ત્યારે તે ઉઠીને બ્રાહ્મણી પાસે જઈને કહે છે—'તું તો હંમેશા કહે છે કે હરિરસ ઘણો સ્વાદિષ્ટ અને મનોહર છે પરંતુ મને હરિરસ ખારો આવ્યો.' તેણીએ તેનું સ્વરૂપ જાણીને કહ્યું—'તું ત્યાં નિદ્રા પામ્યો તેથી તને ખારો રસ આવી ગયો, એ પ્રમાણે પ્રમાદીને ધર્મ પ્રાપ્તિ થતી નથી, આથી અપ્રમત્ત ભાવે ધર્મ સાંભળવો જોઈએ

ઉપદેશ—પ્રમાદી મ્લેચ્છની આ વાત સાંભળીને હે માણસો, તમે સદ્ધર્મ સાંભળવામાં પ્રમાદને છોડી દો.



## ૨૧ આર્ય બાલકની કથા એકવીસમી

**સજ્જન જીવિતના નાશમાં પણ પોતાનો સ્વભાવ છોડતો નથી. આર્ય બાળક અને વીંછીનું દૃષ્ટાંત અહીં કહેવાય છે.**

એક આર્ય બાળક ફરતો નદી કિનારે ગયો. ત્યાં નદીના પાણીમાં પડેલા વીંછીને મરતો જોઈને તેના હૃદયમાં દયા ઉત્પન્ન થઈ કારણ કે બાળપણમાં પણ મા પાસેથી તે આર્યબાળક અહિંસાના સૂત્રો ભણેલો હતો. જેમકે હે પુત્ર ! તું જીવહિંસાથી અટક. હે પુત્ર ! જુઠું બોલવાથી તું અટક, ઇત્યાદિ, તેથી અત્યંત દયાળુ એવો તે પાણીમાં પડેલા વીંછીને કાઢવા માટે હાથથી પકડે છે. ત્યારે તે જાતિ સ્વભાવથી તેને ડંખીને પાણીમાં પડયો. બીજીવાર પણ તેને પાણીમાંથી કાઢવાનો યત્ન કરે છે ત્યારે પણ તે બાળકને ડંખ્યો. તે બાળક દુઃખને નહિ ગણતો ત્રીજીવાર પણ તેને કાઢવા ઉદ્યમ કરે છે, ત્યારે પણ ડંખાયો તો પણ ચોથીવાર જલ્દી તેને પાણીમાંથી બહાર કાઢે છે.

તે વખતે ત્યાં એક ધોબી વસ્ત્રો ધોતો હતો. તે તેને તેવા પ્રકારનો જોઈને કહે છે—'હે મૂર્ખ ? જગતમાં તારા જેવા કેટલા માણસો હશે ! જે કારણથી આવા નાના અને ઝેરી જંતુને બચાવવા માટે તું ઉદ્યમ કરે છે, આર્ય બાળક કહે છે—'તું મને મૂર્ખ કહે છે, પરંતુ વાસ્તવિક હું મૂર્ખ નથી. કારણ કે ક્ષુદ્ર પણ વીંછી મરણાંતે પણ પોતાનો જાતિ સ્વભાવ છોડતો નથી, ત્યારે હું મનુષ્ય થઈને પણ બીજાના દુઃખનો

નાશ કરવાવાળા મારા ઉત્તમ સ્વભાવને કેમ છોડી દઉં ? એ પ્રમાણે ઉત્તમ પુરૂષો મરણાંતે પણ પોતાનો ઉત્તમ સ્વભાવ છોડતા નથી.

**ઉપદેશ—પારકાના દુઃખનો નાશ કરવામાં આર્ય બાલકનું દૃષ્ટાંત સાંભળીને તમે પણ તેવા આર્ય સ્વભાવવાળા થાઓ.**



## ૨૨ સડેલા ધાન્યના દાન ઉપર દાન આપવાના સ્વભાવ-વાળા શેઠની કથા બાવીશમી

**જેવું દાન અપાય, તેવું ફલ મપાય છે. સડેલું અન્ન આપવામાં અહીં શેઠનું દૃષ્ટાંત છે.**

કોઈક નગરમાં એક દાનના સ્વભાવવાળો શેઠ હતો તે હંમેશાં વિવેક-રહિતપણાથી દાનમાં ગરીબોને સડેલા અને કોહી ગયેલા જવ આપે છે. માણસો જાણતા છતાં પણ શેઠને પ્રત્યક્ષ કહેતા નથી. ક્યારેક શેઠે પોતાનો પુત્ર પરણાવ્યો. ઘેર પુત્રવધુ આવી ગઈ. તેણી સસરાનું આવું દાન જોઈ વિચાર કરે છે—'મારા સસરા ઉદાર અને દાની પણ છે. પરંતુ પરમાર્થ વિચારણાની શૂન્યતાથી સડેલું અને કોહી ગયેલું ધાન્ય ગરીબોને આપે છે, તે તો અયોગ્ય છે. કોઈ પણ રીતે સમજાવવા જોઈએ.

એકવાર તેણીએ તે સડેલું જવનું ધાન્યને દળીને, લોટ કરીને, રસોઈઆને રોટલો કરવા માટે આપ્યું. અને કહ્યું—'જ્યારે સસરા જમવા માટે આવે ત્યારે તેમને તમારે આ જવના ધાન્યમાંથી બનાવેલો રોટલો આપવો. જો પૂછે તો મારૂ નામ કહેવું.'

રસોઈઓ પણ જ્યારે શેઠ જમવા માટે બેઠા ત્યારે તેજ રોટલો પીરસે છે. શેઠ થાળીમાં તેને જોઈ રસોઈઆને પૂછે છે—'શા માટે આજે મને આવો તુચ્છ કસ વગરનો રોટલો આપ્યો ?' તે કહે છે—'હું જાણતો નથી. તમારી પુત્રવધૂ જાણે છે.' શેઠે તેને બોલાવી. અને પૂછ્યું—'કેમ આ આપ્યું ?' તે કહે છે—'હે સસરાજી ? જેવું દાન દેવાય છે, તેવું

જ ભવાંતરમાં મેળવાય છે. જેથી તમે પણ સડેલું તુચ્છ જવનું ધાન્ય આપો છો, તેથી ભવાંતરે તે જ મેળવશો. તેથી હમણાં આ નીરસ તુચ્છ સડેલા જવના ધાન્યનો અભ્યાસ નહિ કરશો તો પરલોકમાં ગયેલા તમને આવું અનાજ કેવી રીતે ગમશે. માટે મારાથી અપાયું છે.

એ પ્રમાણે શ્રેષ્ઠિવર પુત્રવધૂનું હિતકર રહસ્યયુક્ત સારું વચન સાંભળી ચિત્તમાં આશ્ચર્ય પામેલો પુત્રવધૂની પ્રશંસા કરીને તે દિવસથી માંડી દાનમાં ગરીબોને વધારે સારું ધાન્ય આપે છે.

**ઉપદેશ—દાનસ્વભાવવાળા શેઠનું આ ચરિત્ર સાભળીને તમે તેવું દાન આપો જેથી પરલોકમાં સુખ થાય.**

# ૨૩

## કૃપણ શેઠની વાર્તા તેવીશમી

**કેટલાક કંજુસ ધનવાનો દ્રવ્ય કદાપિ આપતા નથી, પરંતુ ગાલિપ્રદાન કરે છે જેમ શ્રેષ્ઠિના પુત્રનું (શેઠ ગાળ આપે છે) દૃષ્ટાન્ત.**

કોઈક નગરમાં એક શ્રેષ્ઠિપુત્ર રહે છે. ભવિતવ્યતાના યોગે તે અત્યંત નિર્ધન બન્યો. ઉત્તમકુલમાં ઉત્પન્ન થવાથી કોઈની પણ પાસે કાંઈ પણ માગતો નથી. તેથી તેના પુત્રો પણ પૂરું ભોજન નહિ મળવાથી દુઃખી થાય છે. ત્યારે પુત્રોના દુઃખથી દુઃખી થયેલી સ્ત્રી કહે છે—'હે સ્વામી, આ પુત્રો ભોજનના અભાવે મરી જશે, તમને પુત્રોનું દુઃખ જોઈને શું દયા નથી આવતી ? આથી પુત્રોની ઉપર અનુકંપા કરીને કોઈની પણ પાસે જઈને, કાંઈ પણ લઈ આવી પુત્રોને પાળો. અન્યથા તેઓ મરી જશે. તેઓની હત્યાથી ઉત્પન્ન થયેલું પાપ પણ તમને લાગશે.' તે સ્ત્રીને કહે છે—'આજ સુધી મેં કોઈની પાસે માગ્યું નથી, હવે હું ક્યાં જાઉં ? કોને પ્રાર્થના કરું ? સ્ત્રી કહે છે 'તમારા પિતાના મિત્રશેઠને ઘરે જાઓ તે જરૂર કાંઈ પણ આપશે.' સ્ત્રીના અત્યંત આગ્રહથી તે પોતાના પિતાના મિત્રશેઠને ઘેર ગયો. ત્યારે તે શેઠ આસન ઉપર બેસીને આવક જાવકનું નામુ લખતા હતા. તેને નમીને આગળ તે બેઠો. 'આ ધન હીન થઈ ગયો છે, તેથી કાંઈ પણ માંગવાને આવ્યો છે એટલે મૌન જ શ્રેય છે, એમ વિચાર કરીને શેઠ લખવામાં તલ્લીન રહે છે. તેની સાથે

તો વાર્તાલાપ પણ કરતા નથી. શ્રેષ્ઠિ વિચાર કરે છે—'હમણાં આ કામમાં રોકાયેલ છે. કામ સમાપ્ત થયે મને પૂછશે.' એમ વિચાર કરીને ત્યાં જ બેસી રહે છે. એ પ્રમાણે અર્ધો પહોર ગયે છતે શેઠે વિચાર કર્યો —'આ જશે નહિ. કયો ઉપાય કરું.' ઉત્પન્ન થયેલી બુદ્ધિવાળો આસન ઉપર માથાથી પગ સુધી પોતાને વસ્ત્રથી ઢાંકીને સૂઈ રહ્યો. ત્યારે તે શ્રેષ્ઠિપુત્ર વિચારે છે—'આ અત્યંત થાકેલા છે, તે કારણથી સૂઈ ગયા તેથી હું એમની પગચંપી કરું.' તેથી તે શેઠની પગચંપી કરે છે શેઠે ત્યારે જાણ્યું—'મારો નોકર ચંપી કરે છે. ત્યારે નોકરને ઉદ્દેશીને શેઠ પૂછે છે—'એ બલા શું ગઈ? તે સાંભળીને શ્રેષ્ઠિપુત્ર વિચાર કરે છે.—'આ કાંઈ પણ પૂછતા નથી, ધન પણ આપતા નથી, પણ ગાળ આપે છે. તેથી એમને પ્રત્યુત્તર પણ સારો આપવો જોઈએ, એમ વિચાર કરીને શ્રેષ્ઠિપુત્ર કહે છે—'એ બલા ગઈ નથી, કિંતુ તમારે ગળે વળગી છે. લીધા વિના નહિ જાય, એમ સાંભળી જલ્દી શેઠ બેઠા થયા છતાં પોતાના નોકરના અધિપતિ (મુનિમ)ને કહે છે,—'કાંઈપણ આપીને બહાર કાઢ બહાર કાઢ.

ત્યારે નોકરોનો ઉપરી શ્રેષ્ઠિપુત્રને એક રૂપિયો આપીને કાઢી મૂકે છે. તે શ્રેષ્ઠિપુત્ર ઘરે જઈને પોતાની સ્ત્રીને કહે છે,—'સુખમાં સહાય કરનારા માણસો ઘણા હોય છે, દુઃખમાં વિરલા જ હોય છે. તેથી મેં આ શ્રેષ્ઠિવર્ય પાસેથી અપમાન સહન કરવા વડે (એક) રૂપિયો મેળવ્યો છે.

**ઉપદેશ—સદ્ભાવથી રહિત કંજુસ શેઠનું ઉદાહરણ જાણીને 'અનાથ અને ગરીબો ઉપર સર્વદા દયા કરવી.'**

# ૨૪ શિલ્પ કળાની વૃદ્ધિમાં શિલ્પી-પુત્રની કથા ચોવીસમી

**પિતાએ શીખવેલો પુત્ર કળા રૂપી સમુદ્રને પાર પામે છે. જો પ્રશંસા કરાયો હોય તો પાર પામતો નથી, જેમ શિલ્પિનો પુત્ર.**

અવંતીપુરીમાં ઈંદ્રદત્ત નામે શ્રેષ્ઠ શિલ્પી હતો. તે શિલ્પકળાથી સર્વ જગતમાં પ્રસિદ્ધ થયો. એના જેવો બીજો કોઈ પણ શિલ્પી નથી. એને સોમદત્ત નામે પુત્ર હતો. તે પિતા પાસે શિલ્પકળા શીખતો ક્રમે કરીને પિતાથી પણ ઘણો શિલ્પકળા કુશલ થયો. સોમદત્ત જેટલી પ્રતિમાઓ બનાવે તેમાં તેમાં પિતા કાંઈ ને કાંઈ ભૂલ બતાવે છે. કયારે પણ વખાણ કરતા નથી. તેથી તે સૂક્ષ્મ દૃષ્ટિથી સૂક્ષ્મ સૂક્ષ્મ શિલ્પક્રિયા કરીને પિતાને બતાવે છે. પિતા તેમાં પણ કાંઈક સ્ખલના દેખાડે છે. 'તેં ઘણું સુંદર શિલ્પ કર્યું' એમ કદાપિ તેની પ્રશંસા કરતા નથી. પિતા પ્રશંસા નહિ કરતે છતે તે વિચાર કરે છે—'મારા પિતા મારી કલાની કેમ પ્રશંસા કરતા નથી ? તેથી તેવો ઉપાય કરું કે જેથી પિતા મારી કલાને વખાણે.

એક વાર તેના પિતા કામ પ્રસંગે ગ્રામાંતર (બીજે ગામ) ગયા ત્યારે તે સોમદત્ત શ્રી ગણેશની અતિસુંદર પ્રતિમા કરીને તેની હેઠે ગુપ્ત પોતાના નામથી અંકિત કરીને તે મૂર્તિ પોતાના મિત્ર દ્વારા જમીનની અંદર મૂકાવે છે. કાળાંતરે ગ્રામાંતરથી પિતા આવી પહોંચ્યા. એક વખત તેનો મિત્ર માણસોની આગળ આ પ્રમાણે કહે છે—'આજે મને સ્વપ્ન આવી ગયું છે, તેથી અમુક ભૂમિમાં પ્રભાવશાલી ગણેશની પ્રતિમા છે.' ત્યારે લોકોએ તે પૃથ્વી ખોદી. તે પૃથ્વીમાંથી અત્યંત સુંદર

અનુપમ ગણેશની મૂર્તિ નીકળી. તે જોવા માટે ઘણા લોકો આવી પહોંચ્યા અને તે પ્રતિમાની શિલ્પકળાને અત્યંત પ્રશંસે છે ત્યારે તે ઈંદ્રદત્ત પણ પુત્ર સહિત ત્યાં આવી પહોંચ્યો. તે ગણેશની પ્રતિમા જોઈને પુત્રને કહે છે—'હે પુત્ર ! આજ શિલ્પકળા કહેવાય. કેવી પ્રતિમા બનાવી છે. આનો બનાવનાર ખરેખર ધન્યતમ અને વખાણવા લાયક છે. જો, ક્યાંય પણ જરા પણ ભૂલ છે ? જો તું આવી પ્રતિમા બનાવે ત્યારે તારી શિલ્પકળાની પ્રશંસા કરૂં અન્યથા નહિ.'

પુત્ર પણ કહે છે—'હે પિતા ! આ ગણેશની પ્રતિમા મેંજ કરી છે એની હેઠે ગુપ્ત નામ પણ મેં લખેલું છે.' પિતા પણ લખેલું નામ વાંચી ખિન્નહૃદયવાળો પુત્રને કહે છે—'હે પુત્ર ! આજથી તું આવી શિલ્પકળા યુક્ત સુંદરતમ પ્રતિમા કરવાને ક્યારે પણ શક્તિમાન બનીશ નહિ, જ્યારે હું તારી શિલ્પકળામાં ભૂલ બતાવતો ત્યારે તું પણ વધારે સુંદર કામ કરવામાં તલ્લીન ઝીણું ઝીણું શિલ્પ કરતો હતો. તેથી તારી શિલ્પકળા પણ વધતી હતી.

હવે 'મારા સરખો બીજો નથી' એમ મંદ ઉત્સાહથી તારામાં આવી શિલ્પકલા સંભવશે નહિ. આ પ્રમાણે તે રહસ્ય યુક્ત પિતાનું વચન સાંભળી પગમાં પડીને પિતા તરફથી પ્રશંસા કરાવવા સ્વરૂપ પોતાનો અપરાધ ખમાવે છે, પરંતુ તે સોમદત્ત ત્યારથી માંડીને તેવી શિલ્પકળા કરવાને અસમર્થ બન્યો.

**ઉપદેશ—ગુણના સમુહને આપવાવાળું શિલ્પીના પુત્રનું દૃષ્ટાંત જાણીને, પૂજ્ય પુરૂષોના વચનને સાંભળીને વિપરીત વિચારો નહિ.**



# ૨૫ પરિણામે સુખ આપનાર કાર્યમાં ધનિક પુત્રની કથા પચીશમી

**તાત્કાલિક દુઃખનો હેતુ હોય પણ પરિણામે સુખ તે શુભ છે પણ અજ્ઞાનથી માનવ દુઃખ માને છે. અહીં શેઠના પુત્રનું દૃષ્ટાંત.**

એક ધનવાનનો પુત્ર કાંઈક વ્યાપાર માટે બીજા દ્વિપમાં જવાને બંદર તરફ ચાલ્યો. માર્ગે જતાં પગ લપસી જવાથી પડયો, તેથી અત્યંત પીડા ઉત્પન્ન થઈ, ત્યારે પાછા વળીને કષ્ટપૂર્વક ઘેર આવી પહોંચ્યો છતો વિચાર કરે છે—'અરે શું બન્યું ? જો બીજા દ્વિપમાં જઈશ નહિ તો મને મોટું નુકસાન થશે. હમણાં મારું નસીબ અવળું છે. શું કરું ? એમ વિચારતો દુઃખે દિવસો પસાર કરે છે.

એકવાર તેણે સાંભળ્યું—'તે વહાણ પાણીમાં ડુબી ગયું છે, જેમાં બેસીને બીજા દ્વિપમાં હું જનાર હતો.' ત્યારે તેને બહુ આનંદ ઉત્પન્ન થયો, જેથી હું પગ લપસી પડવાથી ત્યારે પડયો તે સારું થયું. નહિતર હું તે વહાણમાં ગયો હોત તો મારી પણ કેવી અવસ્થા થાત. હું પણ પાણીમાં ડુબી ગયો હોત.

એ પ્રમાણે તેને પહેલું દુઃખ પણ પાછળથી સુખ ઉત્પન્ન કરનારું થયું.

**ઉપદેશ—પરિણામે સુખ આપનાર ધનવાનના પુત્રનું દૃષ્ટાંત જાણીને પ્રાપ્ત થયેલા સમયમાં. (ઉદય-કાલમાં) સમભાવથી રહેવું.**

卐 卐



# ૨૬ ગતાનુગતિક ઉપર મદનની મૃત્યુકાણની કથા છવ્વીશમી

**(પાછળ પાછળ ચાલનારો) ગતાનુગતિક લોક પરમાર્થનો વિચાર કરતો નથી. કારણ કે મદનના મરણની કાણમાં બધા લોકો આવી પહોંચ્યા.**

કોઈક નગરમાં કુંભારની સ્ત્રી સાથે રાજાની રાણીને બેનપણાં હતાં. કુંભારની સ્ત્રીને એક ગધેડી અત્યંત વહાલી હતી. એ ગધેડીને પુત્ર જન્મે છે. પરંતુ તે જન્મતાં જ મરી જાય છે. તેથી કુંભારની સ્ત્રી હંમેશાં ઝૂરે છે. એક વાર તે ગધેડીને પુત્ર જન્મ્યો તે અત્યંત સુંદર રૂપવાળો છે. તેણીને તેના ઉપર ઘણો સ્નેહ છે. તેથી તેનું નામ મદન એવું પાડ્યું, મદનને તેણી સારી રીતે પાલન કરે છે. એક વર્ષ થયે છતે તે મદન પણ મરણ પામ્યો. ત્યારે તે કુંભારણ બહુ જ રડે છે. તે રડતે છતે તેનો પરિવાર પણ રડે છે. તે સમયે રાજાની સ્ત્રી કાંઈ કારણ માટે કુંભારણને ઘેર દાસીને મોકલે છે. તે દાસી ત્યાં આવી. સપરિવાર કુંભારણને રડતી જોઈને વિચાર કરે છે,—'નક્કી આને ઘેર કોઈ પણ મરણ પામ્યું છે તેથી બધા રડે છે.' તે વખતે દાસી જલદી ત્યાંથી નીકળી રાણીને કહે છે—'તેણીને ઘેર કોઈ મરણ પામ્યું છે.' તે સાંભળીને દાસી સહિત રાણી કુંભારણને ઘેર જઈને રડતી તેણીની નજીક બેસીને તે રડવા લાગી. રાજા પણ ત્યાં પટરાણીનું જવું સાંભળીને તે પ્રધાન સહિત ત્યાં ગયો. પછી સેનાપતિ, કોટવાલ, નગર શેઠ છેક નગરના માણસો પણ જઈને રડવા લાગ્યા. કોણ 'અહીં મરણ પામ્યું' એમ પૂછતા નથી, બધાં રડતાં હોય છે— તેટલામાં ત્યાં એક વિદેશી આવ્યો તે બીજા નાગરિકને પૂછે છે—'કોણ અહીં મરી ગયું' તે કહે છે—'હું મિત્રની પાછળ આવ્યો, તેથી મારો મિત્ર જાણે છે.' તે મિત્રને પૂછે છે.

તે બીજાને બતાવે છે. એમ ક્રમે કરીને એક નાગરિકે કહ્યું—'નગર શેઠની પાછળ હું આવ્યો.' નગર શેઠ કોટવાલને, કોટવાલ સેનાપતિને, સેનાપતિ પ્રધાનને બતાવે છે. પ્રધાન પણ કહે—'રાજાની પાછળ હું આવ્યો, પ્રધાન રાજાને પૂછે છે—'અહીં કોણ મરણ પામ્યું ?' રાજા કહે છે. હું જાણતો નથી કારણ કે હું પટરાણીની પાછળ આવ્યો. રાજા પટરાણીને પૂછે છે અહીં કોણ મરણ પામ્યું ?' તેણી કહે છે. 'હું જાણતી નથી. પરંતુ દાસી જાણે છે.' ત્યારે રાણી દાસીને પૂછે છે—'કોણ અહીં મરણ પામ્યું ? દાસી કહે હું જાણતી નથી, પરંતુ તમારી સખી કુંભારણને રોતી જોઈને મેં કહ્યું—'તમારી સખીને ઘેર કોઈક મરી ગયું.' ત્યારે પટરાણી પોતાની કુંભારણ સખીને પૂછે છે—'કોણ તારે ઘેર આજે મરી ગયું ?' તેણી કહે છે.—'આજે મારી ગધેડીનો પુત્ર મદન નામનો બાલ ગધેડો મરી ગયો એ મને બહુ વહાલો હતો. તેથી હું રડું છું.' આ પ્રમાણે મદનના મરણની મોકાણમાં પરમાર્થ નહિ જાણીને ગતાનુગતિક બધા આવ્યા છતાં હસવા લાયક થયા.

તેથી લોકોત્તમ ધર્મમાં સદ્ ધર્મને સારી રીતે જાણીને પ્રવર્તવું પરંતુ ગતાનુગતિકપણાથી નહીં.

**ઉપદેશ—ગધેડાના મરણની મોકાણમાં મોહ ગર્ભિત પ્રવૃત્તિ જોઈને 'કોઈ પણ કામ સારી રીતે પરીક્ષા કરીને સાધવું જોઈએ.'**



## ૨૭ ધર્મોપદેશ સાંભળવામાં ત્રણ પુતળીની કથા સત્તાવીશમી

**સદ્ધર્મને સાંભળવામાં યોગ્ય શ્રોતાઓ ત્રણ પ્રકારના કહ્યા છે. અહિયાં ત્રણ પુતળીઓનું દૃષ્ટાંત કહેવાય છે.**

ભોજ રાજાની સભામાં એક વાર કોઈક વિદેશી આવી પહોંચ્યો, ત્યારે તે સભામાં કાલીદાસ વગેરે અનેક વિદ્વાનો હતા. તે વિદેશી (મુસાફર) રાજાને પ્રણામ કરીને કહે છે—'હે ભોજરાજા ! અનેક વિદ્‌-દ્વર્યોથી અલંકૃત સભા જાણીને ત્રણ પુતળીઓનું મૂલ્ય કરાવવાને તમારી પાસે હું આવ્યો છું.'

એમ કહીને તે સરખી ઉંચાઈવાળી, વર્ણવાળી, અને રૂપાળી ત્રણ પુતળીઓ રાજાના હાથમાં આપીને કહે છે—'જો આપ શ્રીમંતના વિદ્‌દ્વર્યો આના ઉચિત મૂલ્ય કરશે તો આજ સુધીમાં બીજા રાજાઓની સભાઓમાં જીતવાથી મેળવેલા જે વિજયના ચિહ્નથી અંકિત લાખ ચંદ્રકો છે તે મારે આપવા, નહિ તો હું વિજય ચિહ્નની નિશાનીવાળો એક સોનાનો ચંદ્રક તમારી પાસેથી ગ્રહણ કરીશ.' રાજાએ તે પુતળીઓ મૂલ્ય કરવા માટે પંડિતોને આપી. કોઈક વિદ્વાન કહે છે 'પુતળીમાં રહેલા સુવર્ણની પરીક્ષા હે મણીકારો ? તમે કસોટી વડે કરો, અને ત્રાજવામાં ચઢાવીને કીંમત આંકો. ત્યારે તે વિદેશી (મુસાફર) જરા હસીને કહે છે—'આ પ્રકારે કીંમત આંકનારા જગતમાં ઘણાં છે. આનું સાચું મૂલ્ય જે હોય તે જાણવા માટે ભોજરાજાની સભામાં હું આવી પહોંચ્યો છું.

એમ સાંભળીને પંડિતો એ પુતળીઓ હાથમાં લઈ સારી રીતે તપાસે છે પરંતુ ત્રણ પુતળીઓનું રહસ્ય જાણવાને શક્તિમાન થતા નથી. ત્યારે ક્રોધ પામેલો રાજા બોલે છે—'આ મોટી સભામાં કોઈપણ આનું મૂલ્ય કરવા સમર્થ નથી ? ધિક્કાર છે તમને' ત્યારે કાલીદાસ કહે છે—'ત્રણ દિવસમાં જરૂર કીંમત કહીશ. એમ કહીને તે પુતળીઓને લઈને ઘેર ગયો. વારંવાર જોઈને વિચાર કરે છે. સૂક્ષ્મદૃષ્ટિથી તેને નીરખે છે ત્યારે તે પુતળીઓના કાનમાં છિદ્રો જુએ છે. જોઈને તે કાણામાં પાતળી સળી નાંખે છે. એમ બધી પુતળીમાં સળીઓ નાંખીને તપાસીને તેની કીંમત આંકે છે. ત્રણ દિવસને અંતે રાજાની સભામાં જઈને રાજાની આગળ તેઓને ક્રમસર રાખીને તેણે કહ્યું—'પ્રથમ પુતલીનું મૂલ્ય એક કોડી માત્ર છે. બીજીનું એક રૂપીઆ જેટલું અને ત્રીજીનું મૂલ્ય એક લાખ રૂપીયા છે.'

તે કીંમત સાંભળીને બધી સભા આશ્ચર્ય મગ્ન થઈ. વિદેશીએ કહ્યું—'આણે સાચી કીંમત કહી છે. મને પણ તેજ માન્ય છે.' રાજાએ કાળીદાસને પૂછ્યું—તમે સરખા પ્રમાણ, વર્ણ અને રૂપવાળી આ પુતળીઓનું કેવી રીતે જુદું જુદું મૂલ્ય કર્યું ?' કાલીદાસ કહે છે–"હે રાજા ! મેં પહેલી પુતળીનું મૂલ્ય કોડી માત્ર કર્યું કારણ કે એના કાનના પોલાણમાં સળી નાંખી તે બીજા કાનમાં બહાર નીકળી તેથી તે એમ ઉપદેશ આપે છે કે 'જગતમાં ધર્મ સાંભળનારા શ્રોતા ત્રણ પ્રકારના કહ્યા છે. પહેલો સાંભળનાર આવો હોય છે, જે આત્મહિતકર વચન સાંભળે છે, સાંભળીને બીજા કાનમાંથી બહાર કાઢી નાંખે છે. પણ તે અનુસાર વર્તતો નથી. તે સાંભળનારો શ્રોતા પહેલી પુતળી જેવો જાણવો. તેનું કંઈ પણ મૂલ્ય નથી. એથી મેં પહેલા શ્રોતાની જેવી પહેલી પુતળીનું મૂલ્ય કોડી માત્ર કર્યું. બીજી પુતલીના કાનમાં નાંખેલી સળી મુખમાંથી બહાર નીકળી. તે એમ કહે છે—'જગતમાં કેટલાક શ્રોતાઓ આવા હોય છે જે આત્મહિતકર વચન સાંભળે છે અને

બીજાને ઉપદેશ આપે છે પરંતુ પોતે ધર્મકૃત્યમાં પ્રવર્તતા નથી. આવા શ્રોતાઓ બીજી પુતળી જેવા જાણવા તેથી બીજી પુતળીનું મૂલ્ય મેં એક રૂપિયો કર્યું.

ત્રીજી પુતળીના કાનમાં નાંખેલી સળી બહાર ન નીકળી પરંતુ હૃદયમાં ઉતરી ગઈ. તે એમ ઉપદેશે છે—'કેટલાક ભવ્ય જીવો મારા સરખા હોય છે જે વળી પરલોક હિતકર વચનને સાવધાનપણે સારી રીતે સાંભળે છે, ધર્મકાર્યમાં યથાશક્તિ વર્તે છે. આવા શ્રોતાઓ ત્રીજી પુતળી સમાન જાણવા તેથી મેં ત્રીજી પુતળીનું મૂલ્ય લાખ રૂપિયા છે એમ જણાવ્યું.' આ પ્રમાણે કાલીદાસનું વચન સાંભળી ભોજરાજા અને બીજા પણ પંડિતો સંતુષ્ટ થયા. તે વિદેશી પરાજિત થયો છતો તે લાખ ચંદ્રક રાજા આગળ મૂકે છે. રાજા તે બધા કાલીદાસને આપે છે.

**ઉપદેશ—સાચું જ્ઞાન આપનાર ત્રણ પુતળીનું ઉદાહરણ જાણીને ધર્મ સાંભળવાનાં કામમાં હૃદયથી વર્તો.**





## ૨૮ સરખા અપરાધી ચોરોની શિક્ષા ઉપર કુમાર મંત્રીની કથા અઠ્ઠાવીશમી

**જેવો મનુષ્ય હોય તેવા પ્રકારની તેને શિક્ષા થાય છે. સરખા ગુન્હેગાર ચોરોને વિષે અહીં કુમાર મંત્રીનું દૃષ્ટાંત છે**

**પાટલીપુત્ર** નગરમાં **જીતશત્રુ** રાજાને કુમાર નામનો ચાર બુદ્ધિનો ભંડાર પ્રધાન હતો. તે જેવા અપરાધીઓ આવે છે તેઓને તપાસ કરીને તેવો દંડ કરે છે.

એકવાર કોટવાલે ચાર ચોર કુમાર મંત્રી પાસે હાજર કર્યા. કુમાર મંત્રીએ તેઓની બુદ્ધિથી પરીક્ષા કરીને દંડ આપ્યો. જેમ કે પહેલા ચોરને કહ્યું—'તું સરલ થઈને પણ આવું અકાર્ય કરે છે તે શું યોગ્ય છે. શું તને એ શોભે છે? તું જા, હવે આવું કોઈ દિવસ કરવું નહિ.' આમ કહીને તેને છોડી મૂકાયો.

બીજા ચોરને બોલાવીને મંત્રીએ અપમાન સહિત કઠોર અક્ષરપૂર્વક કહ્યું "હે મૂર્ખ શિરોમણી ! સારા કુળમાં ઉત્પન્ન થઈને પણ તેં આવું કામ કર્યું. શું તને શરમ પણ ન આવી ? તું જા. મોંઢાને કાળજાથી (શાહીથી) લીંપ ફરી મોંઢું બતાવીશ નહિ." તેને પણ રજા આપી.

ત્રીજા ચોરને બોલાવીને લાત મારીને "તારા કરતાં પત્થર પણ સારો" એમ તિરસ્કારપૂર્વક કહી ગરદન પકડીને બહાર કાઢયો.

ચોથાને તો અવળું મુખ કરીને, ગધેડા ઉપર બેસાડીને આખા નગરમાં ભમાડવાનો હુકમ કર્યો. એક ગુન્હાનો જુદો જુદો દંડ મંત્રીએ એઓને કેમ આપ્યો એમ આશ્ચર્યમુગ્ધ બધા સભાજનો થયા. તેઓના

હૃદયમાં રહેલા ભાવ જાણીને ચાર ચોરોનું શું થયું, એ જોવાને માટે રાજાએ ચરપુરૂષને મોકલ્યો. એક પહોર ગયે તે ચરપુરૂષ આવ્યો છતો રાજાને કહે છે. "હે મહારાજ! પહેલો કોમળ વચનથી ઠપકો દેવાયો છતો, ઘેર જઈને, થોડો પણ ઠપકો નહિ સહન કરતો દાંત વડે જીભ કચડીને મરણ પામ્યો. બીજો કઠોર (અક્ષર વડે) શબ્દોથી તિરસ્કાર કરાયેલો તે 'હું કદાપી મુખ બતાવીશ નહિ.' એમ કહીને પરદેશ ગયો.

ત્રીજો જે સભાની વચ્ચે શિક્ષા કરાયો હતો તે ઘરમાંથી બહાર જવાને ઈચ્છતો નથી. ચોથો વળી જેને ગધેડા ઉપર બેસાડીને નગરમાં ભમાડવાનો આદેશ કરાયો હતો, તે તો ગધેડા ઉપર અવળા મુખે બેસાડાયેલો નગરમાં ભમાડાતો, જુદા જુદા અપમાનજનક વચનોથી નગરજનો વડે નિંદાતો શરમ વિનાનો, પોતાના ઘર નજીક આવ્યો છતો તે કુતુહલ જોવાને આવેલી પોતાની સ્ત્રીને કહે છે—'હમણાં હું બાકી રહેલી બે શેરીઓ ભમીને જલ્દી આવીશ. તો તું જલદી પાણી ગરમ કરી રાખજે,' એમ જાસુસે કહેલા વૃત્તાંતને સાંભળીને બધા કુમાર મંત્રીની બુદ્ધિની પ્રશંસા કરવા લાગ્યા.

**ઉપદેશ—ચાર ચોરના સદ્‌ભાવ અને અસદ્‌ભાવ જોઈને તમે કુમાર મંત્રીની જેમ તેવા પ્રકારની પરીક્ષા કરનારા થાઓ.**

## ૨૯

## તરવાના અભ્યાસમાં શેઠ અને નાવિકની કથા
## ઓગણત્રીસમી

**સારું જ્ઞાન હોય, સારી લક્ષ્મી હોય તેમજ મનોહર સ્ત્રી હોય છતાં પણ ધર્મ વિના તે નિષ્ફલ છે. અહીં શેઠનું ઉદાહરણ છે.**

એક વાર કોઈ ધનવાન શેઠ હોડીમાં બેસીને નજીકના (દ્વિપ) બેટમાં જતો હતો. તેની પાસે મોટું ઘડીયાળ છે. હોડીવાળો ઘડીઆળ જોવાને ત્યાં આવ્યો. શેઠને પૂછે છે " હે શેઠ ! હમણાં કેટલો સમય થયો છે" શેઠે કહ્યું 'શું તું ઘડીઆળ નથી જોતો ? હું જોઉં છું પરંતુ ઘડીયાળ જોવાની જ્ઞાનની કલા મારી પાસે નથી. ફરી પણ શેઠે પૂછ્યું "વ્યવહાર જ્ઞાન તું કાંઈ શિખ્યો છે કે નહિ ?" તેણે કહ્યું "ગરીબ એવા મને કોણ શિક્ષણ આપે ?" શેઠે કહ્યું "જો તું ભણ્યો નથી તો તારા જીવનનો ચોથો ભાગ નકામો ગયો."

ફરી પણ શેઠે પૂછ્યું "શું તું પરણ્યો છે કે નહિ ?" તેણે કહ્યું "કષ્ટપૂર્વક જીવન નભાવું છું. આવી ગરીબ અવસ્થામાં મને કોણ કન્યા આપે ? કદાપિ કોઈક કન્યા આપે તો પણ દુઃખેથી પેટ ભરતો હું તેણીનો નિર્વાહ કેવી રીતે કરું ?" શેઠે કહ્યું "સ્ત્રી અને પુત્ર વિના સંસારમાં શું સુખ હોય ખરું ? ન જ હોય આથી તારું અર્ધું જીવન નિષ્ફળ ગયું."

ફરી પણ શેઠે પૂછ્યું "હે મૂર્ખ તું વ્યાપારથી દ્રવ્ય કમાવવાની કળા

જાણે છે કે નહિ ?" તેણે કહ્યું "હું હોડી ચલાવવા સિવાય કાંઈ પણ જાણતો નથી." ત્યારે શેઠે કહ્યું "જા જા તારું તો પોણું જીવન નિષ્ફલ ગયું."

આવા પ્રકારની વાર્તા ચાલતે છતે તે સમુદ્રમાં પ્રચંડ પવન ઉત્પન્ન થયો, નાવના પણ હમણાં સો કકડા થઈ જશે એમ જાણીને નાવિકે કહ્યું "હે શેઠ ! તમને તરવાનું જ્ઞાન છે કે નહિ ?" શેઠે કહ્યું "હું બીજું બધું જાણું છું પરંતુ તરવાનું જ્ઞાન મને નથી." ત્યારે ખલાસી કહે છે "હે શ્રીમાન્ હમણાં આ નાવ મારે વશ નથી. અતિ જોરાવર પવનથી ખેંચાતું પાસે રહેલી શિલા ઉપર (ફૂટી જશે) ભાંગી જશે. અને સો ટુકડા થઈ જશે. મારું તો પોણું જીવન નિષ્ફળ ગયું પણ તમારું તો આખું જીવન નકામું ગયું. મને તો તરવાનું જ્ઞાન છે તેથી સમુદ્રનો પાર પામીશ. પણ તમે તો આ સમુદ્રમાં ડુબી જશો" એમ કહેતો તે નાવિક શિલા સાથે ભટકાવાથી સો ટુકડા થયેલી હોડીમાંથી સમુદ્રમાં પડીને તરીને પાર પામ્યો. તરતાં નહિ આવડવાથી શેઠ તો દરિયામાં ડુબી ગયા. એ પ્રમાણે બધી કળાઓ શીખીને જે ભવરૂપી સમુદ્ર તરવાને માટે ધર્મકળા શીખતો નથી તે શેઠની જેમ સંસાર સમુદ્રમાં ડુબે છે.

**ઉપદેશ—શરીરને નાવ કહી છે. જીવ નાવિક કહેવાય છે. સંસાર સમુદ્ર કહેવાય છે. મહાઋષિઓ તેને તરે છે.**

**ધર્મજ્ઞાન રહિત શેઠનું સમુદ્રમાં ડૂબવું જાણીને હે ભવ્ય જીવો ! તમે સંસાર સમુદ્ર તરવાના અભ્યાસમાં ભાવપૂર્વક ? ઉદ્યમ કરો.**



# ૩૦ તીવ્ર પાપના ઉદય ઉપર કાલસૌકરિક કસાઈની કથા ત્રીશમી

**ઘોર હિંસામાં આસક્ત જીવોને કોઈ પણ કાલે સમાધિ થતી નથી. મૃત્યુ સમયે મતિભ્રષ્ટ થયેલ કાલસૌકરિકનું દૃષ્ટાંત જાણવું.**

રાજગૃહી નગરીમાં શ્રેણિક નામનો રાજા હતો. તેના નગરમાં કાલ-સૌકરિક નામે કસાઈ છે. અભવ્ય એવો તે હંમેશાં પાંચસો–૫૦૦ પાડાને મારે છે. તેથી ભયંકર હિંસા વડે તેણે સાતમી નારકપૃથ્વી કરતાં પણ વધારે પાપ એકઠું કર્યું. મરણ સમયે તે સોળ મોટા રોગથી ઘેરાયો. ઘણા તિવ્ર અશુભકર્મના ઉદયથી તે પાંચે ઇંદ્રિયોના વિષયોને વિપરિત અનુભવે છે. સુખના વિષયોને દુઃખ માને છે. તેનો સુલસ નામનો પુત્ર અભયકુમાર મંત્રીના સંગથી ધર્મિષ્ઠ થયો હતો. સર્વ આદરથી પિતાના વ્યાધિનો પ્રતિકાર કરાવે છે તો પણ તે ક્યાંય પણ સુખ પામતો નથી. ત્યારે સુલસ પોતાના મિત્ર અભયકુમારને પૂછે છે. અભયકુમાર કહે છે "હે ભાઈ! તમારા પિતાએ જીવ હિંસા કરવાથી તિવ્ર પાપ બાંધ્યું છે. તે અશુભ કર્મ આ ભવે ઉદયમાં આવ્યું છે તેથી ઇંદ્રિયોને જે પ્રતિકૂલ હોય તે ઉપાય તું કર. કાંટાની પથારીમાં એને સુવાડો પણ સારી પથારીમાં નહિ. ગંદા મલ–મૂત્રથી લીંપો પણ ચંદનથી નહિ. ખારું, તીખું, કડવું અને દુર્ગંધવાળું પાણી પીવડાવો પરંતુ મીઠું પાણી નહિ. જેથી તે સુખ પામે." સુલસે તેમ કર્યે છતે સંતોષ પામેલો તે કાલસૌકરિક થોડો સમય જીવીને મરણ પામીને સાતમી નરક પૃથ્વીમાં ઉત્પન્ન થયો.

સગા સંબંધીઓએ તેના સ્થાને સુલસને સ્થાપ્યો. અને પોતાના પિતાનો વ્યવસાય (ધંધો) અંગીકાર કર એમ કહ્યું. તે તો પોતાના પિતાએ ભોગવેલા દુઃખને સંભારતો "હું પાપના ફલને સહન કરવાને શક્તિમાન નથી." એમ બોલતો તે ઈચ્છતો નથી. સ્વજનો કહે છે "અમે પાપને વિભાગ કરીને લઈ લેશું."

ત્યારબાદ તેઓને બોધ કરવા માટે સુલસે તિક્ષ્ણ કુહાડાને પોતાના પગ ઉપર નિર્દય રીતે માર્યો. એને બૂમ પાડતાં કહ્યું. ભાઈઓ, અરે અરે દુઃખને વહેંચીને થોડું ગ્રહણ કરો. જેથી મને સુખ થાય, સ્વજનોએ કહ્યું "હે પુત્ર! જો અમારામાં દુઃખ આવી જાય તો અમે લઈએ પરંતુ બીજો ઉપાય નથી. કારણ કે બીજાનું દુઃખ બીજામાં દાખલ થતું નથી. ત્યારે સુલસ કહે છે "તો તમે શા માટે કહો છો કે અમે તારું પાપ વહેંચી લઈશું." એ પ્રમાણે કહેવાયેલા સ્વજનો તેનો નિર્ણય જાણી મૂંગા થયા. જીવ હિંસાથી અટકેલા તે સુલસ કુમારને અભયકુમારે ભગવાન મહાવીર સ્વામી પાસેથી શ્રાવક ધર્મ ગ્રહણ કરાવ્યો પછી વિધિપૂર્વક સારી રીતે પાળીને તે દેવલોક પામ્યો.

**ઉપદેશ—ઘણા અશુભ કર્મનું ફલ આ લોકમાં અને પરલોકમાં મળે છે એમ જાણીને હિતને ઈચ્છતા તમે તેથી (પાપથી) અટકી જાઓ.**



# ૩૧ સુપાત્ર દાનની ભાવના ઉપર શાલીભદ્રના પૂર્વભવની કથા એકત્રીશમી



**પૂર્વ ભવમાં મરણ સમયે સુપાત્ર દાન આપવાની ઈચ્છા થાય તો તે ભાવનાથી આ ભવમાં પણ તે સુખી થાય છે. અહીં શાલિભદ્રનું દૃષ્ટાંત જાણવું.**

કોઈ નગરમાં નગરશેઠ હતા. તેને ચાર પુત્રો અને પુત્રની સ્ત્રીઓ હતી. તે શેઠ કોટીશ્વર પણ અત્યંત લોભી છે. કદાપિ દાન આપતો નથી. એકવાર ચાર પુત્રવધૂઓ જિનમંદિરે દર્શનને માટે શૃંગાર સજીને ઘેરથી નીકળી. માર્ગમાં યોવનના મદથી આમ તેમ જોતી જોતી જતી તેઓમાંની નાની પુત્રવધૂ સાથે એક ડોશી ભટકાઈ અને પડી ગઈ. તે વૃદ્ધાએ કહ્યું અરે તું સામું કેમ જોતી નથી ? આભૂષણ વડે, પૈસા વડે અને વેષ વડે તું મદાંધ થઈ છું તારા પિતા અથવા સસરાએ શું દીન દુઃખીયાને દાન આપ્યું છે ? નગરમાં કાંઈ યશકીર્તિનું કામ કર્યું છે ? કે જેથી આમ ઉદ્ધતાઈથી ચાલે છે, ગર્વથી અંધ થયેલી સામી રહેલી મને જોતી પણ નથી. આમ બોલ્યે છતે જિનમંદિરમાં પ્રતિમાને વાંદીને ઘરે આવીને ક્રોધથી અંધ થયેલી કોપ ઘરમાં રહી છતી

પરિવારની સાથે બોલતી નથી. ત્યારે તેણીના પતિએ મોટા પુત્રની સ્ત્રીને કારણ પૂછ્યું. તેણે કારણ કહ્યું. તે સાંભળીને તે ચાર પુત્રોએ વિચાર્યું કે આપણા પિતા લોભાંધ છે. સારા ધાર્મિક કાર્યોમાં દ્રવ્ય વાપરવું તો દૂર રહ્યું. જ્ઞાતિ જમણ પણ કરતાં નથી. તેથી આપણી યશ કીર્તિ ક્યાંથી હોય ? આથી કોઈ પણ ઉપાયથી જ્ઞાતિ જમણ કરવું જોઈએ. પિતા તરફ વાત્સલ્ય ભાવવાળા નાના ભાઈએ કહ્યું "હું પિતાને વેપારકાર્યમાં તેવી રીતે રાખીશ કે જેથી તે જ્ઞાતિ જમણને જાણશે નહિ. તમે પણ બધા જ્ઞાતિજનોને આમંત્રણ આપીને ઘરના આંગણે બધાને જમાડો. તેઓ વડે સ્વીકારાયું.

બીજા દિવસે કોઈ મહોત્સવ પ્રસંગે જ્ઞાતિના માણસોને આમંત્ર્યા. ઘરના આંગણે રસોઈ તૈયાર કરાવી. બધા જ્ઞાતિજનો જમવા માટે આવ્યા. તે વખતે નાના પુત્ર વડે પિતા લેવા દેવાના વ્યાપાર કાર્યમાં રોકાયા હતા. આવેલા લોકોનો અવાજ સાંભળીને પિતાએ પૂછ્યું. "આજે કેમ માણસોનો કોલાહલ સંભળાય છે ?" નાના પુત્રે કહ્યું "કાંઈ નહિ કારણ પ્રસંગે આવ્યા હશે." પિતાએ શંકાથી ઉઠીને બારીમાંથી બહાર જોયું ત્યારે જ્ઞાતિજનો જમતા દીઠા. અને વિચાર્યું " ખરેખર પુત્રો વડે હું છેતરાયો છું. અરે, અરે, મને ધિક્કાર છે. મેં મારા હાથે કાંઈ પણ સુકૃત ન કર્યું." એમ ધીરજ ગુમાવતો તે જમતા લોકોની પંગત બહાર દૂર રહેલા એક સાધુ યુગલને ભિક્ષા માટે ફરતું જોયું. તે જોઈને તેને શુભ ભાવ ઉત્પન્ન થયો. અને વિચાર્યું હું ધન્ય છું જેથી આ બે મુનિઓ મારી નજરે આવ્યા. અહીંથી જઈને મુનિઓના ચરણમાં નમીને શુદ્ધ આહાર આપું" એમ વિચારતો સુપાત્ર દાન આપવાના મનવાળો તે નીસરણીથી નીચે ઉતરતો પગ સ્ખલિત થવાથી એકદમ નીચેની ભૂમિ ઉપર પડયો. ગાઢતર ઉપઘાતથી તત્કાલ મરણ પામ્યો. આહાર આપવાની વિચારણાથી મનુષ્ય

આયુષ્ય બાંધી તે ભરવાડને ઘેર સંગમ નામે પુત્રપણે ઉત્પન્ન થયો.

એકવાર મહોત્સવ પ્રસંગે તેના ઘેર માતાએ પુત્રને માટે માંગીને ખીર રાંધી. માતા પુત્રની થાળીમાં ખીર પીરસીને કામ માટે બીજાને ઘેર ગઈ. જ્યારે તે સંગમ જમવા માટે બેઠો ત્યારે તેના પુણ્યના ઉદયથી કોઈ માસોપવાસી સાધુ પારણાના દિવસે ભિક્ષાના માટે ફરતા ત્યાં આવ્યા. તે સંગમ તે મહાતપસ્વીને જોવે છે. જોઈને પૂર્વ ભવના દાનના પરિણામના વશથી તેને આહાર આપવાની ભાવના થઈ. "આ મહામુનિને હું દાન આપું" એમ વિચારી ઉઠીને સાધુને બોલાવીને, શુદ્ધ ભાવથી બધી ખીર વહોરાવે છે. આયુષ્ય પૂર્ણ કરી મરીને સુપાત્ર દાનના પ્રભાવથી તે રાજગૃહી નગરમાં ગોભદ્ર શેઠના ઘેર ભદ્રા શેઠાણીનો શાલિભદ્ર નામે પુત્ર થયો.

**ઉપદેશ—પુણ્યાનુબંધિ પુણ્યના કારણભૂત શાલિભદ્રનો પૂર્વ જન્મ સાંભળીને તમે સુપાત્ર દાનમાં હંમેશા ઉદ્યમ કરો.**



૩૨

# હોંશિયારી, રૂપ, બુદ્ધિ અને પુણ્યના મૂલ્ય વિષે રાજા આદિના પુત્રોની કથા બત્રીશમી

**"રાજપુત્રાદિની જેમ, ચતુરાઈ, રૂપ બુદ્ધિ અને પુણ્યનું ઉત્તરોત્તર મૂલ્ય (અનુક્રમે વધુ વધુ ફળ) આ લોકને વિષે જાણવું.**

કોઈ એક નગરને વિષે રાજા, મંત્રી, નગરશેઠ અને સાર્થવાહના ચાર પુત્રો, પવિત્ર મનવાળા કળાના સમૂહને જાણવાવાળા હતા. તેઓ પરસ્પર દૃઢ પ્રેમવાળા ક્ષણ માત્ર વિયોગ સહન કરી શકતા નથી.

એક વાર તેઓ કહે છે 'જેણે દેશાંતરે જઈને પોતાના આત્માને તોળ્યો નથી અને કાર્યમગ્ન એવા મારો સામર્થ્યયોગ કેવો છે, એમ નથી જાણ્યું તે લોકમાં શું ગણતરી પામે ખરો? આથી આપણે પરદેશ જવું યોગ્ય છે. ત્યાર બાદ પોતપોતાના બળની પરીક્ષા કરવા

પોતાના શરીર માત્રની મદદવાળા તે બધા પ્રભાત કાળે પરદેશ તરફ ચાલ્યા. બપોરે એક શહેરમાં આવ્યા. અજ્ઞાત કુળ, શીલવાળા તેઓ કોઈ દેવમંદિરમાં ઉતર્યા. 'આજનું ભોજન કેમ થશે' એમ વિચારીને સાર્થવાહ પુત્ર બોલ્યો 'અરે આજે મારે ભોજન કરાવી ને બધાને આપવું'. એમ કહીને ત્રણને ત્યાં મૂકીને એકલો (સાર્થવાહ પુત્ર) નગરમાં ગયો. ત્યાં એક વાણિયાની દુકાને બેઠો. તે દિવસે નગરમાં કોઈ દેવનો ઓચ્છવ હતો. તે વણિક ધૂપ, વિલેપન, વસ્ત્ર આદિ વેચવા લાગ્યો. જ્યારે તે પડીકા વાળવાને પહોંચી વળતો નથી ત્યારે તે સાર્થવાહ પુત્ર મદદ કરવા લાગ્યો. ભોજનકાળ થયે છતે વાણીયાએ તેને કહ્યું "મારો મહેમાન થા." તેણે કહ્યું 'હું એકલો નથી. બીજા પણ મારા ત્રણ મિત્રો બહાર છે.' ત્યારે વાણિયાએ કહ્યું "તેઓને પણ જલદી બોલાવો." તે બધા આવ્યા. તેણે તે બધાને બહુમાન સત્કાર કરીને ભોજન આપ્યું. એમ તેને ભોજન કરાવવામાં પાંચ રૂપિયા લાગ્યા.

બીજે દિવસે શેઠનો પુત્ર ભોજન કરાવવાની પ્રતિજ્ઞા કરીને નીકળ્યો. લોકપ્રિય માણસોમાં ( અગ્રેસર ) મુકુટ જેવો તે ગણિકા શેરીમાં આવેલા શ્રેષ્ઠ દેવમંદિરમાં પેઠો. ત્યાં ત્યારે મોટું નાટક થતું હતું. નવયૌવનથી મદોન્મત, પોતાના સૌભાગ્યથી મસ્તક એક ગણિકાની પુત્રી કોઈ પણ પુરૂષની સાથે રમવા ઈચ્છતી નથી. તેણી તેને (નગરશેઠના પુત્રને) જોઈ આકર્ષાયેલા ચિત્તવાળી ફરી ફરી પણ જોવા લાગી. તેણીની મા આ વૃત્તાંત જાણીને ખુશ થયેલ ચિત્તવાળી શ્રેષ્ઠિપુત્રને આમંત્રણ આપીને પોતાના ઘેર લઈ જઈને તેને પોતાની પુત્રી આપે છે અને ત્યાર પછી શ્રેષ્ઠિપુત્રના કહેવાથી ચારે મિત્રોને ભોજન, તંબોલ, વસ્ત્ર આદિમાં સો રૂપિયાનો ખર્ચ કર્યો.

ત્રીજે દિવસે બુદ્ધિપ્રધાન મંત્રીપુત્ર રાજાના ઘેર ગયો, જ્યાં ઘણા પ્રકારના વિવાદો ઘણા સમયથી ચાલે છે. ત્યાં બે સ્ત્રીઓ એક પુત્રને લઈને હાજર થઈ તે બે સ્ત્રીઓએ પ્રધાનને કહ્યું, હે સ્વામિ ! એક

વિનંતી સાંભળો. "અમારા સ્વામી નાનો પુત્ર મૂકીને પરદેશમાં મરણ પામ્યા છે, અને બાળક જાણતો નથી કે આ બેમાંથી કોણ મારી માતા છે? ત્યારે કપટી સ્વભાવવાળી અપરમા કહે છે, કે મારા પતિની લક્ષ્મી મારી જ છે, વળી આ પુત્ર મારે વિષે જન્મ્યો છે તે કારણથી જેણીનો આ પુત્ર છે દ્રવ્ય પણ નક્કી તેણીનું જ છે. આ વિવાદના નિર્ણય માટે તમારી પાસે આવેલા અમારે ઘણો કાળ લાગ્યો છે તો આજે જેમ આ વિવાદનો નિકાલ થાય તેમ કરો. મંત્રીએ ધન અને પુત્ર તે બંને સ્ત્રીઓને આપીને કહ્યું "આ વિવાદ અપૂર્વ છે કેવી રીતે સુખેથી પતાવી શકાય. એમ મંત્રી કહે છે ત્યારે અમાત્યના પુત્રે કહ્યું "હે મંત્રિવર ! જો આપની આજ્ઞા હોય તો આ વિવાદને ખરેખર પતાવી આપું. ત્યારે રજા અપાયેલા તે મંત્રિપુત્રે તે બંને સ્ત્રીને કહ્યું કે અહીં ધન અને પુત્રને હાજર કરો, તેઓએ તેમ કર્યે છતે ત્યાં કરવત મંગાવાઈ પછી ધનના બે ભાગ કર્યા, અને પુત્રના બે ભાગ કરવાને બાળકની નાભિ ઉપર જેટલી વારમાં કરવત મૂકે છે. તેટલામાં પુત્રની સાચી માતા કુદરતી સ્નેહથી ભરેલી કહે છે "જો આ વિવાદ બીજી રીતે ન પતાવાય તો અપરમાતાને પુત્ર અને લક્ષ્મી આપી દો. પણ પુત્રનું મરણ ન થવા દો." મંત્રિપુત્રે જાણ્યું કે "આ પુત્ર આનો છે પણ પેલીનો નથી. ત્યારબાદ તે અપરમાતાને હાંકી કાઢી મૂકી, પુત્ર અને ધન સાચી માતાને આપ્યું. એ પ્રમાણે તે મંત્રિવર તે મંત્રીપુત્રની તેવા પ્રકારની બુદ્ધિથી ખુશ થયો અને તે મંત્રિપુત્રને પોતાના ઘેર લઈ જઈને એક હજાર સોના મહોર આપી.

ચોથા દિવસે રાજપુત્ર 'જો મારે રાજ્યસંપત્તિનું પુણ્ય હોય તો સારી રીતે પ્રગટ થાય' એમ વિચારતો નગરના મધ્યભાગમાં નીકળ્યો. હવે તેના પુણ્યના ઉદયથી તે જ ક્ષણે તે નગરનો રાજા અપુત્રીઓ નિમિત્ત વિના જ મરણ પામ્યો. રાજ્ય યોગ્ય પુરૂષની શોધ ચાલી ત્યારે નિમિત્તિયા વડે જણાયેલ તે રાજપુત્ર તે રાજાના રાજ્ય

ઉપર બેસાડવામાં આવ્યો. ત્યાર પછી આનંદિત મનવાળા તે ચારે મિત્રો પરસ્પર કહે છે "આપણું સામર્થ્ય કેટલું? ત્યાર પછી આ પ્રમાણે કહે છે.—હોંશિયારીનું મૂલ્ય પાંચ રૂપીઆ, સુંદરતાનું મૂલ્ય સો રૂપીઆ, બુદ્ધિનું મૂલ્ય હજાર સોનામહોર અને પુણ્યનું મૂલ્ય લાખોનું છે.

સાર્થવાહનો પુત્ર હોંશિયારીથી શેઠનો પુત્ર રૂપથી મંત્રિપુત્ર બુદ્ધિથી અને રાજપુત્ર પુણ્યથી જીવે છે.

**ઉપદેશ—હોંશિયારી વગેરે ગુણોના સમૂહમાં પુણ્ય આ લોકમાં ઉત્તમ છે, એમ માનીને તેના લાભને માટે સુખના અર્થી જીવોએ હંમેશાં ઉદ્યમ કરવો જોઈએ.**



# ૩૩ પરિપકવ બુદ્ધિ ઉપર વૃદ્ધ અને જુવાન મંત્રીઓની કથા તેત્રીશમી

**જેને થોડો પણ અનુભવ નથી તેનું જ્ઞાન નિરર્થક છે. રાજાના વૃદ્ધ અને યુવાન મંત્રીઓનું અહીં ઉદાહરણ છે.**

એક મોટા રાજાને બે પ્રકારના મંત્રીઓ હતા. વૃદ્ધો અને યુવાનો. યુવાન મંત્રીઓ કહે છે આ વૃદ્ધ અને મતિભ્રંશ થયેલા મંત્રીઓ સારા નથી માટે તેઓથી સર્યું અમે જ પ્રધાન છીએ.

એકવાર તેઓની પરીક્ષા માટે રાજા કહે છે હે પ્રધાનો “જે મારા માથા ઉપર પગની પાનીનો પ્રહાર કરે તેનો શું દંડ કરાય? વિચાર શૂન્ય યુવાન મંત્રીઓ બોલ્યા “એમાં શું જાણવા યોગ્ય છે. તેના શરીરના તલ તલ જેવડા કકડા કરવા જોઈએ, અથવા તેના શરીરને સારી જલતી જવાલામાં ફેંકવું. ત્યારબાદ રાજાએ વૃદ્ધ મંત્રીઓને પૂછ્યું. તેઓએ એકાંતમાં જઈને વિચાર્યું “સ્નેહ પ્રધાન મહારાણી જ એમ કરે તેથી તેની તો પૂજા જ કરાય. અહીં આવું જ

બોલવું એમ નક્કી કરીને કહ્યું " જે માણસ આવું મોટું સાહસ કરે તેના શરીરને પગથી માથા સુધી સોનાના રત્નના અલંકારો વડે શણગારવું જોઈએ. સંતોષ પામેલા રાજાએ કહ્યું "સારી રીતે જાણ્યું." એમ રાજાએ સત્ય જોનારા તેઓને જ પ્રમાણ કર્યા, જેથી પરિણિત બુદ્ધિના બલવાળા વૃદ્ધો અહિત કારણોમાં કોઈ પણ વાર પ્રવૃત્તિ કરતા નથી.

**ઉપદેશ—ઘરડા અને તરૂણ મંત્રીઓનું જ્ઞાન ગર્ભિત ઉદાહરણ સાંભળીને "હંમેશા વિચાર કરીને કામ કરનારો થા."**

# ૩૪ અતિરાગાંધ ધનિકની કથા
## ચોત્રીશમી

**સ્ત્રી વિગેરેના રાગમાં મૂઢ બનેલો આત્મા અહિતને પણ હિત માને છે. (જેથી મૂઢ બનેલો) પ્રિય (સ્વામી) છાણ વડે કરેલા શાકને સ્વાદિષ્ટ માને છે.**

કોઈ નગરમાં એક ધનવાન રહેતો હતો. તેને બે સ્ત્રીઓ હતી. તેમાં જુની પત્ની પતિ ઉપર પ્રેમવાળી હતી અને બીજી નવી પત્ની પતિ ઉપર રાગ વિનાની હતી. સ્ત્રી સ્વભાવથી પરસ્પર કલેશ અને વાણી કલહ કરતી તે બંનેને જોઈને તે ધનિકે જુદા ઘરમાં તેઓને રાખી. મૂઢ સ્વરૂપવાળો તે નવી સ્ત્રીમાં ગુણોને જોવે છે અને જુની સ્ત્રીમાં દોષ જુવે છે. હંમેશા વારા પ્રમાણે તેઓના ઘેર રહે છે. જ્યારે જુનીનો વારો આવે છે ત્યારે તે પતિનું સન્માન કરે છે. સ્નેહપૂર્વક સારી રીતે રાંધેલું સરસ ભોજન જમાડે છે તોપણ તે ભોજનનો દોષ જ કહે છે "તેં સારું ન રાંધ્યુ. કાચી, નીરસ રસોઈ કરી. રાંધવાનું નથી જાણતી ? તારા કરતાં તે નવી સ્ત્રી વધારે સારું સરસ ભોજન બનાવે છે."

આ પ્રમાણે તે રાગથી અંધ થયેલો જુની સ્ત્રીને નિંદે છે. નવી સ્ત્રી કોઈકવાર અપમાન કરે છે. સ્નેહરહિત તે જમાડે છે તો પણ મૂઢ બનેલો તે તેણીને જ વખાણે છે. એમ સમય પસાર થાય છે. એક વાર જુની સ્ત્રીના ઘેર જમવા માટે તે આવ્યો. તેણી સત્કાર પૂર્વક ભાવ સહિત સત્કારીને તેને સ્વાદિષ્ટ, રસયુક્ત, રાંધેલી રસોઈ થાળીમાં પીરસે છે. તો પણ તે બોલે છે. "તેં સારું નથી રાંધ્યું. આ મને નીરસ જણાય

છે. તેથી તું તે નવી સ્ત્રીના ઘેર જઈને થોડું શાક લઈ આવ. જેથી તે શાકની સાથે આ ખોરાક પણ મને ભાવે. ત્યારે તેણી પતિને મૂઢ જાણીને નવી સ્ત્રીના ઘેર જઈને પતિને માટે શાક માગે છે. કહે છે. "મારું રાંધેલું અનાજ પતિને ગમતું નથી તેથી વધારે સ્વાદિષ્ટ કાંઈ પણ શાક આપ."

ત્યારે દુષ્ટ એવી તેણીએ છાણ લઈને તેલ, મરચું વિગેરેથી વઘારીને આપે છે. અને તેણી તે લઈને ઘરમાં જઈને પતિને આપે છે. જમતો એવો તે મૂઢ તેને (શાકને) બહુ વખાણતો સ્ત્રીને કહે છે, તેણીએ કેવું સ્વાદિષ્ટ રાંધ્યું, તારાથી પણ ઘણું વધારે સારું બનાવ્યું છે."

એમ રાગમાં અંધ બનેલો તે અશુભને પણ શુભ માનતો હર્ષ પૂર્વક ખાય છે જુની સ્ત્રીએ આ છાણનું બનાવેલું શાક છે એમ સાચું કહ્યું તો પણ તે મૂઢ પુરુષ માનતો નથી.

**ઉપદેશ--જ્ઞાન આપનારું, દૃષ્ટિ રાગથી અંધ બનેલાનું દૃષ્ટાંત જાણીને સુખ ઈચ્છતા માણસે તેનો (દૃષ્ટિ રાગનો) દૂરથી ત્યાગ કરવો જોઈએ.**



# ૩૫ અનાસક્ત યોગ ઉપર જશ અને સુજશની કથા પાંત્રીશમી

**અનાસક્ત યોગથી કર્મબંધ થતો નથી. અનાસક્ત યોગના તત્ત્વને જણાવનારું અહિ બે કુલવાન પુત્રનું દૃષ્ટાંત છે.**

એક ગામમાં કુલવાન પુત્રને બે પુત્રો હતા. મોટો જશ અને નાનો સુજશ. યુવાવસ્થામાં આવેલા તે ધર્મદેવ સૂરિ પાસે ધર્મ સાંભળીને પ્રતિબોધ પામ્યા છતાં દીક્ષા લેવા તૈયાર થયેલા. મા બાપને પૂછે છે. સ્નેહથી મોહિત થયેલા તે રજા આપતા નથી. બહુ કહ્યું ત્યારે તેઓએ કહ્યું "એક દીક્ષા લ્યે અને એક વળી અમોને વૃદ્ધાવસ્થામાં પાલન કરવાવાળો થાય. ત્યારે મોટાભાઈએ નાનાને કહ્યું "તું રહે. હું દીક્ષા લઉં. ત્યારે તે કહે છે "હું જ દીક્ષા લઉં" ત્યારે જશે "ભલે એ પણ ત્યાં સુધીમાં નિસ્તાર પામે. વળી હું ઉપકારનો બદલો ન વાળી શકાય એવા મા બાપની અવજ્ઞા શા માટે કરું ? એમ વિચારીને સુજશને રજા આપી. વિધિપૂર્વક દીક્ષા લેવડાવી. વિશુદ્ધ પરિણામી જ્ઞાન–ક્રિયાને આરાધવામાં ઉત્તમ તે વિચરે છે'.

બીજો તો નહિ ઈચ્છતા છતા, પિતા વડે કુલવાન કન્યા સાથે લગ્નથી જોડાયો. ખેતી કર્મ વગેરેના વ્યવસાયમાં પડયો. ઘરના વ્યાપારમાં પ્રવર્તતા છતાં દીક્ષા લેવામાં તત્પર, એકાસણું કરીને સમય પસાર કરે છે. માતા–પિતા મરણ પામ્યે છતે દાક્ષિણ્યતાથી તે હંમેશા સ્ત્રીને પૂછે છે તેણી પણ દીન મુખવાળી રુદન કરે છે, પરંતુ રજા આપતી નથી. ત્યારે તે તેણીને પ્રતિબોધવાનો ઉપાય નહિ પામતા દુ:ખપૂર્વક રહે છે.

આ બાજું સુજશ મુનિ જુદા જુદા પ્રકારની તપશ્ચર્યાથી કૃશ શરીરવાળો, અવધિજ્ઞાનથી મોટાભાઈને પ્રતિબોધ કરવાના અવસરને જાણીને તેના ઘેર આવ્યો. ઓળખાણ પડવાથી ભોજાઈએ બહુમાન પૂર્વક વંદના કરી. તેણીએ બતાવેલ યોગ્ય ઉપાશ્રયમાં રહ્યા. "ઘરના માલિક ક્યાં છે એમ પૂછયે છતે તેણીએ કહ્યું. કામ કરવાને ખેતરે ગયા છે. ભોજન સમયે તેણી વડે સાધુને (સુઝતા) આહાર પાણી વડે ભકિત કરાયેલ સાધુએ વિધિપૂર્વક ભોજન કર્યું. જશ આવ્યો નહિ એટલે તેને માટે ભોજન લઈને નિકલી, રસ્તામાંથી રડતી પાછી ફરી. સુજશે પૂછયું "કેમ અધૃતિ કરે છો ? તેણી કહે છે કે–તે તમારા ભાઈ એકાસણું કરે છે એટલે હમણાં ભૂખ્યા છે. વચ્ચે પાર ન પામી શકાય એવી પર્વતમાંથી નીકળેલી નદી વહે છે. તેથી ભોજન લઈ જવાને હું શકિતમાન નથી માટે મારે મોટી અધૃતિનું કારણ છે. સાધુએ કહ્યું "તમે જાઓ અને નદીને કહેજો "મારા દિયરને બાર વર્ષ દીક્ષા લીધે થયા છે, તેમાં તેણે જો એક દિવસ પણ ભોજન ન લીધું હોય તો હે મહાનદી ! તુ મને માર્ગ આપ. એમ બોલ્યે છતે તે નદી તમને માર્ગ આપશે " એમ કહેવાયેલી તેણીએ વિચાર્યું. "મારી રૂબરૂ જ એમણે ભોજન કર્યું છે, તો વાપર્યું નથી એમ કેમ કહેવાય ? અથવા ગુરુ વચનથી વિરુદ્ધ વિચારવું યોગ્ય નથી. જે આ કહે છે

તેમ જ હું કરું. એમ વિચારીને તે ગઈ. તેજ પ્રમાણે બોલ્યે છતે નદીએ માર્ગ આપ્યો. "કેવી રીતે આવી?" એમ પતિએ પૂછ્યું. તેણીએ પણ સુજસના આવવાની વાત જણાવી. ભોજન કર્યા બાદ જશ વડે રજા આપ્યે છતે તેણી કહે છે હું કેવી રીતે જાઉં ? હજી પણ અપાર નદી વહે છે. જશે કહ્યું. હવે (નદીને) એમ કહેજે "જો મારા પતિએ મને એક દિવસ પણ ભોગવી ન હોય તો હે મહાનદી ! મને માર્ગ આપ. બહુ જ નવાઈ પામેલી તે તેવી રીતે જ બોલ્યે છતે માર્ગને પામેલી સુખપૂર્વક પોતાના ઘેર આવી. સાધુને વાંદીને પૂછ્યું "હે પૂજ્ય ! આમાં શું રહસ્ય છે." મુનિ કહે છે "હે ભદ્રે ! જો રસલોલુપતાથી જમીએ તો ભોજન કર્યું કહેવાય પણ જો સંયમ યાત્રાના હેતુથી પ્રાસુક અને નિર્દોષ વાપરીએ તે ખાધું ન ગણાય. એથી જ આગમમાં કહ્યું છે "નિર્દોષ આહારી સાધુઓને હંમેશાં જ ઉપવાસ છે." એ પ્રમાણે તમારા પતિ પણ બ્રહ્મચર્ય પાળવાના મનોરથ સહિત હોવાથી તમારા આગ્રહથી ભોગ કર્યે છતે અભોગી જ છે." જેથી કહ્યું છે કે.

**જેની ભવની ઇચ્છા નાશ પામી છે, અને કર્મના ઉદયભાવથી પ્રવૃત્તિ કરવી પડે, છે તે અનાસક્ત આત્માની રીત જાણવી, તે બધે શુભ કર્મના ઉદયથી થાય છે.**

એમ સાંભળીને વૈરાગ્યથી તેણીએ વિચાર્યું—

અરે—" આ જશ મહાભાગ્યશાળી, દાક્ષિણ્યતાના સાગર, સંસારથી વિરક્ત મનવાળા પણ લાંબા સમયથી મારા વડે ચારિત્ર ધર્મથી સ્ખલિત કરાયા. મેં મોટું ધર્મા- તરાયવાળું કર્મ બાંધ્યું." તેથી હવે એની સાથે જ સાધુ પણું આચરવું યોગ્ય છે." સ્નેહનું

આવું જ ફલ એમ વિચારતી હતી તેટલામાં જશ પણ આવ્યો. સાધુને વાંદીને નજીક બેઠો. સાધુએ બન્નેને શુદ્ધ દેશના આપી. પ્રતિબોધ પામ્યે છતે દીક્ષિત થયા. કાળે કરીને દેવલોક પામ્યા. આ પ્રમાણે આ જશ ચારિત્રના વિષયમાં ઇચ્છા માત્રથી પણ પાપારંભથી લેપાયા નહિ.

ઉપદેશ—ચારિત્ર ધર્મમાં રહેલા જસ અને સુજસનું દૃષ્ટાંત જાણીને બધાં કાર્યો આસકત રહિતપણે સાધવા જોઈએ.



## ૩૬ પુણ્ય પાપની ચતુર્ભંગી ઉપર મંત્રીપુત્રીની કથા છત્રીસમી

**લોકમાં પુણ્ય અને પાપનું સ્વરૂપ સાક્ષાત દેખાય છે. એમાં રાજાના પ્રશ્નોમાં મંત્રીની પુત્રીનું ઉદાહરણ છે.**

રાજપુર નગરમાં વિક્રમશૂર નામે રાજા હતો. એકવાર અનેક મંત્રી, પંડિત, નગરશેઠથી શોભતી સભામાં બેઠેલો રાજા સભાના માણસો સમક્ષ બુદ્ધિની પરીક્ષા માટે પૂછે છે. "જગતમાં છે. અને છે અને નથી, નથી અને છે, નથી અને નથી. આવા પ્રકારની વસ્તુ શું હોય ? આનો પ્રત્યક્ષ ઉત્તર આપો, બધા સભાજનો વિચારે છે. આવા પ્રકારનું શું હોય ? વિદ્વાન પંડિતોથી પણ તેનો અર્થ જાણવામાં ન આવ્યો. બીજા પણ જે કોઈ સભામાં છે તે બધાય ઉત્તર આપવાને અસમર્થ થયા ત્યારે ક્રોધાયમાન થયેલા રાજા તિરસ્કારપૂર્વક કહે છે—" આવી મોટી સભામાં મને જવાબ આપવાને કોઈ પણ માણસ શક્તિશાળી નથી શું ? આટલા કાળ સુધી ધન

ધાન્યાદિકથી વિદ્વાનોનું પણ પોષણ શું ફોગટ થયું ? આ પંડિતોને ધિક્કાર થાઓ.

એમ કહી બુદ્ધિ નિધાન મહામંત્રીને કહે છે " હે મંત્રીવર્ય ? તમારે આ પ્રશ્નનો ઉત્તર ત્રણ દિવસમાં આપવો, નહિતર તમને દંડ કરીશ, અને મંત્રીપદથી તમે ભ્રષ્ટ થશો. એમ કહીને સભા વિસર્જન કરી. ચિંતાયુક્ત તે મંત્રી ઘેર ગયો. ઉત્તર આપવાની ચિંતામાં તેને ભોજન પણ ભાવતું નથી. જ્યારે ભોજન સમય થયે છતે તે ન આવ્યા ત્યારે તેની ચતુર પુત્રી ચંદ્રકાન્તા જે આઠ વર્ષની હતી તે પિતાજી પાસે આવીને કહે છે " હે પિતાજી ? હું ભૂખી થઈ છું. તેથી જલ્દી જમવા માટે આવો." મંત્રીએ કહ્યુ—"આજે હું ઘણો ચિંતાતુર છું તેથી તું જ ભોજન કર" તેણીએ પૂછ્યું—"તમારે કેવા પ્રકારની ચિંતા છે ? વળી તમે ન જમ્યે છતે હું કેમ ભોજન કરું ? ત્યારે મંત્રીએ સ્નેહપૂર્વક રાજાના પ્રશ્નનો વૃત્તાંત કહી સંભળાવ્યો. તે સાંભળીને તે વિદુષી પુત્રી કહે છે "આ પ્રશ્નનો ઉત્તર હું રાજાની સમક્ષ આપીશ. ચિંતા ન કરો. હમણાં ભોજન માટે ઉભા થાવ." પુત્રીનું વચન સાંભળીને હર્ષપૂર્વક "આ શું જવાબ આપશે, એમ વિચારતો, ઉઠીને તેણીની સાથે ભોજન કરવા લાગ્યો. ભોજન કર્યા બાદ પૂછે છે—"હે પુત્રી આનો જવાબ શું ? તેણી કહે છે આનો ઉત્તર એમ ન કહેવાય ? રાજાની સમક્ષ હું જરૂર કહીશ તમારે તેમાં સંદેહ ન કરવો. જ્યારે રાજાની સભામાં જવાનું હોય ત્યારે મને સાથે લઈ જવી.

સંતોષ પામેલો મંત્રી કહે છે "આજથી ત્રીજે દિવસે આનો ઉત્તર આપવાનો છે, જ્યારે હું રાજાની સભામાં જઈશ ત્યારે તને સાથે લઈ જઈશ. રાજા આગળ આ શું કહેશે એમ વિચારતા ત્રીજો દિવસ આવ્યો. પ્રભાત સમયે સભામાં જવાના સમયે પોતાની પુત્રીને લઈને રથમાં બેસાડીને ઘેરથી નીકળ્યો. પિતાની સાથે જતી પુત્રીએ

રાજમાર્ગમાં કોઈ એક શેઠને ઉત્તમ મહેલના ચોકમાં બેસીને દીન, અનાથ વાચકોને દાન દેતા જોઈને પોતાના પિતાને કહે છે "આ શ્રેષ્ઠિવર્યને રથમાં બેસાડો જેથી પ્રત્યુત્તર દેવામાં એનું પ્રયોજન છે. ત્યારબાદ મંત્રી વડે હુકમ કરાયેલા તે શેઠ રથમાં બેઠા. રથ આગળ ચાલ્યો. ફરી પણ બજારમાં રહેલા એક તવંગરના પુત્રને જુવે છે. જે પિતાના મરણ બાદ સાતેય પ્રકારનાં વ્યસનોમાં આસક્ત થયેલો પિતાની બધી લક્ષ્મીનો નાશ કરતો હતો. તેને પણ જોઈને, પિતાને કહીને તેને પણ રથમાં બેસાડે છે.

ફરી પણ આગળ જતી તે કોઈ પણ મહાત્માને જુવે છે. તે મહાત્મા ઇંદ્રિયને દમતા છતાં તપથી આત્માને વિચારતા વિચરે છે. તેમને પણ લઈને સ્નેહપૂર્વક બોલાવીને સાથે લઈ જાય છે. ત્યાર પછી આગળ જતી તે એક ભિક્ષુકને જુએ છે. જે સદા અધર્મી, જીવ હિંસામાં તત્પર, ઘેર ઘેર ભિક્ષા માગીને કષ્ટપૂર્વક નિર્વાહ કરે છે. તે પણ ભિક્ષુકને રથમાં ચઢાવવામાં આવ્યો. એમ જુદા જુદા સ્વભાવવાળા માણસોથી યુક્ત મંત્રી, પુત્રીના રહસ્યને નહિ જાણતો જુદા જુદા વિચાર કરતો રાજાની સભામાં ગયો.

ત્યારે બીજા પણ ઘણા નગરના માણસો મંત્રીનો પ્રત્યુત્તર જાણવા માટે ત્યાં આવ્યા. સભામાં બેઠેલા રાજાએ યથા યોગ્ય સર્વને સત્કારીને, મંત્રીની સાથે આવેલા પુરુષોને જોઈને પૂછ્યું. "આ કેમ આવ્યા છે? મંત્રી કહે છે આપશ્રીને પ્રત્યુત્તર આપવા માટે આ પુરૂષો લાવવામાં આવ્યા છે? રાજા કહે છે મારા પ્રશ્નનો ઉત્તર જલ્દી આપો. મંત્રી કહે છે "આપશ્રીના આ પ્રશ્નનો ઉત્તર મારી પુત્રી ચંદ્રકાન્તા આપશે. રાજા વડે પૂછાયેલી તે મંત્રીપુત્રી કહે છે " હે પુરૂષોત્તમ! આપશ્રીનો " છે અને છે" રૂપ પહેલા પ્રશ્નનો જવાબ આજ ઉત્તમ શેઠ જાણવા. એમ કહીને શ્રેષ્ઠિવર્ય બતાવ્યા. રાજાએ કહ્યું " એ કેવી

રીતે ?" તેણી કહે છે 'જે કારણથી આ ઉત્તમ શેઠ પૂર્વભવે આરાધેલ ધર્મ પ્રભાવથી બહુ ધનવાન છે, તેમજ આ ભવમાં પણ દાન, શીલ, તપ ભાવ ધર્મને સારી રીતે આરાધતા, દીન અને દુઃખી માણસોનો ઉદ્ધાર કરતા પરભવમાં પણ પૈસો અને સુખ પામશે. એ કારણથી છે–છે એ પહેલા પ્રશ્નનો ઉત્તર આ શ્રેષ્ઠિવર્ય છે.

બીજા પ્રશ્નના ઉત્તરમાં વ્યસનાસક્ત તે ધનવાનના પુત્રને દેખાડીને કહે છે "આ ધનિકપુત્ર માત્ર કામ ભોગ વડે પિતા સંબંધીના દ્રવ્યનો નાશ કરે છે તેમજ સારા ધર્મ કાર્ય વિના અને સાત વ્યસનોથી દુર્લભ માનવભવને નિષ્ફળ ગુમાવે છે. વળી આની પાસે હમણાં દ્રવ્ય છે, ભવાંતરે તે નિર્ધન અને દુઃખી થશે તેથી છે–નથી રૂપ પ્રશ્નનો જવાબ આ ધર્મરહિત ધનવાન પુત્રને જાણવો.

તેમજ ત્રીજો પ્રત્યુત્તર આપવામાં તેણી તે મહાઋષિને બતાવે છે. બતાવીને કહે છે "આ મહાત્મા હંમેશા સર્વ પાપ કર્મથી અટકેલા, ઉપશાન્ત, જીતેન્દ્રિય, પરોપકાર કરવામાં તલ્લીન, અને સારા ધર્મનો ઉપદેશ આપવાથી બીજાઓનું પણ કલ્યાણ કરવામાં તત્પર અપ્રતિબંધ વિચરે છે, તેવી હાલતમાં સાધુપણાથી આની પાસે કાંઈ નથી, પરંતુ પરભવમાં તે અનુપમ બધુય પામશે. મહાઋદ્ધિવાન થશે તેથી નથી–છે રૂપ ત્રીજા પ્રશ્નનો ઉત્તર આપવામાં આ મહાત્મા દર્શાવ્યા.

ચોથા પ્રશ્નના ઉત્તરમાં તે ભિક્ષુકને બતાવીને તે મંત્રીની પુત્રી કહે છે "આ ભિખારી નિર્દય પરિણામવાળો ફોગટ જીવના વધ કરવામાં તત્પર, ભિક્ષા વડે કષ્ટપૂર્વક જીવન નિર્વાહ કરે છે તેવી હાલતમાં આની પાસે કાંઈ નથી અને પરભવમાં પાપકર્મોથી દુર્ગતિમાં જશે ત્યાં કાંઈ પણ મેળવશે નહીં તેથી નથી–નથી રૂપ ચોથા પ્રશ્નના ઉત્તરમાં આ ભિક્ષુક જાણવો.

આ પ્રમાણે મંત્રીપુત્રીએ કહેલ પ્રત્યુત્તર સાંભળીને રાજા અને બધી સભા ઘણી સંતોષ પામી. રાજા તો તેણીની બુદ્ધિથી સંતોષ પામેલો સભા સમક્ષ તેને ખૂબ વખાણીને સોનાના ઘરેણાથી સત્કાર કરીને અને સન્માન આપીને ઘેર જવાની રજા આપે છે. રાજાથી પ્રશંસા કરાયેલ મંત્રી પણ હર્ષપૂર્વક પોતાની પુત્રી સાથે ઘેર ગયો.

**ઉપદેશ—પુણ્ય પાપની ચતુર્ભંગીના ફલને જાણીને આ લોકમાં હંમેશા પુણ્યાનુબંધિ પુણ્ય ઉપાર્જન કરવામાં ઉદ્યમવંત થાઓ.**



## ૩૭ અસંતોષ ઉપર નિર્ધન ભિક્ષુકની કથા સાડત્રીશમી

**લક્ષ્મીદેવીની મહેરબાનીથી મળેલ દ્રવ્ય પણ સંતોષના અભાવથી નાશ પામે છે. નિર્ધન ભિક્ષુકનું અહીં ઉદાહરણ છે.**

એક ભિક્ષુક, ધર્મકાર્યથી પરાઙ્ગમુખ, પરોપકાર રહિત, માત્ર ધન મેળવવામાં તલ્લીન, સંતોષ રહિત એવો તે કોઈ પણ ઉત્તમ ધનવાનને જોઈ વિચારે છે. "મારે ઘર, ક્ષેત્ર, દ્રવ્ય અને બીજી પણ કાંઈ ઉત્તમ વસ્તુ નથી. જો આવો ધનવાન હું થાઉં તો સંતોષથી રહું અને ધર્મ પરાયણ અને પરોપકારશીલ થઈ જાઉં," એમ વિચારતો ભિક્ષા માટે ભમતો શહેરની બહાર નીકળ્યો. ત્યારે આકાશ માર્ગે જતી શ્રીદેવી તેના હૃદયના ભાવ જાણીને પરીક્ષા માટે પાસે આવીને કહે છે "હે ભિક્ષુક! તારા હૃદયનો ભાવ મેં જાણ્યો છે, તેથી દયાથી તને કાંઈ પણ દ્રવ્ય આપવાને ઇચ્છું છું. તું વસ્ત્ર પહોળું કર. તેમાં હું સોના મહોરો નાંખું. જ્યારે તને સંતોષ થાય ત્યારે "હવે બસ" એમ બોલજે. પરંતુ ફેંકાતી દીનારોમાંથી જો એક પણ સોનામહોર જમીન

ઉપર પડશે તો તે કાંકરો થઈ જશે.” એમ કહીને તે લક્ષ્મીદેવી પહોળા કરેલા તેના જીર્ણ વસ્ત્રમાં સોનામહોર ફેંકવા લાગી. લોભથી ગ્રસ્ત થયેલો તે ભિક્ષુક “બસ બસ” એમ ના કહેતો નથી. તે સોનામહોરોથી વસ્ત્ર ચારે બાજુથી ભરાઈ ગયું છતાં પણ તે નિષેધ કરતો નથી. ફરી પણ કહે છે “આમાં પાંચ સોનામહોરો નાંખો.” તે પણ ફેંકીને કહેવામાં આવ્યું “શું તને સંતોષ નથી થયો.” અસંતોષથી તે વારંવાર માંગે છે. એમ સોનામહોરો નાખતાં બહુ ભારથી અને કપડાના જીર્ણપણાથી તે ફાટી ગયું અને તે બધી સોનામહોરો નીચે પડી. ત્યારે તે ભિક્ષુક હાહારવ કરતો નીચે નમીને જમીન ઉપર પડેલી સોનામહોરો જોવા લાગ્યો. ત્યારે બધી સોનામહોરો કાંકરા રૂપ થઈ ગઈ હતી. જ્યારે ઊંચે જુએ છે ત્યારે લક્ષ્મીદેવી પણ અદ્રશ્ય થઈ. ત્યારે તે નિર્ભાગીનો સરદાર પોતાને નિંદતો દુઃખી થયો. આ પ્રમાણે અસંતોષથી જીવ દુઃખ પામે છે.

**ઉપદેશ—અહિ નિર્ધન ભિખારીની કાર્યરહિત ભાવનાને જાણીને થોડા દ્રવ્યમાં પણ મનમાં સંતોષ ધારણ કરવો જોઈએ.**

## ૩૮ પારકાનું અશુભ ચિંતવવામાં સુંદરીની કથા આડત્રીસમી

**પારકાનું જે વિચારવામાં આવે તે જરૂર પોતાને જ આવી પડે છે. સ્ત્રી વડે ચિંતવાયેલી હિંસા તેણીને પોતાને વિષે જ તે પરિણમી.**

અવધિજ્ઞાન યુક્ત વરદત્ત નામના મુનિવર વિચરતા કૌશામ્બી નગરના ઉદ્યાનમાં આવ્યા. મહીપાલ રાજા તેમજ દેશના નગરજનો સાંભળવા ઉદ્યાનમાં આવ્યા. ઉપદેશ આપવાના અવસરે કહે છે "સાધુઓ સર્વત્ર ચંદ્રની જેમ બધાને આહ્લાદ પમાડનારા હોય છે. શત્રુ ઉપર અથવા મિત્ર ઉપર, અપરાધીમાં કે નિરપરાધીમાં સરખા ભાવવાળા હોય છે." એમ કહીને હસતા રહ્યા. ત્યારે રાજા અને લોકો પૂછે છે "હે ભગવાન્ ! કારણ વિના કેમ હસો છો ! સાધુને આ અયોગ્ય છે."

ત્યારે અવધિજ્ઞાની કહે છે "આ લીંમડાના ઝાડ ઉપર રહેલી સમડી પૂર્વ ભવના વૈરના કારણથી ક્રોધથી મને હણવાને ઇચ્છે છે.

એનું આશ્ચર્યકારક ચરિત્ર અવધિજ્ઞાનથી જાણીને હું હસ્યો." રાજા વડે પૂછાયેલા મુનિવર સભાના લોકોને બોધ આપવા માટે તે સમળીનું વૃત્તાંત કહે છે.

પહેલા શ્રીપુર નગરમાં ધનશ્રેષ્ઠી હતો. તેને રૂપાળી પણ શીલભ્રષ્ટ સુંદરી નામની સ્ત્રી છે. પતિને છેતરીને જારપુરૂષને ઘેર જાય છે. એક વાર જારપુરૂષ તેણીના ધણીથી ભય પામેલો કહે છે "તારે મારા ઘેર કદાપી ન આવવું. કારણ કે હું તારા પતિથી ડરું છું." તેણી કહે છે. "હે પ્રિય ! તમે બેફિકર રહો. હું તેમ કરીશ જેથી તમને ભય થશે નહિ. ત્યાર બાદ તેણી જારપુરૂષમાં રક્ત ચિત્તવાળી પતિને મારવાને માટે ઝેર મિશ્રિત દૂધનું પાત્ર ભરીને અભરાઈ ઉપર એક બાજુ મૂકે છે. ભોજન સમયે તેણીનો પતિ જ્યારે ભોજનના માટે બેઠો ત્યારે તે ખીર લેવા અંદર ગઈ ત્યારે ત્યાં ઉગ્ર ઝેરવાળા સાપથી ડંખાયેલી તે મોટેથી પોકાર કરીને પડીને મરણ પામી. ધનશ્રેષ્ઠી તેણીનો પડવાનો અવાજ સાંભળીને "શું થયું એમ એકદમ ઉઠીને ત્યાં ગયો. તેણીને મરણ પામેલી જોઈને તેણીના દુષ્ટ ચરિત્રને નહિ જાણતો બહું વિલાપ કરે છે. તેણીના મરણકાર્યને કરીને સંસારથી વિરક્ત મનવાળા તેણે સાત ક્ષેત્રોમાં ધન વાપરીને દીક્ષા લીધી. અને તે અનુક્રમે અગીયાર અંગના જાણકાર થયા.

એકવાર ગુરુની આજ્ઞા લઈને એકલા એક જંગલમાં કાઉસગ્ગમાં રહ્યા. તે સુંદરી પણ—"પારકાનું જે ચિંતવીએ તે નક્કી પોતાને થાય છે" એ ન્યાયે સર્પદંશથી મરીને તે જંગલમાં સિંહપણે ઉત્પન્ન થઈ. તે મુનિને જોઈને પૂર્વભવના અભ્યાસથી મુનિ ઉપર રૂઠીને તેને મારી નાંખ્યા. તે ધન્ય મુનિ શુભ ભાવથી મરીને બારમા અચ્યુત દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. અનુક્રમે તે સિંહ મરીને ચોથી નરકમાં ઉત્પન્ન થયો. તે ધન્યમુનિનો જીવ જે દેવ થયા હતા. તે દેવલોકથી ચ્યવીને

ચંપાનગરીમાં દત્તશેઠને ઘેર તેની સ્ત્રીને વિષે વરદત્ત નામના પુત્રપણે ઉત્પન્ન થયા. પૂર્વભવના અભ્યાસથી તે સમ્યગદષ્ટિ અને દયાળુ હતો. સુંદરીનો જીવ ચોથી નરકમાંથી નીકળીને અનેક ભવ ભમીને વરદત્તના ઘેર દાસીનો પુત્ર થયો. પૂર્વભવના અભ્યાસથી વરદત્ત ઉપર દ્વેષ કરતો છતો પણ તેનો પ્રેમ મેળવવા માટે તેની સાથે ધર્મ પણ કરે છે. તેથી વરદત્ત પણ તે દાસીના પુત્રને ભાઈ તરીકે માને છે. લોકોમાં પણ "શેઠનો ભાઈ" એમ પ્રસિદ્ધ થયો. પણ તે દાસીપુત્ર ~~હંમેશાં તેના~~ નાશનો ઉપાય વિચારે છે. એકવાર ઝેર ભેળવેલું પાન તે વરદત્તને આપે છે. ત્યારે ચોવિહારનું પચ્ચક્ખાણ હોવાથી પાનને ઓશીકે મૂકે છે. પ્રભાત સમયે વરદત્ત શેઠ જિનમંદિરે ચૈત્યવંદન કરવા ગયા ત્યારે વરદત્તની પત્ની ત્યાં આવેલા દાસીપુત્રને કહે છે હે દિયર ! આ પાન તમે લ્યો એમ કહીને આપ્યું. તે પણ તેના મધુર શબ્દમાં આસક્ત બનેલો મૂઢ તે ખાઈને, મરણ પામીને આ સમળીપણે ઉત્પન્ન થયો છે. દાસીપુત્રને મરેલો જાણીને વૈરાગ્યથી રંગાયેલ મનવાળા વરદત્તશેઠે સાત ક્ષેત્રમાં ધન વાપરીને દીક્ષા લીધી, તે હું જાણવો.

ત્યારે તે સમળી મુનિવરના મુખથી તે વાત જાણીને, જાતિસ્મરણજ્ઞાન પામીને, મુનીશ્વરના ચરણ આગળ આવીને, વાંદીને પોતાના અપરાધને ખમાવીને અનશન કરીને દેવલોકમાં ગઈ. નગરજનો અને લોકો આ સાંભળીને અને જોઈને જીનેશ્વર ભગવંતોનો દયામય શુદ્ધ ધર્મ સમકીત સહિત પામ્યા.

**ઉપદેશ—બોધદાયક, સુંદરી અને વરદત્તની કથાને સાંભળીને, જો તમે સુખના અર્થી હો તો પારકાનું બુરૂં ન ચિંતવો.**

# ૩૯ ઉદ્યમના પ્રધાનપણામાં બે શ્રેષ્ઠ વિદ્વાનોની કથા ઓગણચાલીસમી

**કાલ વિગેરે પાંચ હેતુઓ પોતાના સ્થાનમાં સારા જાણવા. સર્વમાં ઉદ્યમ પ્રધાન છે તે ઉપર બે વિદ્વાનોનું ઉદાહરણ છે.**

એકવાર ભોજરાજાની સભામાં બે પંડિતો આવ્યા તેમાં એક નિયતિવાદી "જે થવાનું હોય તે અન્યથા ન થાય" એથી તે ઉદ્યમ વિના ભાવિને જ માને છે. બીજો પંડિત ઉદ્યમને જ ફલ આપવામાં પ્રમાણ માને છે. કારણ કે આળસુ માણસો કાંઈ પણ ફળ મેળવતા નથી. જેથી કહ્યું છે કે—"ઉદ્યમથી કાર્યો સિદ્ધ થાય છે. પણ પ્રમાદિને સિદ્ધ થતું નથી. સૂતેલા સિંહના મુખમાં હરણીઆ પ્રવેશ કરતા નથી." આમ બીજો ઉદ્યમથી ફળને માનવાવાળો છે. ભોજરાજાએ તે બન્નેને આવવાનું કારણ પૂછ્યું. તે કહે છે "વિવાદના નિર્ણય માટે તમારી પાસે અમે આવ્યા છીએ." રાજાએ કહ્યું "તમારો જે વિવાદ હોય તે કહો." ત્યારે બન્નેય પોતપોતાના મતને યુક્તિ

સહિત રાજાની સમક્ષ મૂકે છે. રાજા વિચારે છે પરમાર્થથી આમાં સત્ય શું છે ? અને તે કેમ જાણી શકાય ? ત્યારે નિર્ણય કરવા અસમર્થ તે કાલિદાસ પંડિતને પૂછે છે " આનો ન્યાય કેમ કરાય ? અથવા શું ઉત્તર આપી શકાય ?" કાળીદાસ કહે છે " હે રાજા ! જેમ દ્રાક્ષનો રસ ચાખવામાં આવે તો મધુર અથવા ખાટો જાણી શકાય તેમજ આનો વિવાદ કસી જોઈએ તેથી સત્ય અથવા અસત્ય જણાય." રાજા કહે છે " કસવામાં કોઈ પણ ઉપાય છે ? જો હોય તો કસો." ત્યારે કાળીદાસે તે બન્ને વિદ્વાનોને બોલાવીને તેમની આંખો ઉપર વસ્ત્ર બાંધીને, અને બન્ને હાથ પીઠની પાછળ બાંધીને પગને પણ મજબુત બાંધીને અંધારા ઓરડામાં તે બન્નેને મૂકયા અને કહ્યું " જે નિયતિવાદી હોય તે નશીબથી છૂટે. જે ઉદ્યમવાદી હોય તે પુરૂષાર્થથી છૂટે. એમ કહીને કાળીદાસ પાછા ફર્યા. ત્યારે જે પેલો નશીબવાદી હતો તે " જે ભાવિમાં હશે તે થશે " એમ માનતો ચિંતા રહિત થયો છતો સુખેથી ત્યાં સુતો. જે ઉદ્યમવાદી હતો તે છૂટવાને ઘણી મહેનત કરે છે હાથ અને પગને જમીન ઉપર આમ તેમ ઘસે છે પરંતુ મજબુત બંધન હોવાથી જ્યારે તે ન છૂટયો ત્યારે તેને નશીબવાદી વિદ્વાન કહે છે " ફોગટ ઉદ્યમ કરવાથી શું ? આ ગાઢ બંધન કોઈ રીતે પણ છૂટશે નહિ. નિરર્થક બળને નાશ કરનાર પ્રયત્ન વડે શું ? ભૂખ અને તરસથી પીડા પામેલ આપણને ભાગ્યનું શરણુ એ જ સારું છે.

એમ સાંભળીને પણ ઉદ્યમવાદી પંડિત છૂટવાનો પ્રયાસ મૂકતો નથી. છૂટવાને માટે ઘણી મહેનત કરે છે. એ પ્રમાણે તેમના બે દિવસો પસાર થયા. ભોજનના અભાવે તેઓનું શરીર પણ ઘણું ક્ષીણ થઈ ગયું. કામ કરવામાં પણ અશક્ત થયું. તો પણ ઉદ્યમવાદી અંધારા ઓરડામાં આમ તેમ ભમતો બંધનથી છૂટવાનો યત્ન છોડતો નથી.

નિયતિવાદી તેને કહે છે " હવે ઈશ્વરનું નામ લો, ફલરહિત મહેનત કરવાથી લાભ શું ? ત્યારે તે ઉદ્યમવાદી કહે છે. મરણ આવ્યે છતે

પણ કદાપિ મહેનત છોડવી નહિ. હરહંમેશ પણ માણસે પ્રયત્નશીલ થવું જોઈએ. નિયતિવાદી બોલે છે "જો એમ જ છે તો અંધારા ઓરડામાં હાથ પગ ઘસતા તમે રહો, તમને ઉદ્યમ ફલ આપશે ? તો પણ તે ઉદ્યમવાદી પંડિત, ક્ષીણ શરીરના બલવાળો ત્રીજા દિવસે ભીંતની નિશ્રાએ ભમતો હાથ પગ ઘસતો પડતો, ફરી પણ ઘસતો ભમતો ભાગ્યવશાત્ ઓરડાના ખૂણામાં આવી પડ્યો. જ્યાં ઉંદરનું બીલ છે. તેના હાથ તે દર ઉપર આવ્યા તે દરમાં રહેલો ઉંદર બહાર નીકળી ન શકતો હોવાથી દાંત વડે તેના હાથના બંધનને કાપી નાંખે છે. ત્યારે તે છૂટયો અને આંખના પાટાને, અને પગના બંધનને દૂર કરે છે. ત્યારે તે ઓરડામાં ઘોર અંધકારથી કંઈ પણ જોઈ શકતો નથી. આ ઓરડાનું બારણું કયાં છે એમ ભીંતને સ્પર્શ કરવાથી જોતા એવા તેણે અનુક્રમે બારણું મેળવ્યું. તેને બહારથી બંધ જોઈને કષ્ટથી તે બારણાને મૂળમાંથી ઉતારીને તે બહાર નીકળ્યો. પછી નશીબવાદી પંડિતને પણ બંધનથી મુક્ત કરે છે. છૂપી રીતે રહેલા કાળીદાસ બધું જુવે છે. જ્યારે તે બન્નેને બહાર નીકળેલા જોવે છે, અને જોઈને તેને પોતાને ઘેર લઈ ગયા સારી રીતે ભોજન પાણી વડે સત્કાર સન્માન કરીને તે બન્ને વિદ્વાનોને લઈને રાજાની સભામાં ગયા. ભોજરાજાને કહે છે "ઉદ્યમ વડે જીતાયું, ભાગ્ય વડે હરાયું." જેથી ઉદ્યમવાદી પંડિત પુરૂષાર્થથી છૂટયો બીજો ઉદ્યમના અભાવથી ન છૂટયો, જે નશીબને જ મુખ્ય માને છે તે આળસુ કહેવાય છે. જ્યાં પ્રમાદ, આળસ છે ત્યાં ભૂખ, તરસ, દુઃખ અને મરણ જરૂર સંભવે છે. જે મહેનત કરે છે તે કયારેક મુક્ત બને છે અને કાંઈક ફળ મેળવે છે. નશીબવાદી ઉદ્યમ વિના ફળને મેળવતો નથી. તેથી ઉદ્યમ મુખ્ય જાણવો."

ત્યારે ભોજરાજા ઉદ્યમવાદી પંડિતને દ્રવ્ય, વસ્ત્ર અને ઘરેણાંથી સન્માન કરે છે. તત્ત્વથી પાંચ કારણોના સમુદાયથી કાર્યની ઉત્પત્તિ થાય છે. અને તે આ પ્રમાણે — તાંતણાઓનો પટ ઉત્પન્ન કરવાનો સ્વભાવ

છે. તે પટ કાળે કરીને થાય છે. વસ્ત્ર કરવામાં પ્રવૃત્ત છતાં ભવિતવ્યતાના યોગે વસ્ત્ર બને છે, નહીં તો વિઘ્નો જ આવે. વણકરની મહેનતથી વસ્ત્ર થાય છે. જો કર્મ અનુકૂળ હોય તો કામના ફલનો ભોક્તા થાય છે. એ પ્રમાણે—કાળ, નિયતિ, સ્વભાવ, ઉદ્યમ અને પૂર્વ કર્મ સ્વરૂપ પાંચ કારણ ભેગા થાય ત્યારે કાર્ય થાય છે. તેમાં કાળ વિગેરે પાંચમાં નિયતિ બલવાન છે તેનાથી પણ ઉદ્યમ બલવાન (છે.) જાણવો. નીતિ-શાસ્ત્રમાં પણ–ઉદ્યમમાં દરિદ્રતા નથી " એ કારણથી કદાપિ ઉદ્યમને છોડવો નહિ.

**ઉપદેશ—બે પંડિતોના ઉદાહરણમાં ઉદ્યમના ફલને જાણીને ફલદાયક પુરૂષાર્થને જીવનપર્યંત ન છોડવો જોઈએ**



## ૪૦ ઇંદ્રિયોના નિગ્રહમાં મહાત્મા અને પોપટની કથા ચાલીશમી

**દ્રવ્ય બંધન છોડવાને માટે ઇંદ્રિયોનો નિગ્રહ કારણ છે, એમ જાણીને તેનું આલંબન લઈને પોપટ પાંજરામાંથી છૂટો થયો.**

કૌશાંબી નગરીમાં એક ધર્મી ધનાઢ્ય શ્રેષ્ઠિવર્ય હતો. તે હંમેશા ધર્મ શાસ્ત્રને સાંભળતો સાધુ પુરુષના ચરણ કમલની સેવામાં સુખ-પૂર્વક કાળ પસાર કરે છે. તેણે એક પોપટ પાળ્યો હતો તે પાંજરામાં રહ્યા છતો શેઠની પાસે ધર્મ સાંભળવા વડે શાંત અને ધર્મશીલ થયો. શેઠને પણ તેના ઉપર ઘણો જ રાગ હતો. સુંદર ફળો વડે તેને સારી રીતે પાળે છે. પોપટ પણ હંમેશા પરમેશ્વરનું નામ બોલીને મનને આનંદિત કરે છે. એમ તે બન્નેના કેટલાક દિવસો પસાર થયા.

એક વાર નગરના ઉપવનમાં પરના ભાવ જાણનારા, અનેક શિષ્યોના સમૂહથી યુકત કોઈપણ મહાત્મા ધર્મનો ઉપદેશ આપવાને

આવ્યા. નગરજનો જેની પાસે ધર્મ સાંભળવા આવે છે. ત્યારે તે શેઠને તે મહાઋષી પાસે જતા જોઈને પોપટ બોલે છે "હે શ્રેષ્ઠિવર્ય જો તમે તે મુનિવર પાસે વંદન માટે જાઓ છો, તો તે મહાત્માને આવી રીતે પૂછજો "બંધનમાંથી છૂટકારો કેવી રીતે થશે ?" શાસ્ત્રોમાં આમ સંભળાય છે "ઇશ્વરના નામનું સ્મરણ પણ જીવોને મુક્તિદાયક છે. હું તો હંમેશાં ઈશ્વરનું નામ લેવા છતાં આજ સુધી બંધનમાં કેમ પડયો છું ? છૂટવાનો ઉપાય શું છે ? મારો આ પ્રશ્ન તમારે પૂછવો.

તે શેઠ પોપટના વચનને સાંભળીને અને કબૂલ કરીને મુનિવર પાસે ગયા. ઉપદેશ સાંભળીને છેલ્લે પોપટનો પ્રશ્ન પૂછયો. પારકાના અભિપ્રાય જાણવામાં કુશળ તે મુનિવર આંખોને બંધ કરીને ધ્યાનમાં રહ્યા. કાંઈ પણ બોલતા નથી ત્યારે તે શેઠ બે ત્રણ વાર પૂછે છે તો પણ તે મુનિ મૌન વડે અને ધ્યાનવડે રહ્યા. કંઈ પણ બોલ્યા નહિ. શેઠ પણ ધ્યાનમાં રહેલા મુનિને જોઈને ઘેર આવ્યા. પોપટ પણ શેઠને જવાબ પૂછે છે. શેઠ કહે છે. "હે વહાલા પોપટ ! તારો પ્રશ્ન જ્યારે મેં મુનિને પૂછયો ત્યારે તે આંખો બંધ કરીને ધ્યાનમાં રહ્યા. કંઈ પણ ઉત્તર આપ્યો નહિ. એમ બે ત્રણ વાર પૂછયું તો પણ તે નિશ્ચલ અને નિશ્ચેષ્ટ થયા. કંઈ પણ બોલ્યા નહિ."

ત્યારે પોપટ પણ તેનો પરમાર્થ જાણીને તે પાંજરામાંથી છૂટવાને માટે રાત્રિમાં આંખો મીંચીને નિશ્ચેષ્ટ જેવો થયો. પ્રભાતમાં તે શેઠે તેને તેવા પ્રકારનો નિશ્ચેષ્ટ જોઈને શું આ મૃત્યુ પામ્યો એમ નિર્ણય કરવાને માટે પાંજરામાંથી બહાર કાઢીને તે વ્હાલા પોપટને સ્પર્શ કરે છે. નક્કી તે મરણ પામ્યો એમ જાણીને "અરે અરે આ મૃત્યુ પામ્યો" એમ બહુ રૂદન કરીને તેનું મરણ કાર્ય કરવાને ઘેરથી બહાર લઈ જઈને શુદ્ધ જમીનમાં ખાડો કરીને તેમાં તેને સ્થાપીને અગ્નિ લેવા ઘરમાં ગયો. ત્યારે પોપટ પણ ખાડામાંથી ઉડીને વૃક્ષની ડાળી ઉપર બેઠો. શેઠ આવ્યા ત્યારે તે પોપટને ઝાડની

ડાળી ઉપર બેઠેલો જોઈને કહે છે "હે વ્હાલા પોપટ ! તેં શું કર્યું ? મને કેમ છેતર્યો ? મરેલાની જેમ કેમ ચેષ્ટારહિત થયો." ત્યારે પોપટ પણ કહે છે. "હે શ્રેષ્ઠિવર્ય ! તમે તે મહાત્મા સાધુપુરૂષના ઉત્તરને સારી રીતે ન જાણ્યો, પરંતુ તે મહાત્માએ આ પ્રકારે મને પ્રશ્નનો ઉત્તર આપ્યો. મેં તો તમારું વચન સાંભળીને આમ વિચાર્યું કે "તે મહાત્માએ આંખો બંધ કરીને ધ્યાનમાં નિમગ્ન, નિશ્ચેષ્ટ થયા તેથી હું ધ્યાનસ્થની જેમ ઇંદ્રિયોને વશ કરીને મનમાં સંલીન અને ચેષ્ટારહિત થયો. ત્યારે હું મરણ પામ્યો એમ જાણીને તમારા વડે હું ત્યાગ કરાયો. એવી રીતે તે ઉત્તમ સાધુએ પાંજરાના બંધનથી યુક્તિ વડે મને છોડાવ્યો. એમ ઇંદ્રિયોનો નિગ્રહ કરવાથી જીવ પણ સંસારના બંધનથી છૂટે છે અને પરમપદને પામે છે. હું પણ જંગલમાં જઈને યથેચ્છ (ઈચ્છા મુજબ) પ્રભુ ચરણના શરણથી જીવનને સફલ કરીશ. એમ કહીને વનમાં ગયો છતો સુખી થયો.

**ઉપદેશ—આ લોકમાં પોપટને જેમ ઇંદ્રિયનો નિગ્રહ ફળ્યો તેમ ઇંદ્રિયોને વશ કરવામાં હંમેશાં સમાધિપૂર્વક તમે પ્રયત્ન કરો.**



# ૪૧ જ્ઞાનગર્ભ મંત્રીની કથા
## એકતાલીસમી



**બુદ્ધિમાન માણસો દૈવથી કરાયેલ વિપત્તિઓને જ્ઞાનગર્ભ મંત્રીની જેમ યત્નથી જલદી નક્કી તરી જાય છે.**

શ્રી મુનિસુવ્રત સ્વામીના સ્તંભથી અલંકૃત વૈશાલી નગરીમાં જિતશત્રુ નામે રાજા હતો. તે રાજાને શામ આદિનીતિના સ્થાનરૂપ, રાજાના બધા રાજ્ય કાર્યમાં તત્પર એવો જ્ઞાનગર્ભ નામે મંત્રી હતો.

એકવાર સભામાં બેઠેલા રાજાને પ્રતિહારે પ્રણામ કરીને વિનંતી કરી "હે સ્વામિ ! કયાંકથી આવેલો એક નિમિત્તિયો દ્વાર પાસે ઊભો હતો. પૂજ્ય એવા આપના દર્શનને ઇચ્છે છે." રાજાની આજ્ઞા મેળવીને તેને રાજાની સભામાં પ્રવેશ કરાવ્યો. કૌતુક સહિત રાજાએ તેના જ્ઞાનની પરીક્ષા માટે યોગ્ય સત્કાર કરીને તે જ્યોતિષીને પૂછયું "થોડા દિવસમાં કોને અપૂર્વ સુખ અને દુઃખ થશે ?" અષ્ટાંગ નિમિત્ત શાસ્ત્રના જાણકાર તે વિદ્વાને કહ્યું "હે સ્વામિ ! તમે પૃછયે છતે શાસ્ત્રમાં કહેલા અર્થને કહેતા હું દોષ જોતો નથી. એમ કહીને કહે છે "જે જ્ઞાનગર્ભ મહામંત્રી મંત્રીઓના સમુદાયમાં

શિરોમણિ ભાવને પામ્યા છે પરીવાર સહિત તેના ઘરમાં અતિભયંકર મરકી ઉપસ્થિત થશે. તે મરકી વર્ષમાં નાહે મહિનામાં નહિ પરંતુ આ પખવાડીઆની અંદર થશે ત્યારે તે સભા બધી વજ્રથી હણાયાની જેમ ક્ષણભર પીડા સહિત મૂંગી થઈ ગઈ. ત્યારબાદ ધીર બુદ્ધિવાળો મંત્રી તે સભામાંથી બહાર ગયો છતો કોઈ ન જાણે તેમ પોતાના ઘેર નિમિત્તિયાને બોલાવે છે. વસ્ત્ર પુષ્પ અને સુંદર ભોજન વિગેરે આપવાથી સન્માન કરાયેલ અને સંતોષ પામેલ તે એકાંતમાં પૂછ્યું કે "આ મરકી કોનાથી થશે ? તે જ્યોતિષી કહે છે "તમારા મોટા પુત્રથી." મંત્રી પુછે છે "ચોક્કસ આમ થશે, એમાં વિશ્વાસ શું ? નિમિત્તિઓ કહે છે "અમુક દિવસે તમને અશુભ સ્વપ્ન આવશે" એ પ્રમાણે તે મંત્રી કાર્યનો સાર પામીને, નૈમિત્તિકનું બહુમાન કરીને ઘણા આદરપૂર્વક વારે છે કે "કોઇ રીતે આ વાત બહાર પાડવી નહિ. ત્યારે તે પોતાના દેશ ચાલ્યો ગયો. હવે એક વખત રાત્રિએ મંત્રીએ સ્વપ્ન જોયું "જાણે કે મારું ઘર ઘણા ગાઢ અંધકારના સમૂહના જેવું શ્યામ ધૂમાડાના સમૂહ વડે ઢંકાયું. ત્યારે મંત્રીએ સાબિતી સહિત પોતાના મોટા પુત્રને કહ્યું "હે પુત્ર ! તારા જન્મ સમયે ભેગા થયેલા વિદ્વાન જ્યોતિષીએ મને સારી રીતે કહ્યું હતું, તે જ વળી હમણાં તારાથી કુલનો નાશ થતો દેખાય છે. તેથી એક પખવાડિઆ સુધી તારે સારી નિર્મળ બુદ્ધિપૂર્વક રહેવું જોઈએ, જેથી આવી પડેલ આ સંકટને આપણે કોઈ પણ રીતે ઓળંગી જઈએ. જો આ દુઃખને ન રોકું તો સકલ જન પ્રસિદ્ધ મારી આ બુદ્ધિનો કયો ગુણ હોય ?

અતિવિચિત્ર ગ્રહોનું ચરિત્ર, સ્વપ્ન, શકુનાદિ અને નિમિત્ત, દેવની જેમ કોઈને ક્યારે પણ માંગ્યાની જેમ ફલે છે.

તેથી ધીરજને ધારણ કરવાવાળા બુદ્ધિમાન પુરૂષોએ ડરવું ન જોઈએ. પરંતુ હંમેશા યોગ્ય ઉપાયમાં તૈયાર રહેવું જોઈએ. નીતિપૂર્વક કાર્ય કરવામાં નિપુણ, ખરાબ માર્ગથી દૂર રહેલાઓને કદાચ

દૈવવશથી કાર્યનો આરંભ નિષ્ફળ જાય તો પણ દોષને માટે નથી. તેથી હે પુત્ર! તું પેટીમાં પ્રવેશ કર. પખવાડીઆના ભોજન-પાણી આ તારી શરીર સ્થિતિના સાધન તરીકે મૂક્યા છે. ત્યારે પોતાના કુળના રક્ષણ માટે પુત્રે પણ તેમ કર્યે છતે રાજાની પાસે જઈને મંત્રીએ નિવેદન કર્યું "હે રાજન્! રાજકુલની સેવાથી પુરુષ પરંપરાથી આવેલ આ દ્રવ્ય અમારે સ્વાધીન છે. રાજાએ કહ્યું "ડર નહિ." મંત્રીએ કહ્યું "કોણ જાણે, શું થશે." એમ કહીને ઇચ્છા નહિ છતાં પણ રાજા પાસે એ પેટી ગ્રહણ કરાવી. તે પેટી રાજાના ભંડારગૃહમાં લઈ જવામાં આવી. અને કહ્યું "હે દેવ! આમાં મારૂં બધું સર્વસ્વ છે. મારા આગ્રહથી પંદર દિવસ સુધી આદરપૂર્વક આ સંરક્ષણ કરો, ત્યારે રાજાએ તે પેટીને મજબૂત તાળા લગાવ્યા. બધી બાજુએથી સીલ કરવામાં આવી અને દરેક પહોર તેના રક્ષણ માટે બે, બે પહેરગીરો પણ મૂકવામાં આવ્યા. એમ કર્યું છે સુવિધાન જેણે એવો તે પ્રધાન વિસ્મય વડે "શું આ મારો પ્રયોગ નિષ્ફળ જશે? નસીબનું સ્વરૂપ ન ચિંતવી શકાય તેવું છે, અને શું ન થાય?' એમ ક્ષણવાર વિષાદને છુપાવતો જેટલામાં ઊભો છે તેટલામાં તેરમા દિવસે પ્રભાત સમયે કન્યાના અંતઃપુરમાં રાજાની કન્યાની વેણીનો છેદ થયો. કોણે કર્યો એમ નિમિત્તની ચિંતામાં મંત્રીના પુત્રે કર્યો, એમ વાત ચાલી કે ખરેખર પોતાના મંદિરમાં પથારીમાં રહેલી રાજકન્યા પાસે મંત્રીના મોટા પુત્રે આવીને વિનંતી કરી "હે ખીલેલા કમળ જેવા મુખવાળી? હે સુંદરી? મારી સાથે ક્રીડા કર. એમ ઘણું પણ કહ્યા છતાં જ્યારે એ ઇચ્છતી નથી ત્યારે ક્રોધ વશથી હાથમાં છરીવાળા એણે તેણીના કેશની લટ કાપી નાખી" ત્યારે તે કમલ મુખવાળી અશ્રુભરેલ નેત્રવાળી મોટેથી રૂદન કરતી પિતા પાસે ગઈ. બધો હેવાલ નિવેદન કર્યો. ક્રોધરૂપી અગ્નિથી લાલદેહવાળો રાજા શહેર રક્ષણ કરનાર લોકને એમ કહે છે "જેમ તે

મંત્રીપુત્ર શૂળીએ ચઢાવવા વિગેરેના દુઃખથી મરી જાય તેમ જલ્દી કરો અથવા અધમ મંત્રીના ઘરને ઘાસ, છાણા, લાકડાઓ વડે સર્વ બાજુથી વીંટાળીને મોટો અગ્નિ પ્રગટાવીને બધું બાળી નાંખો કારણ કે તે મારી મોટી મહેરબાની પામીને ઉન્મત થયા છે, નહીંતર આવું આચરણ એઓનું કેમ હોય ?

ત્યારે નગરના આરક્ષક લોકો ભયંકર આંખવાળા, યમરાજાના સુભટ જેવા, તરત જ પ્રધાનના ઘેર ગયા. મંત્રીના કુટુંબને જેટલામાં હાથથી ખેંચીને પકડવાને તૈયાર થયા તેટલામાં મંત્રીના પણ સુભટો સામે થયા. એકબીજાને ગાળો ભાંડતાં તેઓને જોઈને સ્થિરમનવાળા મંત્રીએ તેમને નિવારીને રાજાના માણસોને પૂછ્યું. "શું કારણ છે જેથી આવું સમજણ વિનાનું ઉપસ્થિત થયું." તેઓ કહે છે "તમારા પુત્રે રાજકન્યાનો ચોટલો આજે કાપી નાંખ્યો છે. તે સાંભળીને મંત્રી વિચારે છે, કર્મનું સ્વરૂપ અચિંત્ય છે, જે કર્મ તેવા પ્રકારનો આશ્ચર્યકારી પ્રતીકાર કરે છતે પણ આવા પ્રકારનું ભયંકર દુઃખ આવી પડયું. જો કે આવા પ્રકારના અપરાધને સેવનારનો આવો જ દંડ હોય, તો પણ હું રાજાને જોઉં એમ (વિચારી) તેણે પોતાના માણસોને કહ્યું.

ત્યારબાદ તે રાજાની સભામાં જઈને ક્રોધાયમાન થયેલા રાજાને પ્રણામ કરીને કહે છે હે દેવ ! પેટીની અંદર જોઈને, તત્ત્વનો વિચાર કરીને ત્યારબાદ મને મોટો દંડ કરવો યોગ્ય છે. જેથી સારી રીતે વિચાર કરીને કાર્ય કરેલું ગણાય. એ પ્રકારે તેનું માનીને જેટલામાં પેટી પાસે જાય છે ત્યારે તે જ સીલ અને તાળાઓ જુવે છે. નગરજનો સમક્ષ તાળા ઉઘાડયે છતે છરી અને કેશની લટ સહિત હાથવાળા

એવા સુપ્રસન્ન મુખવાળા પ્રધાનપુત્રને જુવે છે. ત્યારે બન્નેય આશ્ચર્ય યુક્ત ભયને વહન કરતા એક બીજાના મુખ ઉપર સ્થાપેલી દૃષ્ટિવાળા બોલવા લાગ્યા. "હે અમાત્ય ! આ શું આશ્ચર્ય દેખાય છે.? તે મંત્રી જવાબ આપે છે. "રાજા પોતે જ અહિ પરમાર્થ જાણે છે, પણ બીજો કોઈ નહિ, જેના ઘેર પેટી છે, પહેરગીરો છે, જેને સીલબંધ કરવામાં આવી છે, જેને તાળાઓ દેવાયા છે, ત્યાં બીજો કોણ જાણનાર હોય ?" મૂઢતાને પામેલો રાજા પણ કહે છે આ તારા જ્ઞાનનો વિષય છે. ત્યારબાદ રાજા વડે અલંકારથી સત્કાર પામેલો તે મંત્રી કહે છે "હે દેવ ? એટલું જ માત્ર મેં જાણ્યું, જે મારા પુત્રથી સર્વનાશ થશે, પરંતુ અંબોડાના છેદનથી થશે, તે મેં જાણ્યું ન હતું. તેથી પેટીમાં સારી રીતે છૂપાવેલો પુત્ર તમને સોંપ્યો, જેથી આપની પ્રત્યક્ષ થયે છતે અપરાધનું સ્થાન હું ન થાઉં. આથી જણાય છે કે નક્કી પૂર્વભવનો કોઈ પણ વેરી દેવ હોવો જોઈએ જે કારણથી મને દુઃખમાં નાખવા માટે આનો આકાર ધારણ કરીને તે દેવે આ સઘળું આચર્યું છે, એમ સંભવે છે. ત્યારબાદ વિશ્વાસ બેસવાથી સર્વેએ આ એ જ પ્રમાણે છે એમ કહ્યું. નહીંતર આ તારો પુત્ર સુરક્ષિત કરાયેલો આવું કાર્ય કેમ કરે ? હે દેવ ! પ્રતિકાર કરતે છતે અચિંત્ય કર્મ પણ આ પ્રમાણે ફલે છે, માટે બુદ્ધિમાન પુરુષોનું આચરણ પણ કર્મના અશુભ ફલના વેગને રોકે છે. એથી અવસર પામીને કોઈ સ્થળે કર્મ બલવાન બને છે. તેમજ ઉદ્યમ પણ કોઈ જગ્યાએ બલવાન હોય છે. આ પ્રમાણે પરિપકવ બુદ્ધિવાળા મનુષ્યનું જેવું આચરણ તેવું જ આચરણ કર્મ અને પુરૂષાર્થનું પણ જાણવું. જેમ કહ્યું છે :—

કોઈવાર જીવ બળવાન, કોઈવાર કર્મો બળવાન હોય છે, કોઈકવાર ધનવાન બળીઓ હોય છે અને કોઈવાર દેવાદાર બળવાન થાય છે.

આ પ્રમાણે સાંભળીને રાજાથી બહુ સન્માન પામેલો તે જ્ઞાનગર્ભ મંત્રી પોતાના નામ પ્રમાણે આચરણ કરતો જગતમાં લક્ષ્મી અને યશ પામ્યો.

ઉપદેશ—જ્ઞાનગર્ભ મંત્રીનું નસીબે જોયેલા અર્થને વારણ કરનાર ચરિત્ર સાંભળીને હે ભવ્ય જીવો ! તમે મતિપૂર્વક કાર્ય સાધનારા થાઓ.



# ૪૨

## પુણ્ય અને પરાક્રમના પ્રભાવ ઉપર પુણ્યસાર અને વિક્રમસારની કથા બેંતાલીશમી

**કોઈ ને પુણ્યના ઉદયથી અથવા તો પરાક્રમથી સુખ થાય છે. તેમાં પુણ્યસાર અને વિક્રમસારનું અહીં સુંદર દૃષ્ટાંત કહેવાયું છે.**

ક્ષિતિપ્રતિષ્ઠિત નામનું નગર હતું. ત્યાં પુણ્યયશ નામનો રાજા હતો. તેને શુભગાંગી સ્ત્રી છે. હવે તે શહેરમાં ધનાઢ્ય પુત્ર પુણ્યસાર નામે અને બીજો વિક્રમવણીકનો પુત્ર વિક્રમસાર નામે હતો. તે બંનેય કલાના સમૂહને ગ્રહણ કરી ક્રમે યુવાવસ્થા પામ્યા. એકવાર તેઓ વિચારે છે કે—"યુવાવસ્થા પામે છતે પણ જો લક્ષ્મીનું ઉપાર્જન ન થાય તો અનાર્યચરિત્રવાળા તેનો પુરૂષાર્થ શું ? જેની લક્ષ્મી દાનાદિ ક્રિયાઓમાં જ્યાં સુધી નાશ પામતી નથી. ત્યાં સુધી તેની આબરૂ અને લોકપ્રિયતા છે. તેથી સ્નેહિજનોના વાંછિત્ અર્થને કરવા વડે ચમત્કાર કરનારી

લક્ષ્મી જેમ પ્રગટ થાય તેવો પ્રયત્ન કરવો જોઈએ. તેથી દેશાન્તર જઈએ. પરાક્રમરૂપી પર્વત ઉપર આપણે ચઢીએ, તો જનપ્રિયા લક્ષ્મી આપણને દુર્લભ થશે નહિ."

ત્યાર બાદ પ્રસ્થાન કરીને જેટલામાં સાર્થતા સ્થાનકે ગયા, તેટલામાં પહેલા પુણ્યસારને દૈવવશાત્ ત્યાં ખાડો ખોદવા વડે મોટો નિધિ પ્રાપ્ત થયો. તેને લઈને તે ઘેર આવ્યો. તેના ઉચિતકાર્યોમાં લાગ્યો.

બીજો વિક્રમસાર વળી સમુદ્ર પાર જઈ જીવને જોખમમાં નાંખી ધન મેળવીને પોતાને ઘેર આવ્યો. તે પણ પોતાના ધનને ઉચિત ક્રિયામાં તે લક્ષ્મીનો વિલાસ કરવા લાગ્યો.

નગરમાં તેઓની કહેવત થઈ પડી કે આ પુણ્યસાર મોટા પુણ્યના પ્રભાવથી સકલ વાંછિત લક્ષ્મીના સમૂહને પામેલો સુખી છે અને બીજો વળી વિક્રમસાર ભયંકર સમુદ્ર તરીને મોટી રિદ્ધિ મેળવી તે ભાઈઓના સમૂહ સાથે ભોગોને ભોગવે છે. તેથી આ બંનેમાં પહેલો પુણ્યથી બળવાન અને નસીબથી સંયુક્ત છે. બીજો પણ અસ્ખલિત વ્યવસાયમાં તત્પર પુરૂષાર્થ વડે યુકત છે. રાજાએ આ વાત સાંભળી બહુ કૌતુકથી તેઓને સભામાં બોલાવ્યા. અને પૂછ્યું શું આ કહેણી સત્ય છે કે અસત્ય. તેઓએ કહ્યું, "માણસોની વાત અન્યથા ન હોય જેથી પ્રાયઃ કરીને અતિ છાનું કરેલું કાર્ય પણ લોકો તરત જ જાણી જાય છે." એમ સાંભળીને રાજાએ તેની પરીક્ષા શરૂ કરી.

પહેલા પુણ્યસારને એકલાને જ ભોજનને માટે નિમંત્રણ આપવામાં આવ્યું. રસોઈઆઓને કહ્યું "આજે તમારે રસોઈ કરવી નહીં જેથી આના પુણ્યના વશથી આવી પડેલ અમારે જમવાનું છે. હવે ભોજન સમય થયે છતે મહાદેવીએ મોકલેલ મોટો અંતઃપુરનો રક્ષક વિનંતી કરે છે કે આજે મહારાણીને ઘેર તમારે જમવાનું છે કારણ કે આજે જમાઈ પોતાના નગરથી કાંઈ પણ પ્રયોજન માટે

અ.વેલા છે. તેના નિમિત્તે સારા ભાત વગેરે સ્વાદિષ્ટ ભોજન તૈયાર કરાવ્યું છે તો હે દેવ ! તમારી સાથે જમતા તે જમાઈ સૌભાગ્યને પામે ત્યારબાદ તે બધા શાંતિથી તે ભોજન જમ્યા.

બીજા દિવસે બીજા વિક્રમસારને ભોજનને માટે નિમંત્રણ આપવામાં આવ્યું. બધાય રસોઈ બનાવનારાઓને કહેવામાં આવ્યું "જલ્દી ભોજન કરો." તેઓએ સર્વ આદરપૂર્વક ભોજન તૈયાર કર્યું. ભોજન સમયે આસનો આપવામાં આવ્યે છતે, ભોજન હાજર થયે છતે, રાજપુત્રીનો અઢાર સરનો બનાવેલો આમળાના જેવા મોટા મોટા મોતીનો હાર નિમિત્ત વિના પણ તૂટી ગયો. અને દીન મુખવાળી રડતી રાજપુત્રી પિતાની પાસે આવીને કહે છે "મારો હાર હમણાં જ પરોવીને આપો નહિં તો હું ભોજન કરીશ નહીં" એમ બોલતી હતી. ત્યારે રાજા જેટલામાં વિક્રમસારના મુખ તરફ જોવે છે તેટલામાં ભોજન કાર્યને છોડીને તેણે હાર નવો સૂતરનો દોરો નાખી ક્ષણવારમાં સારો કરી આપ્યો. પછી બન્નેએ પણ તે તે ભોજનને સુખરૂપ જમ્યા. રાજાએ વિચાર્યું કે જનકહેણી સત્ય છે એ પ્રમાણે પુણ્યસાર પુણ્યના ઉદયથી વ્યવસાય વિના સુખ પામ્યો, અને વિક્રમસાર તેવા પ્રકારના પુણ્ય વિના પુરૂષાર્થ વડે સુખ પામ્યો.

**ઉપદેશ—પુણ્ય પુરૂષાર્થ વાળું શ્રેષ્ઠિપુત્રોનું ઉદાહરણ સાંભળીને તેની પ્રાપ્તિને માટે હંમેશા તેમ પ્રયત્ન કરો.**



# ૪૩ વગર વિચાર્યાં કાર્ય ઉપર હજામની કથા તેંતાલીશમી

**વાણીઆનો સ્વભાવ છે જે કંઈ પણ હેતુ-પૂર્વક આપે છે. જેમ ટકોરો મારવાથી હજામને ઘણું દુઃખ થયું.**

કોઈ એક નગરમાં શ્રીમંત શેઠીઓ રહેતો હતો. તેણે વેપારની કલાથી બહુ ધન મેળવ્યું. બુદ્ધિના પ્રભાવથી સર્વ કાર્યોમાં નગરજનો વડે પૂછવા યોગ્ય થયો. તે વૃદ્ધાવસ્થામાં પુત્રોને દુકાન ઘર વિગેરેનો ભાર આપીને નિવૃત્ત થયો. તે શેઠને એક હજામ પ્રિય હતો, એકાંતર દિવસે તે તેની પાસે કેશકર્મ કરાવે છે. મહિને, પંદર દિવસે બધી બાજુથી બધી રીતે મસ્તક મુંડાવે છે. એક વાર શેઠ તેની આગળ મુંડનને માટે બેઠો છતો કહે છે "આજે બધું માથું મુંડી નાંખ" તે હજામે પણ હળવા હાથે વધારે સારું અને મૃદુતર મુંડણ કર્યું અને હાથથી માથાને સ્પર્શ કરીને કહે છે "મેં સારામાં સારૂં મુંડન આજે કર્યું." ત્યારબાદ પરિણામ વિચાર્યા વિના હર્ષથી શેઠના મુંડન કરેલા મસ્તકમાં ટકોરો મારે છે. મનમાં રોષ પામ્યો છતો શેઠે તે ક્ષણે બુદ્ધિથી કંઈક વિચારીને બે રૂપિયા આપે છે. પહેલા તો દરેક મુંડન વખતે તેને બાર આના આપતો હવે તેણે લાંબો વિચાર કરીને વધારે આપ્યું. હજામે વિચાર્યું "મુંડીને મસ્તક ઉપર ટકોરો દેવાથી ઘણું ધન

મેળવાય છે. અરે ટકોરો દેવાનો અનુપમ પ્રભાવ છે. ધન કમાવવાનો આજ ઉપાય સારો છે. એમ વિચારતા કેશકર્મને માટે નગરમાં ભમતા તે વાળંદને એક રાજસુભટ મુંડન માટે બોલાવે છે. તે તેનું મુંડનકર્મ સારી રીતે કરે છે. કર્યે છતે વધારે લાભને માટે મુંડિત માથા ઉપર ટકોરો દે છે. એકદમ ગુસ્સે થયેલા તેણે કેડેથી છુરી કાઢીને તે હજામને ભુમિ ઉપર પાડીને તેની ઉપર ઘા કરવા લાગ્યો. ત્યારે ધ્રુજતો એવો તે બે હાથ જોડીને 'હે દીન દયાળુ ! અશરણ એવો હું તારા શરણે આવ્યો છું, ફરી આમ કરીશ નહિ; મને છોડ છોડ એમ બોલતો રહ્યો. ઘણા લોકો ત્યાં એકઠા થયા, માંડ માંડ છોડાવ્યો. મરણના ભયથી છુટેલા જલદી જતાં તેને માર્ગમાં તે શ્રેષ્ઠિવર્ય મળ્યા. ભયથી કંપતા તેને જોઈને પૂછે છે "અરે આજે શું થયું !" તે કહે છે, આજે મૃત્યુના મુખમાંથી બહાર આવ્યો છું. જેથી મેં આજ તમારા મુંડિત મસ્તક ઉપર ટકોરો કર્યે છતે દ્રવ્ય મેળવ્યું, ત્યારે મેં જાણ્યું ધન કમાવવાનો આ સુંદર ઉપાય છે એમ નિર્ણય કરીને રાજાના સુભટના મસ્તકનું મુંડન કર્યે છતે અને ટકોરો દીધે છતે જલદીથી ગુસ્સે પામેલો તે છરી કાઢીને મને જમીન ઉપર પાડીને, છાતી ઉપર ચડીને જેટલામાં મારવા લાગ્યો તેટલામાં માણસોએ મને છોડાવ્યો. ત્યારે ભયથી થરથરતો તમને હું મળ્યો. શેઠ પણ કહે છે "વાણીયાની ભેટ કદાપિ હિતકર ન હોય, તેના દાનમાં પણ ભેદ હોય, પાંચ માણસોમાં પૂછવા યોગ્ય અને માનનીય હું છું. નહીંતર તે તો નિરર્થક થાત. માટે હે હજામ ! વાણિયાના દાનમાં પણ રહસ્ય હોય, કારણ કે વાણીઓ કદાપિ નિરર્થક આપે નહિ.

**ઉપદેશ—આ લોકમાં વાણીઆના અર્થ દાનથી હજામની દુર્દશા જાણીને તેના વ્યવહારમાં હંમેશા સાવધાન થવું જોઈએ.**

卐 卐

## ૪૪ લોભ ઉપર બ્રાહ્મણની કથા
## ચુમ્માલીસમી



**અતિલોભ કરવો જ નહીં કારણ કે તે પાપનો બાપ છે, કૂતરાના પૂંછડાને ખેંચનાર બ્રાહ્મણનું અહીં દૃષ્ટાંત છે.**

એક બ્રાહ્મણ કાશી નગરમાં ચૌદ વિદ્યા ભણીને ઘેર આવ્યો તેની પત્ની રૂપવાળી, શીલવતી અને જિન ધર્મથી વાસિત છે. બાર વર્ષના અંતે પતિના સમાગમથી ઘણો આનંદ થયો. તેણીએ વિચાર્યું " પંડિતો વ્યવહારમાં શૂન્ય હોય છે. એવી પ્રસિદ્ધિ છે તેથી સર્વ વિદ્યાના પારગામી એવા પણ આ મારા પતિને વ્યવહારમાં કેવા પ્રકારનું જ્ઞાન છે એમ જાણવા માટે રાત્રિમાં સ્ત્રી એ પૂછ્યું 'હે પ્રિય ! પાપનો બાપ કોણ ? તેણે બહુ વિચાર્યું, પરંતુ જ્યારે પ્રત્યુત્તર ન જણાયો ત્યારે તેણે પૂછ્યું હે પ્રિયા ! તું કહે. તેણીએ કહ્યું "હું જાણતી નથી. પરંતુ સાધુઓના ઉપાશ્રયે જઈને આચાર્યશ્રીએ આ પૂછીને અર્થને જાણી લો, ત્યારે બીજા દિવસે આચાર્યશ્રીના ચરણ કમલની પાસે જઈને પુછે. "હે ભગવન ! પાપનો બાપ કોણ ? કાર્યનો પરમાર્થ જાણીને

આચાર્યશ્રીએ કહ્યું " કાલે પ્રભાત સમયે સૂર્યોદય પહેલાં આવવું " એમ સાંભળીને તે બ્રાહ્મણ, આ શું જવાબ આપશે, એમ વિચારતો ઘેર ગયો. આચાર્ય પ્રવરે કોઈ ગીતાર્થ શ્રમણોપાશકને કહીને ઉપાશ્રયના છૂપાસ્થાનમાં એક રૂપિયો મૂકાવ્યો. અને વસતિની નજીકમાં એક કૂતરાના મડદાને મૂકવાનું સૂચન કર્યું. તે ગીતાર્થશ્રાવકે તહત્તિ કહીને તેમ જ કર્યું. બીજે દિવસે તે બ્રાહ્મણ રાત્રિના છેલ્લા પહોરે આવીને તે જ પ્રશ્ન આચાર્ય વર્યને પૂછ્યો. આચાર્યશ્રીએ કહ્યું "પહેલાં મારું એક કામ કર પછી તને પ્રશ્નનો ઉત્તર આપીશ. તેણે કહ્યું કયું કામ? આચાર્યશ્રીએ કહ્યું "વસતિની નજીકમાં કૂતરાનું મડદુ છે, તેથી અમારે અસજઝાય થાય, તેથી આને ખેંચીને દૂર મૂકી આવ."

બ્રાહ્મણ કહે છે " પવિત્ર બ્રાહ્મણ થઈને આવું નીંદનીય, અપવિત્ર કામ હું કેમ કરું? કદાપિ હું નહિ કરૂં. આચાર્ય મહારાજે કહ્યું "હું ફોગટ કામ નહિ કરાવું પરંતુ જો આ કામ કરીશ તો તને એક રૂપીઓ અપાવીશ. તે રૂપીઆનો લાભ સાંભળીને લોભાંધ બન્યો. તેણે વિચાર્યું "રાત્રિમાં મને કોણ જાણશે ? ત્યાર બાદ પોતાનું બ્રાહ્મણપણું ભૂલીને, બધાં વસ્ત્રો ત્યજીને લંગોટીઓ થયો. ત્યાર બાદ ઉપાશ્રયની બહાર રહેલા કૂતરાના મડદાના પૂંછડાને ખેંચીને તે કૂતરાને દૂર સુધી લઈ જવામાં આવ્યો. વળી તેણે પાસે રહેલા સરોવરના પાણીથી સ્નાન કરીને અને વસ્ત્રો પહેરીને, આચાર્યશ્રીની પાસે જઈને કહ્યું "તમારૂ કામ મેં કર્યું છે તો રૂપિયો અપાવો. આચાર્યશ્રીએ કહ્યું "આ ગુપ્ત સ્થાનમાં રૂપીઓ છે, તેને તું લઈ લે. ત્યારે તેણે ત્યાં રહેલો રૂપીઓ લીધો. ફરી પણ તે પ્રશ્ન પૂછ્યો. આચાર્યશ્રીએ કહ્યું " અર્થથી (તને) તારા પ્રશ્નનો ઉત્તર આપ્યો છે. તે તું શું ન સમજ્યો ?" તેણે કહ્યું "હું સારી રીતે સમજી શક્યો નથી. ત્યારે આચાર્યશ્રીએ કાર્યનું રહસ્ય કહ્યું "જે તેં કુળવાન બ્રાહ્મણ થઈને રૂપીઆના લોભથી આવું અકાર્ય કર્યું, તેથી તારો જવાબ આવી ગયો," જેથી સર્વ

પાપને કરાવનારો લોભ છે, એમ તને સમજાવવા માટે મેં આવી યુક્તિ કરી." ત્યાર પછી (પાપનો બાપ લોભ છે તેમ) પરમાર્થ જાણીને અને ચિત્તમાં આશ્ચર્ય પામેલો તે બ્રાહ્મણ આચાર્યશ્રીને નમન કરી ઘેર ગયો. અને સ્ત્રીને કહ્યું "સર્વ પાપોને કરાવનાર લોભ છે" તેથી પાપનો બાપ લોભ જાણવો.

**ઉપદેશ--અકાર્યને કરાવનાર, સર્વ અનર્થનું મૂળ અને જ્ઞાનાદિ ગુણોનો નાશ કરનાર લોભને હંમેશાં ત્યજો.**

# ૪૫ શુભાશીષ ઉપર શેઠની વાર્તા પીસ્તાલીશમી

**આ લોકમાં ઉપકાર કરાયેલા લોકની શુભાશીષ ફળે છે. જેમ પુત્ર વિનાના શેઠને પુત્ર થયો.**

એક નગરમાં શ્રીમાન્ દાનશીલ કોઈક શ્રેષ્ઠિવર્ય હતા. તેની સ્ત્રી લક્ષ્મીની જેમ નામને અનુરૂપ લક્ષ્મીમતી હતી. પરસ્પર સ્નેહવાળા બન્નેનો સુખે કાળ જાય છે. સર્વ બાજુથી સુખ છતાં તેઓને એક જ દુઃખ છે કે પુત્રનો અભાવ હતો. પ્રૌઢ વય પામ્યા છતાં પણ પુત્ર ન થયો. જેના ઘરને આંગણે ધૂળથી મિશ્રિત અંગવાળો પુત્ર રમતો નથી, તેને વિશાળ લક્ષ્મી પામ્યે છતે પણ શું ?

એકવાર સ્ત્રીએ ગુરુના મુખે સાંભળ્યું "પૈસાનો સાર દાનમાં છે, ભાગો દાનથી મલે છે." આમ સાંભળીને ઘેર આવીને પોતાના ધણીને દીન દુઃખીયા અનાથ વિગેરેને દાન આપવાને માટે કહ્યું. ત્યારે તે શેઠ પ્રભાતથી માંડીને મધ્યાહ્નકાળ સુધી પોતાના ઘરની નીચે દુકાન કરીને નોકરના હાથે હંમેશા દાન અપાવે છે.

અને વળી બીજુ તે નગરમાં સ્ત્રી અને બે પુત્રવાળો એક વણિક પુત્ર રહેતો હતો. દુષ્ટ નસીબથી પરાભવ પામેલો તે નિર્ધન

અને ઘણો જ દુઃખી હતો. ભૂખના દુઃખથી પીડાયેલા તેઓનો ઘણો કષ્ટપૂર્વક સમય પસાર થાય છે. બીજાની પાસે ધન ધાન્યાદિ માંગવાને માટે સ્ત્રીએ પ્રેરણા આપ્યા છતાં તે શરમના વશથી કદિપણ માંગેલું ન હોવાથી બીજાની પાસે માંગતો નથી. એકવાર સ્ત્રીએ ભૂખથી પીડાયેલા વારંવાર ભોજન માગતા પુત્રોના દુઃખને જોવાને અસમર્થ થયેલી, પોતાના ધણીને કહે છે " હે પ્રિય ! તમે પુત્રોના દુઃખને કેમ નથી જોતા ? ભૂખ્યા તે મરી જશે તો જીવના વધનું પાપ તમને લાગશે. આથી તમે પુત્રો ઉપર દયા લાવીને કોઈ પણ ધનાઢયની પાસે પ્રાર્થના કરો. અથવા તે દાનશીલ શ્રેષ્ઠિવર્ય પાસે જાઓ જે દયાળુ શેઠ હંમેશા બપોર સુધી દરેકને ઘણું દાન આપે છે.

ત્યારે તે સ્ત્રીથી પ્રેરાયેલો ઘેરથી નીકળીને શેઠના ઘર તરફ ચાલ્યો. ઉત્સાહથી રહિત ધીમે ધીમે ચાલતો વિલંબ સહિત ત્યાં ગયો. ત્યારે શેઠનો મોટો નોકર દુકાનને બંધ કરે છે. તે મૌન વડે ત્યાં રહ્યો. કાંઈ પણ માંગતો નથી. દુકાનથી નીકળતો તે તેને જોઈને પૂછે છે. " આવવાનું શું કારણ છે ? પહેલા તો તે ન માંગવાના સ્વભાવથી લજ્જાપણાને લઈને બોલતો નથી. અને માંગતો નથી. જ્યારે બીજી વાર પૂછ્યું, ત્યારે કહે છે " ભૂખ્યા કુટુંબના માટે ધાન્યાદિ માંગવાને આવ્યો છું. તેણે કહ્યું. " આવતી કાલે આવવું, હમણાં વખત નથી. એમ કહીને તે બહાર નીકળી ગયો. તે વણિક પુત્ર, આજે કુટુંબનો નિર્વાહ કેમ થશે ! એમ વિચારતો દુઃખના સમૂહથી ભારે બનેલો આંખોમાંથી આંસુ સારતો રહ્યો.

આ દરમ્યાન તે શેઠની સ્ત્રી પોતાના ઘરની બારીમાં બેઠી હતી. તેણીએ તેને રડતો જોયો. દયાથી તેણીએ પોતાની પાસે બોલાવ્યો. અને રડવાનું કારણ પૂછ્યું. વારંવાર પૂછયે છતે તે પોતાની દુઃખી અવસ્થાનું સ્વરૂપ કહે છે. તેની સ્ત્રી અને બે પુત્રોની આવા

પ્રકારની અવસ્થા સાંભળીને દયાવાળી થયેલી તેણીએ તેનો ઉદ્ધાર કરવાનો નિર્ણય કર્યો. પહેલાં તો તેણીએ તે મોટા નોકરને બોલાવીને ઠપકો આપીને ઘણું ધન ધાન્ય તેને અપાવ્યું. અને સ્ત્રી પુત્રોને યોગ્ય ઉપકરણો આપ્યાં. અને ફરી પણ કહ્યું "મારા ઘરને પણ પોતાના જેવું ગણીને સંકોચ વિના ઇચ્છિત વસ્તુ લેવા માટે જરૂર આવવું." તે વણિક પુત્ર સાક્ષાત લક્ષ્મીના જેવા લક્ષ્મીશેઠાણીના પગે પડીને, બધી વસ્તુ લઈને ઘેર ગયો. રાહ જોતી તેની સ્ત્રી બધી ઘર ઉપયોગી વસ્તુ સહિત પતિને આવતાં જોઈ આનંદિત થઈ. ક્યાંથી કેવી રીતે આવું મળ્યું. તેણે બધી વાત જણાવી. તે સાંભળીને તેણી કહે છે "તે શેઠાણીને કલ્યાણની સુખ પરંપરા અને વાંછિત સિદ્ધિ થાઓ કે જેણે પ્રિય પુત્રો સહિત અમારો ઉદ્ધાર કર્યો. એ પ્રમાણે શુભ ભાવથી સારી આશીષ આપે છે. અને એ પ્રમાણે હંમેશાં પ્રાર્થના કરે છે તેણીની શુભ આશીષની વિચારણાથી તે નિરાશાવાળી લક્ષ્મીશેઠાણીને પણ નવમાસ પૂર્ણ થયે છતે સ્વરૂપવાન, કુલના આધાર ભૂત એવો પુત્ર ઉત્પન્ન થયો એ પ્રમાણે સારા આશીર્વાદથી શું શું નથી થતું ?

**ઉપદેશ—જગતમાં માણસોના ઉપર દયા કરવાથી ઇચ્છિત ફળ પ્રાપ્ત થાય છે. તેથી માણસોએ હંમેશાં દયામાં યથાશક્તિ ઉદ્યમ કરવો જોઈએ.**

## ૪૬ શીયલ પાળવા ઉપર સત્ય-વતીની કથા છેંતાલીસમી

**"સ્ત્રીઓનું ભૂષણ શીલ છે." તેને જાણતી પતિવ્રતા સ્ત્રીઓ મોટી આફત સમયે પણ શીલથી ચલાયમાન થતી નથી.**

જંબુદ્વીપમાં, ભરતક્ષેત્રમાં, વિશાલા નામની નગરી છે. તે નગરીમાં રાજાને યોગ્ય ગુણના સમૂહથી અલંકૃત ક્ષત્રિયમાં પ્રધાન, પ્રજાવત્સલ પૂર્ણચંદ્ર નામે રાજા રાજ્ય કરે છે. તેને કુમુદવતી નામે પટરાણી છે. અને બીજુ ત્યાં જિનધર્મ વાસિત અંતઃકરણવાળો, નગરજનોને માનનીય બ્રાહ્મણોમાં ઉત્તમ બ્રહ્મદત્ત રહે છે. તેની સ્ત્રી શીલરૂપી ભૂષણ ધારણ કરનારી હૃદયમાં સમકિત રત્નરૂપી દીવાને ધારણ કરનારી, શ્રેષ્ઠ ધર્મને આચરનારી સત્યવતી નામે છે. પરસ્પર સ્નેહ-વાળા તેમજ જિનેશ્વરે કહેલ ધર્મની આરાધના કરતા તે બંનેનો સુખેથી કાળ જાય છે. સર્વ પ્રકારે સુખી એવા તેઓને એક જ દુઃખ છે કે પુત્રનો લાભ નથી. ધર્મથી સુખ થાય છે, એમ વિચારીને શ્રી બાવીશમા તીર્થંકરની અધિષ્ઠાયિકા, વાંછિત આપનારી અંબિકા

દેવીના ધ્યાનથી "જો પુત્ર થશે તો ગિરનાર પર્વત ઉપર જઈને તમારા ચરણે નમીશું, અને નેમિનાથ તિર્થંકરને પૂજીશું" એમ નિયમ લીધો. શુભભાવનાથી, ધર્મપરાયણ સત્યવતીને કાલાનુક્રમથી પુત્ર ઉત્પન્ન થયો. અંબિકા દેવીની મહેરબાનીથી મલેલ હોવાથી પુત્રનું નામ "દેવીદિન્ન" રાખવામાં આવ્યું. માતાપિતાના ખોળામાં રમતો, મનને આનંદ આપનાર તે બાલક અનુક્રમે બે વર્ષનો થયો. સત્યવતી પોતાના ધણીને કહે છે "અંબિકા દેવીની કૃપાથી પુત્ર મળ્યો છે તો ગિરનાર પર્વત ઉપર જઈ ને તે દેવીના તથા શ્રી નેમિનાથ જિનેશ્વરના ચરણ કમલોમાં પુત્રને નમાડીએ." તેઓની કૃપાથી પુત્ર લાંબા આયુષ્ય-વાળો અને નીરોગી થાય છે, એમ સાંભળીને સ્ત્રીથી પ્રેરાયેલા તે બ્રહ્મદત્ત બ્રાહ્મણે પ્રિયા અને પુત્ર સહિત, શુભ મુહૂર્તે વિશાલા નગરીમાંથી નીકળીને ગિરનાર પર્વત તરફ પ્રયાણ કર્યું. માર્ગમાં જતા તેઓને અપશુકનો થયાં જેમકે કાગડા, ગધેડા, શિયાળીઆના અશુભ શબ્દો સંભળાય છે, પવન પ્રતિકૂલ વાય છે. સ્ત્રીની જમણી આંખ ફરકે છે. પગો આગળ જવાને ઉત્સાહ કરતા નથી. તોપણ જે થવાનું હોય તે અન્યથા થતું નથી, એમ વિચારતાં શ્રી નેમિનાથ અને અંબિકા દેવિને હૃદયમાં ધ્યાતા આગળ જાય છે. અનુક્રમે ગામ, નગર સારા વનના ખંડો, જુદા જુદા પક્ષિ સમૂહ વડે સેવાયેલા સરોવરો, અનેક પ્રકારના રમણીય વૃક્ષોના સમૂહથી શોભતા પર્વતોને ઓળંગતા અને ત્યાં જોવા યોગ્ય સ્થાનો જોતા, એકવાર ગ્રીષ્મકાલે બપોરના વખતે જંગલમાં આવ્યા. ભૂખ-તરસથી પીડાયેલી સત્યવતી પોતાના પતિને કહે છે "હે પ્રિય ! હમણાં હું ઘણી જ તરસથી પીડાયેલી કંઠગત પ્રાણોવાળી જીવવાને અસમર્થ છું, પુત્ર પણ તેવો જ છે, તેથી ક્યાંયથી પણ પાણી મેળવીને આપો, નહીંતર હું જલ વિનાની માછલીની

જેમ મરી જઈશ." એમ સાંભળીને બ્રહ્મદત્ત પુત્રસહિત પ્રિયાને વૃક્ષની છાયામાં મૂકીને કઈ દિશામાં પાણી છે, તે જાણવા માટે ઊંચા વૃક્ષ ઉપર ચઢીને ચારે દિશામાં દૂર સારસ, હંસ, બગલા ચક્રવાક આદિ જુદા જુદા પક્ષિઓના સમૂહથી વિભૂષિત એક મોટું સરોવર જોવે છે. ત્યારપછી જલ્દીથી ઉતરીને સ્ત્રીને કહે છે "અહીંથી ગાઉ પ્રમાણ ભૂમિ ઉપર સરોવર છે. તેથી તું અહીં શાંત ચિત્તે રહે, બે ઘડી માત્ર કાળમાં ત્યાં જઈને જલ્દીથી પાણી લાવીને તને પાઈશ." એમ કહીને તે પાણી માટે ગયો. તે સત્યવતી પુત્રને પાસે રાખીને ધણીના વિરહથી દુ:ખી થયેલી આર્તધ્યાનમાં પડેલી વિવિધ વિચારોના વશથી અને રસ્તાના થાકથી તથા ઠંડા પવનથી તેણીને નિદ્રા આવી, ત્યારે તેણીએ સ્વપ્નામાં "એક વીરપુરૂષ બળાત્કારથી તેને હરણ કરીને લઈ જાય છે એમ જોવે છે. એકાએક જાગેલી તે સ્વપ્નના ફલને વિચારે છે "આ દુ:સ્વપ્નનું ફલ આગળ કેવું થશે તે હું જાણતી નથી." શું ધણીનો અને પુત્રનો વિયોગ થશે ? હે ભગવાન ! દીન વત્સલ! અશરણના શરણરૂપ ! અનાથના નાથ ! કૃપાળુ પ્રભુ ! મારું શીયલ રક્ષો. મારો ધણી અને પુત્રો સાથે કદાપિ વિયોગ ન કરાવશો." ઈત્યાદિ ધ્યાન કરતી તેણી દૂરથી આવતા કોઈ એક ઘોડા ઉપર આરૂઢ થયેલા પુરૂષને જોવે છે. જોઈને વિચારે છે "વેષની વિભૂષા વડે આ કોઈ રાજપુરૂષ છે. અને તે પુરૂષ તેણીને એકલી જોઈને તેણીની પાસે આવ્યો. તેણીને રૂપવાળી જોઈને કામગ્રહગ્રસ્ત થયેલો તે કહે છે "હે સુંદરી ! તું કોણ છે! કયાંથી આવી છે ! અહીં એકલી કેમ રહી છે ! આજે ખરેખર હું કૃતાર્થ થયો, મારે ઘણી સુંદર સ્ત્રીઓ છે, પરંતુ તારા જેવી એક પણ નથી, તેથી તને પટરાણી પદે સ્થાપીશ. એમ સાંભળીને જલદી રોષ પામેલી તે કહે છે.

" હે મૂર્ખ ! આટલું પણ તું નથી જાણતો, જે સતી છે, તે

પોતાના પતિ વિના મનથી પણ દેવકુમાર સમાન સ્વરૂપવાન બીજાને ચિંતવતી નથી, મારા પતિ પાણી લેવાને ગયા છે, તેથી અહીંથી જલ્દી દૂર હટ. પ્રાણુના નાશમાં પણ હું શીલભંગ કરતી નથી, એમ બોલતી તરસથી અને શીલભંગના ભયથી તે મૂર્ચ્છા પામી. તે રાજપુરૂષ તેવી અવસ્થાવાળી તેણીને જોઈને વિચારે છે" તીવ્ર તૃષાથી પીડાયેલી આ પ્રાણો છોડી દેશે. તેથી પાણી પાઉં, એમ વિચારીને અશ્વ ઉપરથી ઉતરીને ચામડાની મસકમાં રહેલું પાણી પાય છે. ક્ષણાંતરે તેણી શુદ્ધિ પામી. તેને કહે છે હે દુષ્ટ પુરુષ! પાણી પાવાથી પણ મારા ઉપર માત્ર અપકાર જ કર્યો. આના કરતાં મારું મરણ એ જ શ્રેષ્ઠ છે, તે કહે છે "તું મને જાણુતી નથી. તેથી આમ બોલે છે, હું તો અહીંથી બાર યોજન દૂર રહેલી ચંદ્રાવતી નગરીનો રાજા, ક્ષત્રિયોમાં શ્રેષ્ઠ, શત્રુના સમૂહને દલન કરવામાં સમર્થ ચંદ્રસેન નામનો રાજા છું. જો તું મારૂં વચન માને તો બીજી રાણીઓ પણ મારી જેમ તને સેવશે, નહીંતર બળાત્કારે પણ તને લઈ જઈશ."

તેણી કહે છે "તું યથાર્થ પ્રજાપાલ નથી, પરંતુ પ્રજાભક્ષક છે જેથી આવું અયોગ્ય બોલે છે. આમ બોલતા તારી જીભ હજારો ખંડોવડે ખંડિત કેમ ન થઈ! વિકાર દૃષ્ટિથી જોતાં તારાં નેત્રો કેમ ન પડી ગયાં? ખરેખર તું રાજાનો પુત્ર નથી. પરંતુ ખરાબ આચરણવાળા પુરૂષનો પુત્ર છે" ઈત્યાદિ બોલતી તેણીને તે ક્રોધી રાજા ઉપાડીને ઘોડા ઉપર સ્થાપીને પોતાના નગર તરફ જલ્દીથી નીકળ્યો, આહાર લીધા વિનાનો રડતો તેણીનો પુત્ર ત્યાં છે. સર્વ સ્થાનોમાં પુણ્ય જ માણસોનો રક્ષક છે. બાળકના પ્રભાવથી ત્યારબાદ તે માર્ગથી કોઈ પણ, નવલાખ દ્રવ્યના સ્વામીપણા વડે "નવલખા" નામનો વણઝારો પરિવાર સહિત જતો હતો. જંગલમાં બાળકનું રૂદન સાંભળીને

શબ્દ અનુસારે તે ત્યાં આવ્યો. વૃક્ષના મૂળમાં બાળકને જોઈને તેણે વિચાર્યું "અહીં કોઈ પણ મનુષ્ય જણાતો નથી તેથી જણાય છે કે કોઈ પણ નિષ્ઠુર પુરુષ આ બાલકને છોડીને કયાંય ગયો હશે." તેથી બાલકને લઈને પુત્ર રહિત એવી લક્ષ્મી નામની પોતાની સ્ત્રીને તે આપ્યો. પુત્ર વિનાની તે પણ રૂપાળા, મનોહર બાલકને લઈને પુત્રની માફક પાલન કરે છે. ત્યાં પાલન કરાતો તે બાળક તેઓને જ માતાપિતા માને છે. માતા પિતા વડે તે બાલકનું "શુકરાજ" એવું નામ રાખવામાં આવ્યું. અનુક્રમે વણઝારાના બાળકો સાથે વિદ્યા, અને કલાનો અભ્યાસ કરતો અનેક ગામ-નગરમાં ભમતો, જુદા જુદા આશ્ચર્ય જોતો, માતાપિતાના ચિત્તને આનંદ આપતો, ઘણા સુખ-પૂર્વક વધતો કાલ પસાર કરે છે.

આ બાજુ સત્યવતીનો પતિ પાણી લેવા માટે ગયેલો તે દક્ષિણ દિશામાં દૂર જઈને ત્યાં જુદા જુદા વૃક્ષોના સમૂહથી શોભિત એક સુંદર સરોવર જોવે છે. જોઈને પાણી પીવે છે. અને સ્નાન કરે છે. થાક શાંત થયા પછી સ્ત્રી અને પુત્ર માટે પાણી લઈને જલ્દી તે ભૂમિમાં આવ્યો. ત્યાં સ્ત્રી અને પુત્રને નહિ જોઈને, ચારેય દિશાએ ભમતો, કયાંય પણ તેનો પત્તો નહિ મેળવતો, જુદા જુદા સંકલ્પ વિકલ્પ કરતો, આર્તધ્યાન પામેલા મન વાળો, પ્રિયા! પ્રિયા! એમ વિલાપ કરતો, તેના સ્નેહથી મૂઢ મનવાળો, વિમૂઢ ચિત્તવાળો તે ગાંડો થઈ ગયો. ચિત્ત ભ્રમથી તે કોઈ વાર રડતો, કોઈ વાર હસતો કોઈ વાર જેમ તેમ બોલતો, તે જંગલમાં ભમતો, કોઈ વાર જમતો અને કોઈ વાર નહિ જમતો, સમય પસાર કરે છે. અનુક્રમે સ્ત્રી પુત્ર ને શોધવા માટે ગામ, નગર ભટકતાં તેને બાર મહિના પસાર થયા તો પણ તેઓનો પત્તો ન લાગ્યો.

આ બાજુ તે સત્યવતી ચંદ્રસેન રાજાને કહે છે "બળાત્કારથી મારા હરણ વડે તારૂ કાંઈ પણ કાર્ય સિદ્ધ થશે નહિ. કારણ કે હું શીલવતી સ્ત્રી છું. પ્રાણાંતે પણ શીયલ ખંડીશ નહીં. તેથી મને લઈ જઈને શું કરીશ?" પર સ્ત્રીમાં રક્ત માણસો આ લોકમાં કલ્યાણ પામતા નથી. પર લોકમાં રાવણની જેમ નરકમાં દુઃખની પરંપરાને અનુભવે છે. આથી મારા ઉપર દયા કરીને રણમાં ત્યજીને તું જા. કામાંધ બધી બાજુથી અંધ હોય છે. એ વચનને સત્ય કરી બતાવતો તે ચંદ્રસેન રાજા તેણીના વચનને નહિ સાંભળતો જલ્દી, જલ્દી, અશ્વને હાંકતો, સંધ્યા સમયે પોતાના નગરની પાસે આવ્યો, અને ગુપ્ત દ્વારથી નગરમાં પ્રવેશ કરીને, નિર્જન સ્થાનમાં રહેલા, શસ્ત્રધારી સુભટોથી રક્ષણ કરાયેલ મહેલમાં આવીને, સત્યવતીને ઉપરના માળે મૂકીને ફરી અશ્વ ઉપર આરૂઢ થઈને પોતાના રાજ મંદિરે આવ્યો.

અને તે સત્યવતી રાત્રિને વિષે ધણી-પુત્રના વિયોગના દુઃખથી ભૂખ-તરસને ન ગણતી, હૃદયમાં શીલ રક્ષણ માટે નમસ્કાર મહામંત્રને યાદ કરે છે. આ કષ્ટમાંથી નીકળવાનો ઉપાય વિચારે છે. શું હું આ મહેલ ઉપરથી પડીને આત્માનો નાશ કરું? અથવા આ રાજાને હણીને નાસી જાઉં? શું કરું? અથવા શીયલનું કેવી રીતે રક્ષણ કરૂં? વિગેરે ચિંતામાં રાત્રી પસાર કરી. પ્રભાતમાં સૂર્ય હજાર કિરણો વડે પૃથ્વીને પ્રકાશે છે. મહેલની વિવિધ શોભાઓ અને મધ્યમાં રહેલી રંગભૂમિ પણ તેણીના મનને આકર્ષણ કરતી નથી. બધુંય સ્મશાન જેવું લાગે છે. આ સુભટો વડે રક્ષાયેલા મહેલમાંથી કેમ નીકળીશ? અથવા ચિંતા વડે સર્યું. "જુદા જુદા છેતરવાના પ્રકારોથી કામાંધ રાજાને છેતરીને અહીંથી નીકળવું એ જ સારું છે." એમ વિચારતા પહેલો પ્રહર ગયો. ત્યારે તે કામાંધ ચંદ્રસેન રાજા જુદા જુદા ઘરેણાઓથી વિભૂષિત થઈને

ત્યાં આવ્યો. તેણી તેને જોઈને જલ વિનાની માછલીની જેમ શીલભંગના ભયથી ત્રાસ પામેલી ધ્રુજતી પણ બહારથી ધીરજ ધારણ કરીને શીલ રક્ષણ માટે કહે છે. "હે રાજન્! તમારી પાસે એક વિનંતી કરું છું. કે પારકી સ્ત્રીના સંગથી જગતમાં કોઈ પણ સુખી નથી થયો. જેમ અગ્નિ અને સર્પનો સ્પર્શ પોતાના નાશને માટે થાય છે, તેમ સતી સ્ત્રીઓના સ્પર્શ વડે તારું પણ અશુભ થશે. અધુરી ઈચ્છાવાળો મરણ પામીશ. કદાચિત્ મેરૂપર્વત પણ ચલાયમાન થાય. સમુદ્ર મર્યાદા મૂકે, તો પણ હું મરણાંતે શીલ ખંડન કરીશ નહિ એ મારો નિર્ણય જાણવો." કામરૂપી કામથી ગ્રસ્ત થયેલો ચંદ્રસેન રાજા બોલે છે "હે પ્રિયા તું જેમ તેમ બોલીશ તો પણ હું તને છોડીશ નહીં. જો તું મારું વચન માને તો સારું નહીંતર છેવટે બળાત્કારથી પણ તારું શીલ ખંડીશ."

એમ સાંભળીને સત્યવતીએ વિચાર્યું આ કામાંધ જરૂર બળાત્કારથી પણ શીલનો નાશ કરશે તેથી "અશુભનો કાલક્ષેપ" એ ન્યાયથી હમણાં યુક્તિથી શીલનું રક્ષણ કરું એમ વિચારીને તેણીએ કહ્યું "હે રાજા? જો તમારો બહુ આગ્રહ છે, તો તમારું વચન એક વર્ષ પછી કરીશ, જેથી હમણાં મારે બ્રહ્મચર્ય પાળવાનો નિયમ છે. તે વ્રત પાલનમાં વર્ષ સુધી દીન–દુઃખિત ભિક્ષુકો અને અનાથ વિગેરેને દાન આપવું, જૈન મંદિરોમાં પૂજા, પ્રભાવના વિગેરે શુભ કાર્યો કરવા એમ વર્ષ સુધી ધર્મમાં તત્પર રહીશ. પછી તમે જેમ કહેશો તેમ હું કરીશ. ત્યાં સુધી તમારે મારી પાસે ન આવવું, ગરીબ વિગેરેને દાનને માટે બધી સામગ્રી તમારે પૂરી પાડવી. હું પણ મધ્યાહ્ન સમય સુધી ભિક્ષુક વગેરેને દાન આપીશ."

"સ્ત્રી ચરિત્રનો કોઈ પણ પાર પામી શકતો નથી," એ વચનને સત્ય કરી બતાવતો હોય તેમ વિવેકનેત્ર વિનાના તેણે તેણીનું

વચન સત્ય માન્યું. ત્યારે ચંદ્રસેન રાજા તેણીના વચન અનુસારે એક દાનશાળા કરાવે છે. તે સત્યવતી સવારથી બપોર સુધી જે કોઈ પણ નગરમાં રહેલા અથવા પરદેશથી આવેલા ભિક્ષુકો, બ્રાહ્મણો, ચારણો, સંન્યાસીઓ, બ્રહ્મચારીઓ, દીન, દુઃખિત અથવા અનાથ આવે છે તેઓને ભિક્ષા આપે છે, અને પોતાના ધણીના સમાચાર પૂછે છે. એકાશન, આયંબીલ, ઉપવાસાદિક વિવિધ તપ વિગેરે કરે છે. રાત્રિને વિષે નમસ્કાર મહામંત્રનું ધ્યાન ધરે છે. એમ ધર્મને આચરતા તેના દિવસો સુખપૂર્વક જાય છે. અનુક્રમે બાર મહિનામાં એક દિવસ બાકી રહ્યા, છેલ્લા દિવસે તેણી દાનશાલામાં રહેલી, પોતાના ધણીની ખબર નહિ મેળવતી "કેમ શીલનું રક્ષણ કરીશ" એમ ચિંતાતુર થયેલી બપોરના વખતે, દાનશાલા કયાં છે એમ લોકને પૂછતા, બહુ દૂરથી આવવાથી અને ભૂખ-તરસ સહન કરવા વડે નબળા થયેલ મેલા શરીરવાળા, જીર્ણ વસ્ત્રવાળા, એક બ્રાહ્મણને જોવે છે. જોઈને ખાત્રીપૂર્વક આ મારા પ્રિય છે, એમ નિર્ણય કરે છે. પોતાના ધણીને જોઈને મનમાં ઘણો આનંદ થયો, પ્રિયને કેમ મળીશ એમ વિચારતી તેણી વિશેષ સમાચાર જાણવાને માટે તેની પાસે રક્ષપાલને મોકલે છે. રક્ષપાલ તેની પાસે જઈને તેને પૂછે છે "કયા શહેરમાંથી આવ્યો છું? શું નામ છે? આમ શા માટે ભટકે છે? તે બ્રાહ્મણ તેને પોતાની આત્મકથા કહે છે. ત્યારે તે રક્ષપાલ સત્યવતીની સમક્ષ તેનો બધો અહેવાલ યથાર્થ રજુ કરે છે. સાંભળીને જાણ્યું "આ જ મારો સ્વામી છે. ત્યારબાદ તેણીએ તે રક્ષપાલને અર્થ લોભથી વશ કરીને તેના હાથે બ્રાહ્મણને ભોજન અપાવીને કહેવરાવ્યું "હે બ્રાહ્મણ! તારી સ્ત્રી સત્યવતી, નગરની બહાર દક્ષિણ દિશામાં રહેલ શિવમંદિરમાં આજ મધ્યરાત્રિમાં જરૂર મળશે. ફેરફાર નહિ થાય" તે પણ આ પ્રમાણે પ્રિયાની પ્રવૃત્તિ જાણીને શાન્તચિત્ત વાળો પ્રિયાનું નામ સાંભળવાથી

આનંદ પામ્યો છતો ભોજન લઈને ત્યાં શિવ મંદિરમાં જઈને આનંદ સહિત ભોજન કરીને પ્રિયાના દર્શનની રાહ જોવે છે.

આ બાજુ ચંદ્રસેન રાજા પણ સત્યવતીની સાથે કામ ભોગને ઇચ્છતો, કષ્ટપૂર્વક વર્ષને પસાર કરતો, તે દિવસે રાત્રિના પહેલા પહોરે સુંદર વેશ ધારણ કરી. જુદા જુદા પ્રકારની સામગ્રી સહિત તેણીની પાસે આવ્યો. તેણી પણ કામાંધ રાજાને જોઈને "શીલ કેમ રક્ષુ" એમ શીયળ ભંગના ભયથી ભય પામી અધોમુખ રાખી રહી. ચંદ્રસેન રાજા પોતાની તલવારને પલંગ ઉપર મૂકીને, બેસીને કહે છે "હે પ્રિયા! આજ તારી મર્યાદા સંપૂર્ણ થઈ છે. હવે મારી સાથે રાજાને યોગ્ય કામ ભોગને ઇચ્છા મુજબ ભોગવ" તેણી પણ ધીરજ ધારણ કરીને કપટથી બોલે છે હે મહારાજ! તમારા વચનને આધીન છું. તમે જેમ કહેશો તેમ કરીશ. આજ રાત્રે સુખેથી ખાઈએ, પીઈએ, અને મદ્યપાન પણ કરીએ. ક્ષત્રિયોને મદિરા ઘણી જ વ્હાલી હોય છે. તેથી સુંદર મદિરા મંગાવો. તેથી આખી રાત હર્ષથી પસાર કરીએ. એમ સાંભળીને "આ બધી રીતે મારા ઉપર આસક્ત મનવાળી છે" એમ (માનીને) હર્ષિત મનવાળો તે મૂઢાત્મા મધુર દારૂ મંગાવે છે. "વિનાશ કાલે વિપરીત બુદ્ધિ ઉત્પન્ન થાય છે" ત્યારબાદ તે તેણીના રૂપમાં આસક્ત થયેલો પોતાનો વિનાશ નહિ જોતો, મદિરા ઘણી પીવે છે. તેણીને પણ પીવાને માટે આપે છે. તેણી લઈને, "હું પછી પીઈશ" એમ કરતી ફરી ફરી તેને જ પીવડાવે છે. એમ તે ઘણો મદિરાપાનમાં ઉન્મત્ત થયેલા લં, લં, લં એમ બબડતો, ધ્રુજતા શરીરવાળો આમથી તેમ પડતો, મૂર્ચ્છા પામ્યો, સંજ્ઞારહિત થયેલો તે પલંગ ઉપર પડ્યો. મરેલા જેવો તેને જોઈને સાહસ ધારણ કરીને, રાજાની તલવાર હાથમાં લઈને ચંડિકા જેવું ભયંકર સ્વરૂપ ધારણ કરીને

રાજાના ગળા ઉપર એવો પ્રહાર કરે છે, જેમ ધડ અને માથુ એકી સાથે જુદુ થયું. થોડા કાળ સુધી ધ્રુજતું ધડ પણ ચેતના રહિત થયું, એ પ્રમાણે ચંદ્રસેન રાજા પારકી સ્ત્રીના સંગની ઈચ્છાથી, અપૂર્ણ ઈચ્છાવાળો મરણ પામીને દુર્ગતિમાં ગયો.

મરણ પામેલા તે રાજાને જોઈને ભયવાળી તે સત્યવતી "આ મહેલમાંથી કેવી રીતે બહાર નીકળીશ ? અથવા પતિને આપેલા સમયે કેમ મળીશ ?" એમ ઉપાય શોધે છે. મહેલના દરવાજાને સુભટ સમુદાયથી સુરક્ષિત જાણીને તાત્કાલિક ઉત્પન્ન બુદ્ધિવાળી તેણીએ પલંગના ઉપર રહેલા રાજાના શબને દૂર કરીને તેના સુતરની પાટી લઈને મહેલની પાછળના ભાગમાં રહેલી બારીના છેડે બાંધીને મધ્યરાત્રિએ તે પાટી વડે નીચે ઉતરી. રાજમાર્ગે જતી નગરના દરવાજા પાસે ગઈ. તે બારણું બંધ જોઈને નગરના ગંધાતા પાણીને જવાના માર્ગથી કષ્ટપૂર્વક તે નગરની બહાર નીકળી. પતિના મલવાની આશાથી હર્ષિત મનવાળી તે જલ્દી જલ્દી દક્ષિણ દિશામાં રહેલ શિવના મંદિરમાં જાય છે. ત્યાં જઈને હે સ્વામિ ! હે દેવ ! તમે કયાં છો ? વિયોગના દુઃખથી પીડીત એવી મને દર્શન દો. વિલંબ ન કરો. જ્યારે તેણીએ જવાબ ન મેળવ્યો, ત્યારે તેણી શિવાલયની ચારે દિશામાં તપાસ કરે છે, તો પણ તેણી પ્રિયને જોતી નથી. ત્યારબાદ તે શિવાલયના ગભારાના દ્વારને બંધ જોઈને મોટા સ્વરે હે પ્રિય ! હે પ્રિય ! એમ પોકાર કરતી બારણાને પગથી પ્રહાર કરે છે. એમ બે ત્રણ વાર કરે છે. ત્યારે ગભારાનું બારણું ઉઘડે છે. અંદર રહેલાં દીવાના ઝાંખા પ્રકાશથી જમીન ઉપર સુતેલા પોતાના ધણીને જુવે છે. તેની પાસે જઈને, સારી રીતે મુખ જોઈને આ મારો પ્રિય છે, એમ તેણે જાણ્યું. હે પ્રિય ! હું આવી આવી, એમ શબ્દ કરવાથી તેને જગાડે છે. તે જાગતો નથી.

ત્યારબાદ શરીર દબાવીને ઉઠાડે છે, તો પણ તે ઉઠતો નથી અને કાંઈ પણ જવાબ આપતો નથી. ફરી પણ તેણી બોલે છે હે પ્રિય ! 'તમારી સ્ત્રી વર્ષના આખરે મળવાને આતુર અહીં આવી છે કેમ મૌન રહ્યા છો ? અહીંનો રાજા મને હરણ કરીને અહીં આવ્યો, દેવગુરૂ કૃપાથી અખંડ શીયલવાળી મેં તે રાજાને કપટથી વશ કરી, મારી નાંખીને, આપેલા સમયે આવેલી મને કેમ જવાબ આપતા નથી ?' તીવ્ર ઉત્કંઠાવાળી, વિયોગના દુઃખ રૂપી અગ્નિથી દાઝેલી મને આશ્વાસન આપો, તો પણ તે બોલતો નથી. ત્યારે તેણી તેના શરીરને સારી રીતે તપાસ કરે છે. શ્વાસોશ્વાસ રહિત ઠંડુ શરીર જોઈને "નક્કી શું આ મૃત્યુ પામ્યા છે" એમ વિચારતી તે ગભારાની ચારે બાજુમાં દૃષ્ટિ નાંખે છે, ત્યારે ખૂણામાં એક ભયંકર સાપને જોવે છે. ધણીના શરીરને ઝેરમય જોઈને નિર્ણય કરે છે "આ સર્પથી મારા પતિ જરૂર ડંસાયા છે, તેથી આ મરણ પામ્યા છે." એમ નિર્ણય કરીને પતિના મરણના દુઃખ રૂપ શલ્યથી પીડાયેલી પતિના મસ્તકને પોતાના ખોળામાં મૂકીને હૃદયને કુટતી, આંસૂ સારતી વિલાપ કરે છે "હે દૈવ અકાલે તેં શું કર્યું ? સ્વામિ વિનાની કયાં જાઉં ? ખરેખર મારું હૃદય વજ્રથી ઘડેલું જ છે. જેથી પ્રિયના મરણથી હજાર ટુકડાથી ભેદાઈ ન ગયું હવે મારે જીવનથી સર્યું ?" એમ બહુ વિલાપ કરતી "નક્કી રાજાની હત્યાનું પાપ કર્મ આજે મને ફળ્યું" એમ તેણી રાજ હત્યાના પાપને યાદ કરીને, ભયથી કંપતા શરીરવાળી ત્યાં રહેવાને અસમર્થ, "સ્વામીનું જે થવાનું હોય તે થાય," એમ નિર્ણય કરીને તેના દેહને અગ્નિ સંસ્કાર કરવાને અશક્તિમાન થઈ.

પ્રભાતમાં રાજપુરૂષો મને પકડી જશે, એમ ભયભીત થયેલી શિવાલયમાંથી જલ્દી બહાર નીકળીને આગળ જંગલના રસ્તે ચાલી.

આ બાજુ પ્રભાત થતાં પણ ચંદ્રસેન રાજા રાજમહેલમાંથી બહાર ન આવ્યો છતે મહેલના રક્ષક પુરૂષો વિવિધ વિતર્ક કરે છે. "અમારા મહારાજા આજે આ મહેલમાં પરસ્ત્રી સાથે રહ્યા હતા." "પરસ્ત્રીનો વિશ્વાસ કદાપિ ન કરવો." જેથી કહ્યું છે કે સ્ત્રીમાં અને રાજકુલમાં વિશ્વાસ ન કરવો, એથી મહેલમાં ઉપર જઈને જોવું જોઈએ. ત્યાર બાદ તે બધા મહેલના ઉપર ભૂમિએ ગયા, ત્યારે પલંગની નીચે જુદું જુદું લોહીથી ખરડાયેલ માથું અને ધડ જોવે છે. "કયા દુષ્ટ પુરૂષે આ રાજાની હત્યાનું મોટું પાપ કર્યું ? એમ વિચારતા તેઓએ પટ્ટા વિનાના પલંગને અને બારીએ બાંધેલી પાટીને જોઈને નિર્ણય કરે છે "મહારાજે હરણ કરીને લાવેલી આ સત્યવતી શીલભંગના ભયથી મદ્યપાનમાં ઉન્મત્ત આપણા સ્વામીને હણીને બારીમાં બાંધેલા પટ્ટાના પ્રયોગ વડે અહીંથી પલાયન થઈ ગઈ છે." ત્યારબાદ તે બહાર નીકળીને રાજાના મુખ્ય માણસોને બધું જણાવે છે. ત્યારે આખું શહેર રાજાના મરણના સમાચારથી શોક મગ્ન થયું. સત્યવતીની શોધ માટે ચારે દિશામાં સુભટો મોકલ્યા પણ તેણીનો ક્યાંય પત્તો લાગ્યો નહીં. મુખ્ય માણસો રાજાના દેહનો અગ્નિ સંસ્કાર કરે છે. ચંદ્રસેનના પુત્ર શૂરસેનને રાજ્ય આપ્યું, આ પ્રમાણે પારકી સ્ત્રીના હરણનો કડવો ફલ-વિપાક જોઈને નગરના માણસો પરસ્ત્રીમાં વિરક્ત થયા.

આ બાજુ તે સત્યવતી રાજાની પટરાણીના યોગ્ય વસ્ત્ર-ઘરેણાંથી ભૂષિત, રાત્રિના છેલ્લા પહોરે શિવાલયમાંથી નીકળીને આગળ જતી અંધકારમાં માર્ગને નહિ જાણતી, કાંકરા, કાંટા વિગેરેથી ઉત્પન્ન થતા દુઃખને સહન કરતી, ઘણે દૂર નીકળી ગઈ. ત્યાં જંગલના નજીકના નગરમાંથી કોઈ પણ ધનવાનના ઘેર ખાતર પાડીને, વસ્ત્ર ધન વિગેરે લઈને, વનના મધ્યભાગે ઝાડની નીચે આવીને ચોરેલ વસ્ત્ર ધન વિગેરેના સરખા

ભાગ કરતા ચાર ચોરને જુવે છે. આગળ કેમ જઈશ એમ વિચારતી તે ધીમે ધીમે જાય છે. ત્યારે તેણીના પગનો ધીમો ચાલવાનો અવાજ તેઓએ સાંભળ્યો. ત્યારબાદ તેઓ તેણીની સન્મુખ જોવે છે. ત્યારે સુંદર વસ્ત્ર ઘરેણાંથી શોભતી રૂપવતી સત્યવતીને નાસતી જોઈને ઉઠીને તેને અટકાવે છે. પહેલાં તેણીના અમૂલ્ય ઘરેણાં લઈને પૂછે છે "તું ક્યાંથી આવી? રાત્રિમાં કયાં જાય છે?" ભયભીત બનેલી તે બોલે છે "હે ભાઈઓ! દુઃખી થયેલી હું, ધણીના મરણથી અનાથ, આધાર રહિત કોઈ પણ નગરમાં જઈને કોઈ પણ ધનિકના ઘેર ઘરકામ કરીને નિર્વાહ કરીશ." મારા ઘરેણાઓ તમારા વડે લઈ લેવાયા. મારે એનાથી કાંઈ પ્રયોજન નથી. મને જવાની રજા આપો. હું મનોવાંછિત સ્થાનમાં જઈશ નસીબ વાંકુ હોય ત્યારે બધું વાંકું હોય છે. ચોરો પણ વિચારે છે. "આ ધણી–પુત્ર વિનાની, એકલી અનાથ રૂપાળી છે, તેથી આને કયાંય વેચીશું તો ઘણું ધન પ્રાપ્ત કરીશું." એમ વિચારીને કહે છે "અમે તને નગરનો રસ્તો બતાવીને પોતાના ગામ જઈશું એમ કહીને; તેને લઈને તે ચોરો આગળ પકડાઈ જવાના ભયથી આડે રસ્તે નીકળ્યા." તે ચોરોની સાથે ચાલતી તે સત્યવતી વિચારે છે— "એક દુઃખથી છૂટી છતી બીજી આફતમાં પડી." દૈવને ધિક્કાર છે જેથી આ પ્રમાણે હું નસીબ યોગે દુઃખ પરંપરાને પામી મને ગ્રહણ કરીને ચોરો શું કરશે? "જે થવાનું હોય તે થાય." પ્રાણાંતે પણ શીલનું રક્ષણ કરવું જોઈએ.

અનુક્રમે સૂર્યોદય થયે છતે પણ તે ચોરો મધ્યાહ્ન સુધી ચાલતા અનુક્રમે ચંપાનગરીની પાસે આવ્યા. ઘણી થાકી ગયેલ તે સત્યવતી ભૂખ તરસથી પીડાયેલી પગલું પણ ચાલવાને અશક્ત થઈ. ત્યારે તે ચોરો એક સરોવરે ગયા, ત્યાં તે બધા, મોઢું, હાથ અને પગ ધોઈને પરિશ્રમને દૂર કરી નગરમાં પેઠા. બજારમાં કંદોઈની દુકાને ભૂખ દૂર

કરવા માટે, ભોજન કરવા યોગ્ય પકવાન લઈને સાર્વજનિક ધર્મ-શાળાએ ગયા. ત્યાં તે સત્યવતીની સાથે ચોરોએ ખાધું. ભૂખ અને તરસ શાંત થવાથી તે ચોરો વિચારે છે "આનાથી કાંઈ પણ હેતુ સરશે નહીં તેથી કયાંય પણ આને વેચીને દ્રવ્ય લેવું જોઈએ." તેથી તેમાંથી બે ચોરો બજારમાં ગયા. બે ચોરો તેનું રક્ષણ કરે છે. ત્યાં રહેલી સત્યવતી વિચારે છે. આ મને શું કરશે? એઓના ઇંગિત આકારથી જણાય છે કે એ જરૂર મને કોઈ દુઃખ સંકટમાં નાંખશે. તેથી આવી પડતી દુઃખની શ્રેણિને જોઈને, પૂર્વે બાંધેલા કર્મનો આ વિપાક છે જેથી કહ્યું છે કે—

"શુભાશુભ કરેલું કર્મ જરૂર જ ભોગવવું પડે છે. કલ્પોની સેંકડો કરોડો ગયે છતે પણ ભોગવ્યા સિવાય કર્મ ક્ષય થતું નથી." તેથી જિનધર્મનું સ્વરૂપ જાણનારી મારે સમયે આવેલું અશુભ કર્મ સમતાપૂર્વક સહન કરવું જોઈએ, એમ મનને સ્થિર કરે છે. જે બે ચોરો બજારમાં ગયા તે આવીને કહે છે "આ ચંપા નગરીમાં ન્યાય નિપુણ વિક્રમ નામે રાજા રાજ્ય કરે છે." નગરના મધ્ય ભાગમાં એક મોટું વિશાળ ભવન રાજમંદિર જેવું અમે જોયું. મહેલની આગળ એક ઢક્કા છે. ઢક્કાની પાસે રાજાની પટરાણી જેવી, સર્વ ઘરેણાંથી સજ્જ થયેલી, સુંદર વસ્ત્રો પહેરેલી, પ્રૌઢવયને પામેલી એક સ્ત્રી છે તેણી પાસે જઈને પૂછયું "આ કોનું ભુવન છે? તું કોણ છે? આગળ ઢક્કા શા માટે મુકી છે?" તે બોલે છે, આ નગરના રાજાની પણ માનીતી આ ભવ્ય ભુવનની સ્વામિની કામલતા નામની હું મુખ્ય ગણિકા છું. સેંકડો વેશ્યાઓ મારે આધીન છે, જેવા તેવાનો તો અહીં પ્રવેશ પણ ન હોય, જે લખપતિ અને કરોડપતિ છે તેજ પ્રવેશ પામે છે. બીજા નહિ, અને બીજા જે કોઈપણ લાખ દ્રવ્ય આપીને અહીં પ્રવેશ કરવા ઈચ્છે તે આ મોટી ઢક્કાને વગાડીને પ્રવેશ કરે છે, આ

મોટી ઢક્કાનો અવાજ આખી નગરીમાં સંભળાય છે. તે ઢક્કાના શબ્દથી માણુસો પણ જાણે છે કે "કોઈ પણ લાખ દ્રવ્ય આપીને કામલતા વેશ્યાના ભુવનમાં પેઠો છે." આમ કહીને વેશ્યા પૂછે છે "તમે કોણ છો ? શા માટે અહીં આવ્યા." એ પ્રમાણે સાંભળીને અમે કહ્યું "અમે ક્ષત્રિયો છીએ." એક અત્યંત રૂપાળી સુંદરીને વેચવા માટે અહીં આવ્યા છીએ. એમ સાંભળીને તે વેશ્યા કહે છે જો તે રૂપવતી હોય તો મોં માંગ્યા પૈસા આપીને ગ્રહણ કરીશ. તેથી અમે જલદી અહીં આવ્યા. એમ સાંભળીને તે બધા નિર્ણય કરીને કોઈ પણ બહાનાથી સત્યવતીને લઈને તે વેશ્યાના ભુવનમાં આવ્યા. તે કામલતાએ સત્યવતીને અત્યંત રૂપથી શોભતી જોઈને ચોરોને મોં માંગ્યું ધન આપીને ગ્રહણ કરી. ચોરો પણ ધન મેળવીને, બધા ધનના સરખા ભાગ કરીને, લઈને પોતાના નગરે ગયા. સત્યવતીને અતિ અદ્ભુત રૂપ વડે બધી વેશ્યામાં ઉત્તમ માનીને કામલતા વેશ્યાએ તેને વેશ્યા યોગ્ય ભૂષણોથી શણગારીને ભુવનના સૌથી ઉપરના ભાગ ઉપર રાખી.

વેશ્યા ભુવનમાં ગયેલી, અનેક દાસી સમૂહથી સેવાયેલ, સ્વાદિષ્ટ ભોજન પાન પામ્યે છતે પણ સત્યવતી વેશ્યાવૃત્તિને ધિક્કારે છે. કારણ કે તેઓમાં કેટલીક વેશ્યાઓ પોતાના સ્વામીને ખુશ કરવાના સ્વભાવવાળી, કેટલીક કામ ક્રીડામાં કુશલ, કેટલીક પારકા પુરૂષનું દ્રવ્ય લેવામાં નિપુણ, કેટલીક છળ કપટની કલામાં કુશલ, કેટલીક મદિરા પાન કરાવવા વડે પારકાને છેતરવામાં તત્પર છે. તેઓને જોઈને હું સ્ત્રીઓના આભૂષણ સમાન શીયલને અહીં વેશ્યાના ઘરમાં કેમ સાચવીશ ? શીલ રક્ષણ માટે પંચપરમેષ્ઠિ પદનું હંમેશાં ધ્યાન ધરતી યથા શક્તિ તપ કરતી દિવસો પસાર કરે છે.

કામલતા વેશ્યા પણ અતિ અદ્‌ભુત રૂપવાળી તેને જાણીને સર્વ વેશ્યાઓમાં તેને સર્વથી ઊંચી પદવીએ સ્થાપીને, "જે લાખ દ્રવ્ય આપશે તે આની સાથે કામભોગ ભોગવશે," એવો નિર્ણય કર્યો. તેથી લાખ દ્રવ્ય આપનારના અભાવે વેશ્યાના ઘરમાં રહ્યા છતાં નિર્મળ શીલ પાળે છે. એ પ્રમાણે ધર્મારાધનમાં તત્પર તેના બાર વર્ષ સુખેથી પસાર થઈ ગયા.

આ તરફ તે નવલખો વણઝારો શુકરાજ સહિત અનેક ગામ, નગરમાં લે-વેચ કરતો ભવિતવ્યતા યોગે ચંપાનગરીમાં આવ્યો. નગરની બહાર ઉદ્યાન પ્રદેશમાં રાવઠી સ્થાપીને પરિવાર સહિત ત્યાં રહેતો છતો નગરમાં પોતાના કરીયાણાને વેચે છે, પરદેશને યોગ્ય ગ્રહણ કરે છે. માતપિતાનો ભક્ત તે સત્યવતીનો પુત્ર શુકરાજ વ્યાપાર કરવામાં નિપુણ, પિતાને મદદ કરે છે. એકવાર તે પ્રભાત સમયે મિત્રથી પરિવરેલો નગરીની શોભા જોવા માટે નગરમાં ગયો. ત્યાં જુદા જુદા આશ્ચર્યને જોતો, દુકાનની શ્રેણીઓ ઓળંગતો, દૈવ-વશાત્ કામલતા વેશ્યાના સુંદર ભુવનને અને ત્યાં રહેલી ઢક્કાને જોવે છે. ઢક્કાની પાસે રહેલી કામલતા વેશ્યાને જોઈને પૂછે છે "આ કોનું ભુવન છે? શા માટે આ ઢક્કા અહીં સ્થાપી છે? તમે કોણ છો?" એમ સાંભળીને વેશ્યા બોલે છે "આ ચંપાનગરીના રાજાને માન્ય કામલતા નામની હું વેશ્યા છું." સો વેશ્યાની સ્વામિની છું, અને અમારું આ ભવન છે. જે કોઈ શ્રીમંત લાખ દ્રવ્ય આપે તે પુરૂષ આ ઢક્કાને વગાડીને ભુવનમાં પ્રવેશ કરીને મનવાંછિત રૂપસુંદરીની સાથે કામભોગોને ભોગવે. આમ સાંભળીને પૂર્વબદ્ધ કર્મના ઉદયે ત્યાં જવાની ઇચ્છાવાળો એવો તે મિત્રથી પરિવરેલો પોતાના ઘેર જઈને પોતાના માતાપિતાને કહે છે "હે માતાપિતા! મને એક લાખ દ્રવ્ય આપો" તેઓ કહે છે "હે વહાલા પુત્ર? તારે શું

કામ છે ? એના વડે કયો વ્યાપાર કરવો છે ? વધારે દ્રવ્ય વ્યય કરવું હમણાં યોગ્ય નથી.” ત્યારે તે શુકરાજ “લાખ દ્રવ્ય આપીને ઢક્કાને વગાડીને, વેશ્યાના મંદિરે જવાની મારી ઇચ્છા છે એવો બધો અહેવાલ લજ્જા સહિત નિવેદન કરે છે.” તેમજ ઢક્કા વગાડવાના શબ્દ સાંભળવાથી નગરમાં તમારો પણ યશ થશે. ત્યારે માતાપિતા તેને સમજાવે છે. હે પુત્ર ! વેશ્યાની સોબતથી આ લોકમાં કોણ કોણ દુઃખ નથી પામ્યા ? પરલોકમાં વળી દુર્ગતિને નથી પામ્યા ? સાત વ્યસનોમાં વેશ્યાનો સંગ એ સર્વ વ્યસનોનું મૂળ કારણ છે. તેથી આ જરૂર ત્યાગ કરવો જોઈએ. મનમાં પણ તેણીની ઇચ્છા ન કરવી. ત્યારે શુકરાજ એમ બીવરાવે છે કે “જો નહિ આપો તો હું આત્મઘાત (આપઘાત) કરીશ.” એમ સાંભળીને માતા પિતા, “વૃદ્ધાવસ્થામાં અમારો આધાર પુત્ર જ છે. તેના વિના શું કરીશું ?” એમ વિચારીને લાખ રૂપિયા સ્નેહપૂર્વક તેને આપ્યા. ત્યારબાદ તે, તે લાખ રૂપીઆ લઈને જલ્દી કામલતા વેશ્યાને ઘેર ગયો. તેણીને લાખ રૂપિયા આપીને ઢક્કા બજાવીને વેશ્યાના ઘરે તે પેઠો. ઢક્કાના શબ્દ સાંભળવા વડે નાગરિકોએ પણ જાણ્યું કે કોઈ પણ ધનવાને આજે કામલતા વેશ્યાના ઘરમાં પ્રવેશ કર્યો છે. કામલતા વેશ્યાથી ફરમાવેલી અનેક નવયુવાન સ્ત્રીઓ તેને હાથ જોડવા પૂર્વક પ્રણામ કરે છે. કેટલીક ચામર વીંઝે છે. કેટલીક વિલેપન કરે છે. કેટલીક પાન, પુષ્પો વગેરે આપે છે. કેટલીક ખાવા યોગ્ય પકવાન આપે છે. કેટલીક હાથ પગના અભિનયને બતાવે છે; કેટલીક હાથ, ભાવના વિલાસ વડે મોહ પમાડે છે. એમ તે વેશ્યાઓ તેના મનને વિવિધ યુક્તિઓથી રંજન કરે છે. તે શુકરાજ કામલતાની કુશળ રૂપસુંદરીઓને જોતો, કોઈમાં મન નહિ કરતો પૂછે છે “ આના કરતાં વધારે રૂપવાળી સુંદરી છે કે નહિ ?” ત્યારે તે કામલતા વેશ્યા મહેલના ઉપરના

ભાગમાં રહેલી સત્યવતીને બતાવવા માટે એક દાસીને તેણીની પાસે લઈ જવા હુકમ કરે છે. તે દાસી તે શુકરાજને સત્યવતીનું રહેવાનું સ્થાન બતાવે છે. ત્યારે તે શુકરાજ તેણીના મુખ્ય ખંડમાં ગયો

અહીં તે સત્યવતી બાર વર્ષના અંતે ઢક્કાનો અવાજ સાંભળીને વિચારે છે, આજે કોઈ શ્રીમંત માણસ કામલતાના ઘરમાં પેઠો છે. જો તે મારી પાસે આવશે તો હું કેમ શીયલ સાચવીશ? આથી આપઘાત કરવો સારો છે, એમ વિચારતી તેણીનું શુભ સૂચક ડાબું નેત્ર સ્ફુર્યું. આ નિશાની વડે આ વેશ્યાના ઘેર શું સુખ થશે? મારો ધણી મરણ પામ્યો. પુત્રનો પણ મેળાપ ન થયો. તો જીવવાથી શું એમ વિચારતી તેણી પલંગની નીચે, નીચું મુખ રાખી બેઠી છે.

તે શુકરાજ તેણીના નિવાસના મધ્ય ભાગમાં જતાં, નિર્મળ વસ્ત્રોથી આચ્છાદિત પલંગને અને તેની પાસે અનુપમ રૂપવાળી, પ્રશાંત ચિત્તવાળી, નીચી દૃષ્ટિવાળી, સત્યવતીને જોવે છે. જોઈને વિચારે છે–'શ્રૃંગાર રહિત, પતિ વિનાની, શોકમગ્ન નીચી નજરવાળી આ કાંઈ પણ વિચાર કરતી મને કુલવધૂ જેવી જણાય છે. પહેલાં જોયેલી વેશ્યાઓ કરતાં વિપરીત સ્વરૂપવાળી આ છે. તેણી પણ પગના અવાજના શબ્દ વડે 'આ કોણ આવ્યો' એમ ઊંચું મુખ કરીને તે શુકરાજને તેજસ્વી સુંદર અંગોપાંગવાળા, યૌવનના શરૂઆતમાં રહેલા જોઈને, પુલકિત હૃદયવાળી તે મીઠા શબ્દથી તેને પલંગ ઉપર બેસવાને કહે છે. તે પણ ત્યાં બેઠો છતો તેણીના મુખને જોતો કામભોગની અભિલાષા રહિત થયો. માતાના સ્નેહના પ્રબળપણાથી તેને તેણીના ઉપર માતાની જેવો સ્નેહ ઉત્પન્ન થયો. તે વિચારે છે. "જે આશાએ હું અહીં આવ્યો તે આશા નાશ પામી. મારૂં લાખ દ્રવ્ય પણ નષ્ટ થયું. આ વેશ્યા નથી. જેથી સારા કુળમાં ઉત્પન્ન થયેલી કુલવધૂ જેવી જણાય છે. આનો વેશ્યાવૃત્તિપણાનો ધંધો ન હોય. ત્યારબાદ તે

બહુમાનપૂર્વક શીલભંગના ભયથી ધ્રુજતા શરીરવાળી તે સત્યવતીને હાથ વડે લઈને સામે સ્થાપે છે. ત્યારે તેણી તેના હાથના સ્પર્શથી "શું આ મારો પુત્ર છે" એમ આનંદ પામેલી સ્તન ઝરતી સ્નેહ-પૂર્વક તેને જુએ છે. એમ બન્નેય પરસ્પરને જોતાં ક્ષોભ પામેલા એવા તે ક્ષણભર મૌન રહ્યા, તે સત્યવતી ધીરજ ધારણ કરી પૂછે છે "હે ઉત્તમ પુરૂષ, તારી જાતિ શું છે? માતાપિતાનું શું નામ? જન્મસ્થાન શું? એમ જાણવાની મારી જીજ્ઞાસા છે, જેથી તારા દર્શનથી આ કોઈક મારૂં સંબંધી માણસ છે એમ મારૂં મન પ્રસન્ન થાય છે. ત્યારે તે શુકરાજ કહે છે. "હે પ્રિય બોલનારી, મારૂં નામ શુકરાજ, પિતાનું નામ નવલખો વણઝારો, માતાનું નામ લક્ષ્મી, જન્મ મારવાડ દેશમાં, જાતિએ અમે વણઝારા છીએ. આટલું હું જાણું છું." ત્યારબાદ સત્યવતી કહે છે. હે ઉત્તમ પુરૂષ, આકૃતિથી તું વણઝારો નથી. આકારથી, ચેષ્ટા અને બોલવા વડે તું ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલો જણાય છે. ત્યારે શંકાવાળો તે શુકરાજ, હું માતાપિતાને પૂછીને જલ્દી આવીશ એમ કહીને કામ-લતાની સાથે વિશેષ વાતચીત નહિ કરીને ઘેર ગયો. માતાપિતા શુકરાજને જલ્દી આવેલો જોઈને સારી રીતે પૂછે છે 'હે પુત્ર! કેમ જલ્દી આવ્યો. ત્યારે તેણે કામલતાના ઘેર જે થયું તે બધું કહીને પોતાના જન્મની વાર્તા પૂછી. પહેલાં તો તે મૌન રહ્યા. કાંઈ પણ બોલતા નથી. તું અમારો જ પુત્ર છે! એમ કહે છે. પછી તેના બહુ જ આગ્રહના વશથી તેઓએ કહ્યું "હે પુત્ર! તારૂં જન્મ સ્થાન, જાતિ અને માતાપિતાનું નામ અમે જાણતા નથી. જેથી

આજથી બાર વર્ષ પહેલાં દક્ષિણ દિશાએ ભયંકર જંગલમાં વનના મધ્ય ભાગમાં મધ્યાહ્ન સમયે ઝાડના મૂળમાં સફેદ વસ્ત્રથી ઢંકાયેલો, એ વર્ષના પ્રમાણવાળો, એકલો રડતો, તું પુત્રવિનાના અમારા વડે પ્રાપ્ત કરાયો. ત્યારથી માંડીને પોતાના ઉદરથી ઉત્પન્ન થયેલા પુત્રની જેમ તને પાળ્યો છે. જન્મ આપનાર તારા માતા-પિતાને અમે પણ જાણતા નથી. આકાર, રૂપ અને સ્વભાવથી તું ઊંચા કુળમાં ઉત્પન્ન થયેલો જણાય છે. એ પ્રમાણે તે સાંભળીને કામલતાના ઘર તરફ નીકળ્યો. માર્ગે જતાં તેને ડાબું નેત્ર અને ડાબું અંગ ફરકે છે, વિધવા સ્ત્રીઓ સામે આવે છે, શરીર અસ્વસ્થ થયું, પગો પણ ચાલતા નથી, આમ અપશુકનો થયા તો પણ તે અપશુકનોને ગણ્યા વિના વિવિધ કુતર્ક કરતો સત્યવતી પાસે આવી પહોંચ્યો.

તે સત્યવતી ચિંતાથી વ્યાકુલ બનેલા તેને જોઈને પહેલાની પેઠે તેને પોતાની કથા પૂછે છે. તે શુકરાજ માતાપિતાએ કહેલ બધી બીના કહે છે ત્યારબાદ તેની તે વાત સાંભળીને તેણી હૃદયના આઘાતથી મૂર્ચ્છા પામી. ત્યારબાદ ચેતના પામેલી તે નિસાસો નાખતી અને રડતી, હે **નસીબ!** વૈરીની જેમ મારા ઉપર કેમ કોપાયમાન થયો છે?' કારણકે આવા પ્રકારનું બોલવાને પણ અનુચિત અવસ્થામાં હું આવી પડી છું. પુત્રના મિલન પહેલાં મરણ થયું હોત તો સારું જેથી આવું વૃત્તાંત કહેવાનો સમય ન પામત. હે પ્રિયપુત્ર! પુત્રના મેળાપની ઇચ્છાવાળી મને તું આજે મળ્યો છે. મને આજ સુધી જે દુઃખ થયું છે તે કહેવાને પણ સમર્થ નથી. તો પણ પ્રિય માણસ આગળ બધું કહેવાય છે. અને તે જ દુઃખ શાન્ત કરવાનું ઔષધ છે, એ કારણથી હું મારી આત્મકથા કહું છું. ત્યારે તે શુકરાજ સત્યવતીના વચનને સાંભળતો વિચારે છે. મેં એક દિવસ કામભોગ માટે લાખ દ્રવ્યનો વ્યય કર્યો. પરંતુ સુખ ન પામ્યો. આ સ્ત્રી મારી તરફ

પુત્ર વાત્સલ્યભાવ દર્શાવે છે. પ્રિયપુત્ર એમ બોલે છે. એમાં કાંઈ પણ રહસ્ય હોવું જોઈએ. પહેલાં આની વાત સાંભળવી, એમ વિચારીને તે બોલે છે. હું અહીં શા માટે આવ્યો છું તેને તમે જાણો છો. મારી તરફ તમે પુત્ર પુત્ર એમ કહો છો. તેથી મારી સાથે સંબંધ થાય કે ન થાય તો પણ આજથી માંડીને તમને માતાની જેમ જાણીશ. તેથી તમો પોતાની આત્મકથા કહીને મારા અસ્વસ્થ મનને શાન્ત કરો. ત્યારે તે સત્યવતી પોતાનું વૃત્તાંત સંક્ષેપથી કહે છે. " વિશાલા નગરી, બ્રહ્મદત્ત બ્રાહ્મણ છે, તેની સત્યવતી ભાર્યા, અંબિકા દેવીની મહેરબાનીથી પ્રાપ્ત થયેલો દેવીદિન્ન પુત્ર છે. તેઓનું ગિરનારે યાત્રા કરવા માટે જવાનું થયું, જંગલમાં સત્યવતી તરસી થઈ, સ્વામી પાણી લાવવા દૂર ગયા. ત્યારે ચંદ્રસેન રાજાએ સત્યવતીને હરણ કરી, પતિને મળવા માટે રાજાને હણીને મધ્યરાત્રીએ નીકળી ગઈ, શિવાલયમાં સર્પ ડંશથી સ્વામીનું મરણ, જંગલમાં જતી ચોરો વડે ગ્રહણ કરાઈ, તેઓએ વેશ્યાના ઘરે વેચી, બાર વર્ષ સુધી શીયલને પાળતી અહીં રહેલી તે સત્યવતી હું તારી માતા છું. હે પુત્ર! આજે તું માતાની સાથે કામભોગ માટે લાખ દ્રવ્ય આપીને અહીં આવ્યો છું. કર્મ વડે નચાયેલી વેશ્યા રૂપે હું તને મોઢું શું બતાવું ? આના કરતાં પહેલાં મરણ પામી હોત તો સારું જેથી આફતમાં ન પડત."

સત્યવતીએ કહેલી વાત સાંભળીને માતાને મુખ બતાવવાને અશક્ત બનેલો તે જમીન ઉપર પડ્યો અને હૃદયના આઘાતથી મૂર્ચ્છા પામ્યો. સત્યવતી દેવીદિન્ન (શુકરાજને) પુત્રને ઉઠાડીને, વસ્ત્રના છેડા વડે પવન નાખે છે. ચેતના પામેલા, રડતા પુત્રને કહે છે, " હે પ્રિય પુત્ર! વસ્તુ સ્વભાવને ન જાણતા લોકો દૈવથી પ્રેરાયેલા

આ પ્રમાણે ન કરવા યોગ્ય પણ કર્મો કરે છે એ અજ્ઞાનતાનો જ વિલાસ છે. જેથી—

ક્રોધ વિગેરે સર્વ પાપ કરતાં પણ અજ્ઞાન ખરેખર મોટું દુઃખ છે. કારણ કે અજ્ઞાનથી યુક્ત લોકો હિત કે અહિતને જાણતા નથી. આથી તારો દોષ નથી. પૂર્વબદ્ધ કર્મનો આ વિપાક છે. એમ જાણીને શાંત ચિત્તવાળો થા. એમ કહીને તેના અશ્રુઓ સાફ કરે છે. ત્યારબાદ તે દેવીદિન્ન શોકરૂપી અગ્નિથી તપેલા શરીરવાળો અસાર સંસારના સ્વરૂપને વિચારતો, માતાને કહે છે "હે માતા! મને ધિક્કાર પડો, જે દુર્લભ માનવભવ પામીને મેં આવું ઘોર પાપકર્મ કર્યું. તારા પેટે જન્મ લઈને તારી સાથે વિષયભોગની મેં વાંછા કરી, મારા જેવો પાપિષ્ઠ માણુસ જગતમાં કોઈ પણ નહિ હોય, આવા પ્રકારનો હું માતાને મુખ કેમ બતાવું? જીવિતથી સર્યું," એમ કહીને માતાને પગે પડીને, પરમાત્માનું ધ્યાન ધરતો, કેડે બાંધેલી છરી કાઢીને એકાએક પોતાના પેટમાં ભોંકે છે, પેટમાંથી નીકળતી ધારાથી ભરેલો તે જમીન ઉપર પડ્યો, અને ક્ષણવારમાં ચેતના રહિત થઈ મરણ પામ્યો.

તે સત્યવતી પોતાના નિમિત્તથી મૃત્યુ પામેલા પુત્રને જોઈને બહુ જ શોકાતુર, ન સહી શકાય તેવા દુઃખરૂપી અગ્નિથી દાઝેલી વિચારે છે "મારા જીવતર વડે શું? પુત્રની ચિતામાં પડીને મરણ પામવું સારું છે. મારા નિમિત્તથી ત્રણ હત્યાઓ મને થઈ. અરે ધિક્કાર પડો! કે ચંદ્રસેન રાજાને મેં માર્યો, પતિ અને પુત્રનું પણ મારા નિમિત્તે મરણ થયું. હું પણ હવે મૃત્યુ પામેલા પુત્રની સાથે ચિતામાં પડીશ એમ નિર્ણય કરીને પુત્રના માથાને પોતાના ખોળામાં ધારણ કરીને વિલાપ કરે છે "હે પુત્ર! એકાએક તેં શું કર્યું?' પતિ અને પુત્ર

વિનાની અનાથ એકલી હું કેમ જીવીશ ?, હે પુત્ર ! મને ત્યજીને તું ગયો. હું પણ તારી સાથે આવીશ. હે પુત્ર, તારા પાલક મા-બાપને શું જવાબ આપીશ ? તેઓ તેમજ આ દુષ્ટ કામલતા વેશ્યા પણ આમ સંકલ્પ કરશે, કે " આ સ્ત્રીએ શીલરક્ષણ માટે આ શુકરાજને માર્યો. બીજા પણ જે લોકો જાણશે તે પણ એમ વિચારશે. બધાય મને નિંદશે, મારું બધું નાશ પામ્યું, એથી મરણ એ જ સારું છે. એમ વિલાપ કરતી આખી રાત દુઃખ વડે પસાર કરી.

પ્રભાત થયે, એક દાસીને બોલાવીને બધી વાત કહે છે. તે પણ કામલતા આગળ નિવેદન કરે છે. ત્યારે કોપાયમાન થયેલી તે કામલતા ત્યાં જલ્દી આવીને લોહીથી ખરડાયેલ ગાત્રવાળા, જમીન ઉપર પડેલા, મરણ પામેલા શુકરાજને જોવે છે. ત્યારે તે બહુ જ ક્રોધ પામેલી બોલે છે " હે દુષ્ટા, રાંડ ! તેં આ સુકુમાલ બાળકને શા માટે મારી નાખ્યો. અરે, અરે, જાણ્યું જાણ્યું, પોતાના શીલ-રક્ષણ માટે નિર્દયતાથી તેં આને હણ્યો છે. હું પણ તને આ બાળકની જીવતી ચિતામાં ફેંકીશ. આના માબાપને હું શું જવાબ આપીશ " એમ કહીને સત્યવતીને હાથથી નીચે ઉતારવા માટે ધક્કો મારીને કાઢે છે. ત્યારે તે સત્યવતી સત્યવાદીને કોની બીક છે. એમ વિચારી નિર્ભયતાથી કહે છે " તમે વગર વિચાર્યે જેમ તેમ શું બોલો છો. આ પોતે જ પોતાની છરીને પેટમાં નાખીને મરણ પામ્યો છે. સત્ય તો આજ જાણવું કે—આ દેવીદિન્ન મારો પોતાનો પુત્ર જાણવો. અજ્ઞાનથી પોતાની માતા ઉપર કુદૃષ્ટિના વિચાર રૂપી પાપના પ્રાયશ્ચિત લેવા માટે તેણે આત્મહત્યા કરી છે. હું પણ આની ચિતામાં મારા દેહને ફેંકીને મરીશ. મારા નાશ માટે તમારે નિષ્ફલ મહેનત ન કરવી. હવે આના શરીરને નીચે સ્થાપો. અને

આના પાલક મા-બાપને વાત જણાવો. અને નગર બહાર ચિતા કરાવો.

હવે તે કામલતા દેવીદિન્નના શબને નીચે મૂકે છે. અને તેના માતાપિતાને સમાચાર કહેવરાવે છે પુત્રમરણના સમાચાર સાંભળીને કરૂણ રુદન કરતાં છાતી અને માથું કુટતાં ત્યાં આવ્યા. પુત્રને ખોળામાં સ્થાપીને બહુ વિલાપ કરે છે. સત્યવતીએ કહેલ પોતાના દેવીદિન્ન પુત્રનો વૃત્તાંત સાંભળીને તેઓ વિચારે છે 'જે થવાનું હોય તે અન્યથા થતું નથી.' કે વેશ્યા ઘરે આવવું, માતાનું મિલન અને મરણ. આ પૂર્વબદ્ધ કર્મનો જ વિપાક છે. અમે ના પાડયે છતે પુત્રની વેશ્યા ઘરે જવાની તીવ્ર ઇચ્છા થઈ એમાં પૂર્વકર્મના ઉદયની પ્રબલતા છે. ફરી પણ આની ચિતામાં સત્યવતીનું પડવું સાંભળીને તેને આશ્વાસન આપે છે "હે પુત્રી ! અમારો અને તારો પુત્ર ગયો. બધાયને સરખું દુઃખ છે. મરણમાં મન ન કર. પુત્રની જેમ તને પણ અમે પાળીશું." મરણનો નિશ્ચય કરનારી એવી તે કોઈનું પણ વચન સાંભળતી નથી. નવલખા વણઝારાના કુટુંબી માણસો અહીં આવીને, દેવીદિન્નના શરીરને ઉપાડીને બાળવાને માટે નગર બહાર નીકળ્યા. તેઓની પાછળ સત્યવતી અને ભાર્યા સહિત નવલખો વણઝારો રડતો નીકળ્યો. તે કુટુંબના માણસોએ પોતાના રહેઠાણની નજીક નહિ તેમ દૂર નહિ, ત્યાં ચંદન છે જેમાં મુખ્ય એવા કાષ્ઠો વડે મોટી ચિતા બનાવી. તેની મધ્યમાં તે દેવીદિન્નકુમારને સ્થાપે છે અને અગ્નિ પ્રજવલિત કરે છે. ત્યારે તે સત્યવતી તેમાં પડવા માટે જેટલામાં દોડે છે તેટલામાં તે નવલખો વણઝારો વિગેરે પુરૂષો તેને હાથથી પકડીને અટકાવે છે. કેટલાક પુરૂષો ઘી વગેરે પદાર્થો નાખીને અગ્નિને પ્રજવલિત કરે છે. અગ્નિ પણ દેવીદિન્નના શરીરને ચારે બાજુથી બાળવા લાગ્યો. તે સત્યવતી પણ બળતા પુત્રને જોઈને

અત્યંત ઉત્સુક, સાહસ ધારણ કરીને પુરૂષોથી છૂટીને ચિતામાં પડી. પૂર્વબદ્ધ કર્મના બળથી આયુષ્ય કર્મ ભોગવવાનું બાકી હોવાથી, અગ્નિ પણ તેણીના દેહને બાળતો નથી, ભોગવ્યા વિના કર્મ ક્ષય પામતું નથી. તેથી તે વખતે ક્ષણ માત્રમાં ત્યાં પ્રચંડ વાયુ વાવા લાગ્યો. આકાશ પણ પાણીના ભારથી ભરેલા વાદળા વડે ભરાયું, વર્ષાદ પણ સાંબેલા પ્રમાણ ધારાઓ વડે વરસવા લાગ્યો. માણસો પણ વર્ષાદના પાણીના ભયથી અહીંતહીં નાસીને પોતપોતાના સ્થાને ગયા. ચિતા પણ શાન્ત થઈ ત્યારે તે સમયે મોટો જલપ્રવાહ મહા નદી જેવો થયો. તે જલ પ્રવાહથી તે સત્યવતી તણાવા લાગી. આયુષ્ય લાંબુ હોવાથી તેણીના હાથમાં એક મોટું લાકડું આવ્યું. મરણના ભયથી ત્રાસ પામેલી તે એકાએક તે લાકડાને વળગીને તરવા લાગી. અનુક્રમે નદીમાં ગઈ. તેમાં ઘણી વાર જલમાં બુડવું અને બહાર આવવું એની પીડાથી મૂર્ચ્છા પામેલી તે નદીના વેગથી વીશ યોજન જમીન સુધી દૂર લઈ જવાઈ

ત્યારે નદીના કિનારે કેટલાક ભરવાડો પોતપોતાના પશુધનને ચરાવીને પાણીનું પૂર જોવા માટે ત્યાં આવ્યા તેઓએ કાષ્ઠને વળગેલી તરતી સત્યવતીને જોઈ. દયા ઉત્પન્ન થવાથી તેઓએ તેણીને બહાર કાઢી. તેણીને જીવતી મૂર્ચ્છા પામેલી જોઈને વિવિધ ઉપાયોથી પીધેલા પાણીને બહાર કાઢવા વડે અને અગ્નિના તાપ વડે તેણીને શુદ્ધિમાં લાવ્યા. ચેતના પામેલી તે પોતાની આસપાસ અનેક પ્રકારના ઉપકાર કરવામાં તત્પર ચાર પુરૂષોને જોઈને એકદમ ઊઠતી છતી બોલવાને અસમર્થ હૃદયમાં વિચારે છે 'હે દૈવ મારા ઉપર અત્યંત નિષ્ઠુર કેમ થયો છે? જેથી હું પુત્રની ચિતામાં પડી પણ મંદ ભાગ્યવાળી અગ્નિથી પણ ન બળાઈ. પાણીના પૂરે પણ મને ન સંગ્રહી. અનાથ, નિરાધાર, અશરણ હું કેમ જીવીશ? મારો ધણી

પણ મરી ગયો, પુત્ર પણ મરણ પામ્યો. હવે કોના શરણે જાઉં? ત્યાર પછી કંઈક સામર્થ્ય પામેલી તે સત્યવતી તે ભરવાડ લોકોને આ પ્રમાણે કહે છે "હે ઉત્તમ પુરુષો! તમે કોણ છો. પાણીમાંથી શા માટે મને બહાર કાઢી? પતિ–પુત્રના મરણના દુઃખથી સંતપ્ત એવી મારા જીવન વડે સર્યું. દુઃખસમુદ્રમાં પડેલી હું જીવવાને ઇચ્છતી નથી. એમ કહીને રડવા લાગી. તેણીને એક ઘરડો આયર કહે છે. "હે પુત્રી! અહીંથી એક ગાઉ રત્નસંચયા નગરી છે. ત્યાં યથાર્થ નામવાળો પ્રજાપાલ નામે રાજા રાજ્ય કરે છે. તેની પડોશમાં સારંગ ગામમાં રહેવાવાળા, જાતિથી ભરવાડ અમે પશુના ધણને ચરાવવા માટે અહીં નદી કિનારે આવેલા અમે પાણીના પૂરમાં, કાષ્ટને વળગેલી, તરતી તને જોઈ અને બહાર કાઢી હે પુત્રી! તું નદીમાં કેમ પડી? તું કોણ છે? શું નામ છે? વિગેરે સંકોચ વિના પોતાની હકીકત તું જણાવ. ત્યારે તેણી કહે છે "હે ભાઈઓ, દુઃખના ભારથી ભરેલી, અનાથ અબલા એવી મારું ચરિત્ર સંભળાવીને તમોને દુઃખ આપવા વડે સર્યું. તોપણ મને જીવિતદાન આપવા વડે તમે ઉપકારી છો એમ કહીને તેણીએ ટુંકાણમાં પોતાની કઠણ વાર્તા કહી. તે સાંભળીને તેઓમાં એક દયાળુ વૃદ્ધ ભરવાડ કહે છે " હું તને ધર્મપુત્રીની જેમ પાલન કરીશ. તારે ચિંતા ન કરવી. મારી પુત્રીઓ સાથે સુખેથી રહેવું. તું ધન્ય છો, જેથી દુઃખની પરંપરા સહન કરવા વડે તેં નિર્મળ શિયળ વ્રત પાળ્યું. હું પણ આત્માને ધન્ય જાણું છું જેથી મને પુત્રી રૂપે તું પ્રાપ્ત થઈ. તે સત્યવતી ઉપકારી વૃદ્ધનું વચન સાંભળીને "આ પિતા તુલ્ય વૃદ્ધ સાથે જતી એવી મને કાંઈ પણ ભય નથી." એમ વિચારીને તેની સાથે તેના ઘેર ગઈ. તે વૃદ્ધ આહીરે પોતાની સ્ત્રી અને પુત્રીઓને તેનું સ્વરૂપ કહીને જણાવ્યું કે " આ સત્યવતી પુત્રી માફક જોવી. તેણી

પણ તે ઘરડા આહીરને અને તેની સ્ત્રીને પિતા માતા રૂપ માનતી સુખેથી રહે છે. પ્રિય મધુર વાતચીતથી દરેકના મનને રાજી રાખતી, ઘરકામ કરતી સુખેથી દિવસો પસાર કરે છે. સુંદર સ્વાદિષ્ટ ભોજનથી પૂર્વની જેમ સુંદર અંગોપાંગવાળી નિશ્ચિંત, સશક્ત શરીરવાળી તે બધા ભરવાડ લોકોને પ્રિયપાત્ર થઈ.

ભરવાડના ઘેર રહેલી તે હંમેશાં પ્રભાત કાળે બીજી આયરાણીઓ સાથે દહીં, દૂધ, માખણ વેચવા રત્નસંચય નગરીમાં જઈને દહીં, દૂધ વિગેરે વેચીને બપોરે ઘેર આવીને જમે છે. રાત્રિએ આહીરની યુવતીઓ સાથે ધાર્મિક વાર્તાલાપ કરીને, પછી પાંચ નમસ્કાર મહામંત્રનું ધ્યાન કરીને ઉંઘે છે. એમ તેનું નિત્યકર્મ છે. એમ હંમેશાં યંત્રની જેમ કામ કરતી તે સત્યવતી એકવાર પ્રભાતમાં દહીંના ઘડાને માથે મૂકીને સરખી વયવાળી આહીર યુવતીઓ સાથે દહીં, દૂધ, માખણ વેચવા માટે નગર તરફ નીકળી. જ્યારે ગામમાંથી નગરના મધ્ય રસ્તે બધી આવી ત્યારે નગરમાંથી ઘોડા ખેલાવવા અશ્વ-રત્ન ઉપર ચડેલા, દોડવું, વળગવું, કુદવું, ઊંચે ચડવું, પડવું આદિ ક્રિયામાં ઘોડાને હાંકતા પ્રજાપાલ રાજાને સન્મુખ આવતા તે આયર સ્ત્રીઓ જોવે છે. તે જોઈને તે સત્યવતી એક પાસે રહેલી આયર સ્ત્રીને પૂછે છે 'હે સખિ ! આ સન્મુખ આવતો, દિવ્ય શરીરવાળો તેજસ્વી, રૂપાળો કયો પુરૂષ છે ! તેણી કહે છે " આ રત્નસંચય નગરીનો સ્વામી, દીનવત્સલ દાનેશ્વરી ધર્મિષ્ઠ પ્રજાપાલ નામનો રાજા છે. એમ વાતચીત કરતી તે ભરવાડણોની આયરાણી નજીક ઘોડાને રમાડતો આવી પહોંચ્યો. રાજાના જલ્દી આવવાથી ભયભીત થયેલી તે ભરવાડણો અહીં તહીં નાસવા પ્રવૃત્ત થઈ ત્યારે તેઓના પરસ્પર અથડાવાથી તેઓનાં માથા ઉપરથી દહીંના ઘડા અને દૂધના ઘડા પડયા અને ભાંગી ગયા. ત્યારે સત્યવતીને માથે રહેલો

દહીંનો ઘડો પણ પડયો અને ફૂટી ગયો. બીજી ભરવાડણો પોત-પોતાની માતા, પિતા, પતિના ભયથી રડતી ઉભી છે અને તે સત્યવતી દહીંનો ઘડો ભાંગ્યે છતે હસે છે. ત્યારે રાજા તેઓને રડતી અને સત્યવતીને હસતી જોઇને વિસ્મય પામીને વિચારે છે "પોતપોતાના દ્રવ્યના નાશથી "સ્ત્રીઓનું બલ રૂદન" એ ન્યાયથી રડવું ઉચિત છે. પરંતુ આ રૂપવતી સ્ત્રી પોતાના પદાર્થની નુકશાનીમાં પણ હસે છે એમાં કાંઈ પણ કારણ સંભવે છે અને બીજું વેશથી આ આહીરી છતાં આકૃતિ અને રૂપ વડે ઉંચા કુળમાં ઉત્પન્ન થઈ હોય તેમ જણાય છે. આમ વિચારતો પ્રજાપાલ રાજા તે સત્યવતીને પૂછે છે "હે ધર્મ ભગિની ! તારા પિતા અને માતાનું નામ શું ? કયા ગામમાં તારી ઉત્પત્તિ છે ? તું કોની પુત્રવધુ છો ? તથા દ્રવ્યની નુકશાનીમાં પણ તું કેમ હસે છે ? લજ્જા મૂકીને બંધુતુલ્ય મારી આગળ નિવેદન કર."

રાજાના અતિ આગ્રહથી સત્યવતી તેની સમક્ષ પોતાની બધી આત્મકથા કહીને કહે છે "હે રાજા ! ઘણા દુઃખો સહન કર્યા એમાં દહીંના ઘડાના નાશરૂપ થોડા નુકશાનથી કેમ દુઃખ થાય ? કર્મથી જે જે કરાય તે તે હર્ષપૂર્વક સહન કરવું જોઈએ. વિષાદ વડે શું ? એમ કહીને શોક અને ભયવાળી થઈ. પ્રજાપાલ રાજા સાંભળનારાઓને પણ દુઃખ થાય તેવા તેણીના હેવાલને સાંભળીને શાંતિ પમાડવા માટે કહે છે હે બેન ! તું પ્રશંસાને યોગ્ય છે. જે તેં અનેક પ્રકારની વિપત્તિ સહન કરવા વડે પણ પ્રાણાંતે પણ શીયળ પાળ્યું. ખરેખર તારી માતા પણ ધન્ય છે જેણે આવા પુત્રીરત્નને જન્મ આપ્યો. સતી સ્ત્રી ઉપર કુદૃષ્ટિ કરવાથી તે ચંદ્રસેન રાજા કટુ ફળ પામ્યો. પરસ્ત્રી અભિ-લાષીને રાવણની જેમ કયાંથી સુખ હોય ? હે બહેન ! તારા શીલના

પ્રભાવથી સર્વ વિઘ્નો શાંત થયા. હમણાં મારા ઉપર ધર્મ બંધુનો સ્નેહ કરી મારી સાથે રાજમહેલ આવો. ત્યાં દેવ-ગુરુ-ધર્મની આરાધના વડે તારા સુપાત્ર દાનથી દીન-દુઃખિત-અનાથ આદિને ઉદ્ધાર કરવાથી સમય પસાર કરજે. એમ સાંભળીને તે કહે છે "હાલમાં બાકીનો સમય ધર્મપરાયણ એવી હું, જિનેશ્વરોની પૂજામાં, ગુરુ ઉપદેશ સાંભળવા વડે અને સામાયિક આદિ ધર્મકાર્ય કરવાથી અને સાધ્વી સમુદાયની ઉપાસનામાં પસાર કરવા ઇચ્છું છું." "તારી ધર્મારાધનની બધી સામગ્રી હું પૂરી પાડીશ," એમ બોલતા બંધુ જેવા બનેલા રાજાની સાથે રાજભૂવનમાં જવાને તેણીએ ઇચ્છા દર્શાવી. પ્રજાપાલ રાજાએ જે ભરવાડની સ્ત્રીઓને દહીં દૂધનું નુકસાન થયું હતું, તે સર્વેને દ્રવ્ય અપાવ્યું. અને વળી તેના પાલક ભરવાડ વર્ગને બોલાવીને યથાયોગ્ય સત્કાર કરીને, તેની રજા લઈને સત્યવતીની સાથે પોતાના મહેલમાં ગયા; અંતઃપુરની સ્ત્રીઓને પણ તેણીનો વૃત્તાંત કહીને જણાવ્યું. તમારે આની મારી જેમ ભક્તિ કરવી, વચન કદાપિ ઉલ્લંઘવું નહીં. કારણ કે મેં એને ધર્મ-બેન તરીકે માનેલ છે. તે અંતઃપુરની સ્ત્રીઓએ પણ પોતાના ધણીના વચનને તહત્તિ કહીને (અંગીકાર કરીને) સ્વીકાર્યું.

અંતઃપુરમાં રહેલી સત્યવતી, અંતઃપુરમાં રહેનારી સ્ત્રીઓની હંમેશાં શીલવ્રત પ્રધાન એવો ધર્મોપદેશ આપીને બધાય અંતઃપુરના સમુદાયને જિનેશ્વરના ધર્મમાં સ્થિર કરે છે. એમ હંમેશાં જિનેશ્વરના શાસનને પ્રભાવિત કરતી સુખેથી કાળ પસાર કરે છે. એકવાર તે નગરીમાં અનેક સાધ્વી સમૂહથી પરિવરેલી સુવ્રતા નામના મહત્તરા પ્રવર્તિની સાધ્વી ગ્રામાનુગ્રામ વિચરતા આવ્યા. સત્યવતીએ રહેવા આપેલ સ્થાનમાં તે મહત્તરા સાધ્વીજી રહ્યા અંતઃપુરની સખીઓ સહિત પ્રજાપાલ રાજા ધર્મ સાંભળવા માટે ત્યાં આવ્યા. તે સુવ્રતા મહાસાધ્વી અવસર ઉચિત ધર્મોપદેશ આપે છે.

"લોકમાં ધર્મ સાર છે. ધર્મ પણ જ્ઞાન સારવાળો છે. જ્ઞાન સંયમ સારવાળું છે અને સંયમનો સાર મોક્ષ છે."

જન્મ, જરા, મરણરૂપી પાણીથી ભરેલા આ સંસાર સમુદ્રમાં જિનપ્રણીત ધર્મ જ સાર છે એના પ્રભાવથી સર્વ વિઘ્નો નાશ પામે છે. સારી સંપત્તિઓ અને સુખ પરંપરા થાય છે. આ લોકમાં પણ વાંછિત અર્થની સિદ્ધિ. નિર્મળ બુદ્ધિ અને સર્વસિદ્ધિ મળે છે. ધર્મમાં જ્ઞાન સાર છે. જેથી કૃત્યાકૃત્ય, ભક્ષ્યાભક્ષ્ય, હેયોપાદેય, હિતાહિતનું સ્વરૂપ જણાય છે. જેથી જ્ઞાનદ્વારા વિવેક-વિનય વગેરે શુભ ગુણો પ્રગટ થાય છે. તેથી સારો સંયમ થાય છે. તેથી આત્મા ભવસમુદ્ર તરીને અવ્યાબાધ, શાશ્વત, અક્ષય નિર્વાણપદને પામે છે.

એમ સાંભળીને વિરતિના પરિણામવાળી તે સત્યવતીએ રાજાની રજા લઈને પ્રજાપાલ રાજાએ કરેલા મહોત્સવપૂર્વક સુવ્રતા સાધ્વીજી પાસે દીક્ષા લીધી. તેમજ રાજા વિગેરેએ યથાશક્તિ સમ્યક્ત્વ સહિત અણુવ્રતો ગ્રહણ કર્યાં. તે સત્યવતી, સુવ્રતા સાધ્વી સાથે વિચરતી પૂર્વે બાંધેલા સંકિલષ્ટ કર્મક્ષય માટે વિવિધ તપ કરતી, સાધ્વી પાસે સૂત્રો ભણતી સાધ્વી સમુદાયની વૈયાવચ્ચ કરવામાં તત્પર, સ્વાધ્યાય ધ્યાનમાં લીન, નિર્મળ સંયમ પાળે છે.

એ પ્રમાણે સંવેગના રંગથી રંગાયેલી સત્તર પ્રકારના સંયમ ગુણને પાલન કરવામાં તલ્લીન તે સત્યવતી સાધ્વી છેલ્લે અનશન કરીને સમાધિપૂર્વક કાળધર્મ પામી અને દેવલોકમાં ઉત્પન્ન થઈ, અનુક્રમે મોક્ષ પામશે.

**ઉપદેશ—સંસાર ઉપર વૈરાગ કરાવનાર સત્યવતીની કથા સાંભળીને, દુષ્કર્મને વિનાશ કરનાર એવા શીયળ-ધર્મમાં મતિ કરવી જોઈએ.**

卐 卐

# ૪૭ ભાવ ધર્મ ઉપર ઈલાચી-પુત્રની કથા સુડતાલીસમી

**પહેલાં ભાવ ધર્મના પ્રભાવથી ઈલાચીપુત્ર સાધુના દર્શન માત્રથી કેવલજ્ઞાન પામ્યો.**

આ ભરત ક્ષેત્રમાં ઈલાવર્ધન નામે નગર છે. તેમાં પ્રભાવવાળું ઈલાદેવીનું મંદિર છે. એક વાર ત્યાં રહેતા શેઠશેઠાણીએ પુત્ર માટે તે ઈલાદેવીની માનતા માની ઈલાદેવીને વિનંતી કરી. તેથી કોઈ પણ દેવ દેવલોકમાંથી ચ્યવીને તેણીના ગર્ભમાં ઉત્પન્ન થયો. મહાપુરુષને અનુરૂપ દોહદ પૂરવા કરવા વડે ગર્ભ વધવા લાગ્યો. યોગ્ય સમયે શેઠાણીએ દેવકુમાર જેવા પુત્રને જન્મ આપ્યો. ઈલાદેવીને માનતા પ્રમાણે દાન આપ્યું અને પુત્રનું નામ ઈલાચીપુત્ર રાખ્યું. અનુક્રમે તે બાળક શરીરની વૃદ્ધિ વડે અને કળાના સમૂહથી વધતો બધી સ્ત્રીઓને પ્રાર્થના કરવા યોગ્ય યુવાસ્થાને પામ્યો. એક વાર શરદ ઋતુમાં મિત્રો સહિત ઈલાચીપુત્ર બાગમાં ગયો. તેમાં નટોની મધ્યમાં નાચતી એક રૂપ, યૌવન, સૌભાગ્ય અને કલા સમૂહના ભંડારભૂત એવી નટી જોઈ. તેણીના રૂપને જોવાથી આકર્ષાયેલા મનવાળો

કામદેવથી પીડાયો. ક્યાંય પણ ધીરજ ધરતો નથી. મિત્રોએ પૂછ્યું "હે મિત્ર, દરેક માણસને હસવાયોગ્ય, આ લોક અને પરલોક વિરુદ્ધ આ શું માંડ્યું છે? એણે કહ્યું 'હું પણ જાણું છું જે કૂળને કલંકરૂપ છે, પણ હું શું કરું? મારી કામ અવસ્થા અતિ દુર્ધર છે." તેઓએ કહ્યું "અહીં રાગ વડે સર્યું. ચૌદ વિદ્યાસ્થાનનો પારગામી એવો શ્રેષ્ઠ બ્રાહ્મણ અત્યંત તૃષાતુર થયો છતો ચંડાળના ઘરના ઠંડા પાણીને પણ ઇચ્છતો નથી. માતા પિતાને ઘણું દુઃખ થશે. તેથી સ્વ-પર બન્નેને સંતાપ કરાવનારા એવા આ દુષ્ટ વિચારથી સર્યું? આ વિચારથી તું પાછો ફર. ઈલાચીપુત્રે કહ્યું "હું પણ આ સારી રીતે જાણું છું. પરંતુ મારું જીવન એને સ્વાધીન છે. વારંવાર કહેવાથી સર્યું. માતપિતાએ આ વાત જાણી. ઈલાચીપુત્રે નટોને કહ્યું "સોના જેવી આ છોકરી મને આપો." તેઓએ કહ્યું "અમારી આ અક્ષયનિધિ છે. પરંતુ જો એનું કામ હોય તો અમારી સાથે ફરો અને કલા શીખો"

ત્યારબાદ માતા-પિતા અને સ્વજન સમુહ વડે નિષેધ કરાયો છતો ઉભય લોકની નિંદાને નહિ ગણકારતો તેઓના ભેગો રહ્યો. અત્યંત દુભાયેલ ચિત્તવાળા પિતા આદિ પાછા ફર્યા. આ પણ તેઓની સાથે વિહરતો નૃત્યકલાનો અભ્યાસ કરતો ક્રમે બેન્નાતટ નગરમાં આવ્યો. ત્યાં વિવાહના દ્રવ્ય નિમિત્તે રાજાની સેવા કરવા લાગ્યો. રાજાએ નૃત્ય કરવાને રજા આપી, નૃત્ય કરવાનું શરૂ થયું. રાજા મહારાણી સાથે સિંહાસન ઉપર બેઠો. નાગરિકો પણ આવ્યા. ઈલાચી પુત્રે પણ જુદા જુદા પ્રકારની કળા વડે લોકોના મનને વશ કર્યા પણ રાજા દાન નહિ આપે છતે લોકો પણ દાન આપતા નથી. રાજા તો નટપુત્રીમાં બંધાયેલ રાગવાળો તે ઈલાચીના નાશ માટે ઈલાચીને કહે છે. "હે નટ નાચવાનું શરૂ કર. તે પણ પાદુકા પહેરીને હાથમાં તલવાર અને ઢાલ ધારણ કરી વાંસના અગ્રભાગ

ઉપર આડા કાષ્ઠ ઉપર જુદી જુદી કળાઓ વડે ખેલ કરે છે. જો તે ક્રમેય કરીને ચૂકે તો જમીન ઉપર પડી જાય અને તેના સો કકડા થઈ જાય. લોકોએ (શાબાશી આપી) સારું સારું એમ અવાજ કર્યો. રાજા આપતો નહિ હોવાથી લોકો પણ આપતા નથી.

રાજાએ કહ્યું "સારી રીતે ન જોયું. ફરીવાર કર. તેણે બીજી-વારની જેમ ત્રીજી વાર પણ કર્યું. ફરીપણ રાજાએ મારવા માટે લજ્જા રહિત કહ્યું "ચોથી વાર કર, જેથી ધનવાન કરી દઉં. લોકો રાજાથી અને નાટક જોવાથી આમ વારંવાર થવાથી કંટાળ્યા. વાંસના અગ્રભાગ ઉપર રહેલો ઈલાચીપુત્ર વિચારવા લાગ્યો. કામ ભોગોને ધિક્કાર છે. જેથી આ રાજા, 'તુચ્છ આજીવિકા વડે જીવતી આ નટીના નિમિત્તે મારું મરણ ઈચ્છે છે. કેવી રીતે એ નટીથી એને સંતોષ થશે? જેને મોટા અંતઃપુરની સ્ત્રીઓના સમૂહથી પણ તૃપ્તિ ન થઈ. તેથી મારા જન્મને ધિક્કાર થાઓ. જે વડિલોથી લજ્જા ન આવી હલકટતા ન વિચારી; માતા–પિતાના દુઃખને ન જોયું, બાંધવો, મિત્રો અને નાગરિકોનો ત્યાગ કર્યો, નિરંકુશ હાથીની જેમ ઉન્માર્ગમાં જનાર મેં બધી રીતે સંસારના ભયને પણ જોયો નહિ, નીંદનીય નટના કુલને અનુસરવા વડે મેં મચકુંદના જેવા સફેદ પિતાના વંશને મલીન કર્યો તો હવે કયાં જાઉં? શું કરું? કોને કહું? આત્માની કેવી રીતે શુદ્ધિ કરીશ. આવા પ્રકારની ચિંતાવાળો તે નજીકના કોઈ પણ શ્રેષ્ઠિના ઘરમાં દેવાંગના જેવી રૂપવાળી પુત્ર વધૂઓ વડે પૂજાતા મુનિઓને જોઈને વિચારે છે " જે કામદેવને નાશ કરનારા જિનેન્દ્રના માર્ગને પામેલા છે તે ધન્ય છે. કૃતપુણ્ય છે. હું તો આટલો વખત ઠગાયો છું. જેથી જિનધર્મને સેવ્યો નહીં. હવે તો એઓની આજ્ઞા મુજબ સાધુ-ધર્મને અંગીકાર કરું. એમ વૈરાગ્યના માર્ગે ગયેલા, નિર્મલભાવને પામેલા તેમજ શુકલધ્યાનની મધ્યમાં રહેલા વિશુદ્ધ લેશ્યાવાળા

અને ક્ષપકશ્રેણિ પામેલા ઈલાચીકુમારને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. દેવો આવ્યા, અને તેઓએ કહ્યું સાધુવેષને ગ્રહણ કરો જેથી અમે વંદન કરીએ. તેણે વેષનો સ્વીકાર કર્યો દેવે તેમને વંદન કર્યું, ત્યાં વૈમાનિક દેવો આવ્યા. સિંહાસન તેઓએ રચ્યું, સિંહાસન ઉપર બેઠા ત્યાં સુર, અસુર અને રાજા વડે વંદાયેલા તે ઈલાચીપુત્ર કેવલી બે પ્રકારના ધર્મને જણાવે છે. બધા પોતપોતાના સંદેહને પૂછે છે. કેવલી જવાબ આપે છે. આશ્ચર્ય પામેલી સભાએ પૂછ્યું. "હે ભગવંત! આ નટની પુત્રી ઉપર આપને આવો રાગ કેમ થયો?" ત્યારે પોતાનો વૃત્તાંત કહેવાનું શરૂ કર્યું.

આ ભવથી ત્રીજે ભવે વસંતપુર નગરમાં હું શ્રેષ્ઠ બ્રાહ્મણપુત્ર હતો. આ વળી મારી સ્ત્રી હતી. કામભોગોનો ત્યાગ કરીને તેવા પ્રકારના સ્થવિરોની પાસે અમે દીક્ષા લીધી. સંસારના સ્વરૂપને જાણ્યા છતાં પણ એકબીજા ઉપરનો સ્નેહ દૂર થયો નહિ. ત્યારબાદ હે દેવોને વ્હાલા! હું કઠીન તપ કરીને, પાપ કર્મને આલોચીને, નમસ્કાર મંત્રના ધ્યાનમાં જ રહેલો મરીને દેવલોકમાં ઉત્પન્ન થયો. આ વળી જાતિમદથી લેપાયેલી તે સ્થાનથી પ્રાયશ્ચિત અને પ્રતિક્રમણ કર્યા વિના મરીને દેવલોકમાં ગઈ. આયુષ્યક્ષયે ત્યાંથી ચ્યવીને હું શ્રેષ્ઠિના કુળમાં ઉત્પન્ન થયો. અને એ તો જાતિમદના દોષથી નીચ કુળમાં ઉત્પન્ન થઈ. તેથી પૂર્વભવના અભ્યાસથી એની ઉપર મને ઘણો પ્રેમ થયો. આ પ્રમાણે કેવળી ભગવંતે કહેલને વિચાર કરતી તેણીને પણ જાતિસ્મરણપૂર્વક કેવલજ્ઞાન થયું. આમ સાંભળતા રાજા અને પટરાણીને પણ કેવલજ્ઞાન થયું. એ પ્રમાણે ચારે પણ કેવલી થયા.

**ઉપદેશ—બોધદાયક, પવિત્ર ઈલાચીપુત્રની કથા સાંભળીને હે ભવ્યો! સુખ આપવાવાળા એવા ભાવધર્મમાં તમે પ્રવૃત્તિ કરો.**

## ૪૮ ચોરીના વિષયમાં બે વિદ્વાનોની કથા અડતાલીશમી

**કુટુંબના પોષણ માટે ચોરીનું કામ કરવાને તત્પર થયેલા પંડિત માણસો પારકાના દુઃખને પણ છેદી નાંખે છે. અહીં બે પંડિત પુરુષોનું દૃષ્ટાંત છે.**

ભોજરાજાની અવંતી નગરીમાં દેવશર્મા અને વિષ્ણુશર્મા નામના બે બ્રાહ્મણ ભાઈઓ શ્રેષ્ઠ વિદ્વાન, છ દર્શનના જ્ઞાતા, વેદવેદાંગના પારંગત છે. લક્ષ્મી અને સરસ્વતીનું એક સ્થાનમાં રહેઠાણ નહિં હોવાથી તે વિદ્વાનો અતિ નિર્ધન છે. તેઓની સ્ત્રીઓ પણ પતિની ભક્તિમાં તત્પર અને સુશીલ છે. એકવાર ભોજનના અભાવથી દુઃખી થયેલી તે સ્ત્રીઓ પોતપોતાના પતિને કહે છે. "ચોસઠ કળાંમાં તમે ચોરીની કલા જાણો છો કે નહિ. જો જાણતા હો તો ચોરી કરીને પણ કયાંકથી ધન લાવો." એમ સાંભળીને ધનપ્રાપ્તિનો અન્ય ઉપાય નહિં મેળવતાં કાંઈક વિચારીને તેઓ ભોજરાજાના મહેલમાં રાત્રિએ ચોરી કરવા ગયા. રાજ-

મહેલમાં ગુપ્ત રીતે પ્રવેશ કર્યો. ત્યાં સોનું–રત્ન–મણી, માણેક, પ્રવાલનો સમૂહ જોઈને આની ચોરીમાં ઘણું પાપ છે એમ શાસ્ત્રમાં કહ્યું છે, એમ વિચાર કરીને, ધાન્યના ભંડારમાં જઈને, ચોખાની બે ગાંસડી બાંધીને, માથે મૂકીને જ્યારે બહાર નીકળ્યા ત્યારે ભોજરાજા કીંમતી પથારીમાં સુતો હતો. પલંગની બાજુમાં એક સાવધાન વાંદરો હાથમાં તલવાર લઈને રાજાનું રક્ષણ કરતો હતો. ત્યારે પલંગ ઉપર એક સર્પ ધીમે ધીમે ચાલતો નીકળ્યો. તેનો પડછાયો રાજા ઉપર પડયો. તે જોઈને વાંદરો સર્પની બુદ્ધિથી રાજાને ઘા કરવા લાગ્યો. ત્યારે તે વિદ્વાનો તેવા પ્રકારનું અનુચિત જોઈને જલદી વાંદરાનો નિગ્રહ કરવા લાગ્યા. માંકડો પણ તલવાર લઈને તેઓની સાથે લડવા લાગ્યો. એ પ્રમાણે શોરબકોર થયે છતે જાગેલા રાજા બ્રાહ્મણોને પૂછે છે "તમે કોણ છો ? ક્યાંથી આવ્યા છો ? તેઓ સાચું કહે છે અમે ચોરી માટે અહીં આવ્યા છીએ. જલદી જતા અમે આ વાંદરાને સર્પની બ્રમણાથી તલવાર વડે તમને મારતો જોઈને રક્ષણને માટે આની સાથે લડીને તમોને બચાવ્યા છે. રાજાએ પૂછયું "શું ચોર્યું ? તેઓએ કહ્યું ચોખાની પોટકીઓ ભરી છે. કારણ કે સોનું આદિ દ્રવ્ય લેવામાં મોટું પાપ છે. તેથી ભોજનને માટે ચોખાનું ધાન્ય જ ચોર્યું છે, ત્યારે રાજા વિચારે છે "વાંદરો મૂર્ખ છે. આનાથી થતી આત્મરક્ષા ખરેખર આત્મનાશ માટે છે. જો ચોરી કરવાને આ પંડિતો મારે ઘેર ન આવ્યા હોત તો હું આ વાંદરાથી જરૂર હણાયો હોત. આથી આ વિદ્વાનો સત્કાર કરવા યોગ્ય છે. ત્યારે વિદ્વાનોને કહે છે "તમોને જે ઇષ્ટ હોય તે માંગો." એમ કહીને તેઓને ઘણું ધન આપ્યું. અને તેઓને રજા આપી, પછી

રાજાએ વાંદરાથી પોતાનું રક્ષણ છોડી દીધું. એ પ્રમાણે ચોરી કરતા એવા વિદ્વાનો પણ બીજાની પીડાને દૂર કરે છે.

**ઉપદેશ—બે શ્રેષ્ઠ વિદ્વાનોનું માણસોને બોધદાયક ચરિત્ર સાંભળીને હંમેશા હિતમાં પ્રવૃત્તિ કરવી અને મનમાં સંતોષ રાખવો.**



## ૪૯ સ્ત્રી વડે પરાભવ પામેલા સિકંદરની કથા ઓગણપચાસમી

**જગતને જિતવાને ઇચ્છતા સિકંદરની જેમ દુર્ગતિના દ્વારભૂત સ્ત્રી વડે કોણ જિતાયેલ નથી ?**

બે હજાર વર્ષ પહેલાં ગ્રીસ દેશમાં સાહસિક મહાશૂરવીર સિકંદર નામે મોટો રાજા હતો. બાળપણથી માંડીને તેના શિક્ષક રાજનીતિમાં વિચક્ષણ સન્માર્ગ દેખાડનાર ઍરિસ્ટોટલ નામે અસાધારણ શ્રેષ્ઠ વિદ્વાન ગુરુ હતા. તે સિકંદર હંમેશાં ગુરુ સેવામાં તત્પર, આજ્ઞા મુજબ વર્તનાર યુવાવસ્થામાં પણ કામભોગની અભિલાષાનો ત્યાગ કરનાર, પારકી સ્ત્રીઓમાં પણ નજર ન કરનાર, માત્ર યશ, કીર્તિ, વિજયના અભિલાષી એવા તે સિકંદરે ગુરુના પ્રભાવથી અનેક દેશનો, વિજય કર્યો.

વિશ્વ પ્રસિદ્ધ તે એકવાર બધી દિશાનો વિજય કરવાને ઇચ્છતો ઘણી જ સેનાથી સહિત ગુરુની સાથે પોતાના નગરથી નીકળ્યો. માર્ગમાં ભૂખ–તરસ–થાકને નહીં ગણતો ઘણા ઉત્સાહયુક્ત દુઃસહ રાજાઓના સમૂહને જિતતો, અનુક્રમે ઈરાન દેશમાં આવ્યો. ત્યાં કોઈ પણ મહાનગરની બહાર છાવણી નાંખીને પોતે બાગના મધ્ય ભાગમાં સુંદર મહેલમાં રહ્યો. એક વાર અશ્વ ઉપર આરૂઢ થયેલો તે પર્વતના શિખરના સમૂહથી શોભતા જુદા જુદા પ્રદેશની શોભાને જોતો આગળ જતાં પોતાના રૂપથી દેવાંગનાને જિતનાર અને મોટા ઋષિને પણ ચિત્તમાં ક્ષોભ કરનારી એક સુંદરીને જોવે છે. અતિ અદ્‌ભુત રૂપવાળી તે સુંદરી તેને સ્નેહવાળા નયનના કટાક્ષ બાણો મારીને કામ રૂપી ઝેરથી તેને મૂર્છિત કરે છે. કામ રૂપી ગ્રહથી ગ્રસ્ત થયેલો, તેને જ જોતો, સબલ છતાં વિમૂઢ મનવાળો, આગળ જવાને અસમર્થ ત્યાં જ નિશ્ચલ થયો. તે બાળા તેને મોહ પમાડીને પોતાના સ્થાને ગઈ. પાસે રહેલા ગુરુએ તેની બધી જ ચેષ્ટા જોઈ. તે રાજા પણ ગુરુને જોઈને ક્ષોભ પામ્યો પણ ફરી તરત જ સાવધાન મનવાળો થયો. એક વાર પોતાની મોટી સેનાની મધ્યમાં બેઠેલો તે સિકંદર મંત્રી, સેનાપતિ વિગેરે મોટા સુભટો સમક્ષ પોતાના પરાક્રમની વાત કહે છે, તે સમયે તેના ગુરુ ત્યાં આવીને સભા સમક્ષ તેની નિંદા કરે છે કે વિજયમાં જ રસિક પુરુષોને સ્ત્રીઓનું રૂપ જોવું પણ ભયંકર છે. જેઓ દર્શન માત્રથી સત્ત્વનો વિનાશ કરે છે. ભયંકર ઝેરની જેમ કામ કરે છે. વીર પુરુષોને અને રાજાઓને તે (સ્ત્રીઓ) નરકના દ્વાર સમાન શાસ્ત્રમાં ગણી છે. તેઓની સુંદરતા પણ વિષમ ઝેર કરતાં પણ મહા ભયજનક છે.” એ પ્રમાણે અવહેલના કરીને પોતાના સ્થાને ગયા.

તે મહારાજા બાલપણથી ગુરુના ઉપકારને સંભારતાં સભા સમક્ષ આ પ્રમાણે નિંદા અને તિરસ્કાર કરાયા છતાં મૌનપણે નીચી દૃષ્ટિ કરીને બધું સહન કરે છે. પરંતુ મનમાં અત્યંત દુભાયો છતો

વિવિધ વિચાર કરતો કેટલોક કાળ ત્યાં જ રહીને, સભા વિસર્જન કરીને પોતાના મહેલમાં આવ્યો. ત્યાં પણ ક્ષણવાર જોયેલ સુંદરીની સુંદરતાને, ક્ષણવાર પોતાની નિર્બળતાને, ક્ષણવાર ગુરુની દૃઢતાને વિચારતો આ પ્રમાણે નિર્ણય કરે છે. કદાપિ તે સ્ત્રીનું મુખ ન જોવું એમ પોતાનું મન સ્થિર કરે છે. તો પણ અનાદિકાળના મોહના અભ્યાસથી અને ઇંદ્રિયોની પ્રબલતાથી નિર્બળ એવા તેના મનમાં તે જ સુંદરી આવે છે. ત્યારે તે તે જ સુંદરીના રૂપને વિચારતો, પોતાના કામને ભૂલી જતો, એકદમ પોતાના અશ્વરત્ન ઉપર સ્વાર થઈને તે સુંદરીના ઘેર ગયો. તેણી પણ સિકંદરને જોઈને અત્યંત હર્ષિત મનવાળી તેને સત્કારે છે અને માન આપે છે. ત્યારે ગુરુનાં વચનોને યાદ કરતો તે "અરે! હું શું કરું છું? જગતને જીતવાની ઇચ્છાથી મારા રાજ્યથી બહાર નીકળેલો હું આ સ્ત્રી વડે હરાવાયો છું. મારું બધું નાશ પામ્યું. લોકો પણ મને કહેશે? "આનાથી સર્યું." એમ વિચારીને પાછો જવાને પ્રવર્તે છે. ત્યારે તે સુંદરી ઇંગિત આકારથી તેના મનના ભાવ જાણીને કહે છે "કેમ પાછા જાઓ છો? અહીં આવવામાં તમને કોણ અટકાવે છે? મને સાચું કહો. હું તો મારા રૂપ-મતિ અને કલાની સંપત્તિથી મોટા ઋષિઓના મનને પણ ક્ષોભ પમાડવા સમર્થ છું. મારી આગળ તે ગરીબ કોણ છે? ક્ષણવારમાં હું તેનું અભિમાન ઉતારી દઉં. હું વિશ્વમોહિની ઇરાન રાજાની પુત્રી છું. મારા ચરણોમાં મોટા પુરૂષો પણ નમે છે તો તે તમને અટકાવનાર કોણ છે? સિકંદરને ગુરુ ઉપર અવિચલ શ્રદ્ધા, આદર. અને અપૂર્વ સન્માન છે, તો પણ તેણીના રૂપમાં આસક્ત તેણે ગુરુએ કહેલ પોતાના તિરસ્કારની બધી બીના તેણીને કહે છે. તેના મુખથી ગુરુએ કરેલ સ્ત્રી સંબંધી અપમાન સાંભળીને તે ક્રોધથી ઘણી જ પ્રચંડ અને રૌદ્ર સ્વરૂપવાળી થઈ. તેણી તેને કહે છે. હે કુમાર! તમારા ગુરુએ સમસ્ત સ્ત્રીઓની સુંદરતા, શક્તિ

અને સાહસનું અપમાન કર્યું છે. તેથી આજે હું પ્રતિજ્ઞા કરું છું, "જો કાલે તમારા ગુરુને હું રૂપ, શક્તિ અને સાહસથી મારા ચરણે નમતો ન કરું તો મારે જીવિતથી સર્યું.' 'મારા નેત્રબાણ આગળ તેની વયની, જ્ઞાનની અને અનુભવની શી ગણના છે?

સિકંદર કહે છે :—"તે મારા ગુરુ બધી પૌદ્ગલિક વસ્તુના સુખથી પર રહે છે. તે હમેશા અધ્યાત્મ ચિંતનમાં તત્પર, ધર્મશાસ્ત્ર લખવામાં તત્પર કાળ પસાર કરે છે, તેને કોઈ પણ રૂપાળી સુંદરી ચલાયમાન કરવાને સમર્થ નથી." ત્યારે તે સુંદરી બોલે છે. 'તે શું મનુષ્ય નથી? તેને શું હૃદય નથી? હૃદયમાં શું વિષયની ઉર્મિઓ ઉત્પન્ન થતી નથી? કદાપિ તેનું શૂન્ય (મૃતપ્રાયઃ) હૃદય હોય તોપણ હું તેના હૃદયને સ્વર વડે, રૂપ વડે, નયન કટાક્ષોથી સજીવન અને ઉન્માદવાળું જરૂર કરીશ." એમ કહીને પોતાના કાર્યમાં સાવધાન થઈ. સિકંદર તેણીના સાહસકર્મને જોવાને ઇચ્છતો પોતાને સ્થાને ગયો.

બીજે દિવસે પ્રભાતકાળે તેના ગુરુ ધર્મશાસ્ત્રના અર્થ વિચારવામાં તત્પર રહે છે ત્યારે તે સુંદરી અતિ અદ્ભુત વેષ ધારણ કરીને તેના બાગમાં આવીને મધુર અવાજથી ગાય છે. તેણીના ગાયન સાંભળવામાં પશુ-પક્ષીઓ પણ ઘડીભર મૂઢ થયા. શાસ્ત્રના અર્થ વિચારતા તેના ગુરુ પણ તેણીના મધુર ધ્વનિમાં ખેંચાયા છતાં તેણીના ગીત સાંભળવાથી આકર્ષણ થયેલ ચિત્તવાળા ક્ષણવારમાં મૂઢ બની ગયા. તેના શરીરના અવયવો ઢીલા થઈ ગયા. મન પણ ક્ષુબ્ધ થયું. મનથી વિચારે છે "આ કોણ ગાય છે" એમ, જોવાને બારી પાસે ઉભા રહીને બહાર જોવે છે. તો ઉઘાડા મસ્તકવાળી, નિતંબ સુધી લંબાતા લાંબા વાળવાળી, હાથીના જેવી ગતિવાળી, ધીમી ધીમી ચાલતી, અપ્સરાના સમૂહને પણ રૂપ વડે પરાભવ પમાડતી, દિવ્ય

ધ્વનિથી ગાતી, સુંદર રૂપવાળી સુંદરીને જોવે છે. જોઈને વૃદ્ધાવસ્થાથી જર્જરિત શરીરવાળો પણ, તીવ્ર કામની ઇચ્છા થવાથી મૂઢ મનવાળો તે બાગમાં જાય છે. ત્યાં જઈને, તેણીની રૂપશોભા જોઈને કામદેવ રૂપી અગ્નિથી દાઝેલો તે સુંદરીના ખભા ઉપર હાથ મૂકે છે. તેણી પણ તેને જોઈને ચિત્તના ક્ષોભથી નીચું જોવે છે. ત્યારે તે કહે છે, હું તને ઇચ્છું છું. મારી સાથે કામક્રીડા કર. તે પણ સુંદરી સહેજ હસીને શરમ ધારણ કરતી કહે છે "જો મારી પ્રતિજ્ઞા પૂરો તો હું હંમેશા તમને સેવીશ." તેણીના રૂપમાં મૂઢ બનેલો તે પૂછે છે "તમારી શી પ્રતિજ્ઞા છે ?" તેણી કહે છે "જો તમે ઘોડા થઈને રહો, ઘોડા રૂપ થયેલા તમારી ઉપર બેસીને હાથમાં ચાબુક લઈને હાંકું તો જીવનપર્યંત તમારી આજ્ઞામાં રહીશ. એમ સાંભળીને તીવ્ર રાગરૂપી દોરડાથી બંધાયેલો તે ઘોડો થયો. જ્યારે તેણી ઘોડા થયેલા તેના ઉપર સવાર થઈને હાંકે છે, ત્યારે તેણીની સંજ્ઞાથી પ્રેરાયેલો તે સિકંદર ત્યાં આવીને તેવી અવસ્થાવાળા ગુરુને જોવે છે. તે પણ સુંદરી સિકંદરને જોઈને કહે છે "મારું માહાત્મ્ય જોયું ? મારી આગળ શક્તિવાળા પણ પુરુષો પરાભવ પામે છે. ગુરુના સ્નેહને ભૂલી ગયેલો તે સિકંદર પણ પૂર્વોક્ત ગુરુ-વચનને "જે સ્ત્રીઓ નરકના દ્વાર સમાન છે" ઇત્યાદિ સંભળાવીને, તમારો ઉપદેશ કયાં ગયો એમ ઉપહાસ કરે છે" ત્યારે પરમાર્થ જાણ-નાર ગુરુ સિકંદરને કહે છે–હે વત્સ ! તું અજ્ઞાનથી સ્ખલિત થયેલા મારી ભૂલ જોઈને (હસે છે) સંતોષ પામે છે; પરંતુ તને મેં આપેલું જ્ઞાન વિચાર્યું હોત અને હૃદયમાં સારી રીતે ધારણ કર્યું હોત, તો આમ મશ્કરી ન કરત. તું વિચાર કર જો આ સુંદરી મારા જેવા વૃદ્ધ, ધીર, ગંભીર અને સદા જ્ઞાનધ્યાનમાં આસક્તની પણ આવી અવસ્થા કરવાને સમર્થ છે તો યુવાની વડે ઉન્મત્ત તને શું ન કરે ? રૂપથી મદોન્મત્ત આ સુંદરી દાસીભૂત થયેલા આપણને 'મેં મતિના બળથી કેવું કર્યું" એમ ઉપહાસ કરે છે. આપણે બન્નેય મુર્ખા છીએ એમ

કહીને તે ગુરુ પોતાના આવાસે જઈને પૂર્વની જેમ ધ્યાનમગ્ન થયા. ત્યારે તે સિકંદર અને તે સુંદરી પણ વિચારે છે આ ખરેખર ધીર, ગંભીર, તત્ત્વજ્ઞ મહાપુરુષ છે. આની આગળ અમે અબુઝ બાળક જ છીએ.

**ઉપદેશ—ગુરુ પાસેથી મોટાઈ મેળવનાર સિકંદરના દૃષ્ટાંતને સાંભળીને હે ભવ્યો પરસ્ત્રીથી સદા દૂર થાઓ.**



# ૫૦

## બુદ્ધિના પ્રભાવ ઉપર ખેડૂતની કથા પચાસમી



**નીચ કુળમાં પણ શુભ કર્મ વડે માનવી બુદ્ધિમાન થાય છે. (અહીં) ખેડૂતની પણ બુદ્ધિથી રાજા રંજિત થયો.**

કોઈ એક રાજા મનના વિનોદ માટે નગરથી બહાર વિવિધ વનરાજી જોતો ઘણે દૂર ગયો. ત્યાં એક ક્ષેત્રમાં ખેતી કરતા ખેડૂતને જોવે છે. તેને જોઈને પૂછે છે—"રોજ કેટલું દ્રવ્ય કમાઓ છો ? તે કહે છે "એક રૂપીઓ મેળવું છું. ત્યારે રાજા કહે છે—"તે દ્રવ્યથી કેમ નિર્વાહ કરે છે ? તેણે કહ્યું—"તે રૂપીઆના ચાર ભાગ કરું છું. એક ભાગ હું ખાઉં છું. બીજો ભાગ ઉધારે આપું છું, ત્રીજો ભાગ દેવાથી છૂટવા માટે વાપરું છું અને ચોથો ભાગ કૂવામાં ફેંકું છું.

આમ સાંભળીને તેના રહસ્યને નહિ જાણતા રાજા ફરી પણ, "આનું શું રહસ્ય" એમ પૂછે છે. તે ખેડૂત બોલે છે. પહેલા ભાગથી હું પોતાનું અને મારી સ્ત્રીનું પોષણ કરું છું, બીજા ભાગ વડે પુત્રોનું ભરણપોષણ કરું છું જેથી તે પણ પુત્રો વૃદ્ધાવસ્થામાં અમને પાળશે

તેથી કહ્યું કે ઉધારે આપું છું, ત્રીજો ભાગ માતાપિતા માટે વાપરું છું, જેથી હું બાલ્યાવસ્થામાં તેઓથી પાલન કરાયો છું તેથી કહ્યું દેવાથી છૂટવા માટે વાપરું છું, ચોથો ભાગ પરલોકના સુખ માટે દાનમાં આપું છું તેથી કહ્યું કૂવામાં ફેંકું છું, જેથી તે ધન પરલોકમાં સુખને માટે થશે. એમ તેનું અનુભવયુક્ત, આ લોકમાં અતિ હિત કરનાર, પરલોકમાં સુખ આપનારું વચન સાંભળીને રાજા ઘણો સંતોષ પામ્યો. ફરી પણ તે કહે છે "હે ખેડૂત! તમારા જેવા બુદ્ધિમાન પુરુષોથી જ મારું રાજ્ય શોભે છે. એથી તને કહું છું "જ્યાં સુધી સો વાર મારું મુખ ન દીઠું હોય ત્યાં સુધી તારે આ વાત કોઈને ન કહેવી." એમ કહીને રાજા પોતાના સ્થાને ગયો.

એક વાર સભામાં સુંદર સિંહાસન ઉપર બેઠેલો રાજા પોતાના મુખ્ય પુરુષો સમક્ષ ખેડૂતના ગૂઢ વાકયના રહસ્યને પૂછે છે "જે એક ભાગ ખાય છે. બીજો ઉધ્ધારકને આપે છે, ત્રીજો દેવાથી છૂટવા માટે આપે છે, ચોથો કૂવામાં નાંખે છે. તેનો શો ભાવ? આમ સાંભળીને બધા પ્રધાનો જવાબ આપવાને અસમર્થ પરસ્પર જોવે છે. ત્યારે રાજાએ કહ્યું "પંદર દિવસમાં તમારે આનો જવાબ આપવો; નહિતર તમારા બધાયનો દંડ કરીશ, એમ કહીને સભા વિસર્જન કરી. તે પ્રધાનોમાં એક વિચક્ષણ પ્રધાને, માણસોની પરંપરાથી રાજા અને ખેડૂતના મિલાપનો પ્રસંગ જાણીને, તે ખેડૂતના ઘેર ગયો. તે ખેડૂતને તેના વચનનું રહસ્ય પૂછે છે. બુદ્ધિમાન ખેડૂત તેને કહે છે. હે ઉત્તમ પ્રધાન! જ્યાં સુધી સો વાર રાજાનું મુખ ન જોઉં ત્યાં સુધી આ વચનનું રહસ્ય કોઈને પણ મારે ન કહેવું એમ રાજાની વચનરૂપ જાળમાં બંધાયેલો છું તો હું કહેવાને કેમ સમર્થ થાઉં? પ્રધાન પણ તેની વચનયુક્તિને ઇંગિત આકાર વડે જાણીને ખેડૂતની સમક્ષ રાજાની આકૃતિવાળી સો સોના મહોરો મૂકે છે ત્યારે

રાજાની આકૃતિવાળી સો મુદ્રા જોઈને ખેડુતે તેના વચનનું રહસ્ય જણાવ્યું. પંદર દિવસને અંતે સભામાં પણ રાજાએ તે જ પ્રશ્ન પૂછ્યો. ત્યારે બાકીના પ્રધાનો મૌન રહ્યે છતે રાજા સમક્ષ તે મંત્રીએ જવાબ આપ્યો. તે સાંભળીને રાજા કહે છે તેં જરૂર ખેડુત પાસેથી આ જાણ્યું હોવું જોઈએ. રાજા ખેડુતને બોલાવીને ક્રોધ સહિત પૂછે છે "કેમ વચનભંગ કર્યો ? તેણે કહ્યું "મેં વચનભંગ કર્યો નથી ? જેથી પહેલાં મેં સો વાર આપશ્રીનું મુખ જોઈને તેના વચનનું રહસ્ય કહ્યું." રાજા કહે છે. "કયાં અને કયારે મારું મુખ જોયું ?" ત્યારે તેણે રાજાના મુખથી અંકિત કરાયેલી સો સોનામહોરો દેખાડીને કહ્યું "આ સોનાની મહોરોમાં તમારું મુખ જોયું." ત્યારે તેની જવાબ આપવાની બુદ્ધિથી હર્ષિત થયેલા રાજાએ તે સો સોનામહોરો તેને જ આપી. એમ આ ખેડુત બુદ્ધિના પ્રભાવથી રાજ્યમાન્ય થયો.

**ઉપદેશ—આ લોક અને પરલોકમાં સુખકારક ખેડુતનો વૃત્તાંત સાંભળીને હે ભવ્ય જીવો ! તમે જેમ સુખ ઉપજે તેમ પ્રવર્તો.**

# ૫૧ ભોગાંતરાયમાં મમ્મણ શેઠની કથા એકાવનમી

**પૂર્વનાં દાનકર્મથી પ્રાપ્ત થયેલા ભોગો પણ ભોગાંતરાય કર્મના ઉદયથી લોકો વડે ભોગવી શકાતા નથી. જેમ મમ્મણ શેઠ.**

એક નગરમાં એક વાણિયો હતો. તે સ્ત્રી વિનાનો હતો એક વાર ત્યાં નગરમાં કોઈ પણ ધનપતિએ પોતાના જ્ઞાતિજનોને સુગંધી લાડવાની પ્રભાવના કરી. તે વાણિયાને પણ એક લાડવો મળ્યો. તેણે આજ અથવા કાલ ખાઈશ એમ વિચારીને કોઈ એક વાસણમાં મૂકયો. બીજે દિવસે એક પંચમહાવ્રતધારી માસોપવાસી, ઘણી લબ્ધિયુક્ત મુનિરાજ તેને ઘેર ભિક્ષા માટે આવ્યા. તે મહામુનિને જોઈને ચરણે નમીને તે કહે છે 'હું ધન્ય છું જેથી મારા ઘેર મહર્ષિ પધાર્યા. એમ કહીને બીજા ધાન્યના અભાવથી તે જ સ્વાદિષ્ટ લાડુ વિશુદ્ધ ભાવથી વ્હોરાવે છે.

તે સાધુ શુદ્ધ આહાર જોઈને ગ્રહણ કરે છે. અને ધર્મલાભ આપીને તેના ઘેરથી નીકળ્યા. ત્યારબાદ તુરત જ કેટલાક પાડોશીઓ

તેની પાસે આવીને કહે છે "શું તેં તે આ લાડવો ખાધો કે નહિ ?" તે કહે છે "મેં તે ભિક્ષા માટે આવેલ મુનિવરને આપ્યો છે." ત્યારે તે કહે છે "અરે મૂર્ખ તે (લાડવો) પૂર્વે કદી ન ખાધેલો સુરભીગંધ યુક્ત, સારા રસવાળો લાડુ જરૂર ચાખવા યોગ્ય હતો. શું તેં ન ખાધો ?" ત્યારે તે વાસણમાં રહેલ લાડુના ચૂર્ણને ચાખતો લાડુના સ્વાદના રસમાં લુબ્ધ થયેલો તે ખાવાને ઈચ્છતો, દાનધર્મના ફળને ભૂલી જઈને, લોભાંધ, દોડતો તે મુનિવરની પાછળ ગયો. તે શ્રમણવર્યને પામીને કહે છે "હે મુનિરાજ ! મેં આપેલો લાડુ પાછો આપો." ત્યારે મુનિ કહે છે "મુનિના પાત્રમાં પડેલું અનાજ કદાપિ પાછું અપાતું નથી" એમ તેને શિખામણ આપે છે. લાડુના રસમાં લુબ્ધ થયેલો તે માનતો નથી ત્યારે તે મુનિવરે "આ પ્રેમ વિના આપેલો આહાર મને ન કલ્પે તેમ જ પાછો ન અપાય એમ વિચારીને તે લાડુનું ચૂર્ણ કરીને રાખમાં પરઠવે છે. એમ તેને નાશ પામેલો જાણીને તેમાં લુબ્ધ થયેલો પાછો ગયો. તે શ્રમણવર્ય વનમાં જઈને ઉપવાસી સમપરિણામવાળો સ્વાધ્યાયધ્યાનમાં મગ્ન થયો. તે વણિક મુનિવરને આહારમાં અંતરાય કરવાથી ભોગાંતરાયકર્મ બાંધી મરણ પામીને મમ્મણ શેઠ થયો.

એમ સુપાત્રદાનથી બહુ દ્રવ્ય પ્રાપ્ત થયા છતાં પણ તે ભોગાંતરાય કર્મના ઉદયથી તેલ-ચોળા વિના બીજું કાંઈ પણ ખાવાને શક્તિમાન થયો નહિ. એમ અંતરાય કર્મના ઉદયથી ભોગો મળ્યા છતાં પણ ભોગવી શકાતા નથી.

**ઉપદેશ—ભોગાંતરાય કર્મના અવ્યવસ્થિત વિપાકને જોઈને અંતરાય કર્મથી તમે સદા દૂર રહો.**

# ૫૨

## ન્યાયથી કમાયેલ દ્રવ્ય ઉપર જિનદત્તની કથા બાવનમી

**ન્યાયથી ઉપાર્જિત દ્રવ્યનો પરિણામ શુભ હોય છે. જેથી જિનદત્તના સારા ધનથી મચ્છીમાર ધાર્મિક બન્યો.**

એકવાર ભોજરાજા રાજયોગ્ય મહેલ બનાવવા માટે નિમિત્તિઓને ખાતમુહૂર્ત પૂછે છે જેથી શુભ દિવસે શરૂ કરેલો મહેલ બહુ વંશપરંપરા સુધી ટકી રહે છે. જ્યોતિષીઓ પણ સારી રીતે જોઈને વૈશાખ સુદી ત્રીજનો દિવસ આપે છે. તે દિવસ આવ્યે છતે રાજા પ્રધાન મંત્રી, પુરોહિત, સેનાપતિ, શ્રેષ્ઠિ વિગેરે શહેરના મુખ્ય પુરુષોને બોલાવે છે. જ્યોતિષીઓ પણ ખાતમુહૂર્તના સમયે ખોદેલી જમીનમાં જુદા જુદા પુષ્પાદિ દ્રવ્યો પ્રક્ષેપીને રાજાને કહે છે "જો ન્યાયોપાર્જિત પાંચ ઉત્તમ રત્નો આમાં નાંખવામાં આવે તો આ જમીનમાં બનાવેલો રાજમહેલ હજાર વર્ષ પર્યંત અખંડિત રહે.

રાજા કહે છે "મારા ખજાનામાં ઘણાં રત્નો છે તે લઈ લો. નિમિત્તિઆઓ કહે છે "કરના ભારથી પીડિત પ્રજા પાસેથી લીધેલું દ્રવ્ય કેમ ન્યાયોપાર્જિત શુદ્ધ થાય ? આથી આ સભામાં જે સુખી વેપારીઓ છે તેની પાસેથી મંગાવો. રાજા, સભામાં બેઠેલા બધા વેપારી સમુદાય ઉપર નજર નાખે છે પરંતુ બધા વેપારીઓ પોતાનું દ્રવ્ય કેવું છે તે તેઓ જ જાણે છે. એથી તે બધા નીચે મુખે રહે છે. કાંઈ પણ બોલતા નથી. ત્યારે રાજા કહે છે "મારા નગરમાં શું ન્યાય માર્ગે ઉપાર્જિત દ્રવ્યવાળો વણિક કોઈ નથી ?" એમ સાંભળીને એક પુરુષ રાજાને કહે છે "મહારાજ ! આત્મા પોતાના પાપને અને મા પુત્રના પિતાને જાણે છે." ("આપ જાણે પાપ અને મા જાણે બાપ") એમ અહીં બધાય વેપારીઓ અનીતિપ્રિય જ જણાય છે. પરંતુ જેમ સોમાં એક શુરવીર થાય છે અને હજારમાં એક પંડિત થાય. દશહજારમાં એક વક્તા થાય તેમ ક્રોડોમાં પણ ન્યાયોપાર્જિત દ્રવ્યવાળો કયાંક મેળવી શકાય છે.

આથી આ નગરમાં જિનદત્ત નામે શ્રેષ્ઠિવર્ય ન્યાયમાર્ગથી જ વેપાર કરે છે. એમ સાંભળીને ભોજરાજાએ તે શ્રેષ્ઠિવર્યને વાહન મોકલી બોલાવે છે. તે શ્રેષ્ઠિ, રાજદ્રવ્ય અશુદ્ધ જ હોય છે એમ વિચારી પગેથી જ ચાલીને રાજાની સભામાં આવે છે. અને રાજાને પ્રણામ કરીને બેઠો. રાજા પૂછે છે "તમારી પાસે શું ન્યાયથી કમાયેલું ધન છે ? જિનદત્ત "હા" એમ કહે છે. ત્યારે રાજા ખાતમુહૂર્ત માટે પાંચ પ્રકારનાં રત્નો માગે છે. જિનદત્ત કહે છે "પાપ કામમાં ન્યાયોપાર્જિત દ્રવ્ય હું આપતો નથી." એમ સાંભળીને ક્રોધાયમાન થયેલો રાજા કહે છે "જો નહિ આપે તો બલાત્કારે પણ લઈશ." શેઠ કહે છે "મારું ઘરનું બધુંય તમારું છે. ઈચ્છા મુજબ તમે ગ્રહણ કરો." ત્યારે જ્યોતિષીઓ કહે છે "હે રાજન ! એમ બલાત્કારથી લેવા વડે અનીતિ થાય. એવા

પ્રકારનું દ્રવ્ય ન ખપે. ત્યારે રાજા કહે છે '' એમાં શું પ્રમાણ ? જિનદત્ત બોલે છે ''મહારાજ ? પરીક્ષા કરો.'' ત્યારે રાજા પરીક્ષા માટે પોતાની અને શેઠની એક એક સોનામહોર નિશાનીવાળી કરીને મંત્રીને આપે છે અને કહે છે ''મારી સોનામહોર પવિત્ર પુરુષને આપવી, શેઠની સોનામહોર પાપીને આપવી. તેનો કેવો પરિણામ થશે તે સમયે હું જાણીશ.

તે મંત્રી બીજે દિવસે પ્રભાતકાળે બહાર ગયો. ત્યારે સામે આવતા માછલાનો વધ કરનાર મચ્છીમારને જોઈને વિચારે છે સર્વથી અધમમાં અધમ પાપિષ્ઠ આજ છે જે નિરર્થક નિરપરાધી માછલાને હણે છે. એમ વિચારીને શેઠની સોનામહોર માછલા મારનાર મચ્છીમારને આપે છે. આગળ જતાં મંત્રી કોઈ ઝાડની નીચે રહેલા પંચાગ્નિને સેવતા, ધ્યાનમગ્ન કોઈ પણ તપસ્વીને જોઈને તેની આગળ છૂપી રીતે રાજાની સોનામહોર મૂકીને તેનું ચરિત્ર જોતો વૃક્ષના પાછલા ભાગમાં રહ્યા. ક્ષણાંતરે તે તપસ્વી ધ્યાનરહિત થયો છતો સૂર્યના કિરણોથી શોભતી તે સોનામહોર જોઈને ચલાયમાન ચિતવાળો થયો તે વિચારે છે ''માંગ્યા વિનાનું આવેલું દ્રવ્ય જરૂર ઈશ્વરે આપ્યું. મેં જન્મથી શીયલ પાળ્યું. કોઈ પણ દિવસ કામભોગ ભોગવ્યા નથી. તો આ સોનામહોરથી ઈશ્વરથી ખરેખર કામસુખના ભોગ માટે હું પ્રેરાયો છું. એમ તે અશુદ્ધ દ્રવ્યના સંસર્ગથી મલિન ચિત્તવાળો ધ્યાનભ્રષ્ટ, પરસ્ત્રીમાં આસકત, વ્રતથી ભ્રષ્ટ થયો. આવો અનીતિના દ્રવ્યનો પરિણામ છે.

તે મચ્છીમાર શેઠની સોનામહોર લઈને વિચારે છે ''આને કયાં રાખીશ. ફાટી ગયેલાં વસ્ત્ર હોવાથી તે સોનામહોરને મુખમાં મૂકે છે. શેઠની સોનામહોરના રસના સ્વાદથી તેને શુભ વિચાર થયો. વિચારે

છે. કોઈ ધર્મિષ્ઠ માણસે ધર્મ માટે મને સોનામહોર આપી છે. આ સોનામહોરના પંદર રૂપીઆ થશે. જાળમાં આવેલાં માછલાં વેચવાથી એક દિવસમાં પણ કુટુંબનિર્વાહ ન થશે. હજુ પણ જાળમાં રહેલા માછલાં જીવે છે. તો આ માછલાંના રક્ષણ વડે થયેલ પુણ્યફળ તે ધાર્મિષ્ઠને કેમ ન આપું ? એમ વિચારીને બધાં માછલાંને સરોવરમાં મૂકીને નગરમાં આવ્યો. કોઈ પણ વાણીઆની દુકાનેથી એક રૂપીઆનું અનાજ ખરીદીને ઘેર ગયો. તેનું કુટુંબ સમૂહ પણ અનાજ સહિત જલ્દી આવેલા મચ્છીમારને જોઈને પૂછે છે. આ પૂર્વે કદિ નહિ જોયેલું શુદ્ધ અનાજ કયાંથી મેળવ્યું ? એમ કહીને તે કુટુંબી વર્ગ કાચું અનાજ ખાવા લાગ્યું. શુદ્ધ દ્રવ્યના આહારથી બધાયને શુભ પરિણામ થયો. તેની સ્ત્રી પણ પૂછે છે "આ કયાંથી મળ્યું ?" તે મચ્છીમાર કહે છે "કોઈ ધર્મીએ મને આ સોનામહોર આપી. તેમાંથી એક રૂપીઆનું અનાજ લાવ્યો. બાકીના ચૌદ રૂપીઆ છે. તે જોઈને ધાન્યના કણીઆના ખાવાથી શુદ્ધ ભાવને પામેલા સ્ત્રી–પુત્રો વિગેરે કહે છે. "આ રૂપીઆ વડે બે માસ સુધી કુટુંબનો નિર્વાહ થશે. તેથી આ મહાપાપકારી નિરપરાધી હજારો જીવોને નાશ કરવા રૂપ નિંદનીય જીવનને ત્યજીને નિર્દોષ કર્મથી જો ગુજરાન ચાલે તો ઘણું સારું. એમ સાંભળીને તે માછીમાર પાપવાળી આજીવિકા ત્યજીને નિર્દોષ વ્યાપારથી વ્યવહાર કરવા લાગ્યો.

એમ ન્યાયનિષ્પન્ન દ્રવ્યના પ્રભાવે આ માછીમાર પરિવાર સહિત સુખી થયો. મંત્રી પણ ન્યાયદ્રવ્યથી માછીમારના લાભને, અનીતિદ્રવ્યથી તપસ્વીની હાનિ જોઈને ભોજરાજાની સમક્ષ બધું કહે છે. રાજા પણ ન્યાયથી ઉપાર્જન કરેલ દ્રવ્યનો પ્રભાવ જાણીને ન્યાયપૂર્વક દ્રવ્ય કમાવવામાં પ્રવૃત્તમાન થયો.

એ પ્રમાણે સુખની ઇચ્છાવાળા માણસે ન્યાયપૂર્વક દ્રવ્ય ઉપાર્જનમાં હર હંમેશ ઉદ્યોગ કરવો જોઈએ.

**ઉપદેશ—ન્યાય અને અન્યાયના દ્રવ્યનું શુભાશુભ ફલ જાણીને કલ્યાણની ઇચ્છાવાળા જીવોએ ન્યાયથી ઉપાર્જન કરવામાં પ્રવૃત્તિ કરવી જોઈએ.**



# ૫૩ ભાવભક્તિ ઉપર ભીલની કથા ત્રેપનમી



**દ્રવ્યભક્તિના સમૂહ કરતાં થોડી પણ ભાવભક્તિ શ્રેષ્ઠ છે. અહિં શિવદેવની ભક્તિમાં તત્પર બ્રાહ્મણ અને ભીલનું ઉદાહરણ.**

આ ભરત ક્ષેત્રમાં ગૌરી પર્વત નામે મોટા વિસ્તારવાળો પર્વત છે. તેની પડોશમાં ઉદ્યાનમાં ઉપકારમાં તત્પર શિવ નામે દેવ હતો. તે સુંદર પર્વતમાં ઘણા ભીલો રહે છે. તેમાંથી એક ભીલ, શિવ દેવ ઉપર નિશ્ચલ ભક્તિવાળો હંમેશાં શિવ દેવને પૂજવાને આવે છે. તે ડાબા હાથમાં ધનુષ્ય બાણ ધારણ કરી અને જમણા હાથથી પુષ્પો લઈને, મુખ કમલથી લાવેલા પાણી વડે શિવ દેવને ભક્તિથી પૂજે છે. તે દેવ તેની અવિચલ ભક્તિથી સંતુષ્ટ થયો છતો હંમેશાં તેને કુશલાદિ વાર્તા પૂછે છે.

પાસેના ગામનો એક બ્રાહ્મણ ત્યાં આવીને તે શિવ દેવને વિવેક સહિત હંમેશાં આરાધે છે. જેમ નિર્માલ્ય ઉતારે છે, ઝરણાના પાણીથી અભિષેક કરે છે, વિનયથી શરીરને ચંદન વડે વિલેપન કરીને

સુગંધી પુષ્પોથી પૂજે છે. હવે બીજે દિવસે પૂજન માટે આવતો બ્રાહ્મણ શિવમંદિરમાં વાતચીત સાંભળે છે. સાવધાન મન વડે તેણે જાણ્યું કે શિવ દેવ તે ભીલ સાથે વાતચીત કરે છે. ત્યારે તે વિચારે છે "આ વિનય વિવેક રહિત મ્લેચ્છ અશુચિમય દેહવાળો છે. એમાં આ દેવ પ્રસન્ન થયો. અરે ! આ શિવ દેવનો ઘણો કડવો વિવેક છે. એમાં શું આશ્ચર્ય કારણ કે કલિકાળમાં ગુણવાનો દુર્લભ હોય છે. જે શંકર મહાદેવ પણ અતિ સુગંધી કેતકીનો ત્યાગ કરીને ધતુરાના પુષ્પોને ઈચ્છે છે. એમાં શું કહેવું ? ઈત્યાદિ વિચારીને તે ભીલ ગયે છતે તે બ્રાહ્મણ અંદર જઈને ઠપકા સહિત શિવ દેવને કહે છે "હે દેવ ! શું આ ન્યાય છે, જેથી આ ભીલમાં તમે પ્રસન્ન છો. શું મારી ભક્તિવિશેષ કરતાં આ ભીલની પૂજા વધારે છે ? શું કોગળાના પાણીથી અભિષેક કરવા વડે હે સ્વામિ તારો સ્નેહવૃક્ષ વિકસિત થાય છે ? હા ! હા ! મેં જાણ્યું. જંગલમાં સહવાસને લીધે ભીલ ઉપર તું સ્નેહ કરે છે. ભક્ત એવા અમને તું જવાબ આપતો નથી. અને આ મ્લેચ્છને સાક્ષાત્ કુશલાદિ પૂછે છે. એમ તે ઠપકો આપીને શાંત થયો. કારણ કે દુઃખને કહેવાથી (ઘડીભર) જીવ સુખી થાય છે.

ત્યારે શિવદેવ વિચારે છે "પરમાર્થ જાણ્યા વિના આ જેમ તેમ બોલે છે. એથી આને બોધ આપવો જોઈએ.

એકવાર શિવદેવ પ્રભાતમાં પોતાની શક્તિથી આંખ કાણી કરીને રહ્યા. બ્રાહ્મણ તેવા પ્રકારના તે દેવ જોઈને બહું રડે છે. અને કહે છે–અરે અરે ! કયા અધર્મીને પાપિષ્ઠે મારા દેવની આંખનો નાશ કર્યો ? તેના હાથ ગળી જાય, રોગ અને પીડાથી તેનું અશુભ થાઓ વગેરે બહુ બોલીને મંદિરના એક ભાગમાં મુંગો ઉભો રહ્યો.

એટલામાં ધનુષ્ય બાણ વડે યુક્ત હાથવાળો, પાણીથી ભરેલા વદન કલશવાળો, દેવપૂજન કરવાને આવ્યો. તે શિવદેવને કાણી આંખવાળા જોઈને વિચારે છે " અરે અરે કષ્ટ કષ્ટ દેવનું આ નયન નષ્ટ થયું. દેવ ઉપર મારી ભક્તિ શું ? કેવો અનુરાગ ? કેવું બહુમાન ? અરે અરે મારો દેવ એક આંખવાળો, મારે બે આંખો, આ અયોગ્ય છે. ત્યારબાદ સાહસથી ઉલ્લસિત થયેલ તે બાણથી પોતાની આંખને બહાર કાઢીને દેવના મુખમાં સ્થાપે છે. ત્યારે તે દેવ મધુર વાણીથી તે બ્રાહ્મણને કહે છે " હે શ્રેષ્ઠ બ્રાહ્મણ ! આ ભીલની પણ બહુમાન ભક્તિ, અનુરાગ તેમજ નેત્ર આપવા વડે પ્રગટ કરાતા આના અંતરંગ ભાવને તું જોઈ લે. બહુમાનરૂપી સોનાની કસોટીમાં પોતાના નેત્રો આપવા વડે સુપરીક્ષિત થવાથી કલ્યાણ પરંપરા આપેલી થાય છે. જેણે આંખ આપી, તેણે બધું સૌભાગ્ય અને અમૂલ્ય જીવન આપ્યું કહેવાય. તો આ ભીલ પણ વિશેષ વિજ્ઞાન રહિત મનવાળો પણ જે મજબુત સત્ત્વવાળો અને રાગી છે તેથી તે દેવોની પણ મહેરબાનીને યોગ્ય થયો. મનુષ્યના ભક્તિથી કાર્ય કરીને બતાવનારા સદ્‌ભાવને જાણીને સર્વ આદરપૂર્વક પ્રસન્ન થઈને દેવો પણ તેની સાથે ભાષણ કરે છે. તેથી હે બ્રાહ્મણ ! આ ભીલ દેવની મહેરબાનીને અયોગ્ય છે એમ તું ન બોલ. કારણ કે તેં પણ નેત્ર આપવા વડે આ ભીલનો નિશ્ચલ સદ્‌ભાવ જાણ્યો છે એ પ્રમાણે શંકર ભગવાનનાં વચન સાંભળીને અસહિષ્ણુ ક્રોધી પણ તે બ્રાહ્મણ શિવદેવના વચનામૃતથી સિંચાયેલો ઈર્ષ્યાથી રહિત પ્રસન્નચિત્તવાળો થયેલો તે શંકરદેવને વિનંતિ કરે છે " હે દેવ ! તમને ઉદ્દેશીને મેં જે પરમાર્થ જાણ્યા વિના અજ્ઞાનતાના દોષથી કહ્યું હોય તો હવે તુચ્છ હૃદયવાળા મને ક્ષમા કરવા યોગ્ય છે. અથવા ક્ષમા આપો. એમ કહીને તેના ચરણે વારંવાર નમે છે. ત્યારે શિવ દેવે તે ભીલની આંખ પોતાની દિવ્ય શક્તિથી પૂર્વ માફક હતી તેમ કરી દીધી. આ પ્રમાણે ધર્મમાર્ગમાં વિચરતાને વિધિ પૂર્વક નેત્ર જેવું સુંદર શ્રુતજ્ઞાન આપવું જોઈએ.

ઉપદેશ—તત્ત્વનો બોધ આપનાર બ્રાહ્મણ અને ભીલનું ઉદાહરણ સાંભળીને હંમેશા યત્નપૂર્વક અત્યંત નિર્મળ એવી ભાવભક્તિ કરવી જોઈએ.

ભાવભક્તિ ઉપર ભીલની ત્રેપનમી કથા પૂરી થઈ.





# ૫૪ દ્રવ્યપૂજામાં દુર્ગતા નારીની કથા ચોપનમી

**દ્રવ્યપૂજા કરવાના ભાવ પણ સ્વર્ગના સુખને આપનાર છે. અહિં જિનેશ્વરની પૂજામાં ચિત્તવાળી દુર્ગતા નારીનું દૃષ્ટાંત જાણવું.**

એકવાર ભગવાન મહાવીર ગામેગામ વિચરતા કાકંદી નગરીમાં પધાર્યા. ત્યાં ઉદ્યાનમાં દેવોએ સમવરણ કર્યું. સમોસરણમાં બેસીને શ્રી મહાવીર ચતુર્મુખે દેવ, મનુષ્ય, તિર્યંચની પર્ષદાને દેશના આપે છે. કાકંદી નગરીમાં નરપતિ જિતારક્ષિ ભૂપતિ ઉદ્યાનપાલકના મુખે શ્રી વીરપ્રભુનું આગમન સાંભળીને નગરમાં ઉદ્‌ઘોષણા કરાવે છે "હે ભવ્ય લોકો ! લોકાલોક પ્રકાશ કરનારા, કેવલજ્ઞાન વડે સૂર્ય જેવા શ્રી વીર ભગવાનનગરીના ઉદ્યાનમાં સમોસર્યા છે. પ્રભાતે જીતારિ રાજા બધી ઋદ્ધિપૂર્વક વાંદવા જશે તો તમારે પણ તે તીર્થંકર વાંદવા યોગ્ય છે."

આમ આ ઘોષણા, તેના નગરમાં રહેવાવાળી, જન્મથી દારિદ્ર વડે દુભાયેલી વૃદ્ધાવસ્થાથી જીર્ણ શરીરવાળી કોઈ એક દુર્ગતા ઘરડી

નારીએ સાંભળીને વિચાર્યું. પૂર્વભવમાં કાંઈ પણ સુકૃત ન કર્યું તેથી આ ભવમાં દુઃખી થઈ છું. આ ભવે પણ કાંઈ પણ દાનાદિક સારું કામ કર્યું નથી તેથી પરલોકમાં પણ મને દુઃખ જ થશે. અરે મને ધિક્કાર છે. કોડી ભવોમાં પણ દુર્લભ એવા માનવ જન્મને નિર્ભાગી એવી મેં ગુમાવ્યો. આથી આજે પણ શ્રી મહાવીરને નમીને ધર્મ સાંભળીને, તેના નેત્રકમળને જોઈને જન્મ પામ્યાનું ફળ હું ગ્રહણ કરીશ. પરંતુ ત્યાંથી પાછી ફરેલી હું કેમ ભોજન કરીશ ? હા જાણ્યું. લાકડાની ભારી વેચવા વડે મારું ભોજન થશે. એમ વિચારીને પર્વતમાંથી નીકળતી નદી પાસે રહેલા પર્વત પાસે જઈને કાષ્ઠની ભારી ગ્રહણ કરી ગિરિમાંથી નીકળતી નદી તરફ ગઈ. ત્યાં હાથપગ ધોઈને વિચારે છે "શ્રીમંત માણસો સુંદર પુષ્પોથી જિનેશ્વરને પૂજે છે. લક્ષ્મીથી બધુ સાધ્ય છે. મારે તો તે નથી એથી હું મફત મેળવી શકાય એવા હલકા, સિંદુવારના ફૂલોથી સર્વજ્ઞને પૂજીશ. ત્યારબાદ નદી કિનારે રહેલા તુચ્છ ફુલોને એકઠા કરીને, વસ્ત્રના છેડે બાંધીને વીરપ્રભુને વાંદવા આગળ નીકળી. રાજા પણ પ્રભાતમાં ઉત્તમ હાથી ઉપર આરૂઢ થયેલો, હાથી, ઘોડા અને પદાતિ સૈન્યથી પરિવરેલો, સર્વઋદ્ધિ સહિત શ્રી વીરનાથને વંદન કરવા માટે નીકળ્યો. તેમ જ નગરજનો પરિવાર સહિત, ઘરેણાંથી વિભૂષિત થયેલા નીકળ્યા. લાકડાંના ભાર સહિત, વીરને વાંદવાને ઉત્કંઠાવાળી ધીમે ધીમે તેણીને જતી જોઈને જિતારી રાજા પણ પ્રસન્ન મનવાળો થયો. તેણે પોતાના સેનાપતિને હુકમ કર્યો "આ વૃદ્ધાને કોઈ હેરાન ન કરે. હવે તે દુર્ગતા નારી, વધતા શુભ પરિણામવાળી, વર્ધમાન જિનેશ્વરનું ધ્યાન ધરતી સમોસરણના દ્વારે આવતી છતી નેત્રને અમૃતના અંજન સમાન સુખકારક, ચાર પ્રકારના ધર્મને ઉપદેશ આપતા શ્રી મહાવીર સ્વામીને જોવે છે. સુર, અસુર અને રાજાઓ વડે સેવાતા વીર પ્રભુને જોઈને રોમાંચિત દેહવાળી આંખમાંથી હર્ષના આંસુ સારતી ધ્યાન કરે છે વિચારે છે—હું **ધન્ય છું**,

**કૃતપુણ્યા છું. અને બધી રીતે ભાગ્યશાલિની સુભગા છું. જન્મનું અને જીવનનું ફલ આજે મળ્યું. જે કારણથી મેં વિશ્વમાં વિશ્વપતિ એવા મહાવીરસ્વામીને જોયા, તેને હું વાંદીશ, પૂજીશ અને તેના મુખથી ધર્મ સાંભળીશ.''**

ઇત્યાદિ મોઢું ઉંચું રાખી ધ્યાન કરતી તે પગ સ્ખલિત થવાથી શુભ ધ્યાન સહિત મરણ પામીને સૌધર્મ દેવલોકમાં દેવ થયો. જમીન ઉપર પડેલી વૃદ્ધાને જોઈને તેણીને મૂર્છા પામેલી માનતા જિતારિ રાજાએ પાણી વડે સિંચન કરાવ્યું. સ્ફુરણ રહિત તેને મરેલી જાણીને અગ્નિ વડે સંસ્કાર કરાવરાવ્યો. ત્યારબાદ સમોસરણમાં જઈને, ત્રણ પ્રદક્ષિણા કરીને, જ્ઞાતપુત્ર મહાવીરને વાંદે છે. અને પછી બધા સાધુઓને વાંદે છે. ત્યારબાદ દેશના સાંભળી. પછી બે હાથ જોડીને રાજાએ પૂછ્યું "હે પ્રભુ! આ વૃદ્ધા મરીને ક્યાં ઉત્પન્ન થઈ? મહાવીર કહે છે આ દુર્ગતા નારી મૃત્યુ પામીને સૌધર્મ દેવ લોકમાં દેવ થઈ છે. અવધિજ્ઞાનથી પૂર્વ ભવ જાણીને મને નમવાને અહીં આવેલ છે. તારી આગળ રહેલ, મોટી બુદ્ધિથી શોભતો આ દેવ જાણવો. ફરી રાજાએ પૂછ્યું " જીવન પર્યંત ધર્મ સેવ્યા વિના આ દેવપણું કેમ પામી ?" પ્રભુ કહે છે "જિનપૂજા કરવાની ભાવનાથી આ વૃદ્ધા દિવ્ય એવી દેવની ઋદ્ધિને પામી છે. આમ સાંભળીને દરેક માણસો વિસ્મયથી વિકસિત લોચનવાળા, "અરે પૂજા કરવાની ભાવના પણ મહાફલવાળી છે" એમ કહે છે. ભગવાન પણ બોલે છે, "સુપાત્રના વિષયમાં થોડો પણ શુભ ભાવ માણસોને ફલની પરંપરા આપે છે. જેથી પુણ્યાનુબંધી પુણ્યના પ્રભાવ આ વૃદ્ધાનું શુભ ભાવને વધારનારું ભાવિ વ્યતિકર સાંભળો.—

આ ડોશીનો જીવ પૂજાના પ્રભાવથી દેવલોકના સુખને અનુભવીને ત્યાંથી ચ્યવીને કનકપુરમાં કનકધ્વજ રાજા થશે. અખંડ શાસનવાળું રાજ્ય પાળતો એકવાર સર્પ વડે ગળાતા દેડકાને, તેને ટીટોડી વડે, ટીટોડીને અજગર વડે ગળી જતા જોઈને ઉત્પન્ન થયેલ શુદ્ધ બુદ્ધિવાળો

એવો તે આમ વિચાર કરશે—"બળવાનથી પણ દુર્બળ ગરીબ લોક પીડાય છે" એમ વિચરતા લઘુકર્મી તે જાતિસ્મરણ પામશે ત્યાર બાદ રાજ્ય ત્યજીને દીક્ષા લેશે. નિરતિચાર ચારિત્ર પાળીને સ્વર્ગે જશે. ત્યાંથી ચ્યવીને અયોધ્યા નગરીમાં ઉચ્ચ કુળમાં જન્મ પામીને બાલ્યાવસ્થામાં સંયમ લઈને શકાવતાર ચૈત્યમાં કેવલજ્ઞાન પામીને અનુક્રમે મોક્ષસુખ પામશે."

આ પ્રમાણે શ્રી વીર જિનના વચનને સાંભળીને 'અરે ધર્મનો પ્રભાવ' એમ પ્રશંસા કરીને લોકોએ વીરપ્રભુની પાસે યથાશકિત વ્રત, નિયમ, અભિગ્રહ ધારણ કર્યા. ત્યારબાદ પ્રભુને નમીને બધા પોતપોતાને સ્થાને ગયા.

શ્રી મહાવીર દેવે પણ બીજે સ્થાને વિહાર કર્યો.

**ઉપદેશ—વીર જિનની પૂજાની ભાવનાથી ઉજ્વલ એવું દુર્ગતા નારીનું દૃષ્ટાંત સાંભળીને હે ભવ્ય જીવો! સારી ભક્તિપૂર્વક જિનપૂજનમાં ઉદ્યમ કરો.**

દ્રવ્યપૂજામાં દુર્ગતા નારીની ચોપનમી કથા પૂરી થઈ.

## ૫૫ સાધુ પુરુષની સોબતમાં નંદ નાવિકની કથા પંચાવનમી

**સારા સાધુ પુરુષનો સંસર્ગ કોને ઉન્નતિકારક થતો નથી? પણ તેમાં આશ્ચર્ય તે છે કે તેનો સંસર્ગ દુષ્ટોને પણ તારે છે. એમાં અહીં નંદનું ઉદાહરણ છે.**

પહેલા ધર્મરુચી નામે સાધુ ગંગા નદીમાં હોડીમાં ચડયા. નંદ નામનો ખલાસી ભાડુ માગે છે. મુનિ કહે છે "મુનિઓ પાસે ધન હોતું નથી." નંદ કહે છે "હે મુંડ! જો ધન નથી તો શા માટે હોડીમાં બેઠો? મુનિ કહે છે "તને ધર્મ થશે." નંદ કહે છે "મારે પૈસાનું કામ છે. પણ ધર્મનું નહિ. ત્યારબાદ નંદે જુદા જુદા પ્રકારની પીડાઓથી તેમને ઉપસર્ગ કર્યા. શાંત સ્વભાવવાળો છતાં સાધુ તેજોલેશ્યા વડે તે તેને બાળી મૂકે છે. તે મરીને કોઈ ગામમાં સભામાં ઢેઢ ગરોળી થયો. ધર્મરુચી તે પાપને આલોચના અને પ્રતિક્રમણ કરતો પસ્તાવા સહિત વિચરતો અનુક્રમે તે ગામમાં આવ્યો જ્યાં તે સંજ્ઞી ઢેઢ ગરોળીનો જીવ છે. તે મુનિ ભિક્ષા લઈને ત્યાં સભામાં આવ્યો. ત્યારે તે ગિરોલી પૂર્વભવના અભ્યાસના દોષથી બેઠેલા તે મુનિ ઉપર કચરો નાખે છે. તેથી તે મુનિ બીજે ખૂણે ગયા. ત્યાં

પણ જઈને એ પ્રમાણે કચરો ફેંકે છે. એ પ્રમાણે તે વારંવાર કરે છે. ત્યારે કોપાયમાન થયેલા તેણે બાળ્યો છતો તે મરીને ગંગા કિનારે હંસ થયો. મુનિ પણ વિચરતા માહ માસમાં કોઈ વાર ત્યાં આવ્યા. નદી ઉતરીને ઈરિયાવહિયં પ્રતિક્રમે છે. ત્યાં પણ દ્વેષથી તે હંસ ઠંડા પાણીથી તેને ઉપસર્ગ કરે છે. તે આ છે એમ વિચારીને તે સાધુ તેને બાળે છે. હંસ મરીને અંજન પર્વતમાં સિંહ થયો. ઉગ્ર તપશ્ચર્યા વડે કર્મની નિર્જરા કરતો તે મુનિ વિચરતા તે વનમાં આવ્યા, તે સિંહ પણ તેને જોઈને હણવા દોડે છે. મુનિ પણ તે સિંહને તેજોલેશ્યાથી બાળે છે. એમ જુદા જુદા મરણથી અકામ-નિર્જરા વડે કર્મના ભારને હળવા કરતો તે કાશીમાં બ્રાહ્મણનો પુત્ર થયો. અનુક્રમે મોટો થતો તે બાળકોની સાથે એક વાર ખેલે છે. તે ધર્મરુચી અનગાર તે પાપની આલોચના કરીને પ્રતિક્રમણ કરતા, પરમ સંવેગને પામેલા અનુક્રમે વિચરતા કાશીનગરના બહાર ઉદ્યાનમાં આવ્યા. ભિક્ષા માટે નગરમાં જતા તેને બ્રાહ્મણપુત્રે જોઈને પૂર્વ-ભવના અભ્યાસથી ક્રોધથી ધમધમતો બાળકની સાથે તે મહાત્માને ઘણો ત્રાસ પમાડે છે. સજ્જનો વડે નિષેધ કરાયા છતાં પણ મુનિને તર્જના કરતો તેની પાછળ જાય છે. મુનિ પણ "શું આ નંદનો જીવ છે," એમ વિચારીને તેને બાળે છે. તે બ્રાહ્મણપુત્ર બાકીના દુષ્ટ કર્મનો નાશ કરીને, શુભ ભાવની પરિણતિથી કાશી દેશનો રાજા થયો.

ધર્મરુચી, "તે સત્પુરૂષો ધન્ય છે જે મોક્ષ માર્ગને પામેલા જીવોને કર્મના બંધના કારણભૂત થતા નથી." એમ વિચારતા શુદ્ધ તપ ચરિત્ર વાળા તે દુષ્કર્મની, ગર્હા અને નિંદા વડે પાપકર્મોનો નાશ કરતા ગામેગામ વિહાર કરે છે. જેથી કહ્યું છે કે—સર્વ કર્મપ્રકૃતિઓનો પરિણામવશાત્ ઉપક્રમ કહ્યો છે. તે પ્રાયઃ અનિ-કાચિત કર્મનો જાણવો પણ તપથી નિકાચિત કર્મોનો પણ ફેરફાર (ઉપક્રમ) થાય છે.

એક વાર તે રાજા રાજમાર્ગમાં કોઈ મુનિને જોઈને જાતિસ્મરણ પામ્યો. પોતાના મૃત્યુને જાણે છતે રાજા આસન ઉપર બેઠો છતો માણસોને કહે છે. ગંગામાં નંદ નાવિક, સભામાં ગિરોલી, ગંગા નદીને કિનારે હંસ, અંજન પર્વતમાં સિંહ, વારાણસીમાં બ્રાહ્મણ પુત્ર, અને અહીં રાજા થયો...

આ પ્રમાણે દોઢ શ્લોકને પૂરે તેને અર્ધું રાજ્ય આપું. કોઈ વાર તે ધર્મરૂચી સાધુ વિચરતા તે નગરીમાં આવ્યા.

ઉદ્યાનમાં ઝાડના નીચે રહ્યા. ત્યારે ત્યાં રેંટ ચલાવતાના મુખથી તે દોઢ શ્લોક સાંભળીને મુનિએ બાકીનું કહ્યું–જેમ એઓનો નાશ કરનાર જે હતો તે અહીં જ આવ્યો છે. તે રેંટ ચલાવનાર અર્ધો શ્લોક સાંભળીને રાજાની સભામાં આવીને રાજા સમક્ષ તે કહ્યું. રાજા પોતાના મરણદુઃખને યાદ કરીને મૂર્છાથી જમીન ઉપર પડી ગયો. સભાજનો રેંટ ચલાવનારને મારવા તૈયાર થયા. શુદ્ધિ પામેલા રાજાએ હણાતા રેંટ ચલાવનારને બચાવ્યો. ફરી પણ પૂછ્યું "તેં આ કયાંથી મેળવ્યું ?" તેણે કહ્યું "સાધુ પાસેથી." ત્યારે રાજાએ નિર્ણય કર્યો 'તે આ મુનિવર છે તેમાં સંદેહ નથી.' પુણ્યયોગથી કેમેય કરીને મેળવેલ રાજ્યસુખો, તે મુનિવર ક્રોધિત થયે છતે, મારા મરણમાં તે સુખો દૂર થશે. તેથી તે મહાસત્ત્વશાલી મુનિની બીજાઓ વડે પણ ખમાવવા જોઈએ.

પહેલાં તો તે મુનિના હૃદયના ભાવ જાણવાને તે રાજા પ્રધાન પુરુષોને મોકલે છે. તે ત્યાં જઈને વાંદીને; શાંત સ્વભાવવાળા તે મુનિને જાણીને રાજાને ખબર આપે છે, રાજા બધી રિદ્ધિ સહિત આવ્યો છતો મુનિવરના ચરણકમળને નમીને પોતાના અપરાધને ખમાવે છે. ખમાવીને અને ઉપદેશ સાંભળીને સમ્યક્ત્વ પામેલો તે ગૃહસ્થયોગ્ય વ્રતો લે છે.

એ પ્રમાણે તે રાજા નિર્મળ વ્રતોનું આરાધન કરીને, સમાધિથી મરણ પામીને અનુક્રમે દેવલોકમાં ગયા. અનુક્રમે મોક્ષમાં જશે.

ધર્મરૂચી પણ સાધુ બધા પાપની આલોચના કરીને પ્રતિક્રમાવીને, સ્વર્ગમાં ગયો અનુક્રમે સિદ્ધિ પામશે.

એ પ્રમાણે દુર્જનને પણ સારા સાધુપુરુષનો સંગ પરિણામે સુખ આપનાર થાય છે.

**ઉપદેશ—સંસારમાં નંદ ખલાસીની દુઃખની પરંપરા સાંભળીને એવા મહર્ષિ નિર્ગ્રન્થ મહાત્માઓની આશાતના ન કરવી જોઈએ.**

સારા સાધુપુરૂષની સોબતમાં નંદનાવિકનું પંચાવનમું ઉદાહરણ પૂર્ણ થયું.

( જયંતિ પ્રકરણમાંથી લીધેલ છે. )

પુના નગરમાં શ્રી ગોડી પાર્શ્વ જિનેશ્વરના ઉપાશ્રયમાં વિક્રમ સંવત ૨૦૧૩ના વર્ષમાં અક્ષય તૃતિયાના દિવસે આચાર્ય વિજય કસ્તુરસૂરિએ બનાવેલી પ્રાકૃત વિજ્ઞાન કથાનો પહેલો ભાગ પૂર્ણ થયો. શિવશ્રીની પ્રાપ્તિ થાઓ. કલ્યાણ થાઓ.

## પ્રશસ્તિ

એ પ્રમાણે શ્રી તપાગચ્છાધિપતિ, શ્રી કદંબગિરિ વિગેરે અનેક તીર્થોના ઉદ્ધારક શાસનપ્રભાવક, બાલબ્રહ્મચારી, આચાર્ય સમુદાયના નાયક ( સૂરિચક્રચક્રવર્તી ) આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર, સમયજ્ઞ (શાસ્ત્રના જાણ), શાંતમૂર્તિ આચાર્યશ્રી વિજય વિજ્ઞાનસૂરીશ્વરજીના પટ્ટધર ( મુખ્ય શિષ્ય ) સિદ્ધાંતમહોદધિ પ્રાકૃતભાષાવિશારદ આચાર્યશ્રી વિજયકસ્તુરસૂરિજીએ બનાવેલ પ્રાકૃત વિજ્ઞાનકથાનો પહેલો ભાગ સંપૂર્ણ થયો.

卐 卐

આવરણ: નટવર સ્મૃતિ પ્રિન્ટર્સ · રાયપુર · અમદાવાદ